मन एव हि चाकाशं मन एव हि शब्दकम् ॥१०२॥ स्पर्शं रूपं रसं गन्धं कोशाः पञ्च मनोभवाः । जाग्रत्स्वप्नसुषुप्त्यादि मनोमय-मितीरितम् ॥१०३॥ दिक्पाला वसवो रुद्रा आदित्याश्च मनोमयाः । दृश्यं जडं द्वन्द्वजातमज्ञानं मानसं स्मृतम् ॥१०४॥ संकल्पमेव यत्किंचित्तत्तन्नास्तीति निश्चिनु । नास्ति नास्ति जगत्सर्वं गुरुशिष्यादिकं नहीत्युपनिषत् ॥१०५॥

इति पञ्चमोऽध्यायः ॥५॥

## षष्ठोऽध्यायः

ऋभुः ॥ सर्वं सच्चिन्मयं विद्धि सर्वं सच्चिन्मयं ततम् । सच्चिदानन्दमद्वैतं सच्चिदानन्दमद्वयम् ॥१॥ सच्चिदानन्दमात्रं हि सच्चिदानन्दमन्यकम् । सच्चिदानन्दरूपोऽहं सच्चिदानन्दमेव खम् ॥२॥ सच्चिदानन्दमेव त्वं सच्चिदानन्दकोऽस्म्यहम् । मनोबुद्धि-रहंकारचित्तसंघातका अमी ॥३॥ न त्वं नाहं न चान्यद्वा सर्वं ब्रह्मैव केवलम् । न वाक्यं न पदं वेदं नाक्षरं न जडं क्वचित् ॥४॥ न मध्यं नादि नान्तं वा न सत्यं न निबन्धनम् । न दुःखं न सुखं भावं न माया प्रकृतिस्तथा ॥५॥ न देहं न मुखं घ्राणं न जिह्वा न च तालुनी । न दन्तोष्ठौ ललाटं च निश्वासोच्छ्वास एव च ॥६॥ न स्वेदमस्थि मांसं च न रक्तं न च मूत्रकम् । न दूरं नान्तिकं नाङ्गं नोदरं न किरीटकम् ॥७॥ न हस्तपादचलनं न शास्त्रं न च शासनम् । न वेत्ता वेदनं वेद्यं न जाग्रत्स्वप्नसुप्तयः

સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને પાંચ કોશ મનથી ઉત્પન્ન થયેલ છે; અને જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ વગેરેને મનોમય કહેલ છે. ૧૦૩ દિક્પાલો, વસુઓ, રુદ્રો અને આદિત્યો મનોમય છે; અને દૃશ્ય જડ વસ્તુ, જોડકાંઓનો સમુદાય તથા અજ્ઞાન મનોમય કહેવાય છે. ૧૦૪ જે કંઈ સંકલ્પ છે, તે તે નથી, એવો તું નિશ્ચય કર અને આખું જગત નથી, તેમ જ ગુરુ-શિષ્ય વગેરે પણ નથી, આવું આ રહસ્ય છે.' ૧૦૫

પાંચમો અધ્યાય સમાપ્ત

## છઠ્ઠો અધ્યાય

ઋભુ બોલ્યા :—'તારે જાણવું કે બધું સતચિતમય છે, બધું સત્-ચિતમય ફેલાયું છે, સત્-ચિત્-આનંદ જ અદ્વૈત છે અને કેવળ સત્-ચિત્-આનંદ જ છે. ૧ માત્ર સત્-ચિત્-આનંદ જ છે, બીજું સત્-ચિત્-આનંદ છે; હું સત્-ચિત્-આનંદરૂપ છું અને આકાશ સત્-ચિત્-આનંદ જ છે. ૨ તું સત્-ચિત્-આનંદ જ છે; હું સત્-ચિત્-આનંદ છું; મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્તના આ સંઘાતો સત્-ચિત્-આનંદ જ છે. ૩ તું નથી, હું નથી કે બીજું નથી; બધું કેવળ બ્રહ્મ જ છે. વાક્ય નથી, પદ નથી, વેદ નથી, અક્ષર નથી અને ક્યાંય જડ નથી. ૪ મધ્ય નથી, આદિ નથી, અંત નથી, સત્ય નથી, બંધન નથી, દુઃખ નથી, સુખ નથી, પદાર્થ નથી, માયા નથી, અને પ્રકૃતિ નથી. ૫ શરીર નથી, મોઢું નથી, નાક નથી, જીભ નથી, બે તાળવાં નથી, દાંત અને હોઠ નથી; લલાટ નથી અને શ્વાસોચ્છ્વાસ પણ નથી. ૬ પરસેવો નથી, હાડકાં નથી, માંસ નથી, લોહી નથી, મૂત્ર નથી, દૂર નથી, પાસે નથી, અંગ નથી, પેટ નથી અને કરોડ પણ નથી. ૭

હાથ-પગનું ચાલવું નથી, શાસ્ત્ર નથી, આજ્ઞા નથી, જાણ-

॥ ८ ॥ तुर्यातीतं न मे किंचित्सर्वं सच्चिन्मयं ततम् । नाध्यात्मिकं नाधिभूतं नाधिदैवं न मायिकम् ॥ ९ ॥ न विश्वस्तैजसः प्राज्ञो विराट्सूत्रात्मकेश्वराः । न गमागमचेष्टा च न नष्टं न प्रयोजनम् ॥ १० ॥ त्याज्यं ग्राह्यं न दूष्यं वा ह्यमेध्यामेध्यकं तथा । न पीनं न कृशं क्लेदं न कालं देशभाषणम् ॥ ११ ॥ न सर्वं न भयं द्वैतं न वृक्षतृणपर्वताः । न ध्यानं योगसंसिद्धिर्न ब्रह्मक्षत्रवैश्यकम् ॥ १२ ॥ न पक्षी न मृगो नाङ्गी न लोभो मोह एव च । न मदो न च मात्सर्यं कामक्रोधादयस्तथा ॥ १३ ॥ न स्त्रीशूद्रबिडालादि भक्ष्यभोज्यादिकं च यत् । न प्रौढहीनो नास्तिक्यं न वार्तावसरोऽस्ति हि ॥ १४ ॥ न लौकिको न लोको वा न व्यापारो न मूढता । न भोक्ता भोजनं भोज्यं न पात्रं पानपेयकम् ॥ १५ ॥ न शत्रुमित्रपुत्रादिर्न माता न पिता स्वसा । न जन्म न मृतिर्वृद्धिर्न देहोऽहमिति भ्रमः ॥ १६ ॥ न शून्यं नापि चाशून्यं नान्तः कारणसंसृतिः । न रात्रिर्न दिवा नक्तं न ब्रह्मा न हरिः शिवः ॥ १७ ॥ न वारपक्षमासादि वत्सरं न च चञ्चलम् । न ब्रह्मलोको वैकुण्ठो न कैलासो न चान्यकः ॥ १८ ॥ न स्वर्गो न च देवेन्द्रो नाग्निलोको न चाग्निकः । न यमो यमलोको वा न लोका लोकपालकाः ॥ १९ ॥ न भूर्भुवःस्वस्त्रैलोक्यं न पातालं न भूतलम् । नाविद्या न च विद्या च न माया प्रकृतिर्जडा ॥ २० ॥ न स्थिरं क्षणिकं नाशं न गतिर्न

નાર નથી, જાણવું નથી, જાણવાનું નથી, જાગ્રત–સ્વપ્ન–સુષુપ્તિ પણ નથી. ૮ મારી તુરીયાતીત અવસ્થા પણ નથી, બધું સત્–ચિત્મય ફેલાયેલું છે; આધ્યાત્મિક નથી, અધિભૂત નથી, અધિદૈવ નથી

અને માયિક નથી. ૯ વિશ્વ નથી; તેજસ, પ્રાજ્ઞ, વિરાટ, સૂત્રાત્મા અને ઈશ્વર નથી; જવું-આવવું ચેષ્ટા નથી, નાશ પામેલું નથી અને પ્રયોજન નથી. ૧૦ ત્યજવાનું કે ગ્રહણ કરવાનું નથી; દોષપાત્ર કે પવિત્ર-અપવિત્ર નથી, પુષ્ટ નથી, પાતળું નથી, ભીનું નથી, કાળું નથી અને દેશી ભાષણ પણ નથી. ૧૧ બધું નથી, ભય નથી, દ્વૈત નથી; ઝાડ, ઘાસ કે પર્વતો નથી; ધ્યાન નથી, યોગની સિદ્ધિઓ નથી; બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય નથી. ૧૨ પક્ષી નથી, મૃગ નથી, પ્રાણી નથી, લોભ કે મોહ નથી, મદ નથી, મત્સર નથી અને કામ તથા ક્રોધ વગેરે નથી. ૧૩ સ્ત્રી, શૂદ્ર કે બિલાડાં વગેરે નથી; ભક્ષ્ય-ભોજ્ય વગેરે નથી; પ્રૌઢ કે નાનું નથી; નાસ્તિકતા નથી અને વાત કરવાનો વખત પણ નથી. ૧૪ લૌકિક નથી, લોક નથી. વ્યાપાર નથી, મૂઢતા નથી, ખાનાર નથી, ભોજન નથી, ખાવાનું નથી, પાત્ર નથી, પીવું નથી અને પીવાનું નથી. ૧૫ શત્રુ, મિત્ર કે પુત્ર વગેરે નથી, માતા નથી, પિતા નથી, બહેન નથી, જન્મ નથી, મરણ નથી, વધારો નથી અને હું દેહ છું, એ ભ્રમ છે. ૧૬ શૂન્ય નથી, અશૂન્ય નથી, અંદર નથી, કારણરૂપ સંસાર નથી, રાત્રિ નથી, દિવસ નથી, મધરાત નથી, બ્રહ્મા નથી, વિષ્ણુ નથી કે શિવ નથી. ૧૭ વાર, પખવાડિયું કે મહિનો વગેરે નથી; વર્ષ નથી, ચંચળ નથી, બ્રહ્મલોક નથી, વૈકુંઠ નથી, કૈલાસ નથી અને બીજો કોઈ લોક પણ નથી. ૧૮ સ્વર્ગ નથી, દેવોનો ઈંદ્ર નથી, અગ્નિલોક નથી, અગ્નિ નથી, યમ નથી, યમલોક નથી, લોકો નથી અને લોકપાલો પણ નથી. ૧૯ ભૂઃ-ભુવઃ-સ્વઃ-એ ત્રૈલોક્ય નથી, પાતાલ નથી, ભૂતલ નથી, અવિદ્યા નથી, વિદ્યા નથી, માયા નથી અને જડ પ્રકૃતિ નથી. ૨૦ સ્થિર કે ક્ષણિક નથી, નાશ નથી,

च धावनम् । न ध्यातव्यं न मे ध्यानं न मन्त्रो न जपः क्वचित् ॥ २१ ॥ पदार्थो न पूजार्हं नाभिषेको न चार्चनम् । न पुष्पं न फलं पत्रं गन्धपुष्पादिधूपकम् ॥ २२ ॥ न स्तोत्रं न नमस्कारो न प्रदक्षिणमण्वपि । न प्रार्थना पृथग्भावो न हविर्नाग्निवन्दनम् ॥ २३ ॥ न होमो न च कर्माणि न दुर्वाक्यं सुभाषणम् । न गायत्री न वा संधिर्न मनस्यं न दुःस्थितिः ॥ २४ ॥ न दुराशा न दुष्टात्मा न चाण्डालो न पौल्कसः । न दुःसहं दुरालापं न किरातो न कैतवम् ॥ २५ ॥ न पक्षपातं पक्षं वा न विभूषणतस्करौ । न च दम्भो दाम्भिको वा न हीनो नाधिको नरः ॥ २६ ॥ नैकं द्वयं त्रयं तुर्यं न महत्त्वं न चाल्पता । न पूर्णं न परिच्छिन्नं न काशी न व्रतं तपः ॥ २७ ॥ न गोत्रं न कुलं सूत्रं न विभुत्वं न शून्यता । न स्त्री न योषिन्नो वृद्धा न कन्या न वितन्तुता ॥ २८ ॥ न सूतकं न जातं वा नान्तर्मुखसुविभ्रमः । न महावाक्यमैक्यं वा नाणिमादिविभूतयः ॥ २९ ॥ सर्वचैतन्यमात्रत्वात्सर्वदोषः सदा न हि । सर्वं सन्मात्ररूपत्वात्सच्चिदानन्दमात्रकम् ॥ ३० ॥ ब्रह्मैव सर्वं नान्योऽस्ति तदहं तदहं तथा । तदेवाहं तदेवाहं ब्रह्मैवाहं सनातनम् ॥ ३१ ॥ ब्रह्मैवाहं न संसारी ब्रह्मैवाहं न मे मनः । ब्रह्मैवाहं न मे बुद्धिर्ब्रह्मैवाहं न चेन्द्रियः ॥ ३२ ॥ ब्रह्मैवाहं न देहोऽहं ब्रह्मैवाहं न गोचरः । ब्रह्मैवाहं न जीवोऽहं ब्रह्मैवाहं न भेदभूः ॥ ३३ ॥ ब्रह्मैवाहं जडो नाहमहं ब्रह्म न मे मृतिः । ब्रह्मैवाहं

ગતિ નથી, દોડવું નથી, ધ્યાન કરવાનું નથી, ધ્યાન નથી, મંત્ર નથી અને કોઈ જપ નથી. ૨૧ પદાર્થો નથી, પૂજાને યોગ્ય નથી,

અભિષેક નથી, પૂજન નથી, પુષ્પ નથી, ફળ નથી, પાંદડું–ગંધ–પુષ્પ વગેરે કે ધૂપ પણ નથી. ૨૨ સ્તોત્ર નથી, નમસ્કાર નથી, પ્રદક્ષિણા લગારે નથી, પ્રાર્થના નથી, જુદાઈ નથી, હવિષ નથી અને અગ્નિને વંદન પણ નથી. ૨૩ હોમ નથી, કર્મો નથી, દુષ્ટ વાક્ય કે સારું ભાષણ નથી, ગાયત્રી નથી, સંધિ નથી, મનમાં થનારું નથી કે દુષ્ટ સ્થિતિ નથી. ૨૪ દુષ્ટ આશા નથી, દુષ્ટ આત્મા નથી, ચાંડાલ નથી, ભંગી નથી, દુઃસહ નથી, દુષ્ટ આલાપ નથી, ભિલ્લ નથી કે કપટ નથી. ૨૫ પક્ષપાત નથી, પક્ષ નથી, દાગીનો નથી કે ચોર નથી; દંભ નથી કે દાંભિક નથી; હલકો માણસ પણ નથી કે અધિક નથી. ૨૬ એક–બે વાળું, ત્રણ વાળું કે ચોથું નથી; મોટાઈ નથી કે નાનાઈ નથી; પૂર્ણ નથી કે મર્યાદિત નથી; કાશી નથી, વ્રત નથી અને તપ નથી. ૨૭ ગોત્ર નથી, કુળ નથી, સૂત્ર નથી, વિભુતા નથી, શૂન્યતા નથી, સ્ત્રી નથી, જુવાન સ્ત્રી નથી, ઘરડી નથી, કન્યા નથી કે વાંઝણી નથી. ૨૮ સૂતક નથી, જન્મેલું નથી, અંતર્મુખવાળો સારી રીતનો વિભ્રમ નથી, મહાવાક્ય નથી, એકતા નથી અને અણિમા વગેરે ઐશ્વર્યો પણ નથી. ૨૯ બધું માત્ર ચૈતન્યરૂપ હોવાથી સર્વકાળે સર્વ દોષ નથી; બધું માત્ર સત્યરૂપ હોવાથી માત્ર સત્–ચિત્–આનંદ જ છે. ૩૦ બધું બ્રહ્મ જ છે; બીજો કોઈ પદાર્થ નથી. તે હું છું, તે હું છું, તે જ હું છું, તે જ હું છું અને હું સનાતન બ્રહ્મ જ છું. ૩૧ હું બ્રહ્મ જ છું, સંસારી નથી; હું બ્રહ્મ જ છું, મારે મન નથી; હું બ્રહ્મ જ છું, મારે બુદ્ધિ નથી; હું બ્રહ્મ જ છું, મારે ઇંદ્રિય નથી. ૩૨ હું બ્રહ્મ જ છું, દેહ નથી; હું બ્રહ્મ જ છું, વિષય નથી; હું બ્રહ્મ જ છું, હું જીવન નથી અને હું બ્રહ્મ જ છું, ભેદનું સ્થાન નથી. ૩૩ હું બ્રહ્મ જ છું, જડ નથી; હું બ્રહ્મ જ છું, મારું મરણ નથી;

न च प्राणो ब्रह्मैवाहं परात्परः ॥ ३४ ॥ इदं ब्रह्म परं ब्रह्म सत्यं ब्रह्म प्रभुर्हि सः। कालो ब्रह्म कला ब्रह्म सुखं ब्रह्म स्वयंप्रभम् ॥ ३५ ॥ एकं ब्रह्म द्वयं ब्रह्म मोहो ब्रह्म शमादिकम्। दोषो ब्रह्म गुणो ब्रह्म दमः शान्तं विभुः प्रभुः ॥ ३६ ॥ लोको ब्रह्म गुरुर्ब्रह्म शिष्यो ब्रह्म सदाशिवः। पूर्वं ब्रह्म परं ब्रह्म शुद्धं ब्रह्म शुभाशुभम् ॥ ३७ ॥ जीव एव सदा ब्रह्म सच्चिदानन्दमस्म्यहम्। सर्वं ब्रह्ममयं प्रोक्तं सर्वं ब्रह्ममयं जगत् ॥ ३८ ॥ स्वयं ब्रह्म न संदेहः स्वस्मादन्यन्न किंचन। सर्वमात्मैव शुद्धात्मा सर्वं चिन्मात्रमद्वयम् ॥ ३९ ॥ नित्यनिर्मलरूपात्मा ह्यात्मनोऽन्यन्न किंचन। अणुमात्रलसद्रूपमणुमात्रमिदं जगत् ॥ ४० ॥ अणुमात्रं शरीरं वा ह्यणुमात्रमसत्यकम्। अणुमात्रमचिन्त्यं वा चिन्त्यं वा ह्यणुमात्रकम् ॥ ४१ ॥ ब्रह्मैव सर्वं चिन्मात्रं ब्रह्ममात्रं जगत्त्रयम्। आनन्दं परमानन्दमन्यत्किंचिन्न किंचन ॥ ४२ ॥ चैतन्यमात्रमोंकारं ब्रह्मैव सकलं स्वयम्। अहमेव जगत्सर्वमहमेव परं पदम् ॥ ४३ ॥ अहमेव गुणातीत अहमेव परात्परः। अहमेव परं ब्रह्म अहमेव गुरोर्गुरुः ॥ ४४ ॥ अहमेवाखिलाधार अहमेव सुखात्सुखम्। आत्मनोऽन्यज्जगन्नास्ति आत्मनोऽन्यत्सुखं न च ॥ ४५ ॥ आत्मनोऽन्या गतिर्नास्ति सर्वमात्ममयं जगत्। आत्मनोऽन्यन्न हि क्वापि आत्मनोऽन्यत्तृणं नहि ॥ ४६ ॥ आत्मनोऽन्यत्तुषं नास्ति सर्वमात्ममयं जगत्। ब्रह्ममात्रमिदं सर्वं ब्रह्ममात्रमसन्नहि ॥ ४७ ॥ ब्रह्ममात्रं श्रुतं सर्वं स्वयं ब्रह्मैव केवलम्।

હું બ્રહ્મ જ છું, પ્રાણ નથી; હું બ્રહ્મ જ છું અને પરથી પર છું. ૩૪ આ બ્રહ્મ છે, બીજું બ્રહ્મ છે, સત્ય બ્રહ્મ છે અને તે જ પ્રભુ છે. કાળ બ્રહ્મ છે, કલા બ્રહ્મ છે અને સુખ સ્વયંપ્રકાશ બ્રહ્મ

છે. ૩૫ એક બ્રહ્મ છે, દ્વૈત બ્રહ્મ છે, મોહ બ્રહ્મ છે, શમ વગેરે બ્રહ્મ છે, દોષ બ્રહ્મ છે, ગુણ બ્રહ્મ છે, દમ–શાંતિ–બ્રહ્મ છે અને તે જ વિભુ તથા પ્રભુ છે. ૩૬ લોક બ્રહ્મ છે, ગુરુ બ્રહ્મ છે, શિષ્ય સદાશિવ બ્રહ્મ છે, પૂર્વનું બ્રહ્મ છે, પછીનું બ્રહ્મ છે અને શુદ્ધ બ્રહ્મ જ શુભાશુભ છે. ૩૭ જીવ જ સદા બ્રહ્મ છે; હું સચ્ચિદાનંદ છું, બધું બ્રહ્મમય કહેવાયું છે અને સર્વ જગત બ્રહ્મમય છે. ૩૮ પોતે બ્રહ્મ છે, એમાં સંદેહ નથી; પોતાથી બીજું કંઈ નથી; સર્વ આત્મા જ છે; શુદ્ધ આત્મા સર્વરૂપ અને માત્ર અદ્વૈત ચૈતન્ય છે. ૩૯ આત્મા નિત્ય નિર્મળ સ્વરૂપ છે; આત્માથી જુદું કંઈ નથી; માત્ર અણુસ્વરૂપે તે પ્રકાશે છે; આ જગત માત્ર અણુસ્વરૂપ છે. ૪૦ શરીર માત્ર અણુ છે, અણુ માત્ર અસત્ય છે; અણુ માત્ર અચિંત્ય છે અથવા અણુ માત્ર ચિંતનીય છે. ૪૧ બ્રહ્મ જ બધું માત્ર ચૈતન્ય છે; ત્રણે જગત માત્ર બ્રહ્મ છે; તે આનંદ અને પરમાનંદ છે; બીજું કંઈ નથી, કંઈ જ નથી. ૪૨ માત્ર ચૈતન્ય ૐકાર છે, બ્રહ્મ જ બધું પોતે છે, હું જ બધું જગત છું અને હું જ પરમ પદ છું. ૪૩ હું જ ગુણાતીત છું, હું જ પરથી પર છું, હું જ પરબ્રહ્મ છું અને હું ગુરુનો ગુરુ છું. ૪૪ હું જ બધાનો આધાર છું, હું જ સુખથી સુખ છું; આત્માથી જુદું જગત નથી અને આત્માથી જુદું સુખ નથી. ૪૫ આત્માથી જુદી ગતિ નથી, બધું જગત આત્મમય છે, આત્માથી જુદું ક્યાંયે નથી અને આત્માથી જુદું તણખલું પણ નથી. ૪૬ આત્માથી જુદું ફોતરું પણ નથી, બધું જગત આત્મામય છે, આ સઘળું માત્ર બ્રહ્મ જ છે અને માત્ર બ્રહ્મરૂપ હોવાને લીધે કંઈ પણ અસત જ નથી. ૪૭ સર્વ સાંભળેલું માત્ર બ્રહ્મ છે, પોતે કેવળ બ્રહ્મ જ છે, સર્વ બનેલું માત્ર બ્રહ્મ છે અને

ब्रह्ममात्रं वृत्तं सर्वं ब्रह्ममात्रं रसं सुखम् ॥ ४८ ॥ ब्रह्ममात्रं चिदाकाशं सच्चिदानन्दमव्ययम् । ब्रह्मणोऽन्यतरन्नास्ति ब्रह्मणोऽन्यज्जगन्न च ॥ ४९ ॥ ब्रह्मणोऽन्यदहं नास्ति ब्रह्मणोऽन्यत्फलं नहि । ब्रह्मणोऽन्यत्तृणं नास्ति ब्रह्मणोऽन्यत्पदं नहि ॥ ५० ॥ ब्रह्मणोऽन्यद् गुरुर्नास्ति ब्रह्मणोऽन्यमसद्वपुः । ब्रह्मणोऽन्यन्न चाहंता त्वत्तेदन्ते नहि क्वचित् ॥ ५१ ॥ स्वयं ब्रह्मात्मकं विद्धि स्वस्मादन्यन्न किंचन । यत्किंचिद्दृश्यते लोके यत्किंचिद्भाष्यते जनैः ॥ ५२ ॥ यत्किंचिद्भुज्यते क्वापि तत्सर्वमसदेव हि । कर्तृभेदं क्रियाभेदं गुणभेदं रसादिकम् ॥ ५३ ॥ लिङ्गभेदमिदं सर्वमसदेव सदा सुखम् । कालभेदं देशभेदं वस्तुभेदं जयाजयम् ॥ ५४ ॥ यद्यद्भेदं च तत्सर्वमसदेव हि केवलम् । असदन्तःकरणकमसदेवेन्द्रियादिकम् ॥ ५५ ॥ असत्प्राणादिकं सर्वं संघातमसदात्मकम् । असत्यं पञ्चकोशाख्यमसत्यं पञ्च देवताः ॥ ५६ ॥ असत्यं षड्विकारादि असत्यमरिवर्गकम् । असत्यं षडृतुश्चैव असत्यं षड्रसस्तथा ॥ ५७ ॥ सच्चिदानन्दमात्रोऽहमनुत्पन्नमिदं जगत् । आत्मैवाहं परं सत्यं नान्याः संसारदृष्टयः ॥ ५८ ॥ सत्यमानन्दरूपोऽहं चिद्घनानन्दविग्रहः । अहमेव परानन्द अहमेव परात्परः ॥ ५९ ॥ ज्ञानाकारमिदं सर्वं ज्ञानानन्दोऽहमद्वयः । सर्वप्रकाशरूपोऽहं सर्वाभावस्वरूपकम् ॥ ६० ॥ अहमेव सदा भामीत्येवं रूपं कुतोऽप्यसत् । त्वमित्येवं परं ब्रह्म चिन्मयानन्दरूपवान् ॥ ६१ ॥ चिदाकारं चिदाकाशं चिदेव परमं

માત્ર બ્રહ્મ જ રસ તથા સુખરૂપ છે. ૪૮ ચૈતન્યરૂપ આકાશ માત્ર બ્રહ્મ છે; એ જ સચ્ચિદાનંદ અવિનાશી છે; બ્રહ્મથી

જુદું કંઈ છે જ નહિ અને બ્રહ્મથી જુદું જગત નથી. ૪૯ બ્રહ્મથી જુદું 'હું' નથી; બ્રહ્મથી જુદું ફળ નથી; બ્રહ્મથી જુદું તણખલું નથી અને બ્રહ્મથી જુદું કોઈ પદ નથી. ૫૦ બ્રહ્મથી જુદો ગુરુ નથી, બ્રહ્મથી જુદું અસત્ શરીર નથી; અને બ્રહ્મથી જુદો હું ભાવ, તું ભાવ કે આ ભાવ ક્યાંયે નથી. ૫૧ તું પોતાને બ્રહ્મ-રૂપ જાણ, પોતાથી જુદું કંઈ નથી. લોકોમાં જે કંઈ દેખાય છે, લોકો વડે જે કંઈ બોલાય છે, જે કંઈ ખવાય છે અને ભોગવાય છે, તે બધું અસત્ જ છે. કર્તાનો ભેદ, ક્રિયાનો ભેદ, ગુણનો ભેદ, રસ વગેરે અને જાતિનો ભેદ આ બધું અસત્ જ છે. સદા કેવળ સુખ જ છે. કાળનો ભેદ, દેશનો ભેદ, વસ્તુનો ભેદ, જય અને પરાજય વગેરે જે જે ભેદ તે બધા મિથ્યા જ છે. અંતઃકરણ કેવળ મિથ્યા જ છે અને ઇંદ્રિયો વગેરે અસત્ જ છે. ૫૨–૫૫ પ્રાણાદિ સર્વ અસત્ છે, સંઘાતરૂપ શરીર અસત્ છે, પાંચ કોશ નામે અસત્ છે અને પાંચે દેવો અસત્ય છે. ૫૬ છ વિકાર વગેરે અસત્ય છે, શત્રુ વર્ગ અસત્ય છે, છ ઋતુ અસત્ય છે અને છયે રસ અસત્ય છે. ૫૭ હું માત્ર સચ્ચિદાનંદ છું, આ જગત ઉત્પન્ન થયું નથી, હું–આત્મા જ પરમ સત્ય છું; બીજી સંસારની દૃષ્ટિઓ સત્ય નથી. ૫૮ હું ખરેખર આનંદરૂપ છું, ચૈતન્યથી વ્યાપ્ત આનંદરૂપ શરીરવાળો છું; હું જ પરમાનંદ અને પરથી પર છું. ૫૯ આ બધું જ્ઞાનનો આકાર છે, હું અદ્વૈત જ્ઞાનાનંદ છું, હું સર્વ પ્રકાશરૂપ છું અને બીજું બધું અભાવરૂપ છે. ૬૦ હું જ સદા પ્રકાશું છું; તેથી આવું આ અસત્ રૂપ ક્યાંથી હોય? 'તું' એમ કહેવાતું પરબ્રહ્મ છે અને ચૈતન્ય-મય તથા આનંદરૂપવાળું છે. ૬૧ ચૈતન્યના આકારરૂપ ચિદાકાશ છે, ચૈતન્ય જ પરમ સુખ છે. હું જ આત્મા છું, હું અસત્ નથી, હું કૂટસ્થ છું અને પરમ ગુરુ છું. ૬૨ હું માત્ર સચ્ચિદા-

सुखम् । आत्मैवाहमसन्नाहं कूटस्थोऽहं गुरुः परः ॥ ६२ ॥ सच्चिदानन्दमात्रोऽहमनुत्पन्नमिदं जगत् । कालो नास्ति जगन्नास्ति मायाप्रकृतिरेव न ॥ ६३ ॥ अहमेव हरिः साक्षादहमेव सदाशिवः । शुद्धचैतन्यभावोऽहं शुद्धसत्त्वानुभावनः ॥ ६४ ॥ अद्वयानन्दमात्रोऽहं चिद्घनैकरसोऽस्म्यहम् । सर्वं ब्रह्मैव सततं सर्वं ब्रह्मैव केवलम् ॥ ६५ ॥ सर्वं ब्रह्मैव सततं सर्वं ब्रह्मैव चेतनम् । सर्वान्तर्यामिरूपोऽहं सर्वसाक्षित्वलक्षणः ॥ ६६ ॥ परमात्मा परं ज्योतिः परं धाम परा गतिः । सर्व वेदान्तसारोऽहं सर्वशास्त्रसुनिश्चितः ॥ ६७ ॥ योगानन्दस्वरूपोऽहं मुख्यानन्दमहोदयः । सर्वज्ञानप्रकाशोऽस्मि मुख्यविज्ञानविग्रहः ॥ ६८ ॥ तुर्यातुर्यप्रकाशोऽस्मि तुर्यातुर्यादिवर्जितः । चिदक्षरोऽहं सत्योऽहं वासुदेवोऽजरोऽमरः ॥ ६९ ॥ अहं ब्रह्म चिदाकाशं नित्यं ब्रह्म निरञ्जनम् । शुद्धं बुद्धं सदामुक्तमनामकमरूपकम् ॥ ७० ॥ सच्चिदानन्दरूपोऽहमनुत्पन्नमिदं जगत् । सत्यासत्यं जगन्नास्ति संकल्पकलनादिकम् ॥ ७१ ॥ नित्यानन्दमयं ब्रह्म केवलं सर्वदा स्वयम् । अनन्तमव्ययं शान्तमेकरूपमनामयम् ॥ ७२ ॥ मत्तोऽन्यदस्ति चेन्मिथ्या यथा मरुमरीचिका । वन्ध्याकुमारवचने भीतिश्चेदस्ति किंचन ॥ ७३ ॥ शशशृङ्गेण नागेन्द्रो मृतश्चेज्जगदस्ति तत् । मृगतृष्णाजलं पीत्वा तृप्तश्चेदस्त्विदं जगत् ॥ ७४ ॥ नरशृङ्गेण नष्टश्चेत्कश्चिदस्त्विदमेव हि । गन्धर्वनगरे सत्ये जगद्भवति सर्वदा ॥ ७५ ॥ गगने नीलिमासत्ये जगत्सत्यं

નંદ છું, આ જગત ઉત્પન્ન થયું નથી; કાળ નથી, જગત નથી અને માયારૂપ પ્રકૃતિ પણ નથી. ૬૩ હું જ સાક્ષાત્ શ્રીહરિ છું, હું જ સદાશિવ છું; હું શુદ્ધ ચૈતન્યરૂપ ભાવ-પદાર્થ છું

અને શુદ્ધ સત્ત્વગુણને અનુભવનારો છું. ૬૪ હું માત્ર અદ્વૈત આનંદ છું, હું ચૈતન્યવ્યાપ્ત એકરસ છું; બધું નિરંતર બ્રહ્મ જ છે, સઘળું કેવળ બ્રહ્મ જ છે. ૬૫ સર્વ સતત બ્રહ્મ જ છે, સર્વ ચેતન બ્રહ્મ જ છે, હું સર્વનો અંતર્યામી રૂપ છું અને સર્વના સાક્ષીપણારૂપ લક્ષણવાળો છું. ૬૬ હું પરમાત્મા છું, પરમ જ્યોતિ છું, પરમ ધામ છું, પરમ ગતિ છું, સર્વ વેદાંતોનો સાર છું અને સર્વ શાસ્ત્રો વડે સારી રીતે નિશ્ચય કરાયેલો છું. ૬૭ હું યોગાનંદ સ્વરૂપ છું, મુખ્ય આનંદરૂપ મોટા ઉદયવાળો છું, સર્વ જ્ઞાનનો પ્રકાશ છું અને મુખ્ય વિજ્ઞાનરૂપ શરીરવાળો છું. ૬૮ હું ચોથો-નહિ ચોથો પ્રકાશ છું, ચોથો-નહિ ચોથો આદિથી રહિત છું, ચૈતન્ય-અક્ષર હું છું; હું સત્ય છું, વાસુદેવ છું, અજર અને અમર છું. ૬૯ હું ચિદાકાશ બ્રહ્મ છું, નિત્ય નિરંજન બ્રહ્મ છું; શુદ્ધ, બુદ્ધ, સદા મુક્ત, નામરહિત અને રૂપરહિત છું. ૭૦ હું સચ્ચિદાનંદરૂપ છું. આ જગત ઉત્પન્ન થયું નથી; સત્ય કે અસત્ય જગત્ નથી અને સંકલ્પોની ઘટના વગેરે પણ નથી. ૭૧ સદાકાળ નિત્ય આનંદમય બ્રહ્મ કેવળ પોતે જ છે અને અનંત, અવિનાશી, શાંત, એકરૂપ તથા નિર્દોષ-નીરોગી છે. ૭૨ મારાથી જુદું જો કંઈ છે, તો તે ઝાંઝવાંનાં જળ જેવું મિથ્યા છે; વાંઝણીના છોકરાના વચનથી જો ભય હોય, તો કંઈ પણ છે. ૭૩ સસલાના શીંગડાથી મોટો હાથી જો મર્યો હોય, તો જગત છે; ઝાંઝવાંનું જળ પીને જો કોઈ ધરાયો હોય, તો આ જગત ભલે હો. ૭૪ માણસનાં શીંગડાંથી જો કોઈ નાશ પામ્યો હોય, તો આ જગત ભલે હો; ગંધર્વનું નગર જો સાચું હોય, તો જગત સર્વદા સાચું થાય. ૭૫ આકાશમાં જણાતો વાદળી રંગ જો સાચો

भविष्यति। शुक्तिकारजतं सत्यं भूषणं चेज्जगद्भवेत् ॥ ७६ ॥ रज्जुसर्पेण दष्टश्चेन्नरो भवतु संसृतिः। जातरूपेण बाणेन ज्वालाग्नौ नाशिते जगत् ॥ ७७ ॥ विन्ध्याटव्यां पायसान्नमस्ति चेज्जगदुद्भवः। रम्भास्तम्भेन काष्ठेन पाकसिद्धौ जगद्भवेत् ॥ ७८। सद्यःकुमारिकारूपैः पाके सिद्धे जगद्भवेत्। चित्रस्थदीपैस्तमसो नाशश्चेदस्त्विदं जगत् ॥ ७९ ॥ मासात्पूर्वं मृतो मर्त्यो ह्यागतश्चेज्जगद्भवेत्। तक्रं क्षीरस्वरूपं चेत्क्वचिन्नित्यं जगद्भवेत् ॥ ८० ॥ गोस्तनादुद्भवं क्षीरं पुनरारोपणे जगत्। भूरजोऽब्धौ समुत्पन्ने जगद्भवतु सर्वदा ॥ ८१ ॥ कूर्मरोम्णा गजे बद्धे जगदस्तु मदोत्कटे। नालस्थतन्तुना मेरुश्चालितश्चेज्जगद्भवेत् ॥ ८२ ॥ तरङ्गमालया सिन्धुर्बद्धश्चेदस्त्विदं जगत्। अग्नेरधश्चेज्ज्वलनं जगद्भवतु सर्वदा ॥ ८३ ॥ ज्वालावह्निः शीतलश्चेदस्तिरूपमिदं जगत्। ज्वालाग्निमण्डले पद्मवृद्धिश्चेज्जगदस्त्विदम् ॥ ८४ ॥ महच्छैलेन्द्रनीलं वा संभवेश्चेदिदं जगत्। मेरुरागत्य पद्माक्षे स्थितश्चेदस्त्विदं जगत् ॥ ८५ ॥ निगिरेच्चेद्भृङ्गसूनुर्मेरुं चलवदस्त्विदम्। मशकेन हते सिंहे जगत्सत्यं तदास्तु ते ॥ ८६ ॥ अणुकोटरविस्तीर्णे त्रैलोक्यं चेज्जगद्भवेत्। तृणानलश्च नित्यश्चेत्क्षणिकं तज्जगद्भवेत् ॥ ८७ ॥ स्वप्नदृष्टं च यद्वस्तु जागरे

હોય, તો જગત સત્ય થશે; છીપમાં ભ્રાંતિથી દેખાતું રૂપું જો દાગીનારૂપે થાય, તો જગત હોય. ૭૬ દોરીમાં ભ્રાંતિથી દેખાયેલા સાપ વડે માણસ કરડાયેલો હોય, તો સંસાર ભલે હો; અને સોનાના બાણથી જ્વાળાઓવાળો અગ્નિ નાશ પમાડ્યો હોય, તો જગત હોય. ૭૭ વિંધ્યાચલના જંગલમાં જો દૂધપાક હોય, તો જગતની ઉત્પત્તિ હોય; અને કેળના થાંભ-

લાનાં લાકડાંથી જો રસોઈ તૈયાર થતી હોય, તો જગત હોય. ૭૮ તુરત જન્મેલી કુમારિકાનાં રૂપથી રસોઈ સિદ્ધ થઈ જાય, તો જગત હોય; અને ચિત્રમાં રહેલા દીવાથી અંધારાનો નાશ થાય, તો આ જગત ભલે હો. ૭૯ મહિના પહેલાં મરેલો માણુસ જો પાછો આવ્યો હોય, તો જગત હોય; અને છાશ જો દૂધનું સ્વરૂપ ધારણુ કરે, તો સર્વ કાળે જગત ભલે હો. ૮૦ ગાયના આંચળમાંથી નીકળી ગયેલું દૂધ ફરી આંચળમાં જો સ્થાપી શકાય, તો જગત હોય અને પૃથ્વીના રજકણોમાંથી જો સમુદ્ર ઉત્પન્ન થાય, તો જગત સર્વ કાળે હોય. ૮૧ કાચબાનાં રુવાટાંથી જો મદોત્કટ હાથી બંધાયો હોય, તો જગત ભલે હો; અને કમળના નાળમાં રહેલા તાંતણાથી જો મેરુ પર્વત ચલાવ્યો હોય, તો જગત હોઈ શકે. ૮૨ તરંગોની પંક્તિ વડે જો સમુદ્ર બંધાયો હોય, તો આ જગત હોય; અને અગ્નિની નીચે જો પ્રકાશ હોય, તો (એટલે દીવાની નીચેના ભાગમાં અજવાળું હોય તો) જગત સર્વ કાળે ભલે હો. ૮૩ જ્વાળાનો અગ્નિ જો શીતળ હોય, તો આ જગત હોઈ શકે; અને જ્વાળાયુક્ત અગ્નિના મંડળમાં જો કમળોની વૃદ્ધિ થાય, તો આ જગત ભલે હોઈ શકે. ૮૪ મોટા પર્વત ઉપર જો લીલું કમળ ઊગે, તો આ જગત હોય અને મેરુ પર્વત આવીને કમળના બીજ ઉપર રહ્યો હોય, તો આ જગત ભલે હો. ૮૫ ભમરાનું બચ્ચું જો મેરુ પર્વતને ગળી જાય, તો આ જગત ભલે હો; અને મચ્છરે જો સિંહને મારી નાખ્યો હોય, તો આ જગત ભલે સત્ય હોય. ૮૬ પરમાણુની ગુફાના વિશાળ પ્રદેશમાં જો ત્રણે લોક હોઈ શકે, તો આ જગત હોય; અને ઘાસનો અગ્નિ જો સદાકાળ રહેતો હોય, તો આ ક્ષણિક જગત સાચું હોય. ૮૭ સ્વપ્નમાં જોયેલી વસ્તુ જો

चेज्जगद्भवः। नदीवेगो निश्चलश्चेत्केनापीदं भवेज्जगत् ॥८८॥ क्षुधितस्याग्निर्भोज्यश्चेन्निमिषं कल्पितं भवेत्। जात्यन्धै रत्नविषयः सुज्ञातश्चेज्जगत्सदा ॥८९॥ नपुंसककुमारस्य स्त्रीसुखं चेद्भवेज्जगत्। निर्मितः शशशृङ्गेण रथश्चेज्जगदस्ति तत् ॥९०॥ सद्योजाता तु या कन्या भोगयोग्या भवेज्जगत्। वन्ध्या गर्भाप्ततत्सौख्यं ज्ञाता चेदस्त्विदं जगत् ॥९१॥ काको वा हंसवद्गच्छेज्जगद्भवतु निश्चलम्। महाखरो वा सिंहेन युध्यते चेज्जगत्स्थितिः ॥९२॥ महाखरो गजगतिं गतश्चेज्जगदस्तु तत्। संपूर्णचन्द्रसूर्यश्चेज्जगद्भातु स्वयं जडम् ॥९३॥ चन्द्रसूर्यादिकौ त्यक्त्वा राहुश्चेद्दृश्यते जगत्। भृष्टबीजसमुत्पन्नवृद्धिश्चेज्जगदस्तु सत् ॥९४॥ दरिद्रो धनिकानां च सुखं भुङ्क्ते तदा जगत्। शुना वीर्येण सिंहस्तु जितो यदि जगत्तदा ॥९५॥ ज्ञानिनो हृदयं मूढैर्ज्ञातं चेत्कल्पनं तदा। श्वानेन सागरे पीते निःशेषेण मनो भवेत् ॥९६॥ शुद्धाकाशो मनुष्येषु पतितश्चेत्तदा जगत्। भूमौ वा पतितं व्योम व्योमपुष्पं सुगन्धकम् ॥९७॥ शुद्धाकाशे वने जाते चलिते तु तदा जगत्। केवले दर्पणे नास्ति प्रतिबिम्बं तदा जगत् ॥९८॥ अजकुक्षौ जगन्नास्ति ह्यात्मकुक्षौ जगन्नहि। सर्वथा भेदकलनं द्वैताद्वैतं न विद्यते ॥९९॥ मायाकार्यमिदं भेदमस्ति चेद्ब्रह्मभावनम्। देहोऽहमिति दुःखं चेद्ब्रह्माहमिति निश्चयः ॥१००॥ हृदयग्रन्थि-

જાગ્રત અવસ્થામાં દેખાતી હોય, તો જગતની ઉત્પત્તિ હોય; અને નદીનો વેગ જો નિશ્ચળ થાય, તો કોઈ રીતે આ જગત હોય. ૮૮ ભૂખ્યો માણસ જો અગ્નિ ખાઈ શકે, તો આ કલ્પિત જગત હોય; અને જન્માંધ માણસોએ રત્નોનો વિષય સારી રીતે

જાણ્યો હોય, તો આ જગત સદા હોય. ૮૯ નપુંસકના છોકરાને જો સ્ત્રીનું સુખ હોય, તો જગત હોય અને સસલાંના શિંગડાથી બનેલો રથ જો હોય, તો જગત હોય. ૯૦ તુરતમાં જન્મેલી કન્યા જો ભોગ ભોગવવા યોગ્ય હોય, તો જગત હોય, અને વાંઝણી ગર્ભ રહ્યા પછીના તેના સુખને જો જાણે, તો આ જગત ભલે હોય. ૯૧ કાગડો જો હંસની પેઠે ચાલે, તો આ જગત નિશ્ચળ બને; અને મોટો ગધેડો સિંહ સાથે યુદ્ધ કરે, તો આ જગતની સ્થિતિ થાય. ૯૨ મોટો ગધેડો જો હાથીની ચાલ ચાલે, તો જગત ભલે હો; અને સંપૂર્ણ ચંદ્ર સૂર્ય બને, તો આ જડ જગત પોતે ભલે પ્રકાશે. ૯૩ ચંદ્ર તથા સૂર્યને તજીને જો રાહુ દેખાય, તો આ જગત દેખાય; અને ભૂંજેલાં બીમાંથી ઉ-પન્ન થયેલો છોડ જો વધે, તો જગત સત્ બને. ૯૪ દરિદ્ર ? ણસ ધનવાનોનાં સુખ ભોગવે, તો જગત હોય; અને કૂતરાએ પરાક્રમથી સિંહને જીત્યો હોય, તો આ જગત હોઈ શકે. ૯૫ જ્ઞાનીના હૃદયને મૂઢ લોકોએ જો જાણ્યું હોય, તો જગતની કલ્પના થઈ શકે; અને કૂતરો જો સંપૂર્ણ સમુદ્ર પી ગયો હોય, તો મનરૂપ જગત હોય. ૯૬ શુદ્ધ આકાશ મનુષ્યો ઉપર જો પડ્યું હોય, તો જગત હોય; અથવા આકાશ કે આકાશનું સુગંધી પુષ્પ પૃથ્વી પર પડ્યું હોય, તો જગત સંભવે. ૯૭ શુદ્ધ આકાશમાં જો બગીચો બન્યો હોય અને તે ફાલ્યો હોય, તો જગત હોય; અને એકલા દર્પણમાં જો પ્રતિબિંબ ન પડ્યું હોય, તો જગત હોય. ૯૮ જેમ બકરાની કૂખમાં જગત નથી, તેમ આત્માની કૂખમાં પણ જગત નથી. સર્વ પ્રકારની ભેદની ગણત્રી અને દ્વૈત કે અદ્વૈત છે જ નહિ. ૯૯ આ માયાનું કાર્ય જો ભેદરૂપ છે, તો બ્રહ્મભાવના કરવી; અને 'હું દેહ છું' એમ માનતાં જો દુઃખ જણાતું હોય, તો 'હું બ્રહ્મ છું' એવો નિશ્ચય કરવો. ૧૦૦

रस्तित्वे छिद्यते ब्रह्मचक्रकम् । संशये समनुप्राप्ते ब्रह्मनिश्चयमाश्रयेत् ॥ १०१ ॥ अनात्मरूपचोरश्चेदात्मरत्नस्य रक्षणम् । नित्यानन्दमयं ब्रह्म केवलं सर्वदा स्वयम् ॥ १०२ ॥ एवमादिसुदृष्टान्तैः साधितं ब्रह्ममात्रकम् । ब्रह्मैव सर्वभवनं भुवनं नाम संत्यज ॥ १०३ ॥ अहं ब्रह्मेति निश्चित्य अहंभावं परित्यज । सर्वमेव लयं याति सुप्तहस्तस्थपुष्पवत् ॥ १०४ ॥ न देहो न च कर्माणि सर्वं ब्रह्मैव केवलम् । न भूतं न च कार्यं च न चावस्थाचतुष्टयम् ॥ १०५ ॥ लक्षणात्रयविज्ञानं सर्वं ब्रह्मैव केवलम् । सर्वव्यापारमुत्सृज्य ह्यहं ब्रह्मेति भावय ॥ १०६ ॥ अहं ब्रह्म न संदेहो ह्यहं ब्रह्म चिदात्मकम् । सच्चिदानन्दमात्रोऽहमिति निश्चित्य तत्त्यज ॥ १०७ ॥ शांकरीयं महाशास्त्रं न देयं यस्य कस्यचित् । नास्तिकाय कृतघ्नाय दुर्वृत्ताय दुरात्मने ॥ १०८ ॥ गुरुभक्तिविशुद्धान्तःकरणाय महात्मने । सम्यक् परीक्ष्य दातव्यं मासं षण्मासवत्सरम् ॥ १०९ ॥ सर्वोपनिषदभ्यासं दूरतस्त्यक्त्वा सादरम् । तेजोबिन्दूपनिषदमभ्यसेत्सर्वदा मुदा ॥ ११० ॥ सकृदभ्यासमात्रेण ब्रह्मैव भवति स्वयं ब्रह्मैव भवति स्वयमित्युपनिषत् ॥

ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै । तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

इति तेजोबिन्दूपनिषत्समाप्ता ॥

હૃદયરૂપ ગાંઠ જો હોય, તો બ્રહ્મરૂપી ચક્ર તેને કાપી નાખશે; અને જો કોઈ સંશય આવે, તો બ્રહ્મરૂપ નિશ્ચયનો આશ્રય કરવો. ૧૦૧ અનાત્મારૂપ ચોર હોય, તો આત્મારૂપ રત્નનું

રક્ષણ કરવું જોઈએ. સર્વ કાળે નિત્ય આનંદમય બ્રહ્મ કેવળ પોતે જ છે. ૧૦૨ ઇત્યાદિ દૃષ્ટાંતોથી માત્ર બ્રહ્મને સિદ્ધ કર્યું છે; માટે બ્રહ્મ જ સર્વનું ઘર છે; ભુવન (જગત) એ નામને તું ત્યજી દે. ૧૦૩ 'હું બ્રહ્મ છું' એવો નિશ્ચય કરી અહંભાવનો ત્યાગ કર; એટલે ઊંઘી ગયેલાના હાથમાં રહેલા પુષ્પની પેઠે બધુંયે લય પામે છે. ૧૦૪ દેહ નથી અને કર્મો પણ નથી. બધું કેવળ બ્રહ્મ જ છે. ભૂત નથી, કોઈ કાર્ય નથી અને ચારે અવસ્થાઓ પણ નથી. ૧૦૫ ત્રણે લક્ષણાઓના વિશેષ જ્ઞાનરૂપ બધું કેવળ બ્રહ્મ જ છે; માટે બધા વ્યાપારો ત્યજી દઈ 'હું જ બ્રહ્મ છું' એવી ભાવના કર. ૧૦૬ 'હું બ્રહ્મ છું,' એમાં સંદેહ નથી. હું ચૈતન્યસ્વરૂપ બ્રહ્મ જ છું. હું માત્ર સચ્ચિદાનંદ છું, એવો નિશ્ચય કરી એ નિશ્ચયનો પણ ત્યાગ કર. ૧૦૭ શંકરનું આ મહાન શાસ્ત્ર છે; તેને જે કોઈ નાસ્તિક, કૃતઘ્ની, દુરાચારી અને દુષ્ટાત્મા હોય, તેને આપવું નહિ; ૧૦૮ પણ જેનું અંતઃકરણ ગુરુભક્તિથી શુદ્ધ હોય, તેવા મનુષ્યની મહિનો, છ મહિના કે વર્ષ સુધી સારી રીતે પરીક્ષા કર્યા પછી જ, તેને આ શાસ્ત્ર દેવું. ૧૦૯ સર્વ ઉપનિષદોનો અભ્યાસ દૂર ત્યજી દઈ આદરપૂર્વક આ તેજોબિંદુ ઉપનિષદનો જ સદા આનંદથી અભ્યાસ કરવો; કેમ કે આનો માત્ર એક જ વાર અભ્યાસ કરવાથી પોતે બ્રહ્મ જ થાય છે, પોતે બ્રહ્મ જ થાય છે, એવું આ રહસ્ય છે.' ૧૧૦

છઠ્ઠો અધ્યાય સમાપ્ત

ૐ બ્રહ્મ અમારું બન્ને (ગુરુ–શિષ્ય)નું સાથે રક્ષણ કરો; અમારું બન્નેનું સાથે પાલન કરો; અમે બન્ને સાથે જ સામર્થ્ય મેળવીએ; અમારું બન્નેનું ભણતર તેજસ્વી થાઓ; અમે બન્ને કોઈનો દ્વેષ ન કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ તેજોબિંદુ ઉપનિષદ સમાપ્ત

# आत्मप्रबोधोपनिषत्

शान्तिपाठः—ॐ वाङ्मे मनसि प्रतिष्ठिता मनो मे वाचि प्रतिष्ठितमाविरावीर्म एधि वेदस्य म आणीस्थः श्रुतं मे माप्रहासीरनेनाधीतेनाहोरात्रान्संदधाम्यृतं वदिष्यामि । सत्यं वदिष्यामि । तन्मामवतु । तद्वक्तारमवतु । अवतु माम् । अवतु वक्तारमवतु वक्तारम् ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ॐ प्रत्यगानन्दं ब्रह्मपुरुषं प्रणवस्वरूपं अकार उकारो मकार इति त्र्यक्षरं प्रणवं तदेतदोमिति । यमुक्त्वा मुच्यते योगी जन्मसंसारबन्धनात् । ॐ नमो नारायणाय शङ्खचक्रगदाधराय तस्मात् ॐ नमो नारायणायेति मन्त्रोपासको वैकुण्ठभुवनं गमिष्यति । अथ यदिदं ब्रह्मपुरं पुण्डरीकं तस्मात्तडिदाभमात्रं दीपवत्प्रकाशं । ब्रह्मण्यो देवकीपुत्रो ब्रह्मण्यो मधुसूदनः । ब्रह्मण्यः पुण्डरीकाक्षो ब्रह्मण्यो विष्णुरच्युतः ॥ सर्वभूतस्थमेकं नारायणं कारणपुरुषमकारणं परं ब्रह्मोम् । शोकमोहविनिर्मुक्तो विष्णुं ध्यायन्न सीदति । द्वैताद्वैतमभयं भवति । मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति । हृत्पद्ममध्ये सर्वं यत्तत्प्रज्ञाने प्रतिष्ठितम् । प्रज्ञानेत्रो लोकः प्रज्ञा प्रतिष्ठा प्रज्ञानं ब्रह्म । स एतेन प्रज्ञेनात्मनास्माल्लोकादुत्क्रम्यामुष्मिन्स्वर्गे लोके सर्वान्कामानाप्त्वाऽमृतः समभवदमृतः समभवत् । यत्र ज्योतिरजस्रं यस्मिल्लोकेऽभ्यर्हितम् । तस्मिन्मां देहि स्वमानमृते लोके अक्षते अच्युते लोके अक्षते अमृतत्वं च गच्छत्यों नमः ॥ १ ॥ प्रगलित-

# ૧૨–આત્મપ્રબોધ ઉપનિષદ

**શાંતિપાઠ :** ૐ મારી વાણી મનમાં સ્થિર થાઓ; મન વાણીમાં સ્થિર થાઓ; હે સ્વયંપ્રકાશ આત્મા ! મારી સમક્ષ તું પ્રગટ થા. હે વાણી અને મન ! તમે બન્ને મારા વેદજ્ઞાનનો આધાર છો; માટે મારા વેદાભ્યાસનો નાશ ન કરો. આ વેદાભ્યાસમાં જ હું રાત્રિદિવસ ગાળું છું. હું ઋત બોલીશ, સત્ય બોલીશ, મારું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો, મારું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ૐ દરેકમાં વ્યાપ્ત, આનંદરૂપ, બ્રહ્મપુરુષ છે અને ‘ अकार, उकार, मकार–એ ત્રણ અક્ષરવાળું પ્રણવનું સ્વરૂપ છે. એ જ પ્રણવ ૐ છે. તેનો જપ કરવાથી યોગી જન્મ વગેરે સાંસારિક બંધનોમાંથી છૂટી જાય છે. શંખ, ચક્ર અને ગદાને ધારણ કરનાર ૐ નારાયણને નમસ્કાર. આથી ‘ ૐ नमो नारायणाय ’–એ મંત્રનો ઉપાસક વૈકુંઠ ભુવનને પામે છે.

હવે જે આ હૃદયકમળ છે, તે બ્રહ્મપુર છે; તેથી એ માત્ર વીજળી જેવું અને દીવા જેવું પ્રકાશે છે. દેવકીપુત્ર બ્રાહ્મણોના હિતૈષી છે, મધુસૂદન બ્રાહ્મણો માટે હિતકારી છે; કમળ સમાન નેત્રવાળા વિષ્ણુ બ્રાહ્મણોના હિતકારી છે અને તે અવિનાશી પરમાત્મા બ્રાહ્મણપ્રિય છે. સર્વ ભૂતોમાં રહેલા એક નારાયણ કારણ–પુરુષ છે, પોતે કારણરહિત છે, પરબ્રહ્મ છે અને ૐકારરૂપ છે. એ વિષ્ણુનું ધ્યાન કરનારો શોક તથા મોહથી મુક્ત થઈ દુઃખી થતો નથી. દ્વૈત એ અદ્વૈત જ છે અને એ જ અભયરૂપ થાય છે. જે મનુષ્ય આ બ્રહ્મમાં ભેદ જેવું જુએ છે, તે મૃત્યુ પછી મૃત્યુને પામે છે. હૃદય–કમળની મધ્યે જે સર્વસ્વરૂપ બ્રહ્મ છે,

निजमायोऽहं निस्तुलदृशिरूपवस्तुमात्रोऽहम् । अस्तमिताहंतोऽहं प्रगलितजगदीशजीवभेदोऽहम् ॥ १ ॥ प्रत्यगभिन्नपरोऽहं विध्वस्ताशेषविधिनिषेधोऽहम् । समुदस्ताश्रमितोऽहं प्रविततसुखपूर्णसंविदेवाहम् ॥ २ ॥ साक्ष्यनपेक्षोऽहं निजमहिम्नि संस्थोऽहमचलोऽहम् । अजरोऽहमव्ययोऽहं पक्षविपक्षादिभेदविधुरोऽहम् ॥ ३ ॥ अवबोधैकरसोऽहं मोक्षानन्दैकसिन्धुरेवाहम् । सूक्ष्मोऽहमक्षरोऽहं विगलितगुणजालकेवलात्माहम् ॥ ४ ॥ निस्त्रैगुण्यपदोऽहं कुक्षिस्थानेकलोककलनोऽहम् । कूटस्थचेतनोऽहं निष्क्रियधामाहमप्रतर्क्योऽहम् ॥ ५ ॥ एकोऽहमविकलोऽहं निर्मलनिर्वाणमूर्तिरेवाहम् । निरवयवोऽहमजोऽहं केवलसन्मात्रसारभूतोऽहम् ॥ ६ ॥ निरवधिनिजबोधोऽहं शुभतरभावोऽहमप्रमेयोऽहम् । विभुरहमनवद्योऽहं निरवधिनिःसीमतत्त्वमात्रोऽहम् ॥ ७ ॥ वेद्योऽहमागमान्तैराराध्यः सकलभुवनहृद्योऽहम् । परमानन्दघनोऽहं परमानन्दैकभूमरूपोऽहम् ॥ ८ ॥ शुद्धोऽहमद्वयोऽहं संततभावोऽहमादिशून्योऽहम् । शमितान्तत्रितयोऽहं बद्धो मुक्तोऽहमद्भुतात्माहम् ॥ ९ ॥ शुद्धोऽहमान्तरोऽहं शाश्वतविज्ञानसमरसात्माहम् । शोधितपरतत्त्वोऽहं बोधानन्दैकमूर्तिरेवाहम् ॥ १० ॥

તે જ પ્રજ્ઞાનમાં પ્રતિષ્ઠા પામ્યું છે. લોક પ્રજ્ઞારૂપ નેત્રવાળો છે, પ્રજ્ઞા પ્રતિષ્ઠા પામી છે અને બ્રહ્મ પ્રજ્ઞાનસ્વરૂપ છે. તે જ્ઞાની આ ઉત્કૃષ્ટ જ્ઞાનવાળા આત્મારૂપે આ લોકમાંથી ઉત્ક્રમણ કરી-ઊંચે જઈ પેલા સ્વર્ગલોકમાં સર્વ કામનાઓ પામીને અમર થયો, અમર થયો. જ્યાં નિત્ય જ્યોતિ છે, જે લોકમાં સર્વ તરફથી પૂજિત છે, તે અમર લોકમાં તું મને સ્વમાન દે. એ અવિનાશી લોકમાં ક્ષરધર્મ રહિત લોકમાં અને તે અક્ષય લોકમાં તે જાય છે. ॐ नमः ॥ १ ॥

મારી પોતાની માયા અત્યંત ગળી ગઈ છે; હું અતુલ દર્શન-સ્વરૂપ વસ્તુમાત્ર છું; મારી અહંતા અસ્ત પામી છે અને જગત, ઈશ્વર અને જીવ–એવા ભેદ મારામાંથી નાશ પામ્યા છે. ૧ હું પ્રત્યગાત્માથી અભિન્ન પરમાત્મા છું; મારા માટે બધા વિધિ–નિષેધો નાશ પામ્યા છે; મેં આશ્રમ-ધર્મો ફેંકી દીધા છે અને હું વિશાળ સુખથી પૂર્ણ તથા જ્ઞાનસ્વરૂપ છું. ૨ હું સાક્ષી છું; કોઈની દરકાર વિનાનો છું, પોતાના મહિમામાં રહ્યો છું, હું અચળ છું, હું અજર છું, હું અમર છું અને હું પક્ષ–વિપક્ષ–આદિ ભેદોથી રહિત છું. ૩ હું એક જ્ઞાનરૂપ રસવાળો છું, મોક્ષના આનંદનો એક સમુદ્ર જ છું; હું સૂક્ષ્મ છું, હું અક્ષર છું, મારા-માંથી ગુણોનું જાળું ગળી પડયું છે અને હું કેવળ આત્મા છું. ૪ હું ત્રણે ગુણોથી રહિત પરમ પદ છું, મારા ઉદરમાં અનેક લોકોની સંખ્યા છે; હું કૂટસ્થ ચેતન છું, ક્રિયારહિત ધામ છું અને અવિતર્ક્ય છું. ૫ હું એક છું, હું પરિપૂર્ણ છું, નિર્મળ અને નિર્વાણમૂર્તિ છું; હું અવયવો વિનાનો છું, હું અજન્મા છું અને કેવળ માત્ર સત્‌સ્વરૂપે સર્વના સારરૂપ છું. હું અવધિ વિનાના આત્મજ્ઞાનવાળો છું, અત્યંત શુભ ભાવવાળો છું, ભેદ પામવાને અતિશય અશક્ય છું; હું વ્યાપક છું, હું નિર્દોષ છું, અને હું અવધિ તથા સીમા વિનાના માત્ર તત્ત્વરૂપ છું. ૭ હું વેદાંતો વડે જાણવા યોગ્ય છું; આરાધના કરવા લાયક છું; સમગ્ર ભુવનોમાં સુંદર છું; હું પરમાનંદથી વ્યાપ્ત છું અને હું પરમાનંદરૂપ એક ભૂમાસ્વરૂપ છું. ૮ હું શુદ્ધ છું, અદ્વૈત છું; નિરંતર ભાવરૂપ છું; હું આદિ રહિત છું; ત્રણે ગુણોનો અંત મારામાં શમી ગયો છે; હું બદ્ધ, મુક્ત અને અદ્‌ભુત સ્વરૂપ છું. ૯ હું શુદ્ધ છું; હું અંતરાત્મ છું; હું સનાતન વિજ્ઞાનનો સંપૂર્ણ રસ–આત્મા છું. મેં પરમ તત્ત્વ

विवेकयुक्तिबुद्ध्याहं जानाम्यात्मानमद्वयम्। तथापि बन्धमोक्षादिव्यवहारः प्रतीयते॥११॥ निवृत्तोऽपि प्रपञ्चो मे सत्यवद्भाति सर्वदा। सर्पादौ रज्जुसत्तेव ब्रह्मसत्तैव केवलम्। प्रपञ्चाधाररूपेण वर्ततेऽतो जगन्नहि॥१२॥ यथेक्षुरससंव्याप्ता शर्करा वर्तते तथा। अद्वयब्रह्मरूपेण व्याप्तोऽहं वै जगत्त्रयम्॥१३॥ ब्रह्मादिकीटपर्यन्ताः प्राणिनो मयि कल्पिताः। बुद्बुदादिविकारान्तस्तरङ्गः सागरे यथा॥१४॥ तरङ्गस्थं द्रवं सिन्धुर्न वाञ्छति यथा तथा। विषयानन्दवाञ्छा मे माभूदानन्दरूपतः॥१५॥ दारिद्र्याशा यथा नास्ति संपन्नस्य तथा मम। ब्रह्मानन्दे निमग्नस्य विषयाशा न तद्भवेत्॥१६॥ विषं दृष्ट्वाऽमृतं दृष्ट्वा विषं त्यजति बुद्धिमान्। आत्मानमपि दृष्ट्वाहमनात्मानं त्यजाम्यहम्॥१७॥ घटावभासको भानुर्घटनाशे न नश्यति। देहावभासकः साक्षी देहनाशे न नश्यति॥१८॥ न मे बन्धो न मे मुक्तिर्न मे शास्त्रं न मे गुरुः। मायामात्रविकासत्वान्मायातीतोऽहमद्वयः॥१९॥ प्राणाश्चलन्तु तद्धर्मैः कामैर्वा हन्यतां मनः। आनन्दबुद्धिपूर्णस्य मम दुःखं कथं भवेत्॥२०॥ आत्मानमञ्जसा वेद्मि क्वाप्यज्ञानं पलायितम्। कर्तृत्वमद्य मे नष्टं कर्तव्यं वापि न क्वचित्॥२१॥ ब्राह्मण्यं कुलगोत्रे च नामसौन्दर्यजातयः। स्थूलदेहगता एते स्थूलाद्भिन्नस्य मे नहि॥२२॥ क्षुत्पिपासान्ध्यबाधिर्यकामक्रोधादयोऽखिलाः। लिङ्गदेहगता एते ह्यलिङ्गस्य न

શોધ્યું છે અને જ્ઞાન તથા આનંદની એક મૂર્તિ હું જ છું. ૧૦ હું વિવેકબુદ્ધિથી આત્માને અદ્વૈત જાણું છું; તોપણ બંધ-મોક્ષ આદિ વ્યવહાર જણાય છે. ૧૧ મારી દૃષ્ટિએ પ્રપંચ દૂર

થયો છે, તોપણ સર્વ કાળે તે સાચા જેવો ભાસે છે. ખરી રીતે સર્પ વગેરેમાં જેવી દોરીની હયાતી છે, તેવી જ પ્રપંચની હયાતી છે; કેવળ બ્રહ્મ–સત્તા જ પ્રપંચના આધારરૂપે વર્તે છે; જગત છે જ નહિ. ૧૨ જેમ સાકર શેલડીના રસથી જ વ્યાપ્ત છે, તેમ અદ્વૈત બ્રહ્મરૂપે ત્રણે જગતમાં હું વ્યાપ્ત છું. ૧૩ જેમ સમુદ્રમાં પરપોટા વગેરે વિકાર સુધીના તરંગો કલ્પિત છે, તેમ મારામાં બ્રહ્માથી માંડી કીડા સુધીનાં પ્રાણીઓ કલ્પિત છે. ૧૪ જેમ સમુદ્ર તરંગોમાં રહેલા જળને ઇચ્છતો નથી, તેમ કેવળ આનંદ–સ્વરૂપ હોવાથી મને વિષયોના આનંદની ઇચ્છા નથી. ૧૫ જેમ સંપત્તિવાળાને દારિદ્રયની આશા નથી, તેમ બ્રહ્માનંદમાં મગ્ન મને વિષયોની આશા નથી. ૧૬ બુદ્ધિમાન મનુષ્ય વિષ જોઈને તથા અમૃત જોઈને વિષનો જેમ ત્યાગ કરે છે, તેમ હું આત્માને જોઈને અનાત્માનો ત્યાગ કરું છું. ૧૭ જેમ ઘડાનો પ્રકાશક સૂર્ય, ઘડાનો નાશ થતાં નાશ પામતો નથી, તેમ દેહનો પ્રકાશક સાક્ષી, દેહનો નાશ થતાં નાશ પામતો નથી. ૧૮ મને બંધન નથી, મારો મોક્ષ નથી, મારા માટે શાસ્ત્ર નથી અને મારો ગુરુ નથી; કેમ કે એ તો બધા માત્ર માયાના વિકાસ છે અને હું માયાથી પર અદ્વૈત સ્વરૂપ છું. ૧૯ પ્રાણો ભલે ચાલ્યા જાય અને મન તેના ધર્મો તથા કામનાઓ સાથે ભલે નાશ પામો; પણ આનંદ તથા જ્ઞાનથી પૂર્ણ એવા મને દુઃખ કેવી રીતે થાય? ૨૦ હું આત્માને અનાયાસે જાણું છું; મારું અજ્ઞાન કોણ જાણે ક્યાં નાસી ગયું છે!! હવે મારું કર્તાપણું નાશ પામ્યું છે અને મારે કંઈ કરવાનું પણ નથી. ૨૧ બ્રાહ્મણપણું, કુળ, ગોત્ર, નામ, સુંદરતા અને જાતિ સ્થૂલ દેહમાં રહેલ છે; હું તો સ્થૂલ દેહથી જુદો છું, તેથી મને તેમાંનું કંઈ નથી. ૨૨ ભૂખ, તરસ, અંધાપો,

सन्ति हि ॥ २३ ॥ जडत्वप्रियमोदत्वधर्माः कारणदेहगाः । न सन्ति मम नित्यस्य निर्विकारस्वरूपिणः ॥ २४ ॥ उलूकस्य यथा भानुरन्धकारः प्रतीयते । स्वप्रकाशे परानन्दे तमो मूढस्य जायते ॥ २५ ॥ चक्षुर्दृष्टिनिरोधेऽभ्रैः सूर्यो नास्तीति मन्यते । तथाज्ञानावृतो देही ब्रह्म नास्तीति मन्यते ॥ २६ ॥ यथामृतं विषाद्भिन्नं विषदोषैर्न लिप्यते । न स्पृशामि जडाद्भिन्नो जडदोषाप्रकाशतः ॥ २७ ॥ स्वल्पापि दीपकणिका बहुलं नाशयेत्तमः । स्वल्पोऽपि बोधो निबिडं बहुलं नाशयेत्तमः ॥ २८ ॥ कालत्रये यथा सर्पो रज्जौ नास्ति तथा मयि । अहंकारादिदेहान्तं जगन्नास्त्यहमद्वयः । २९ ॥ चिद्रूपत्वान्न मे जाड्यं सत्यत्वान्नानृतं मम । आनन्दत्वान्न मे दुःखमज्ञानाद्भाति सत्यवत् ॥ ३० ॥ आत्मप्रबोधोपनिषन्मुहूर्तमुपासित्वा न स पुनरावर्तते न स पुनरावर्तत इत्युपनिषत् ॥

ॐ वाङ्मे मनसि प्रतिष्ठिता मनो मे वाचि प्रतिष्ठितमाविरावीर्म एधि वेदस्य म आणीस्थः श्रुतं मे माप्रहासीरनेनाधीतेनाहोरात्रान्संदधाम्यृतं वदिष्यामि । सत्यं वदिष्यामि । तन्मामवतु । तद्वक्तारमवतु । अवतु माम् । अवतु वक्तारमवतु वक्तारम् ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

इत्यात्मप्रबोधोपनिषत्समाप्ता ॥

અહંકાર, કામ, ક્રોધ વગેરે બધા ધર્મો લિંગ-દેહમાં રહેલા છે. હું તો લિંગ-દેહથી રહિત છું, મને તેમાંના એકે નથી. ૨૩ જડતા, પ્રિયતા અને આનંદપણું વગેરે કારણદેહના ધર્મો છે અને હું તો નિત્ય અને નિર્વિકાર સ્વરૂપવાળો છું; તેથી એ ધર્મો

મારા નથી. ૨૪ જેમ ઘુવડને સૂર્ય અંધારારૂપ જણાય છે, તેમ અજ્ઞાનીને સ્વયંપ્રકાશ–પરમાનંદમાં અજ્ઞાન જણાય છે. ૨૫ જેમ વાદળાંઓને લીધે ચારે બાજુથી દૃષ્ટિ અટકી પડે છે, ત્યારે સૂર્ય નથી, એમ લોક માને છે, તેમ અજ્ઞાનથી ઘેરાયેલો મનુષ્ય બ્રહ્મ નથી, એમ માને છે. ૨૬ જેમ અમૃત ઝેરથી જુદું છે, તેથી ઝેરના દોષો વડે લેપાતું નથી, તેમ હું જડથી જુદો છું; તેથી જડના દોષોના અપ્રકાશ વડે હું સ્પર્શ પામતો નથી. ૨૭ જેમ નાની પણ દીવાની જ્યોતિ પુષ્કળ અંધકારનો નાશ કરે છે, તેમ અતિ અલ્પ જ્ઞાન પણ ગાઢ અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરે છે. ૨૮ જેમ દોરીમાં ત્રણે કાળે સર્પ નથી, તેમ મારામાં અહંકારથી માંડી દેહ સુધીનું જગત ત્રણે કાળ નથી. હું તો કેવળ અદ્વૈત છું. ૨૯ હું ચૈતન્યરૂપ છું, તેથી મારી જડતા નથી; હું સત્ય સ્વરૂપ છું, તેથી મારામાં જૂઠ નથી; અને આનંદરૂપ છું, તેથી મને દુઃખ નથી. કેવળ અજ્ઞાનથી એ બધાં જણાય છે. ૩૦ આ આત્મપ્રબોધ–ઉપનિષદને બે ઘડી સેવીને પણ મનુષ્ય ફરી સંસારમાં આવતો નથી, ફરી સંસારમાં આવતો નથી, આવું આ રહસ્ય છે.

ૐ મારી વાણી મનમાં સ્થિર થાઓ; મન વાણીમાં સ્થિર થાઓ; હે સ્વયંપ્રકાશ આત્મા! મારી સમક્ષ તું પ્રગટ થા. હે વાણી અને મન! તમે બંને મારા વેદજ્ઞાનનો આધાર છો; માટે મારા વેદાભ્યાસનો નાશ ન કરો. આ વેદાભ્યાસમાં જ હું રાત્રિદિવસ ગાળું છું. હું ઋત બોલીશ, સત્ય બોલીશ, મારું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો, મારું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ આત્મપ્રબોધ–ઉપનિષદ્ સમાપ્ત

# शाण्डिल्योपनिषत्

शान्तिपाठः–ॐ भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः ॥ स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेम देवहितं यदायुः ॥ स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः ॥ स्वस्ति नः पूषा विश्ववेदाः ॥ स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः ॥ स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

शाण्डिल्यो ह वा अथर्वाणं पप्रच्छात्मलाभोपायभूतमष्टाङ्गयोगमनुब्रूहीति । स होवाचाथर्वा यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोऽष्टाङ्गानि । तत्र दश यमाः । तथा नियमाः । आसनान्यष्टौ । त्रयः प्राणायामाः । पञ्च प्रत्याहाराः । तथा धारणा । द्विप्रकारं ध्यानम् । समाधिस्त्वेकरूपः । तत्राहिंसासत्यास्तेयब्रह्मचर्यदयाजपक्षमाधृतिमिताहारशौचानि चेति यमा दश । तत्राहिंसा नाम मनोवाक्कायकर्मभिः सर्वभूतेषु सर्वदाऽक्लेशजननम् । सत्यं नाम मनोवाक्कायकर्मभिर्भूतहितयथार्थाभिभाषणम् । अस्तेयं नाम मनोवाक्कायकर्मभिः परद्रव्येषु निःस्पृहता । ब्रह्मचर्यं नाम सर्वावस्थासु मनोवाक्कायकर्मभिः सर्वत्र मैथुनत्यागः । दया नाम सर्वभूतेषु सर्वत्रानुग्रहः । आर्जवं नाम मनोवाक्कायकर्मणां विहिताविहितेषु जनेषु प्रवृत्तौ निवृत्तौ वा एकरूपत्वम् । क्षमा नाम प्रियाप्रियेषु सर्वेषु ताडनपूजनेषु सहनम् । धृतिर्नामार्थहानौ स्वेष्टबन्धुवियोगे तत्प्राप्तौ

# ૧૩–શાણ્ડિલ્ય ઉપનિષદ

ૐ, હે પૂજ્ય દેવો! અમે કાનો વડે કલ્યાણ સાંભળીએ, આંખો વડે કલ્યાણ જોઈએ, સુદૃઢ અંગો તથા દેહ વડે તમારી સ્તુતિ કરતા રહીએ અને દેવોએ અમારા માટે નક્કી કરેલું આયુષ અમે ભોગવીએ.

મોટી કીર્તિવાળા ઇંદ્ર અમારું કલ્યાણ કરો, સર્વને જાણનારા પુષાદેવ અમારું કલ્યાણ કરો, અટકાવી ન શકાય એવી ગતિવાળા ગરુડ અમારું કલ્યાણ કરો અને બૃહસ્પતિ અમારું કલ્યાણ કરો! ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ.

શાણ્ડિલ્યે અથર્વા મુનિને પૂછ્યું કે, 'આત્માની પ્રાપ્તિના ઉપાયરૂપ અષ્ટાંગ યોગ તમે મને કહો.' ત્યારે અથર્વા મુનિ બોલ્યા :

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ યોગનાં અંગો છે. તેમાં દશ યમ છે, નિયમો પણ દશ છે, આસનો આઠ છે, પ્રાણાયામો ત્રણ છે, પ્રત્યાહારો પાંચ છે, ધારણાઓ પણ પાંચ છે, ધ્યાન બે પ્રકારનું છે અને સમાધિ એક જાતની જ છે. તેમાં અહિંસા, સત્ય, પારકાની વસ્તુ તરફ નિઃસ્પૃહતા, બ્રહ્મચર્ય, દયા, સરળતા, ક્ષમા, ધીરજ, ઓછો ખોરાક અને પવિત્રતા–એ દશ યમો છે. તેમાં અહિંસા એટલે મન, વચન, કાયા અને કર્મ વડે સર્વ પ્રાણીઓને સદા દુઃખ ન ઉપજાવવું; સત્ય એટલે મન, વચન, કાયા અને કર્મ વડે પ્રાણીઓનું હિતકારક જેવું હોય તેવું બોલવું; અસ્તેય એટલે મન, વચન, કાયા અને કર્મ વડે પારકાં દ્રવ્ય ઉપર નિઃસ્પૃહ રહેવું; બ્રહ્મચર્ય એટલે સર્વ અવસ્થાઓમાં મન, વચન, કાયા અને કર્મ વડે બધે મૈથુનનો ત્યાગ; દયા એટલે સર્વ પ્રાણીઓ

सर्वत्र चेतःस्थापनम् । मिताहारो नाम चतुर्थांशावशेषकसुस्निग्धमधुराहारः । शौचं नाम द्विविधं बाह्यमान्तरं चेति । तत्र मृज्जलाभ्यां बाह्यम् । मनःशुद्धिरान्तरम् । तदध्यात्मविद्यया लभ्यम् ॥ १ ॥ तपःसन्तोषास्तिक्यदानेश्वरपूजनसिद्धान्तश्रवणह्रीमतिजपो व्रतानि दश नियमाः । तत्र तपो नाम विध्युक्तकृच्छ्रचान्द्रायणादिभिः शरीरशोषणम् । सन्तोषो नाम यदृच्छालाभसन्तुष्टिः । आस्तिक्यं नाम वेदोक्तधर्माधर्मेषु विश्वासः । दानं नाम न्यायार्जितस्य धनधान्यादेः श्रद्धयार्थिभ्यः प्रदानम् । ईश्वरपूजनं नाम प्रसन्नस्वभावेन यथाशक्ति विष्णुरुद्रादिपूजनम् । सिद्धान्तश्रवणं नाम वेदान्तार्थविचारः । ह्रीर्नाम वेदलौकिकमार्गकुत्सितकर्मणि लज्जा । मतिर्नाम वेदविहितकर्ममार्गेषु श्रद्धा । जपो नाम विधिवद्गुरूपदिष्टवेदाविरुद्धमन्त्राभ्यासः । तद्द्विविधं वाचिकं मानसं चेति । मानसं तु मनसा ध्यानयुक्तम् । वाचिकं द्विविधमुच्चैरुपांशुभेदेन । उच्चैरुच्चारणं यथोक्तफलम् । उपांशु सहस्रगुणम् । मानसं कोटिगुणम् । व्रतं नाम वेदोक्तविधिनिषेधानुष्ठाननैयत्यम् ॥ २ ॥ स्वस्तिकगोमुखपद्मवीरसिंहभद्रमुक्तमयूराख्यान्यासनान्यष्टौ । स्वस्तिकं नाम—जानूर्वोरन्तरे सम्यक्कृत्वा पादतले उभे ।

પર બધે કૃપા; આર્જવ એટલે મન, વચન, કાયા અને કર્મોની પોતાના તરફ લોકો શાસ્ત્રીય–અશાસ્ત્રીય આચરણમાં પ્રવૃત્તિ કરે કે નિવૃત્તિ કરે, તોપણ સમાન સ્થિતિ જાળવવી; ક્ષમા એટલે બધાં પ્રિય–અપ્રિય પૂજન કે તાડન થાય, તોપણ સહન કરવું; ધૃતિ એટલે ધનની હાનિ થાય, પોતાનાં ઇષ્ટ સંબંધીઓનો વિયોગ થાય કે સંયોગ થાય, ત્યારે સર્વત્ર ચિત્તને સ્થિર રાખવું; મિતાહાર એટલે પેટમાં ચોથો ભાગ બાકી રહે,

તેમ સારા ઘી–દૂધવાળા મધુર પદાર્થોનો આહાર કરવો; શૌચ એટલે બહાર અને અંદર બન્ને પ્રકારે શુદ્ધિ કરવી; તેમાં માટી અને જળ વડે બાહ્ય શુદ્ધિ થાય છે અને મનની શુદ્ધિ તે અંદરની શુદ્ધિ છે. આ શુદ્ધિ અધ્યાત્મ વિદ્યાથી પ્રાપ્ત થાય છે. ૧

તપ, સંતોષ, આસ્તિક્ય, દાન, ઈશ્વરપૂજન, સિદ્ધાંત-શ્રવણ હ્રી, મતિ, જપ અને વ્રત–આ દશ નિયમો છે. તેમાં તપ એટલે વિધિ પ્રમાણે કહેલાં કૃચ્છ્ર–ચાંદ્રાયણ આદિથી શરીરને સૂકવવું; સંતોષ એટલે દૈવેચ્છાએ જે કંઈ મળે તેથી સંતોષ રાખવો; આસ્તિક્ય એટલે વેદમાં કહેલા ધર્મ અને અધર્મ ઉપર વિશ્વાસ રાખવો; દાન એટલે ન્યાયથી મેળવેલાં ધનધાન્ય વગેરે શ્રદ્ધાપૂર્વક ગરીબોને આપવાં; ઈશ્વરપૂજન એટલે પ્રસન્ન સ્વભાવે શક્તિ પ્રમાણે વિષ્ણુ–રુદ્ર આદિનું પૂજન; સિદ્ધાંત-શ્રવણ એટલે વેદાંતના અર્થનો વિચાર કરવો; હ્રી એટલે વેદમાર્ગ અને લોકમાર્ગમાં નીચ ગણાતાં કામ કરતાં શરમ થાય; મતિ એટલે વેદોક્ત કર્મમાર્ગમાં શ્રદ્ધા; જપ એટલે વિધિ પ્રમાણે ગુરુએ ઉપદેશેલા વેદમાન્ય મંત્રોનો અભ્યાસ; તે બે પ્રકારે થાય છે–વાચિક અને માનસિક. તેમાં માનસિક મન વડે ધ્યાન યુક્ત હોય છે અને વાચિક બે પ્રકારે થાય છે–મોટા અવાજે અને ધીમા અવાજે. તેમાં મોટા અવાજે જપ કરવાથી જેટલું કહ્યું હોય તેટલું જ ફળ મળે છે, પણ ધીમા અવાજે જપ કરવાથી હજારગણું ફળ મળે છે; અને માનસિક જપનું ફળ તો કરોડગણું મળે છે; અને વ્રત એટલે વેદોક્ત વિધિ–નિષેધનું નિયમિત આચરણ કરવું તે. ૨

સ્વસ્તિક, ગોમુખ, પદ્મ, વીર, સિંહ, ભદ્ર, મુક્ત અને મયૂર નામનાં આઠ આસનો છે. તેમાં પગનાં બન્ને તળિયાંને બન્ને ઢીંચણ

ऋजुकायः समासीनः स्वस्तिकं तत्प्रचक्षते ॥ १ ॥ सव्ये दक्षिणगुल्फं तु पृष्ठपार्श्वे नियोजयेत्। दक्षिणेऽपि तथा सव्यं गोमुखं गोमुखं यथा ॥ २ ॥ अङ्गुष्ठेन निबध्नीयाद्धस्ताभ्यां व्युत्क्रमेण च। ऊर्वोरुपरि शाण्डिल्य कृत्वा पादतले उभे। पद्मासनं भवेदेतत्सर्वेषामपि पूजितम् ॥ ३ ॥ एकं पादमथैकस्मिन्विन्यस्योरुणि संस्थितः। इतरस्मिंस्तथा चोरुं वीरासनमुदीरितम् ॥ ४ ॥ दक्षिणं सव्यगुल्फेन दक्षिणेन तथेतरम्। हस्तौ च जान्वोः संस्थाप्य स्वाङ्गुलीश्च प्रसार्य च ॥ ५ ॥ व्यक्तवक्त्रो निरीक्षेत नासाग्रं सुसमाहितः। सिंहासनं भवेदेतत्पूजितं योगिभिः सदा ॥ ६ ॥ योनिं वामेन संपीड्य मेढ्रादुपरि दक्षिणम्। भ्रूमध्ये च मनोलक्ष्यं सिद्धासनमिदं भवेत् ॥ ७ ॥ गुल्फौ तु वृषणस्याधः सीवन्याः पार्श्वयोः क्षिपेत्। पादपार्श्वे तु पाणिभ्यां दृढं बद्ध्वा सुनिश्चलम्। भद्रासनं भवेदेतत्सर्वव्याधिविषापहम् ॥ ८ ॥ संपीड्य सीवनीं सूक्ष्मां गुल्फेनैव तु सव्यतः। सव्यं दक्षिणगुल्फेन मुक्तासनमुदीरितम् ॥ ९ ॥ अवष्टभ्य धरां सम्यक्तलाभ्यां तु करद्वयोः। हस्तयोः कूर्परौ चापि स्थापयेन्नाभिपार्श्वयोः ॥ १० ॥ समुन्नतशिरःपादो दण्डवद्व्योम्नि संस्थितः। मयूरासनमेतत्तु सर्वपापप्रणाशनम् ॥ ११ ॥ शरीरान्तर्गताः सर्वे रोगा विनश्यन्ति। विषाणि जीर्यन्ते। येन केनासनेन सुखधारणं भवत्यशक्तस्तत्समाचरेत्। येनासनं विजितं जगत्त्रयं तेन विजितं भवति। यमनियमाभ्यां संयुक्तः पुरुषः

તથા સાથળોની વચ્ચે બરાબર રાખી સીધા–ટટ્ટાર શરીરે બેસવું, તેને સ્વસ્તિકાસન કહે છે. ૧ પીઠના જમણે પડખે જમણી ઘૂંટી અને ડાબે પડખે ડાબી ઘૂંટી જોડી દેવી, તે ગાયના મુખ જેવું

ગોમુખાસન છે. ૨ હે શાણ્ડિલ્ય! બન્ને હાથ વડે ઊલટી રીતે પગનો અંગૂઠો પકડી રાખવો, તે સર્વને માન્ય પદ્માસન છે. ૩ એક સાથળ ઉપર એક પગ મૂકીને બીજા પગ ઉપર બીજી સાથળ રાખી બેસવું, તેને વીરાસન કહ્યું છે. ૪ જમણી ઘૂંટી સાથે ડાબી ઘૂંટીને અને ડાબી ઘૂંટી સાથે જમણી ઘૂંટીને લગાડી બેય હાથને બન્ને ઢીંચણુ ઉપર રાખવા અને પોતાની આંગળીઓ પસારી રાખવી; પછી સારી રીતે એકાગ્ર થઈ પ્રસન્ન મુખે નાકના અગ્રભાગ તરફ દૃષ્ટિ રાખવી, તેને સિંહાસન કહે છે. યોગીઓ આને સદા વખાણે છે. ૫,૬ ગુદાને ડાબે પગે દબાવી જમણો પગ લિંગની ઉપર લગાડવો; અને પછી બે ભમરની વચ્ચે લક્ષ્ય કરવું, તે સિદ્ધાસન થાય છે. ૭ વૃષણની નીચે સીવની(લિંગમણિની નીચેના સૂત્ર)ની બન્ને બાજુએ પગની બન્ને ઘૂંટીઓ મૂકવી અને બન્ને હાથ વડે પગનાં બન્ને પડખાં મજબૂત બાંધી અત્યંત નિશ્ચળ બેસવું, તે ભદ્રાસન થાય છે. આ સર્વ રોગો તથા ઝેરનો નાશ કરનારું છે. ૮ સૂક્ષ્મ સીવનીને ડાબી બાજુથી ઘૂંટી વડે જ દબાવીને જમણી ઘૂંટી વડે દાબીને અડાડવી, તેને મુક્તાસન કહ્યું છે. ૯ હાથની બન્ને હથેળીઓથી બરાબર જમીન ટેકવીને બન્ને [illegible]થની કોણીઓને નાભિના બન્ને પડખે સ્થાપવી; અને પછી માથું ને પગ ઊંચે લઈ જઈ લાકડીની પેઠે આકાશમાં અદ્ધર રહ્યો હોય, તે મયૂરાસન–સર્વ પાપોનો નાશ કરનારું છે. ૧૦,૧૧ આ આસનોથી શરીરની અંદર રહેલા બધા રોગો નાશ પામે છે અને ઝેર પચી જાય છે. અશક્ત હોય તેણે હરકોઈ આસને સુખપૂર્વક ધારણા થાય તેનો અભ્યાસ કરવો. જેણે આસન જીત્યું છે, તેણે ત્રણે જગત જીત્યાં છે. યમ તથા નિયમોથી સારી રીતે યુક્ત થયા પછી પુરુષે પ્રાણાયામનો અભ્યાસ કરવો; તેથી નાડીઓ શુદ્ધ થાય છે. ૩

प्राणायामं चरेत् । तेन नाड्यः शुद्धा भवन्ति ॥ ३ ॥ अथ हैनमथर्वाणं शाण्डिल्यः पप्रच्छ केनोपायेन नाड्यः शुद्धाः स्युः । नाड्यः कतिसंख्याकाः । तासामुत्पत्तिः कीदृशी । तासु कति वायवस्तिष्ठन्ति । तेषां कानि स्थानानि । तत्कर्माणि कानि । देहे यानि यानि विज्ञातव्यानि तत्सर्वं मे ब्रूहीति । स होवाचाथर्वा । अथेदं शरीरं षण्णवत्यङ्गुलात्मकं भवति । शरीरात्प्राणो द्वादशाङ्गुलाधिको भवति । शरीरस्थं प्राणमग्निना सह योगाभ्यासेन समं न्यूनं वा यः करोति स योगिपुङ्गवो भवति । देहमध्ये शिखिस्थानं त्रिकोणं तप्तजाम्बूनदप्रभं मनुष्याणाम् । चतुष्पदां चतुरस्रम् । विहङ्गानां वृत्ताकारम् ॥ तन्मध्ये शुभा तन्वी पावकी शिखा तिष्ठति । गुदाद्द्व्यङ्गुलादूर्ध्वं मेढ्राद्द्व्यङ्गुलादधो देहमध्यं मनुष्याणां भवति । चतुष्पदां हृन्मध्यम् । विहगानां तुन्दमध्यम् । देहमध्यं नवाङ्गुलं चतुरङ्गुलमुत्सेधायतमण्डाकृति । तन्मध्ये नाभिः । तत्र द्वादशारयुतं चक्रम् । तच्चक्रमध्ये पुण्यपापप्रचोदितो जीवो भ्रमति । तन्तुपञ्जरमध्यस्थलूतिका यथा भ्रमति तथा चासौ तत्र प्राणश्चरति । देहेऽस्मिञ्जीवः प्राणारूढो भवेत् । नाभेस्तिर्यगध ऊर्ध्वं कुण्डलिनीस्थानम् । अष्टप्रकृतिरूपाष्टधा कुण्डलीकृता कुण्डलिनी शक्तिर्भवति । यथावद्वायुसंचारं जलान्नादीनि परितः स्कन्धपार्श्वेषु निरुध्यैनं मुखेनैव समावेष्ट्य ब्रह्मरन्ध्रं योगकाले चापानेनाग्निना च स्फुरति । हृदयाकाशे[1] महोज्ज्वला ज्ञानरूपा[2] भवति । मध्यस्थकुण्डलिनीमाश्रित्य मुख्या

१ हृदयाकाशं २ ज्ञानरूपं

પછી શાણ્ડિલ્યે અથર્વાને પૂછ્યું કે, ‘ કયા ઉપાયથી નાડીઓ શુદ્ધ થાય છે? નાડીઓની સંખ્યા કેટલી છે? તેઓની ઉત્પત્તિ કેવી રીતે થઈ છે? તેઓમાં વાયુઓ કેટલા રહે છે? તેઓનાં સ્થાન ક્યાં છે? તેઓનાં કામ ક્યાં છે? શરીરમાં જે જે જાણવા જેવું છે, તે બધું મને કહો.’ ત્યારે અથર્વા બોલ્યા: ‘ આ શરીર છન્નું આંગળ પ્રમાણનું છે. શરીર કરતાં પ્રાણવાયુ બાર આંગળ અધિક છે. શરીરમાં રહેલા પ્રાણને યોગાભ્યાસ વડે અગ્નિની સમાન જે કરે અથવા તેથી ઓછો કરે, તે ઉત્તમ યોગી થાય છે. મનુષ્યોના શરીરમાં અગ્નિનું સ્થાન ત્રણ ખૂણાવાળું અને તપેલા સોના જેવી કાંતિવાળું છે. ચોપગાંઓનું ચોખંડું છે અને પક્ષીઓનું ગોળાકાર છે. એ અગ્નિ-સ્થાનમાં પાતળી અને ઉત્તમ અગ્નિની શિખા રહે છે. ગુદાથી બે આંગળ ઊંચે અને લિંગથી બે આંગળ નીચે મનુષ્યોના શરીરનો મધ્ય ભાગ છે. ચોપગાંઓનાં હૃદયનું મધ્ય અને પક્ષીઓના પેટનું મધ્ય તે શરીરનો મધ્ય ભાગ છે. શરીરનો એ મધ્ય ભાગ નવ આંગળ ઊંચો ને ચાર આંગળ વિસ્તારવાળો છે. તેની આકૃતિ ઈંડા જેવી છે. તેની વચ્ચે નાભિ છે. તેમાં બાર આરાવાળું ચક્ર છે. તે ચક્રની વચ્ચે પુણ્ય-પાપથી પ્રેરાયેલો જીવ ભમે છે; તે જ પ્રમાણે આ પ્રાણ પણ ત્યાં જ ફરે છે. આ દેહમાં જીવ પ્રાણ ઉપર આરૂઢ થયેલ છે. નાભિની બાજુ નીચે-ઉપર કુંડલિનીનું સ્થાન છે. એ કુંડલિની-શક્તિ આઠ પ્રકૃતિરૂપ અને આઠ પ્રકારે કુંડાળાં જેવી કરાયેલી છે. યોગના સમયે વાયુના સંચારને બરાબર કરી જળ તથા અન્ન વગેરેને ચારે બાજુ બાંધનાં પડખાંઓમાં રોકયા પછી એને મુખથી જ વીંટી લઈ બ્રહ્મરંધ્ર, અપાન તથા અગ્નિ વડે પ્રકાશે છે. હૃદયાકાશ, મહાઉજ્જવળ

नाड्यश्चतुर्दश भवन्ति। इडा पिङ्गला सुषुम्ना सरस्वती वारुणी पूषा हस्तिजिह्वा यशस्विनी विश्वोदरी कुहूः शङ्खिनी पयस्विनी अलम्बुसा गान्धारीति नाड्यश्चतुर्दश भवन्ति। तत्र सुषुम्ना विश्वधारिणी मोक्षमार्गेति चाचक्षते। गुदस्य पृष्ठभागे वीणादण्डाश्रिता मूर्धपर्यन्तं ब्रह्मरन्ध्रे विज्ञेया व्यक्ता सूक्ष्मा वैष्णवी भवति। सुषुम्नायाः सव्यभागे इडा तिष्ठति। दक्षिणभागे पिङ्गला इडायां चन्द्रश्चरति। पिङ्गलायां रविः। तमोरूपश्चन्द्रः। रजोरूपो रविः। विषभागो रविः। अमृतभागश्चन्द्रमाः। तावेव सर्वकालं धत्तः। सुषुम्ना कालभोक्त्री भवति। सुषुम्नापृष्ठपार्श्वयोः सरस्वतीकुहू भवतः। यशस्विनीकुहूमध्ये वारुणी प्रतिष्ठिता भवति। पूषासरस्वतीमध्ये पयस्विनी भवति। गान्धारीसरस्वतीमध्ये यशस्विनी भवति। कन्दमध्येऽलम्बुसा भवति। सुषुम्नापूर्वभागे मेढ्रान्तं कुहुर्भवति। कुण्डलिन्या अधश्चोर्ध्वं वारुणी सर्वगामिनी भवति। यशस्विनी सौम्या च पादाङ्गुष्ठान्तमिष्यते। पिङ्गला चोर्ध्वगा याम्यनासान्तं भवति। पिङ्गलायाः पृष्ठतो याम्यनेत्रान्तं पूषा भवति। याम्यकर्णान्तं यशस्विनी भवति। जिह्वाया ऊर्ध्वान्तं सरस्वती भवति। आसव्यकर्णान्तमूर्ध्वगा शङ्खिनी भवति। इडापृष्ठभागात्सव्यनेत्रान्तगा गान्धारी भवति। पायुमूलादधोर्ध्वगालम्बुसा भवति। एतासु चतुर्दशसु नाडीष्वन्या नाड्यः संभवन्ति। तास्वन्यास्तास्वन्या भवन्तीति विज्ञेयाः॥ यथाश्वत्थादिपत्रं शिराभिर्व्याप्तमेवं शरीरं नाडीभिर्व्याप्तम्।

અને જ્ઞાનરૂપ છે. મધ્યમાં રહેલી કુંડલિનીનો આશ્રય કરી ચૌદ મુખ્ય નાડીઓ રહેલી છે. ઇડા, પિંગલા, સુષુમ્ણા,

સરસ્વતી, વારુણી, પૂષા, હસ્તિજિહ્વા, યશસ્વિની, વિશ્વોદરી, કુહૂ, શંખિની, પયસ્વિની, અલંબુસા અને ગાંધારી–આ ચૌદ નાડીઓનાં નામ છે. તેમાં સુષુમ્ણા વિશ્વનું ધારણ કરનારી અને મોક્ષના માર્ગરૂપ છે, એમ યોગીઓ કહે છે. ગુદાની પાછળના ભાગમાં વીણાના દંડની પેઠે તે રહેલી હોઈ મસ્તક સુધી છેક બ્રહ્મરંધ્રમાં પહોંચેલી તેને જાણવી. તે સ્પષ્ટ, સૂક્ષ્મ અને વિષ્ણુ-દેવની છે. એ સુષુમ્ણાની ડાબી બાજુએ ઈડા નાડી છે અને જમણી બાજુએ પિંગલા છે ઇડામાં ચંદ્ર ચાલે છે અને પિંગલા-માં સૂર્ય ફરે છે. ચંદ્ર તમોગુણી રૂપવાળો છે અને સૂર્ય રજો-ગુણસ્વરૂપ છે. ચંદ્રમા અમૃતનો ભાગ છે અને સૂર્ય ઝેરનો વિભાગ છે, એ બન્ને જ બધા કાળને ધારણ કરે છે. સુષુમ્ણા કાળને ભોગવનારી છે. સુષુમ્ણાની પીઠમાં સરસ્વતી નાડી છે, અને બાજુના ભાગમાં કુહૂ નાડી છે. યશસ્વિની અને કુહૂની વચ્ચે વારુણી નાડી રહેલી છે. પૂષા અને સરસ્વતીની વચ્ચે પયસ્વિની નાડી છે. ગાંધારી અને સરસ્વતીની વચ્ચે યશસ્વિની છે. કંદની મધ્યે અલં-બુસા છે, સુષુમ્ણાના પૂર્વ ભાગમાં લિંગ સુધી કુહૂ નાડી છે. કુંડલિનીની નીચે અને ઉપર વારુણી નાડી બધી તરફ જઈ રહી છે. યશસ્વિની અને સૌમ્યા પગના અંગૂઠા સુધી ગયેલી છે. પિંગલા ઊંચે જનારી હોઈ ડાબા નાક સુધી પહોંચી છે. પિંગલાની પાછળ ડાબી આંખ સુધી પૂષા નાડી છે. ડાબા કાન સુધી યશ-સ્વિની છે. જીભના ઉપરના ભાગ સુધી સરસ્વતી છે. ડાબા કાન સુધી ઊંચે ગયેલી શંખિની છે. ઈડાની પીઠના ભાગથી ડાબા નેત્ર સુધી ગયેલી ગાંધારી છે. ગુદાના મૂળથી નીચે–ઊંચે ગયેલી અલંબુસા છે. આ ચૌદ નાડીઓમાં બીજી નાડીઓ પણ છે. તેઓમાં બીજી અને તેઓમાં પણ બીજી એમ ઘણી નાડીઓ

प्राणापानसमानोदानव्याना नागकूर्मकृकरदेवदत्तधनञ्जया एते दश वायवः सर्वासु नाडीषु चरन्ति। आस्यनासिकाकण्ठनाभिपादाङ्गुष्ठद्वयकुण्डल्यधश्चोर्ध्वभागेषु प्राणः संचरति। श्रोत्राक्षिकटिगुल्फघ्राणगलस्फिग्देशेषु व्यानः संचरति। गुदमेढ्रोरुजानूदरवृषणकटिजङ्घानाभिगुदाग्न्यगारेष्वपानः संचरति। सर्वसंधिस्थ उदानः। पादहस्तयोरपि सर्वगात्रेषु सर्वव्यापी समानः। भुक्तान्नरसादिकं गात्रेऽग्निना सह व्यापयन्द्विसप्ततिसहस्रेषु नाडीमार्गेषु चरन्समानवायुरग्निना सह साङ्गोपाङ्गकलेवरे व्याप्नोति। नागादिवायवः पञ्चत्वगस्थ्यादिसम्भवाः। तुन्दस्थं जलमन्नं च रसादिषु समीरितं तुन्दमध्यगतः प्राणस्तानि पृथक्कुर्यात्। अग्नेरुपरि जलं स्थाप्य जलोपर्यन्नादीनि संस्थाप्य स्वयमपानं संप्राप्य तेनैव सह मारुतः प्रयाति देहमध्यगतं ज्वलनम्। वायुना पालितो वह्निरपानेन शनैर्देहमध्ये ज्वलति। ज्वलनो ज्वालाभिः प्राणेन कोष्ठमध्यगतं जलमत्युष्णमकरोत्। जलोपरि समर्पितव्यञ्जनसंयुक्तमन्नं वह्निसंयुक्तवारिणा पक्वमकरोत्। तेन स्वेदमूत्रजलरक्तवीर्यरूपरसपुरीषादिकं प्राणः पृथक्कुर्यात्। समानवायुना सह सर्वासु नाडीषु रसं व्यापयञ्छ्वासरूपेण देहे वायुश्चरति नवभिर्व्योमरन्ध्रैः शरीरस्य वायवः कुर्वन्ति विण्मूत्रादिविसर्जनम्। निश्वासोच्छ्वासकासश्च प्राणकर्मोच्यते। विण्मूत्रादिविसर्जनमपानवायुकर्म। हानोपादानचेष्टादि व्यानकर्म। देहस्योन्नयनादिकमुदान-

છે. જેમ પીપળા વગેરેનું પાન રેસાઓથી વ્યાપ્ત હોય છે, તેમ શરીર નાડીઓથી વ્યાપ્ત છે. પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન, નાગ, કૂર્મ, કૃકર, દેવદત્ત અને ધનંજય–આ દશ વાયુઓ બધી નાડીઓમાં

ફરે છે. મોઢું, નાક, ગળું, નાભિ, પગના બે અંગૂઠા અને કુંડલિનીના નીચે-ઉપરના ભાગોમાં પ્રાણ ફરે છે. કાન, આંખ, કેડ, ઘૂંટી, નાક, ગળું અને ફૂલાના પ્રદેશોમાં વ્યાન ફરે છે. લિંગ, સાથળ, ઢીંચણ, પેટ, વૃષણ, કેડ, જાંઘ, નાભિ, ગુદા અને અગ્નિ-સ્થાનમાં અપાન ફરે છે; સર્વ સાંધાઓમાં ઉદાન રહે છે; પગ, હાથ અને બીજા સર્વ અવયવોમાં સમાન બધે વ્યાપીને રહે છે; ખાધેલા અન્નના રસ વગેરેને શરીરના અગ્નિ સાથે વ્યાપ્ત કરતો સમાન વાયુ બોંતેર હજાર નાડીઓના માર્ગોમાં ફર્યા કરે છે અને અગ્નિ સાથે સાંગોપાંગ શરીરમાં વ્યાપ્ત રહે છે. નાગ વગેરે પાંચ વાયુઓ ચામડી-હાડકાં વગેરેમાં રહે છે. પેટમાં રહેલાં પાણી અને અન્નને રસ વગેરેના રૂપમાં લઈ જઈ પેટની વચ્ચે રહેલો પ્રાણ-વાયુ તે બધાંને અલગ અલગ કરે છે. અગ્નિની ઉપર પાણી રાખીને એ પાણી ઉપર અન્ન વગેરે રાખી પોતે અપાન પાસે પહોંચી એ જ અપાન સાથે વાયુ દેહની મધ્યે રહેલા અગ્નિ તરફ જાય છે. અપાન વાયુએ ફૂંકેલો અગ્નિ ધીમેધીમે દેહની મધ્યે પ્રજ્વલિત રહે છે. એ અગ્નિ પોતાની જ્વાળાઓ તથા પ્રાણવાયુ વડે કોઠાની વચ્ચે રહેલા પાણીને ઘણું જ ગરમ કરે છે; અને તે પાણી ઉપર રાખેલાં શાક-દાળ વગેરે સહિત અન્નને પ્રાણવાયુ, અગ્નિયુક્ત પાણી વડે પકવ બનાવે છે ( પચાવે છે ); અને તે દ્વારા પરસેવો, મૂત્ર, લોહી, વીર્યરૂપ રસ અને વિષ્ઠા વગેરેને અલગ અલગ કરે છે. વળી સમાન વાયુ સાથે બધી નાડીઓમાં રસને ફેલાવતો પ્રાણવાયુ, શ્વાસના રૂપે શરીરમાં ફર્યા કરે છે. શરીરનાં પોલાણ-વાળાં નવ છિદ્રો દ્વારા વાયુઓ, વિષ્ઠા-મૂત્ર વગેરેને બહાર કાઢે છે. શ્વાસોચ્છ્વાસ અને ખાંસી-એ પ્રાણનું કર્મ કહેવાય છે; વિષ્ઠા-મૂત્ર વગેરેને બહાર કાઢવાં તે અપાન વાયુનું કામ છે; તજવા-

कर्म । शरीरपोषणादिकं समानकर्म । उद्गारादि नागकर्म । निमीलनादि कूर्मकर्म । क्षुत्करणं कृकरकर्म । तन्द्रा देवदत्तकर्म । श्लेष्मादि धनञ्जयकर्म । एवं नाडीस्थानं वायुस्थानं तत्कर्म च सम्यग् ज्ञात्वा नाडीसंशोधनं कुर्यात् ॥ ४ ॥ यमनियमयुतः पुरुषः सर्वसङ्गविवर्जितः कृतविद्यः सत्यधर्मरतो जितक्रोधो गुरुशुश्रूषानिरतः पितृमातृविधेयः स्वाश्रमोक्तसदाचारविद्वच्छिक्षितः फलमूलोदकान्वितं तपोवनं प्राप्य रम्यदेशे ब्रह्मघोषसमन्विते स्वधर्मनिरतब्रह्मवित्समावृते फलमूलपुष्पवारिभिः सुसंपूर्णे देवायतने नदीतीरे ग्रामे नगरे वापि सुशोभनमठं नात्युच्चनीचायतमल्पद्वारं गोमयादिलिप्तं सर्वरक्षासमन्वितं कृत्वा तत्र वेदान्तश्रवणं कुर्वन्योगं समारभेत् । आदौ विनायकं संपूज्य स्वेष्टदेवतां नत्वा पूर्वोक्तासने स्थित्वा प्राङ्मुख उदङ्मुखो वापि मृद्वासनेषु जितासनगतो विद्वान्समग्रीवशिरोनासाग्रदृग्भ्रूमध्ये शशभृद्बिम्बं पश्यन्नेत्राभ्याममृतं पिबेत् द्वादशमात्रया इडया वायुमापूर्योदरे स्थितं ज्वालावलीयुतं रेफबिन्दुयुक्तमग्निमण्डलयुतं ध्यायेद्रेचयेत्पिङ्गलया । पुनः पिङ्गलयापूर्य कुम्भित्वा रेचयेदिडया । त्रिचतुस्त्रिचतुःसप्तत्रिचतुर्मासपर्यन्तं त्रिसंधिषु तदन्तरालेषु च षट्कृत्व आचरेन्नाडीशुद्धिर्भवति । ततः शरीरे लघुदीप्तिवह्निवृद्धि-

લેવાની ચેષ્ટા વગેરે વ્યાનનું કામ છે; શરીરને ઊંચે લઈ જવું વગેરે ઉદાનનું કામ છે; શરીરને પોષણ આપવું વગેરે સમાનનું કામ છે; ઓડકાર વગેરે નાગનું કામ છે; આંખના પલકારા વગેરે કૂર્મનું કામ છે; ભૂખ લગાડવી તે કૃકરનું કામ છે; આળસ એ દેવદત્તનું કામ છે અને કફ વગેરે કરવો તે ધનંજયનું કામ છે. એમ નાડીસ્થાન, વાયુસ્થાન તથા તેમનાં કર્મ સારી રીતે જાણ્યા પછી નાડીઓની શુદ્ધિ કરવી. ૪

વિદ્યાભ્યાસ જેણે કર્યો હોય તેવા પુરુષે યમ-નિયમથી યુક્ત થઈ સર્વ સંગનો ત્યાગ કરી સત્ય ધર્મમાં તત્પર થવું, ક્રોધને જીતવો, ગુરુ-સેવામાં તત્પર થવું, માતા-પિતાને વશ રહેવું અને પછી પોતાના આશ્રમમાં કહેલા સદાચારને જાણનારા પાસેથી શિક્ષણ મેળવી ફળ, મૂળ અને પાણીવાળા તપોવનમાં જવું. ત્યાં રમ્ય પ્રદેશમાં બ્રહ્મઘોષથી યુક્ત, સ્વધર્મપરાયણ બ્રહ્મવેત્તાઓથી વ્યાપ્ત અને ફળ, મૂળ, પુષ્પ તથા પાણીથી સારી રીતે પૂર્ણ કોઈ દેવસ્થાનમાં કે નદીના કિનારા પર ગામ અથવા શહેરમાં સારો સુંદર મઠ બનાવવો. તે ઘણો ઊંચો કે નીચો, બહુ લાંબો કે પહોળો પણ ન જોઈએ; થોડાં દ્વારવાળો, છાણ વગેરેથી લીપેલો અને સંપૂર્ણ સુરક્ષિત હોવો જોઈએ. તેમાં વેદાંતનું શ્રવણ કરતા પુરુષે યોગાભ્યાસ શરૂ કરવો. પ્રથમ ગણપતિની પૂજા કરી પોતાના ઇષ્ટદેવને નમસ્કાર કરી પૂર્વે જણાવેલા આસને બેસવું. તે વેળા પૂર્વ કે ઉત્તર તરફ મુખ રાખવું અને કોમળ આસન પર બેસી આસનનો જ જય કરવો. પછી વિદ્વાન મનુષ્યે ડોક અને માથું સીધાં રાખી નાકના ટેરવે દૃષ્ટિ સ્થાપીને ભમ્મરની વચ્ચે ચંદ્રમંડળ જોવું અને બન્ને નેત્રો વડે અમૃતનું પાન કરવું. પછી બાર માત્રાઓથી ઈડા નાડી દ્વારા વાયુ પૂરીને તેને પેટની અંદર રહેલા, જ્વાળાઓથી યુક્ત, રેફ અને બિંદુ સહિત એવા અગ્નિમંડળ સાથે જોડાયેલાનું ધ્યાન કરવું; અને પછી પિંગલા નાડી દ્વારા એ વાયુને બહાર કાઢવો. ફરી પિંગલાથી પૂરી કુંભક કરી ઈડાથી બહાર કાઢવો. એમ સાત, ત્રણ કે ચાર મહિના સુધી ત્રણ-ચાર ત્રણ-ચારવાર ત્રણે સંધ્યાસમયે અને તેની વચ્ચે છવાર અભ્યાસ કરવો; જેથી નાડીશુદ્ધિ થાય છે. પછી શરીરમાં હલકાઈ, કાંતિ, અગ્નિની વૃદ્ધિ અને નાદશ્રવણ થાય છે. ૫

नादाभिव्यक्तिर्भवति ॥५॥ प्राणापानसमायोगः प्राणायामो भवति। रेचकपूरककुम्भकभेदेन स त्रिविधः। ते वर्णात्मकाः। तस्मात्प्रणव एव प्राणायामः। पद्माद्यासनस्थः पुमान्नासाग्रे शशभृद्बिम्बज्योत्स्नाजालवितानिताकारमूर्ती रक्ताङ्गी हंसवाहिनी दण्डहस्ता बाला गायत्री भवति। उकारमूर्तिः श्वेताङ्गी तार्क्ष्यवाहिनी युवती चक्रहस्ता सावित्री भवति। मकारमूर्तिः कृष्णाङ्गी वृषभवाहिनी वृद्धा त्रिशूलधारिणी सरस्वती भवति। अकारादित्रयाणां सर्वकारणमेकाक्षरं परंज्योतिः प्रणवं भवतीति ध्यायेत्। इडया बाह्याद्वायुमापूर्य षोडशमात्राभिरकारं चिन्तयन्पूरितं वायुं चतुःषष्टिमात्राभिः कुम्भयित्वोकारं ध्यायन्पूरितं पिङ्गलया द्वात्रिंशन्मात्रया मकारमूर्तिध्यानेनैवं क्रमेण पुनः पुनः कुर्यात् ॥ ६ ॥ अथासनदृढो योगी वशी मितहिताशनः सुषुम्नानाडीस्थमलशोषार्थं योगी बद्धपद्मासनो वायुं चन्द्रेणापूर्य यथाशक्ति कुम्भयित्वा सूर्येण रेचयित्वा पुनः सूर्येणापूर्य कुम्भयित्वा चन्द्रेण विरेच्य यया त्यजेत्तया संपूर्य धारयेत्। तदेते श्लोका भवन्ति। प्राणं प्रागिडया पिबेन्नियमितं भूयोऽन्यया रेचयेत्पीत्वा पिङ्गलया समीरणमथो बध्वा त्यजेद्वामया। सूर्याचन्द्रमसोरनेन विधिनाऽभ्यासं सदा तन्वतां शुद्धा नाडिगणा भवन्ति यमिनां मासत्रयादूर्ध्वतः ॥१॥ प्रातर्मध्यन्दिने सायमर्धरात्रे तु कुम्भकान्। शनैरशीतिपर्यन्तं चतु-

પ્રાણ તથા અપાનને એકઠા કરી દેવા, તે પ્રાણાયામ છે. રેચક, પૂરક અને કુંભક–એવા ભેદથી તે ત્રણ પ્રકારનો છે. તે વર્ણરૂપ છે; માટે પ્રણવ એ જ પ્રાણાયામ છે. પદ્માસન વગેરે

કોઈ પણ આસને બેસી પુરુષે, 'નાકને ટેરવે ચંદ્રમંડળની જ્યોત્સ્નાથી વીંટાયેલી, લાલ અંગવાળી, હંસ પર બેઠેલી, હાથમાં દંડ ધારણ કરતી અને બાલાસ્વરૂપ અકારમૂર્તિવાળી ગાયત્રી છે; ઉકારમૂર્તિ સાવિત્રી, ધોળા અંગવાળી, ગરુડ પર બેઠેલી, યુવાન, હાથમાં ચક્ર ધારણ કરતી રહે છે અને મકારમૂર્તિ સરસ્વતી કાળા અંગવાળી, પોઠિયા પર બેઠેલી, વૃદ્ધ અને હાથમાં ત્રિશૂળ ધારણ કરતી રહી છે; એમ અકાર વગેરે ત્રણેનો ૐ છે અને તે સર્વનું કારણ એકાક્ષર પરમ જ્યોતિ છે,' એમ ધ્યાન કરવું. પછી ઈડા નાડી દ્વારા બહારનો વાયુ સોળ માત્રાઓથી પૂરવો અને તે વેળા અકારનું ચિંતન કરવું; પછી એ પૂરેલા વાયુનો ચોસઠ માત્રાઓથી કુંભક કરવો અને તે વેળા ઉકારનું ધ્યાન કરવું; અને તે પછી પિંગલા નાડી દ્વારા બત્રીસ માત્રાઓથી તે પૂરેલા વાયુનો રેચક કરી તેને બહાર કાઢવો; તે વેળા મકારમૂર્તિનું ધ્યાન કરવું. આ ક્રમે વારંવાર કર્યા કરવું. ૬

પછી આસન દૃઢ થાય, એટલે યોગીએ જિતેંદ્રિય બની માપસર હિતકારી ખોરાક પર રહી સુષુમ્ણા નાડીમાં રહેલો મળ સૂકવી નાખવા માટે યોગ કરવો. તે વેળા પદ્માસને બેસી ચંદ્ર નાડીથી વાયુ પૂરીને, શક્તિ પ્રમાણે કુંભક કરી, સૂર્ય નાડીથી રેચક કરવો. ફરી સૂર્ય નાડીથી પૂરક કરી, કુંભક કરીને, ચંદ્ર નાડીથી રેચક કરવો; એમ જે નાડીથી રેચક કરે, તે જ નાડીથી ફરી પૂરક કરી કુંભક કરે. આવા અભિપ્રાયના આ શ્લોકો છે: 'પ્રથમ ઈડા નાડીથી પ્રાણને પૂરી કુંભક કરી બીજી પિંગલા નાડીથી રેચક કરવો; ફરી પિંગલાથી પૂરી કુંભક કરી ઈડાથી રેચક કરવો. આ વિધિથી સૂર્ય–ચંદ્રની નાડી દ્વારા પ્રાણાયામનો નિત્ય અભ્યાસ કરતા યોગીઓની બધી નાડીઓ ત્રણ મહિના ગયા પછી શુદ્ધ થાય છે. ૧ સવાર, બપોર, સાંજ અને મધ્ય

वीरं समभ्यसेत् ॥ २ ॥ कनीयसि भवेत्स्वेदः कम्पो भवति मध्यमे । उत्तिष्ठत्युत्तमे प्राणरोधे पद्मासनं महत् ॥ ३ ॥ जलेन श्रमजातेन गात्रमर्दनमाचरेत् । दृढता लघुता चापि तस्य गात्रस्य जायते ॥ ४ ॥ अभ्यासकाले प्रथमं शस्तं क्षीराज्यभोजनम् । ततोऽभ्यासे स्थिरीभूते न तावन्नियमग्रहः ॥ ५ ॥ यथा सिंहो गजो व्याघ्रो भवेद्वश्यः शनैः शनैः । तथैव सेवितो वायुरन्यथा हन्ति साधकम् ॥ ६ ॥ युक्तंयुक्तं त्यजेद्वायुं युक्तंयुक्तं च पूरयेत् । युक्तंयुक्तं च बध्नीयादेवं सिद्धिमवाप्नुयात् ॥ ७ ॥ यथेष्टधारणाद्वायोरनलस्य प्रदीपनम् । नादाभिव्यक्तिरारोग्यं जायते नाडिशोधनात् ॥ ८ ॥ विधिवत्प्राणसंयामैर्नाडीचक्रे विशोधिते । सुषुम्नावदनं भित्त्वा सुखाद्विशति मारुतः ॥ ९ ॥ मारुते मध्यसंचारे मनःस्थैर्यं प्रजायते । यो मनःसुस्थिरो भावः सैवावस्था मनोन्मनी ॥ १० ॥ पूरकान्ते तु कर्तव्यो बन्धो जालन्धराभिधः । कुम्भकान्ते रेचकादौ कर्तव्यस्तूड्डियाणकः ॥ ११ ॥ अधस्तात्कुञ्चनेनाशु कण्ठसंकोचने कृते । मध्ये पश्चिमतानेन स्यात्प्राणो ब्रह्मनाडिगः ॥ १२ ॥ अपानमूर्ध्वमुत्थाप्य प्राणं कण्ठादधो नयन् । योगी जराविनिर्मुक्तः षोडशो वयसा भवेत् ॥ १३ ॥ सुखासनस्थो दक्षनाड्या बहिःस्थं पवनं समाकृष्याकेशमानखाग्रं कुम्भयित्वा सव्यनाड्या रेचयेत् । तेन कपालशोधनं वातनाडीगतसर्वरोगसर्व-

રાત્રે–એમ ચારવાર ધીમેધીમે એંસી સુધીના કુંભકોનો અભ્યાસ કરવો. ૨ હલકા પ્રાણાયામમાં પરસેવો થાય છે, મધ્યમમાં કંપારી થાય છે અને ઉત્તમમાં મોટું પદ્માસન ઊંચું થઈ જાય છે. ૩ પ્રાણાયામ વખતે પરિશ્રમને લીધે જે પાણી છૂટે, તેથી

શરીરે મર્દન કરવું; કેમ કે તેથી અભ્યાસીનું શરીર મજબૂત ને હલકું થાય છે. ૪ અભ્યાસના સમયે પ્રથમ દૂધ–ઘીવાળું ભોજન વખણાય છે. પછી અભ્યાસ સ્થિર થઈ જાય, એટલે કોઈ નિયમ રાખવાની જરૂર નથી. ૫ જેમ સિંહ, હાથી કે વાઘ ધીમેધીમે વશ થાય છે, તેજ પ્રમાણે વાયુ પણ ધીમેધીમે સેવાય તો વશ થાય છે; પણ એથી ઊલટી રીતે–ઉતાવળ અને અવિધિ કરે, તો એ જ વાયુ સાધકનો નાશ કરે છે. ૬ માટે જેમ ઠીકઠીક થાય તેમ રેચક કરવો, ઠીકઠીક લાગે તેમ પૂરક કરવો અને ઠીકઠીક રહેવાય તેમ કુંભક કરવો; એમ કરતાં સિદ્ધિ પામે છે. ૭ યથેષ્ટ–શક્તિ અનુસાર વાયુનો કુંભક કરવાથી અગ્નિ પ્રદીપ્ત થાય છે અને નાડીઓ શુદ્ધ થવાથી નાદશ્રવણ તથા આરોગ્ય થાય છે. ૮ વિધિ પ્રમાણે પ્રાણાયામ કરવાથી નાડીઓનો સમૂહ શુદ્ધ થાય છે; એટલે સુષુમ્ણાનું મુખ ભેદીને વાયુ સુખેથી તેમાં પ્રવેશ કરે છે. ૯ વાયુ જ્યારે મધ્યમાં સંચાર કરે છે, ત્યારે મનની સ્થિરતા થાય છે; અને મનની સારી રીતે જે સ્થિરતા થાય, તેજ મનોન્મની અવસ્થા કહેવાય છે. ૧૦ પૂરકના અંતે જાલંધર નામનો બંધ કરવો જોઈએ અને કુંભકના અંતે તથા રેચકની આદિમાં ઉડ્ડિયાણક કરવો જોઈએ. ૧૧ નીચેનું મૂળ રંધ્ર સંકોચવાથી કંઠનો સંકોચ કરાય છે અને મધ્ય ભાગને પશ્ચિમ બાજુ ખેંચવાથી પ્રાણવાયુ બ્રહ્મનાડીમાં ગતિવાળો થાય છે. ૧૨ અપાન વાયુને ઊંચે લઈ જઈને, તેમ જ પ્રાણવાયુને કંઠની નીચે લઈ જઈને યોગી ઘડપણ વિનાનો–સોળ વર્ષની વયનો બની જાય છે.' ૧૩

સુખાસને બેસી જમણી નાડીથી બહારનો પવન ખેંચી કેશથી માંડી પગના નખની અણી સુધી રોકી દઈ (કુંભક કરી) ડાબી નાડીથી બહાર કાઢવો (રેચક કરવો). આમ કરવાથી

विनाशनं भवति । हृदयादिकण्ठपर्यन्तं सस्वनं नासाभ्यां शनैः पवनमाकृष्य यथाशक्ति कुम्भयित्वा इडया विरेच्य गच्छंस्तिष्ठन्कुर्यात् । तेन श्लेष्महरं जठराग्निवर्धनं भवति । वक्त्रेण सीत्कारपूर्वकं वायुं गृहीत्वा यथाशक्ति कुम्भयित्वा नासाभ्यां रेचयेत् । तेन क्षुत्तृष्णालस्यनिद्रा न जायते । जिह्वया वायुं गृहीत्वा यथाशक्ति कुम्भयित्वा नासाभ्यां रेचयेत् । तेन गुल्मप्लीहज्वरपित्तक्षुधादीनि नश्यन्ति ॥ अथ कुम्भकः । स द्विविधः सहितः केवलश्चेति । रेचकपूरकयुक्तः सहितः । तद्विवर्जितः केवलः । केवलसिद्धिपर्यन्तं सहितमभ्यसेत् । केवलकुम्भके सिद्धे त्रिषु लोकेषु न तस्य दुर्लभं भवति । केवलकुम्भकात्कुण्डलिनीबोधो जायते । ततः कृशवपुः प्रसन्नवदनो निर्मललोचनोऽभिव्यक्तनादो निर्मुक्तरोगजालो जितबिन्दुः पट्वग्निर्भवति । अन्तर्लक्ष्यं बहिर्दृष्टिर्निमेषोन्मेषवर्जिता । एषा सा वैष्णवी मुद्रा सर्वतन्त्रेषु गोपिता ॥ १४ ॥ अन्तर्लक्ष्यविलीनचित्तपवनो योगी सदा वर्तते दृष्ट्या निश्चलतारया बहिरधः पश्यन्नपश्यन्नपि । मुद्रेयं खलु खेचरी भवति सा लक्ष्यैकताना शिवा शून्याशून्यविवर्जितं स्फुरति सा तत्त्वं पदं वैष्णवी ॥ १५ ॥ अर्धोन्मीलितलोचनः स्थिरमना नासाग्रदत्तेक्षणश्चन्द्रार्कावपि लीनतामुपनयन्निष्पन्दभावोत्तरम् । ज्योतीरूपमशेषबाह्यरहितं देदीप्यमानं परं तत्त्वं तत्परमस्ति

કપાળ શુદ્ધ થાય છે અને વાયુની નાડીઓમાં રહેલા સર્વ રોગોનો સંપૂર્ણ નાશ થાય છે. હૃદયથી માંડી કંઠ સુધી અવાજ સાથે બન્ને નાક વડે ધીમેથી પવનને ખેંચી, શક્તિ પ્રમાણે કુંભક કરી ઈડાથી રેચક કરવો; એમ ચાલતાં ને ઊભા રહેતાં

કર્યા કરવું; આથી કફ નાશ પામે છે અને જઠરાગ્નિ વધે છે. મોઢેથી સીત્કારપૂર્વક વાયુ લઈને શક્તિ પ્રમાણે કુંભક કરી બન્ને નાકથી રેચક કરે; તેથી ભૂખ, તરસ, આળસ કે ઊંઘ ઉત્પન્ન થાય નહિ. જીભથી વાયુ લઈને શક્તિ પ્રમાણે કુંભક કરી બન્ને નાકથી રેચક કરે; તેથી ગોળો, બરોળ, તાવ અને ભૂખ વગેરે નાશ પામે છે.

હવે કુંભક વિષે કહેવાય છે: તે બે પ્રકારનો છે. સહિત અને કેવલ. રેચક અને પૂરકથી યુક્ત હોય તે સહિત છે અને તે વિનાનો કેવલ છે. આમાંનો કેવલ સિદ્ધ થાય, ત્યાં સુધી સહિતનો અભ્યાસ કરવો જોઈએ. કેવલકુંભક સિદ્ધ થાય છે, ત્યારે યોગીને ત્રણે લોકમાં કંઈ દુર્લભ નથી. કેવલકુંભકથી કુંડલિની જાગ્રત થાય છે. તે પછી યોગી પાતળા શરીરવાળો, પ્રસન્ન મુખવાળો, નિર્મળ નેત્રોવાળો, નાદ શ્રવણ કરનારો, સર્વ રોગોથી રહિત, બિંદુને જીતનારો અને પ્રજ્વલિત જઠરાગ્નિવાળો થાય છે. લક્ષ્ય અંદર હોય અને બહારની દૃષ્ટિ નિમેષ–ઉન્મેષ (પલકારા) વિનાની હોય, એ વૈષ્ણવી મુદ્રા છે અને સર્વ તંત્ર–શાસ્ત્રોમાં તેને ગુપ્ત રહસ્યરૂપ ગણી છે. ૧૪ લક્ષ્ય અંદર હોવાને લીધે જેનું ચિત્ત અને વાયુ વિલીન થયાં હોય, તે સદા યોગી છે. નિશ્ચળ કીકીવાળી દૃષ્ટિ વડે બહાર ને નીચે જોતો હોય પણ બીજું કંઈ જોતો નથી. આ ખેચરી મુદ્રા છે. તે કેવળ લક્ષ્યમાં જ એકતાન અને મંગળકારક વૈષ્ણવી મુદ્રા પણ કહેવાય છે. તેમાં શૂન્ય–અશૂન્ય વિનાનું તત્ત્વ પરમ પદરૂપે પ્રકાશે છે. ૧૫ હે શાણ્ડિલ્ય! અર્ધ ઉઘાડેલાં નેત્રોવાળો, સ્થિર મનવાળો અને નાકને ટેરવે સ્થાપેલી દૃષ્ટિવાળો યોગી નિશ્ચળ ભાવ પ્રાપ્ત કર્યા પછી ચંદ્ર તથા સૂર્ય નાડીને પણ લય પમાડી દે છે. એ વેળા જ્યોતિરૂપ, સમગ્ર બાહ્ય વિષયોથી રહિત અને દેદીપ્યમાન જે

वस्तुविषयं शाण्डिल्य विद्धीह तत् ॥ १६ ॥ तारं ज्योतिषि संयोज्य किंचिदुन्नमयन्भ्रुवौ। पूर्वाभ्यासस्य मार्गोऽयमुन्मनीकारकः क्षणात् ॥ १७ ॥ तस्मात्खेचरीमुद्रामभ्यसेत्। तत उन्मनी भवति। ततो योगनिद्रा भवति। लब्धयोगनिद्रस्य योगिनः कालो नास्ति। शक्तिमध्ये मनः कृत्वा शक्तिं मानसमध्यगाम्। मनसा मन आलोक्य शाण्डिल्य त्वं सुखी भव ॥ १८ ॥ खमध्ये कुरु चात्मानमात्ममध्ये च खं कुरु। सर्वं च खमयं कृत्वा न किंचिदपि चिन्तय ॥ १९ ॥ बाह्यचिन्ता न कर्तव्या तथैवान्तरचिन्तिका। सर्वचिन्तां परित्यज्य चिन्मात्रपरमो भव ॥ २० ॥ कर्पूरमनले यद्वत्सैन्धवं सलिले यथा। तथा च लीयमानं सन्मनस्तत्त्वे विलीयते ॥ २१ ॥ ज्ञेयं सर्वप्रतीतं च तज्ज्ञानं मन उच्यते। ज्ञानं ज्ञेयं समं नष्टं नान्यः पन्था द्वितीयकः ॥ २२ ॥ ज्ञेयवस्तुपरित्यागाद्विलयं याति मानसम्। मानसे विलयं याते कैवल्यमवशिष्यते ॥ २३ ॥ द्वौ क्रमौ चित्तनाशस्य योगो ज्ञानं मुनीश्वर। योगस्तद्वृत्तिरोधो हि ज्ञानं सम्यगवेक्षणम् ॥ २४ ॥ तस्मिन्निरोधिते नूनमुपशान्तं मनो भवेत्। मनःस्पन्दोपशान्त्यायं संसारः प्रविलीयते ॥ २५ ॥ सूर्यालोकपरिस्पन्दशान्तौ व्यवहृतिर्यथा। शास्त्रसज्जनसंपर्कवैराग्याभ्यासयोगतः ॥ २६ ॥ अनास्थायां कृतास्थायां पूर्वं संसारवृत्तिषु। यथाभिवाञ्छितध्यानाच्चिरमेकतयोहितात् ॥२७॥ एकतत्त्वदृढाभ्यासात्प्राणस्पन्दो निरुध्यते। पूरकाद्यनिलाया-

તત્ત્વ પ્રકાશે છે, તે જ પરમ વસ્તુરૂપે તેનો વિષય હોય છે, એમ તારે સમજવું. ૧૬ કીકીને જ્યોતિમાં જોડી દઈ બન્ને ભમરને કંઈક ઊંચી રાખે છે. આ પૂર્વના અભ્યાસનો માર્ગ છે અને ક્ષણ

વારમાં તે ઉન્મની દશાને કરે છે. ૧૭ માટે ખેચરી મુદ્રાનો અભ્યાસ કરવો, તેથી ઉન્મની દશા પ્રાપ્ત થાય છે. પછી યોગનિદ્રા પ્રાપ્ત થાય છે. જેને યોગનિદ્રા પ્રાપ્ત થઈ હોય તેવા યોગીનો કાળ હોતો નથી; માટે હે શાંડિલ્ય! શક્તિની મધ્યે મનને સ્થાપી, શક્તિને મનની અંદર વહેતી મૂકીને, તું મન વડે મનને જો અને પછી સુખી થા. ૧૮ તેમ જ આકાશની મધ્યે આત્માને સ્થાપ અને આત્માની મધ્યે આકાશને મૂકી દે. પછી બધું આકાશમય કરી દઈ કંઈ છે જ નહિ, એમ ચિંતવ. ૧૯ બહારની ચિંતા ન કરવી અને તેજ પ્રમાણે અંદરની ચિંતા પણ ન કરવી. એમ સર્વ ચિંતાનો ત્યાગ કરી માત્ર ચૈતન્યપરાયણ થા. ૨૦ જેમ કપૂર અગ્નિમાં અને સિંધાલૂણ પાણીમાં લીન થાય છે, તેમ લીન થતું યોગીનું મન તત્ત્વમાં વિલય પામે છે. ૨૧ જાણવાનું બધું જાણીતું છે; તેનું જે જ્ઞાન તે મન કહેવાય છે. જ્ઞાન અને જ્ઞેય બધું એકીસાથે નાશ પામ્યું, એટલે બીજો માર્ગ જ નથી. ૨૨ જ્ઞેય વસ્તુનો ત્યાગ કરવાથી મન વિલય પામે છે; અને મન જ્યારે વિલય પામે છે, ત્યારે કૈવલ્ય જ બાકી રહે છે. ૨૩ હે મુનીશ્વર! ચિત્તનો નાશ કરવાના બે માર્ગ છે—યોગ અને જ્ઞાન. યોગ એટલે ચિત્તની વૃત્તિઓને રોકવી; અને જ્ઞાન એટલે વસ્તુ-તત્ત્વને બરાબર જોવું. ૨૪ મનને વશ કરાય છે ત્યારે જરૂર તે શાંત બની જાય છે અને મનની ચંચળતા શાંત થતાં આ સંસાર નાશ પામે છે. ૨૫ જેમ સૂર્યના પ્રકાશની ગતિ શાંત થતાં જગતનો વ્યવહાર શાંત પડે છે, તેમ શાસ્ત્રો અને સજ્જનોના સંગથી વૈરાગ્યના અભ્યાસનો યોગ થવાથી સંસાર શાંત થાય છે. ૨૬ પ્રથમ સંસારના વ્યાપારોમાં અનાસ્થા કરવામાં આવે; પછી લાંબા કાળ સુધી એકપણે વિચારેલા યથેષ્ટ ધ્યાનથી અને એક તત્ત્વનો દૃઢ અભ્યાસ થવાથી પ્રાણની ગતિ બંધ પડે છે.

माढ्ढाभ्यासादखेदजात् ॥ २८ ॥ एकान्तध्यानयोगाच्च मनःस्पन्दो निरुध्यते । ओङ्कारोच्चारणप्रान्तशब्दतत्त्वानुभावनात् । सुषुप्ते संविदा ज्ञाते प्राणस्पन्दो निरुध्यते ॥ २९ ॥ तालुमूलगतां यत्नाज्जिह्वयाक्रम्य घण्टिकाम् । ऊर्ध्वरन्ध्रं गते प्राणे प्राणस्पन्दो निरुध्यते ॥ ३० ॥ प्राणे गलितसंवित्तौ तालूर्ध्वं द्वादशान्तगे । अभ्यासादूर्ध्वरन्ध्रेण प्राणस्पन्दो निरुध्यते ॥ ३१ ॥ द्वादशाङ्गुलपर्यन्ते नासाग्रे विमलेऽम्बरे । संविद्दृशि प्रशाम्यन्त्यां प्राणस्पन्दो निरुध्यते ॥ ३२ ॥ भ्रूमध्ये तारकालोकशान्तावन्तमुपागते । चेतनैकतने[1] बद्धे प्राणस्पन्दो निरुध्यते ॥ ३३ ॥ ओमित्येव यदुद्भूतं ज्ञानं ज्ञेयात्मकं शिवम् । असंस्पृष्टविकल्पांशं प्राणस्पन्दो निरुध्यते ॥३४॥ चिरकालं हृदेकान्तव्योमसंवेदनान्मुने । अवासनमनोध्यानात्प्राणस्पदो निरुध्यते ॥ ३५ ॥ एभिः क्रमैस्तथान्यैश्च नानासंकल्पकल्पितैः । नानादेशिकवक्त्रस्थैः[2] प्राणस्पन्दो निरुध्यते ॥ ३६ ॥ आकुञ्चनेन कुण्डलिन्याः कवाटमुद्घाट्य मोक्षद्वारं विभेदयेत् । येन मार्गेण गन्तव्यं तद्द्वारं मुखेनाच्छाद्य प्रसुप्ता कुण्डलिनी कुटिलाकारा सर्पवद्वेष्टिता भवति । सा शक्तिर्येन चालिता स्यात्स तु मुक्तो भवति । सा कुण्डलिनी कण्ठोर्ध्वभागे सुप्ता चेद्योगिनां मुक्तये भवति । बन्धनायाधो मूढानाम् । इडादिमार्गद्वयं विहाय सुषुम्नामार्गेणागच्छेत्त-

(પ્રાણવાયુ જિતાય છે.) તેમજ પરિશ્રમ વિના થયેલા પૂરક વગેરે વાયુના લાંબા દૃઢ અભ્યાસથી અને એકાંતે ધ્યાનયોગ

१ संकल्पे मानसे. २ देशिकसूक्तैश्च.

કરવાથી મનની ગતિ બંધ પડે છે. (મન વશ થાય છે.) વળી ૐકારના ઉચ્ચારણના અંતે શબ્દ-તત્ત્વનો અનુભવ થવાથી જ્ઞાન દ્વારા સુષુપ્તિનું સ્વરૂપ સમજાય છે, ત્યારે પ્રાણની ગતિ રોકાય છે. (પ્રાણજય થાય છે.) ૨૭-૨૯ તાળવાના મૂળમાં રહેલા કાકડાને કાળજીથી જીભ વડે દબાવીને પ્રાણવાયુ ઉપરના છિદ્રમાં જાય છે, ત્યારે પ્રાણગતિ રોકાય છે. ૩૦ તાળવાની ઉપર બાર આંગળના છેડે ગયેલો પ્રાણ, ગલિત ચેષ્ટાવાળો થાય છે, ત્યારે અભ્યાસથી ઉપરના છિદ્ર દ્વારા પ્રાણગતિ રોકાય છે. ૩૧ નાકની આગળ બાર આંગળના છેડે નિર્મળ આકાશમાં જ્ઞાનદૃષ્ટિ અતિ શાંત થાય છે, ત્યારે પ્રાણગતિ રોકાય છે. ૩૨ ભમરની વચ્ચે તારક બ્રહ્મના દર્શનથી શાંતિ થતાં વ્યાપાર બંધ પડે છે અને માનસિક સંકલ્પ અટકે છે, ત્યારે પ્રાણગતિ રોકાય છે. ૩૩ જ્ઞાન જ્ઞેયસ્વરૂપ અને મંગળમય બની કેવળ ૐકાર સ્વરૂપે જ ઉત્પન્ન થાય છે અને વિકલ્પના અંશનો પણ સ્પર્શ રહેતો નથી, ત્યારે પ્રાણગતિ રોકાય છે. ૩૪ હે મુનિ! લાંબા કાળ સુધી હૃદયમાં એકાંત આકાશનો અનુભવ થવાથી વાસનારહિત મન ધ્યાન ધરે છે; તેથી પ્રાણગતિ રોકાય છે. ૩૫ આ ક્રમે તેમ જ બીજા અનેક ગુરુઓના ઉપદેશોને અનુસરી જાતજાતના સંકલ્પોની કલ્પનાઓ દ્વારા પ્રાણગતિ રોકાય છે. ૩૬

કુંડલિનીને સંકોચાવી કમાડ ઉઘાડીને મોક્ષનું દ્વાર ખુલ્લું કરવું. જે માર્ગે જવાનું છે, તેનું દ્વાર મુખથી ઢાંકી દઈ કુંડલિની સૂતેલી છે. તે વાંકાચૂકા આકારની અને સર્પની પેઠે વીંટાયેલી છે. એ કુંડલિની શક્તિને જેણે ચલાવી હોય છે, તે મુક્ત થાય છે. તે કુંડલિની કંઠની ઉપરના ભાગમાં સૂતી હોય, તો યોગીઓને મુક્તિ આપનારી થાય છે, પણ કંઠની નીચે સૂતી હોય તો અજ્ઞાનીઓને બંધનકર્તા થાય છે. ઇડા આદિ બન્ને માર્ગ

द्विष्णोः परमं पदम् । मरुदभ्यमनं सर्वं मनोयुक्तं समभ्यसेत् । इतरत्र न कर्तव्या मनोवृत्तिर्मनीषिणा ॥ ३७ ॥ दिवा न पूजयेद्विष्णु रात्रौ नैव प्रपूजयेत् । सततं पूजयेद्विष्णुं दिवारात्रं न पूजयेत् ॥ ३८ ॥ सुषिरो ज्ञानजनकः पञ्चस्रोतःसमन्वितः । तिष्ठते खेचरी मुद्रा त्वं हि शाण्डिल्य तां भज ॥ ३९ ॥ सव्यदक्षिणनाडीस्थो मध्ये चरति मारुतः । तिष्ठते खेचरी मुद्रा तस्मिन्स्थाने न संशयः ॥ ४० ॥ इडापिङ्गलयोर्मध्ये शून्यं चैवानिलं ग्रसेत् । तिष्ठन्ती खेचरी मुद्रा तत्र सत्यं प्रतिष्ठितम् ॥ ४१ ॥ सोमसूर्यद्वयोर्मध्ये निरालम्बतले पुनः । संस्थिता व्योमचक्रे सा मुद्रा नाम्ना च खेचरी ॥ ४२ ॥ छेदनचालनदाहैः फलां परां जिह्वां कृत्वा दृष्टिं भ्रूमध्ये स्थाप्य कपालकुहरे जिह्वा विपरीतगा यदा भवति तदा खेचरी मुद्रा जायते । जिह्वा चित्तं च खे चरति तेनोर्ध्वजिह्वः पुमानमृतो भवति । वामपादमूलेन योनिं संपीड्य दक्षिणपादं प्रसार्य तं कराभ्यां धृत्वा नासाभ्यां वायुमापूर्य कण्ठबन्धं समारोप्योर्ध्वतो (?) वायुं धारयेत् । तेन सर्वक्लेशहानिः । ततः पीयूषमिव विषं जीर्यते । क्षयगुल्मगुदावर्तजीर्णत्वगादिदोषा नश्यन्ति । एष प्राणजयोपायः सर्वमृत्यूपघातकः । वामपादपार्ष्णिं योनिस्थाने नियोज्य दक्षिणचरणं वामोरूपरि संस्थाप्य वायुमापूर्य हृदये चुबुकं निधाय योनिमाकुञ्च्य मनोमध्ये यथाशक्ति धारयित्वा स्वात्मानं भावयेत् । तेनापरोक्षसिद्धिः ।

છોડી સુષુમ્ણાના માર્ગે આવવું; કેમ કે તે વિષ્ણુનું પરમ પદ છે. વાયુનો બધો અભ્યાસ મન સાથે જ હોવો જોઈએ. એ વેળા વિદ્વાન મનુષ્યે મનની વૃત્તિને બીજે ન જોડવી. ૩૭ અમુક દિવસે

જ વિષ્ણુને ન પૂજવા, અથવા અમુક રાત્રે જ વિષ્ણુને ન પૂજવા; પરંતુ નિરંતર વિષ્ણુની પૂજા કર્યા કરવી. દિવસે કે રાત્રે જ ન પૂજવા. ૩૮ હે શાંડિલ્ય! પાંચ (ઇંદ્રિયોરૂપ) પ્રવાહોવાળું (હૃદયરૂપ) પોલાણ જ્ઞાનને ઉત્પન્ન કરનાર છે; અને ત્યાં ખેચરીમુદ્રા રહે છે, માટે તેનું જ તું સેવન કર. ૩૯ ડાબી–જમણી નાડીની અંદર રહીને મધ્યમાં વાયુ ફરે છે; અને તે સ્થાન-માં સ્થિતિ કરનારને ખેચરીમુદ્રા થાય છે, એમાં સંશય નથી. ૪૦ ઇડા અને પિંગલાની વચ્ચે શૂન્ય ભાગ છે અને તે વાયુને ગળી જાય છે. ખેચરીમુદ્રા પણ ત્યાં જ રહે છે અને ત્યાં સત્ય રહેલું છે. ૪૧ ચંદ્ર–સૂર્યની બન્ને નાડીઓની મધ્યે નિરાધાર સપાટી છે, ત્યાં આકાશમંડળમાં ખેચરીમુદ્રા રહી છે. ૪૨ છેદન, ચાલન અને દાહ વડે જીભને પરમ અણીદાર કરી ભ્રૂકુટિની વચ્ચે દૃષ્ટિ સ્થાપીને કપાળના છિદ્રમાં જીભ જ્યારે ઊલટી રીતે જનારી થાય છે, ત્યારે ખેચરીમુદ્રા થાય છે. જીભ અને ચિત્ત બન્ને (કપાળના છિદ્રરૂપ) આકાશમાં ફરે છે, ત્યારે ઉપર ગયેલી જીભવાળો તે પુરુષ અમર થાય છે. ડાબા પગના મૂળથી મૂળરંધ્ર દબાવી જમણો પગ પસારીને તેને બન્ને હાથથી પકડવો અને પછી બન્ને નાકથી વાયુ પૂરીને કંઠબંધ ઉપર ચઢાવી ઉન્નત થઈ (?) વાયુને રોકવો; તેથી સર્વ ક્લેશોનો નાશ થાય છે. તે પછી ઝેર પણ અમૃતની પેઠે પચી જાય છે. ક્ષય, ગોળો, ગુદાવર્ત અને જૂના ચામડીના રોગો વગેરે નાશ પામે છે. પ્રાણને જીતવાનો આ ઉપાય સર્વ મૃત્યુનો નાશ કરનાર છે. ડાબા પગની પાનીને ગુદાસ્થાનમાં જોડી જમણો પગ ડાબા પગ ઉપર મૂકવો; અને પછી વાયુ પૂરીને હૃદયમાં હડપચી રાખી, ગુદાસ્થાન સંકોચીને મનની મધ્યે યથા-શક્તિ ધારણા કરી પોતાના આત્માનું ધ્યાન કરવું; તેથી અપરોક્ષ

बाह्यात्प्राणं समाकृष्य पूरयित्वोदरे स्थितम् । नाभिमध्ये च नासाग्रे पादाङ्गुष्ठे च यत्नतः ॥ ४३ ॥ धारयेन्मनसा प्राणं सन्ध्याकालेषु वा सदा । सर्वरोगविनिर्मुक्तो भवेद्योगी गतक्लमः ॥ ४४ ॥ नासाग्रे वायुविजयं भवति । नाभिमध्ये सर्वरोगविनाशः । पादाङ्गुष्ठधारणाच्छरीरलघुता भवति । रसनाद्वायुमाकृष्य यः पिबेत्सततं नरः । श्रमदाहौ तु न स्यातां नश्यन्ति व्याधयस्तथा ॥ ४५ ॥ सन्ध्ययोर्ब्राह्मणः काले वायुमाकृष्य यः पिबेत् । त्रिमासात्तस्य कल्याणी जायते वाक् सरस्वती ॥ ४६ ॥ एवं षण्मासाभ्यासात्सर्वरोगनिवृत्तिः । जिह्वया वायुमानीय जिह्वामूले निरोधयेत् । यः पिबेदमृतं विद्वान्सकलं भद्रमश्नुते ॥ ४७ ॥ आत्मन्यात्मानमिडया धारयित्वा भ्रुवोन्तरे । विभेद्य त्रिदशाहारं व्याधिस्थोऽपि विमुच्यते ॥ ४८ ॥ नाडीभ्यां वायुमारोप्य नाभौ तुन्दस्य पार्श्वयोः । घटिकैकां वहेद्यस्तु व्याधिभिः स विमुच्यते ॥ ४९ ॥ मासमेकं त्रिसन्ध्यं तु जिह्वयारोप्य मारुतम् । विभेद्य त्रिदशाहारं धारयेत्तुन्दमध्यमे ॥ ५० ॥ ज्वराः सर्वेऽपि नश्यन्ति विषाणि विविधानि च । मुहूर्तमपि यो नित्यं नासाग्रे मनसा सह ॥ ५१ ॥ सर्वं तरति पाप्मानं तस्य जन्मशतार्जितम् । तारसंयमात्सकलविषयज्ञानं भवति । नासाग्रे चित्तसंयमादिन्द्रलोकज्ञानम् । तदधश्चित्तसंयमादग्निलोकज्ञानम् । चक्षुषि चित्तसंयमात्सर्वलोकज्ञानम् । श्रोत्रे चित्तस्य संयमाद्यमलोकज्ञानम् । तत्पार्श्वे संयमान्निर्ऋतिलोकज्ञानम् । पृष्ठभागे संयमाद्वरुण-

સિદ્ધિ થાય છે. બહારથી પ્રાણને ખેંચી પેટમાં પૂરીને ત્યાં રહેલા તેને નાભિની મધ્યે, નાકની આગળ અને પગના અંગૂઠામાં

મન વડે યત્નથી ધારણ કરવો. આમ સંધ્યાકાળે સદા કરનારો યોગી સર્વ રોગથી મુક્ત થઈ પરિશ્રમરહિત થાય છે. ૪૩,૪૪ નાકને ટેરવે મન રોકવાથી વાયુને જીતી શકાય છે; નાભિની મધ્યે રોકવાથી સર્વ રોગોનો નાશ થાય છે; પગને અંગૂઠે ધારણ કરવાથી શરીર હલકું થાય છે. જે પુરુષ જીભથી વાયુને ખેંચી નિરંતર પીધા કરે છે, તેને શ્રમ કે દાહ થતો નથી અને રોગો નાશ પામે છે. ૪૫ જે બ્રાહ્મણ બન્ને સંધ્યાના સમયે વાયુ ખેંચીને વાયુ પીએ છે, તેની વાણી ત્રણ મહિને કલ્યાણસ્વરૂપ સરસ્વતી બને છે. ૪૬ એમ છ મહિના અભ્યાસ કરવાથી સર્વ રોગો અટકી જાય છે. જે વિદ્વાન જીભથી વાયુ લઈને જીભના મૂળમાં રોકે છે, તે અમૃત પીએ છે અને બધાં કલ્યાણ પામે છે. ૪૭ ઇડા નાડી દ્વારા બે ભમર વચ્ચે આત્મામાં આત્માને ધારી મનુષ્ય દેવોનો આહાર ભેદે છે અને રોગી હોય તોપણ રોગથી છૂટે છે; ૪૮ બંને નાડીઓથી વાયુને નાભિમાં ખેંચી જઈ પેટના બંને પડખામાં એક ઘડી સુધી જે ચલાવે છે, તે રોગોથી છૂટે છે. ૪૯ એક મહિના સુધી ત્રણે કાળ જીભથી વાયુને ખેંચી પેટના મધ્ય ભાગમાં રોકે છે, તે પણ દેવોનો આહાર ભેદે છે. ૫૦ તેના બધા તાવ નાશ પામે છે; અનેક જાતનાં ઝેર પણ નાશ પામે છે. મનુષ્ય એક મુહૂર્ત સમય પણ મનની સાથે વાયુને નાકને ટેરવે નિત્ય ધારે છે, તેનાં સેંકડો જન્મનાં પાપો સંપૂર્ણ છૂટી જાય છે. ૫૧ કીકીમાં ચિત્તનો સંયમ કરવાથી સકળ વિષયોનું જ્ઞાન થાય છે; નાકને ટેરવે ચિત્તનો સંયમ કરવાથી ઇંદ્રલોકનું જ્ઞાન થાય છે; તેની નીચે ચિત્તનો સંયમ કરવાથી અગ્નિલોકનું જ્ઞાન થાય છે, ચક્ષુમાં ચિત્તનો સંયમ કરવાથી સર્વ લોકનું જ્ઞાન થાય છે; શ્રોત્રમાં ચિત્તનો સંયમ કરવાથી યમલોકનું જ્ઞાન થાય છે; તેના પડખે ચિત્તનો સંયમ

लोकज्ञानम् । वामकर्णे संयमाद्वायुलोकज्ञानम् । कण्ठे संयमात्सोमलोकज्ञानम् । वामचक्षुषि संयमाच्छिवलोकज्ञानम् । मूर्ध्नि संयमाद्ब्रह्मलोकज्ञानम् । पादाधोभागे संयमादतललोकज्ञानम् । पादे संयमाद्वितललोकज्ञानम् । पादसन्धौ संयमान्नितललोकज्ञानम् । जङ्घे संयमात्सुतललोकज्ञानम् । जानौ संयमान्महातललोकज्ञानम् । ऊरौ चित्तसंयमाद्रसातललोकज्ञानम् । कटौ चित्तसंयमात्तलातललोकज्ञानम् । नाभौ चित्तसंयमाद्भूलोकज्ञानम् । कुक्षौ संयमाद्भुवर्लोकज्ञानम् । हृदि चित्तस्य संयमात्स्वर्लोकज्ञानम् । हृदयोर्ध्वभागे चित्तसंयमान्महर्लोकज्ञानम् । कण्ठे चित्तसंयमाज्जनोलोकज्ञानम् । भ्रूमध्ये चित्तसंयमात्तपोलोकज्ञानम् । मूर्ध्नि चित्तसंयमात्सत्यलोकज्ञानम् । धर्माधर्मसंयमादतीतानागतज्ञानम् । तत्तज्जन्तुध्वनौ चित्तसंयमात्सर्वजन्तुरुतज्ञानम् । संचितकर्मणि चित्तसंयमात्पूर्वजातिज्ञानम् । परचित्ते चित्तसंयमात्परचित्तज्ञानम् । कायरूपे चित्तसंयमादन्यादृश्यरूपम् ।[1] बले चित्तसंयमाद्धनुमदादिबलम् । सूर्ये चित्तसंयमाद्भुवनज्ञानम् । चन्द्रे चित्तसंयमात्ताराव्यूहज्ञानम् । ध्रुवे तद्गतिदर्शनम् । स्वार्थसंयमात्पुरुषज्ञानम् । नाभिचक्रे कायव्यूहज्ञानम् । कण्ठकूपे क्षुत्पिपासानिवृत्तिः । कूर्मनाड्यां स्थैर्यम् । तारे सिद्धदर्शनम् । कायाकाश-

કરવાથી રાક્ષસલોકનું જ્ઞાન થાય છે; પીઠના ભાગમાં સંયમ કરવાથી વરુણલોકનું જ્ઞાન થાય છે; ડાબા કાનમાં સંયમ કરવાથી વાયુલોકનું જ્ઞાન થાય છે; કંઠમાં સંયમ કરવાથી ચંદ્રલોકનું જ્ઞાન થાય છે; ડાબી આંખમાં સંયમ કરવાથી શિવલોકનું જ્ઞાન

---

१ दन्यादृशं रूपम् ।

થાય છે; મસ્તકમાં સંયમ કરવાથી બ્રહ્મલોકનું જ્ઞાન થાય છે; પગની નીચેના ભાગમાં સંયમ કરવાથી અતલ લોકનું જ્ઞાન થાય છે; પગમાં સંયમ કરવાથી વિતલ લોકનું જ્ઞાન થાય છે; પગના સાંધામાં સંયમ કરવાથી નિતલ લોકનું જ્ઞાન થાય છે; પગની પિંડીમાં સંયમ કરવાથી સુતલ લોકનું જ્ઞાન થાય છે; ઢીંચણમાં સંયમ કરવાથી મહાતલ લોકનું જ્ઞાન થાય છે; સાથળમાં ચિત્તનો સંયમ કરવાથી રસાતલ લોકનું જ્ઞાન થાય છે; કેડમાં ચિત્તનો સંયમ કરવાથી તલાતલ લોકનું જ્ઞાન થાય છે; નાભિમાં ચિત્તનો સંયમ કરવાથી ભૂલોકનું જ્ઞાન થાય છે; પેટમાં સંયમ કરવાથી ભુવર્લોકનું જ્ઞાન થાય છે; હૃદયમાં ચિત્તનો સંયમ કરવાથી સ્વર્લોકનું જ્ઞાન થાય છે; હૃદયની ઉપરના ભાગમાં ચિત્તનો સંયમ કરવાથી મહર્લોકનું જ્ઞાન થાય છે; કંઠમાં ચિત્તનો સંયમ કરવાથી જનલોકનું જ્ઞાન થાય છે; ભમરની વચ્ચે ચિત્તનો સંયમ કરવાથી તપોલોકનું જ્ઞાન થાય છે; મસ્તકમાં ચિત્તનો સંયમ કરવાથી સત્યલોકનું જ્ઞાન થાય છે; ધર્મ તથા અધર્મમાં સંયમ કરવાથી ભૂત-ભવિષ્યનું જ્ઞાન થાય છે; તે તે પ્રાણીઓના અવાજમાં ચિત્તનો સંયમ કરવાથી સર્વ પ્રાણીઓના અવાજનું જ્ઞાન થાય છે; સંચિત કર્મમાં ચિત્તનો સંયમ કરવાથી પૂર્વજન્મનું જ્ઞાન થાય છે; પારકા ચિત્તમાં ચિત્તનો સંયમ કરવાથી પારકા ચિત્તનું જ્ઞાન થાય છે; શરીરના રૂપમાં ચિત્તનો સંયમ કરવાથી બીજાના જેવું રૂપ થાય છે; બળમાં ચિત્તનો સંયમ કરવાથી હનુમાન વગેરેના જેવું બળ થાય છે; સૂર્યમાં ચિત્તનો સંયમ કરવાથી ભુવનનું જ્ઞાન થાય છે; ચંદ્રમાં ચિત્તનો સંયમ કરવાથી તારામંડળનું જ્ઞાન થાય છે; ધ્રુવમાં સંયમ કરવાથી તેની ગતિનું દર્શન થાય છે; સ્વાર્થમાં સંયમ કરવાથી

संयमादाकाशगमनम्। तत्तत्स्थाने संयमात्तत्तत्सिद्धयो भवन्ति ॥७॥ अथ प्रत्याहारः। स पञ्चविधः विषयेषु विचरतामिन्द्रियाणां बलादाहरणं प्रत्याहारः। यद्यत्पश्यति तत्सर्वमात्मेति प्रत्याहारः। नित्यविहितकर्मफलत्यागः प्रत्याहारः। सर्वविषयपराङ्मुखत्वं प्रत्याहारः। अष्टादशसु मर्मस्थानेषु क्रमाद्धारणं पादाङ्गुष्ठगुल्फजङ्घाजानूरुपायुमेढ्रनाभिहृदयकण्ठकूपतालुनासाक्षिभ्रूमध्यललाटमूर्ध्नि स्थानानि। तेषु क्रमादारोहावरोहक्रमेण प्रत्याहरेत् ॥८॥ अथ धारणा। सा त्रिविधा। आत्मनि मनोधारणं दहराकाशे बाह्याकाशधारणं पृथिव्यप्तेजोवाय्वाकाशेषु पञ्चमूर्तिधारणं चेति ॥९॥ अथ ध्यानम्। तद्द्विविधं सगुणं निर्गुणं चेति। सगुणं मूर्तिध्यानम्। निर्गुणमात्मयाथात्म्यम् ॥१०॥ अथ समाधिः। जीवात्मपरमात्मैक्यावस्था त्रिपुटीरहिता परमानन्दस्वरूपा शुद्धचैतन्यात्मिका भवति ॥ ११ ॥

इति प्रथमोऽध्यायः ॥ १ ॥

## द्वितीयोऽध्यायः

अथ ह शाण्डिल्यो ह वै ब्रह्मऋषिश्चतुर्षु वेदेषु ब्रह्मविद्यामलभमानः किं नामेत्यथर्वाणं भगवन्तमुपसन्नः पप्रच्छाधीहि भगवन् ब्रह्मविद्यां येन श्रेयोऽवाप्स्यामीति। स होवाचाथर्वा शाण्डिल्य सत्यं विज्ञानमनन्तं ब्रह्म यस्मिन्निदमोतं च प्रोतं च। यस्मिन्निदं सं च

પુરુષનું જ્ઞાન થાય છે; નાભિચક્રમાં શરીરવ્યૂહનું જ્ઞાન થાય છે; ગળાના ખાડામાં સંયમ કરવાથી ભૂખ–તરસ જતી રહે છે; કૂર્મ નાડીમાં સ્થિરતા થાય છે; તારમાં સિદ્ધદર્શન થાય છે અને શરીરના આકાશમાં સંયમ કરવાથી આકાશમાં ગતિ પ્રાપ્ત થાય છે.

આમ તે તે સ્થાનોમાં સંયમ કરવાથી તે તે સિદ્ધિઓ થાય છે.

હવે પ્રત્યાહાર: તે પાંચ પ્રકારનો છે. વિષયોમાં ફરતી ઇંદ્રિયોને બળથી ખેંચી લેવી તે પ્રત્યાહાર કહેવાય છે. જે જે જુએ તે બધું આત્મા છે, એમ સમજવું તે પ્રત્યાહાર છે; નિત્ય કરેલાં કર્મોનાં ફળનો ત્યાગ તે પ્રત્યાહાર છે; સર્વ વિષયોથી વિમુખ થવું, તે પ્રત્યાહાર છે; અઢાર મર્મસ્થાનોમાં અનુક્રમે ધારણા કરવી તે પ્રત્યાહાર છે. પગનો અંગૂઠો, ઘૂંટી, પિંડી, ઢીંચણ, સાથળ, ગુદા, લિંગ, નાભિ, હૃદય, ગળાનું છિદ્ર, તાળવું, નાક, આંખ, ભમરનો મધ્ય, લલાટ અને મસ્તક–આ સ્થાનોમાં અનુક્રમે ચડ–ઊતરના ક્રમથી પ્રત્યાહાર કરવો. ૮

હવે ધારણા: તે ત્રણ પ્રકારની છે. આત્મામાં મનની ધારણા, દહરાકાશમાં બહારના આકાશની ધારણા અને પૃથ્વી, જળ, તેજ, વાયુ તથા આકાશમાં પાંચ મૂર્તિઓની ધારણા. ૯

હવે ધ્યાન: તે બે પ્રકારનું છે. સગુણ અને નિર્ગુણ. મૂર્તિ-ધ્યાન સગુણ છે અને આત્માના સ્વરૂપનું ધ્યાન તે નિર્ગુણ છે.

હવે સમાધિ: જીવાત્મા અને પરમાત્માની એકતા અનુભવવાથી જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા–એ ત્રિપુટીરહિત, પરમાનંદ-સ્વરૂપ અને શુદ્ધ ચૈતન્યમય અવસ્થા તે સમાધિ છે. ૧૦,૧૧

પ્રથમ અધ્યાય સમાપ્ત

## બીજો અધ્યાય

પછી બ્રહ્મર્ષિ શાંડિલ્યે ચારે વેદોમાં બ્રહ્મવિદ્યા નહિ મેળવીને ભગવાન અથર્વાને શરણે જઈ પૂછ્યું કે, ‘હે ભગવન્! બ્રહ્મ-વિદ્યા ભણાવો; જેથી હું કલ્યાણ પામું.’ ત્યારે અથર્વા બોલ્યા કે, ‘હે શાંડિલ્ય! બ્રહ્મ સત્ય, વિજ્ઞાન અને અનંતસ્વરૂપ છે; જેમાં આ બધું ઓતપ્રોત છે. જેમાં આ ઉદય પામે છે

विचैति सर्वं यस्मिन्विज्ञाते सर्वमिदं विज्ञातं भवति। तदपाणिपाद-मचक्षुःश्रोत्रमजिह्वमशरीरमग्राह्यमनिर्देश्यम्। यतो वाचो निवर्तन्ते। अप्राप्य मनसा सह। यत्केवलं ज्ञानगम्यम्। प्रज्ञा च यस्मात्प्रसृता पुराणी। यदेकमद्वितीयम्। आकाशवत्सर्वगतं सुसूक्ष्मं निरञ्जनं निष्क्रियं सन्मात्रं चिदानन्दैकरसं शिवं प्रशान्तममृतं तत्परं च ब्रह्म। तत्त्वमसि। तज्ज्ञानेन हि विजानीहि य एको देव आत्मशक्ति-प्रधानः सर्वज्ञः सर्वेश्वरः सर्वभूतान्तरात्मा सर्वभूताधिवासः सर्वभूत-निगूढो भूतयोनिर्योगैकगम्यः। यश्च विश्वं सृजति विश्वं बिभर्ति विश्वं भुङ्क्ते स आत्मा। आत्मनि तं तं लोकं विजानीहि। मा शोचीरात्मविज्ञानी शोकस्यान्तं गमिष्यति॥

इति द्वितीयोऽध्यायः॥२॥

## तृतीयोऽध्यायः

अथैनं शाण्डिल्योऽथर्वाणं पप्रच्छ यदेकमक्षरं निष्क्रियं शिवं सन्मात्रं परंब्रह्म। तस्मात्कथमिदं विश्वं जायते कथं स्थीयते कथम-स्मिल्लीयते। तन्मे संशयं छेत्तुमर्हसीति। स होवाचाथर्वा सत्यं शाण्डिल्य परंब्रह्म निष्क्रियमक्षरमिति। अथाप्यस्यारूपस्य ब्रह्मण-स्त्रीणि रूपाणि भवन्ति सकलं निष्कलं सकलनिष्कलं चेति। यत्सत्यं विज्ञानमानन्दं निष्क्रियं निरञ्जनं सर्वगतं सुसूक्ष्मं सर्वतोमुखमनिर्दे-श्यममृतमस्ति तदिदं निष्कलं रूपम्। अथास्य या सहजास्त्यविद्या

અને અસ્ત પામે છે, તેમ જ જેને જાણ્યાથી આ બધું જણાઈ જાય છે, તે હાથ-પગ વિનાનું, ચક્ષુરહિત, કાન વિનાનું, જીભ

વગરનું, શરીરરહિત, ગ્રહણ કરવું અશકય અને બતાવવું પણ અશકય છે. જેને પામ્યા વિના વાણી મન સાથે પાછી ફરે છે, જે કેવળ જ્ઞાનથી પ્રાપ્ત કરાય છે, જેનાથી પુરાણી બુદ્ધિ પ્રસાર પામી છે, જે એક અને અદ્વિતીય છે; આકાશની પેઠે સર્વવ્યાપી, અત્યંત, સૂક્ષ્મ, નિરંજન, નિષ્ક્રિય, માત્ર સત્યસ્વરૂપ, ચૈતન્ય અને આનંદરૂપ એક રસવાળું, મંગળમય, અતિ શાંત અને અમર છે, તે પરબ્રહ્મ છે. તે તું છે. જ્ઞાન વડે તેને તું જાણ. જે એક જ દેવ આત્માની શક્તિરૂપે મુખ્ય, સર્વજ્ઞ, સર્વેશ્વર, સર્વ પ્રાણીઓના અંતરાત્મા, સર્વ પ્રાણીઓમાં વસતા, સર્વ ભૂતોમાં ગુપ્ત, ભૂતોનું મૂળ ઉત્પત્તિસ્થાન અને કેવળ યોગ વડે જાણી શકાય છે; વળી જે વિશ્વને સરજે છે, વિશ્વને રક્ષે છે અને વિશ્વને સંહારે છે, તે આત્મા છે. તે તે લોકને તું આત્મામાં રહેલા જાણ. તું શોક કર મા. આત્માનું વિશેષ જ્ઞાન કરીને તું શોકના અંતને પામીશ.

બીજો અધ્યાય સમાપ્ત

## ત્રીજો અધ્યાય

પછી શાણ્ડિલ્યે અથર્વાને પૂછ્યું: 'જે પરબ્રહ્મ એક, અક્ષર, ક્રિયારહિત, મંગળસ્વરૂપ અને માત્ર સત્તારૂપ છે, તેનાથી આ વિશ્વ કેવી રીતે ઉત્પન્ન થાય છે? કેવી રીતે સ્થિતિ કરે છે? અને કેવી રીતે એમાં લય પામે છે? આ મારો સંશય દૂર કરવો ઘટે છે.' ત્યારે તે અથર્વા બોલ્યા: 'ખરું છે, શાંડિલ્ય! પરબ્રહ્મ ક્રિયારહિત અને અક્ષર છે; તોપણ આ પરબ્રહ્મનાં ત્રણ સ્વરૂપો છે. સકલ, નિષ્કલ અને સકલ-નિષ્કલ. જે સત્ય, વિજ્ઞાન, આનંદ, ક્રિયાશૂન્ય, નિરંજન, સર્વવ્યાપી, અત્યંત સૂક્ષ્મ, સર્વ તરફ મુખવાળું, બતાવવું અશકય અને અમર છે, તે નિષ્કલ રૂપ

मूलप्रकृतिर्माया लोहितशुक्लकृष्णा। तया सहायवान्[1] देवः कृष्णपिङ्गलो ममेश्वर ईष्टे। तदिदमस्य सकलनिष्कलं रूपम्॥ अथैष ज्ञानमयेन तपसा चीयमानोऽकामयत बहु स्यां प्रजायेयेति। अथैतस्मात्तप्यमानात्सत्यकामात्त्रीण्यक्षराण्यजायन्त। तिस्रो व्याहृतयस्त्रिपदा गायत्री त्रयो वेदास्त्रयो देवास्त्रयो वर्णास्त्रयोऽग्नयश्च जायन्ते। योऽसौ देवो भगवान्सर्वैश्वर्यसंपन्नः सर्वव्यापी सर्वभूतानां हृदये संनिविष्टो मायावी[2] मायया क्रीडति स ब्रह्मा स विष्णुः स रुद्रः स इन्द्रः स सर्वे देवाः सर्वाणि भूतानि स एव पुरस्तात्स एव पश्चात्स एवोत्तरतः स एव दक्षिणतः स एवाधस्तात्स एवोपरिष्टात्स एव सर्वम्। अथास्य देवस्यात्मशक्तेरात्मक्रीडस्य भक्तानुकम्पिनो दत्तात्रेयरूपा सुरूपा तनूरवासा इन्दीवरदलप्रख्या चतुर्बाहुरघोरापापकाशिनी। तदिदमस्य सकलं रूपम्॥ १॥ अथ हैनमथर्वाणं शाण्डिल्यः पप्रच्छ भगवन्सन्मात्रं चिदानन्दैकरसं कस्मादुच्यते परं ब्रह्मेति। स होवाचाथर्वा यस्माच्च बृहती[3] बृंहयति च सर्वं तस्मादुच्यते परं ब्रह्मेति। अथ कस्मादुच्यते आत्मेति। यस्मात्सर्वमाप्नोति सर्वमादत्ते सर्वमत्ति[4] च तस्मादुच्यते आत्मेति। अथ कस्मादुच्यते महेश्वर इति। यस्मान्महत ईशः शब्दध्वन्या चात्मशक्त्या च महत ईशते तस्मादुच्यते महेश्वर इति। अथ कस्मादुच्यते दत्तात्रेय इति।

છે. હવે આ પરબ્રહ્મની જે સહજ અવિદ્યા મૂળ પ્રકૃતિ અને માયા છે, તે રાતી, ધોળી અને કાળી છે; તેની ઉપર સહાયવાળા થઈ, એ દેવ કાળા અને પીળા થઈને મારા તથા સર્વના ઈશ્વર નિયંતા

---

१ सहजया २ मायाकृतिः ३ बृहती ब्रह्मयति ४ सर्वमिति च

થાય છે. તે આ એમનું સકલ-નિષ્કલ રૂપ છે. હવે આ પરબ્રહ્મે જ્ઞાનમય તપથી વૃદ્ધિ પામીને ઇચ્છ્યું હતું કે, 'હું અનેક રૂપે ઉત્પન્ન થાઉં.' પછી એમણે તપશ્ચર્યા કરી, ત્યારે સત્ય કામનાવાળા એમના થકી ત્રણ અક્ષરો ઉત્પન્ન થયા; તેમ જ ત્રણ આકૃતિઓ, ત્રણ પદોવાળી ગાયત્રી, ત્રણ વેદો, ત્રણ દેવો, ત્રણ વર્ણો અને ત્રણ અગ્નિઓ પ્રગટ થયા. જે એ દેવ ભગવાન હોઈ સર્વ ઐશ્વર્યોથી યુક્ત, સર્વવ્યાપી, સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલા, માયાવી અને માયા સાથે ક્રીડા કરે છે, તે જ બ્રહ્મા, તે જ વિષ્ણુ, તે જ રુદ્ર, તે જ ઇંદ્ર, તે જ બધા દેવોરૂપ અને તે જ બધાં ભૂતોરૂપ છે. તે જ આગળ, તે જ પાછળ, તે જ ઉત્તર તરફ, તે જ દક્ષિણ બાજુ, તે જ નીચે અને તે જ ઉપર છે. એમ તે જ બધું છે. એ દેવ પોતાની શક્તિ સાથે ક્રીડા કરનારા અને ભક્તો ઉપર કૃપા કરનારા છે. એમનું શરીર દત્તાત્રેયરૂપ, સુંદર રૂપવાળું, વસ્ત્ર વિનાનું, કમળની પાંખડી જેવું કોમળ, ચાર ભુજાઓવાળું, ભયંકરતા વિનાનું અને પાપ વિનાનું હોઈ પ્રકાશે છે. તે આ એમનું સકલ રૂપ છે.' ૧

પછી એ અથર્વાને શાંડિલ્યે પૂછ્યું : 'હે ભગવન્! માત્ર સત્સ્વરૂપ ત્યાગ ચૈતન્ય અને આનંદરૂપ એક રસવાળું એ પરબ્રહ્મ શાથી કહેવાય છે?' ત્યારે અથર્વા બોલ્યા : 'તે પોતે વૃદ્ધિ પામે છે અને સર્વને વૃદ્ધિ પમાડે છે, માટે તે પરબ્રહ્મ કહેવાય છે. વળી તે આત્મા શાથી કહેવાય છે કે, સર્વમાં વ્યાપી રહે છે, સર્વને ગ્રહણ કરે છે અને સર્વને ખાઈ જાય છે, માટે તે આત્મા કહેવાય છે. હવે તે મહેશ્વર શાથી કહેવાય છે કે શબ્દધ્વનિ તથા આત્મશક્તિથી તે મોટાઓના નિયંતા છે અને મોટાઓના ઈશ્વર છે, માટે મહેશ્વર કહેવાય છે. વળી તે દત્તાત્રેય શાથી કહેવાય છે કે અતિ દુશ્ચર તપશ્ચર્યા કરીને અત્રિ ઋષિએ પુત્રની

यस्मात्सुदुश्चरं तपस्तप्यमानायात्रये पुत्रकामायातितरां तुष्टेन भगवता ज्योतिर्मयेनात्मैव दत्तो यस्माच्चानसूयायामत्रेस्तनयोऽभवत्तस्मादुच्यते दत्तात्रेय इति । अथ योऽस्य निरुक्तानि वेद स सर्वं वेद । अथ यो ह वै विद्ययैनं परमुपास्ते सोऽहमिति स ब्रह्मविद्भवति ॥ अत्रैते श्लोका भवन्ति ॥ दत्तात्रेयं शिवं शान्तमिन्द्रनीलनिभं प्रभुम् । आत्ममायारतं देवमवधूतं दिगम्बरम् ॥ १ ॥ भस्मोद्धूलितसर्वाङ्गं जटाजूटधरं विभुम् । चतुर्बाहुमुदाराङ्गं प्रफुल्लकमलेक्षणम् ॥ २ ॥ ज्ञानयोगनिधिं विश्वगुरुं योगिजनप्रियम् । भक्तानुकम्पिनं सर्वसाक्षिणं सिद्धसेवितम् ॥ ३ ॥ एवं यः सततं ध्यायेद्देवदेवं सनातनम् । स मुक्तः सर्वपापेभ्यो निःश्रेयसमवाप्नुयात् ॥४॥ इत्योंसत्यमित्युपनिषत् ॥

इति तृतीयोऽध्यायः ॥ ३ ॥

ॐ भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः ॥ स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेम देवहितं यदायुः ॥ स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः ॥ स्वस्ति नः पूषा विश्ववेदाः ॥ स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः ॥ स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः

॥ इति शाण्डिल्योपनिषत्समाप्ता ॥

ઇચ્છા કરી, ત્યારે તેમના ઉપર અત્યંત પ્રસન્ન થયેલા જ્યોતિર્મય ભગવાને પોતાનું જ સ્વરૂપ તેમને પુત્રરૂપે આપ્યું અને તે અત્રિથી પોતે પુત્રરૂપે અનસૂયામાં જન્મ્યા, તેથી દત્તાત્રેય કહેવાય છે. આ સાર્થક નામોને વ્યુત્પત્તિ સાથે જે જાણે છે, તે બધું જાણે છે. વળી જે વિદ્યા વડે તે પરમાત્માને ઉપાસે છે, તે 'હું જ પરમાત્મા છું' એમ બ્રહ્મવેત્તા બને છે. અહીં આ શ્લોકો છે: મંગલસ્વરૂપ, શાંત, ઇંદ્રનીલમણિ જેવા શ્યામ, આત્મમાયા સાથે રમતા, અવધૂત, દિગંબર, ભસ્મ લગાવેલ શરીરવાળા, જટાજૂટ ધારણ કરતા, વ્યાપક, ચાર ભુજાવાળા' ઉદાર અંગોવાળા, પ્રફુલ્લ કમળ જેવાં નેત્રોવાળા, જ્ઞાનયોગના ભંડાર, વિશ્વના ગુરુ, યોગી લોકોને પ્રિય, ભક્તો પર દયાવાળા, સર્વના સાક્ષી અને સિદ્ધોથી સેવાયલા પ્રભુ દત્તાત્રેય દેવ સનાતન છે અને દેવોના પણ દેવ છે, એમ નિરંતર તેમનું જે ધ્યાન કરે છે, તે સર્વ પાપોથી મુક્ત થઈ મોક્ષને પામે છે. ૧–૪ ઇતિ ૐ સત્યમ્ આમ આ ઉપનિષદ સમાપ્ત થાય છે.'

ત્રીજો અધ્યાય સમાપ્ત

ૐ, હે પૂજ્ય દેવો! અમે કાનો વડે કલ્યાણ સાંભળીએ, આંખો વડે કલ્યાણ જોઈએ, સુદૃઢ અંગો તથા દેહો વડે તમારી સ્તુતિ કરતા રહીએ અને દેવોએ અમારા માટે નક્કી કરેલું આયુષ અમે ભોગવીએ.

મોટી કીર્તિવાળા ઇંદ્ર અમારું કલ્યાણ કરો, સર્વને જાણનારા પુષાદેવ અમારું કલ્યાણ કરો, અટકાવી ન શકાય એવી ગતિવાળા ગરુડ અમારું કલ્યાણ કરો અને બૃહસ્પતિ અમારું કલ્યાણ કરો! ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ શાણ્ડિલ્ય ઉપનિષદ સમાપ્ત

# निर्वाणोपनिषत्

शान्तिपाठ—ॐ वाङ्मे मनसि प्रतिष्ठिता मनो मे वाचि प्रतिष्ठितमाविरावीर्म एधि वेदस्य म आणीस्थः श्रुतं मे माप्रहासीरनेनाधीतेनाहोरात्रान्संदधाम्यृतं वदिष्यामि। सत्यं वदिष्यामि। तन्मामवतु। तद्वक्तारमवतु। अवतु माम्। अवतु वक्तारमवतु वक्तारम्॥

ॐ शान्तिः शान्तिः शान्तिः॥

**अथ निर्वाणोपनिषदं व्याख्यास्यामः। परमहंसः सोऽहम्। परिव्राजकाः पश्चिमलिङ्गाः। मन्मथक्षेत्रपालाः। गगनसिद्धान्तः अमृतकल्लोलनदी। अक्षयं निरञ्जनम्। निःसंशय ऋषिः। निर्वाणो देवता। निष्कुलप्रवृत्तिः। निष्केवलज्ञानम्। ऊर्ध्वाम्नायः। निरालम्बपीठः। संयोगदीक्षा। वियोगोपदेशः। दीक्षासंतोषपानं च। द्वादशादित्यावलोकनम्। विवेकरक्षा। करुणैव केलिः। आनन्दमाला। [1]एकान्तगुहायां मुक्तासनसुखगोष्ठी। अकल्पितभिक्षाशी। हंसाचारः। सर्वभूतान्तर्वर्ती हंस इति प्रतिपादनम्। धैर्यकन्था। उदासीनकौपीनम्। विचारदण्डः। ब्रह्मावलोकयोगपट्टः। श्रियां**

---

१ एकासनगुहायां

# ૧૪–નિર્વાણ ઉપનિષદ

**શાંતિપાઠ**—ૐ મારી વાણી મનમાં સ્થિર થાઓ, મારું મન વાણીમાં સ્થિર થાઓ; હે સ્વયંપ્રકાશ આત્મા ! મારી સમક્ષ તું પ્રગટ થા. હે વાણી અને મન ! તમે બન્ને મારા વેદજ્ઞાનનો આધાર છો; માટે મારા વેદાભ્યાસનો નાશ કરશો મા. આ વેદાભ્યાસમાં જ હું રાત–દિવસ ગાળું છું; હું ઋત બોલીશ, સત્ય બોલીશ, મારું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો, મારું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

હવે નિર્વાણ ઉપનિષદનું વ્યાખ્યાન કરીએ છીએ. તે હું પરમહંસ છું. સંન્યાસીઓ છેલ્લી સ્થિતિરૂપ ચિહ્નવાળા હોય છે. કામદેવને( રોકવામાં ) ક્ષેત્રપાલ જેવા હોય છે, આકાશ જેવો ( નિર્લેપ ) તેમનો સિદ્ધાંત હોય છે. અમૃતના તરંગોવાળી ( આત્મારૂપ ) તેમની નદી હોય છે; અક્ષય અને નિર્લેપ તેમનું સ્વરૂપ હોય છે. નિઃસંશય( આત્મા ) એ જ તેમનો માન્ય ઋષિ–વેદ છે, નિર્વાણ( મોક્ષ ) એ જ તેમનો દેવતા છે; તેમની પ્રવૃત્તિ કુળ વિનાની હોય છે; તેમનું જ્ઞાન સર્વ ઉપાધિથી મુક્ત છે; ઉચ્ચ સ્થિતિ માટેનો તેમનો અભ્યાસ હોય છે; આશ્રય–રહિત બનવું એ આસન છે, પરમાત્મા સાથે સંયોગ એ દીક્ષા છે, સંસારથી છૂટવું એ ઉપદેશ છે; દીક્ષા લઈ સંતોષ રાખવો એ પીણું છે, બારે સૂર્યોનાં તેઓ દર્શન કરે છે; વિવેકની રક્ષા કરે છે; દયા એ જ તેમની ક્રીડા–રમત છે; આનંદ એ માળા છે; એકાંતે આસન લગાડી સુખ સાથે તેની ગોષ્ઠી છે; પોતાને માટે નહિ બનાવેલી ભિક્ષા તેમનું ભોજન છે; હંસ જેવો આચાર હોય છે, સર્વ પ્રાણીઓની અંદર રહેનારો આત્મા એ જ હંસ છે, એમ તેઓ સિદ્ધ કરે છે; ધૈર્ય તેમની ગોદડી છે, ઉદાસીન

पादुका । परेच्छाचरणम् । कुण्डलिनीबन्धः । परापवादमुक्तो जीवन्मुक्तः । शिवयोगनिद्रा च । खेचरीमुद्रा च । परमानन्दी । निर्गतगुणत्रयम् । विवेकलभ्यम् । मनोवागगोचरम् । अनित्यं जगद्यज्जनितं स्वप्नजगदभ्रगजादितुल्यम् । तथा देहादिसंघातं मोहगुणजालकलितं तद्रज्जुसर्पवत्कल्पितम् । विष्णुविध्यादिशताभिधानलक्ष्यम् । अङ्कुशो मार्गः । शून्यं न संकेतः परमेश्वरसत्ता । सत्यसिद्धयोगो मठः । अमरपदं तत्स्वरूपम् । आदिब्रह्मस्वसंवित् । अजपा गायत्री । विकारदण्डो[1] ध्येयः । मनोनिरोधिनी कन्था । योगेन सदानन्दस्वरूपदर्शनम् । आनन्दभिक्षाशी । महाश्मशानेऽप्यानन्दवने वासः । एकान्तस्थानम् । आनन्दमठम् । उन्मन्यवस्था । शारदा चेष्टा । उन्मनी गतिः । निर्मलगात्रम् । निरालम्बपीठम् । अमृतकल्लोलानन्दक्रिया । पाण्डरगगनम् । महासिद्धान्तः । शमदमादिदिव्यशक्त्याचरणे क्षेत्रपात्रपटुता । परावरसंयोगः । तारकोपदेशः । अद्वैतसदानन्दो देवता । नियमः स्वान्तरिन्द्रियनिग्रहः । भयमोहशोकक्रोध-

વૃત્તિ લંગોટી છે, વિચાર દાંડો છે, બ્રહ્મદર્શન યોગપટ્ટ છે, સંપત્તિઓ તેમની પાવડી છે; (એટલે સંપત્તિઓને તો પગ તળે રહેનારી ચાખડી જેવી ઊતરતી તેઓ ગણે છે.) પરમાત્માની ઇચ્છા એ જ તેમનું આચરણ છે; કુંડલિની બંધ છે; બીજાઓની નિંદાથી રહિત (એવો ત્યાગી) જીવન્મુક્ત થઈ શકે છે; મંગળસ્વરૂપ પરમાત્મા સાથેનો યોગ એ તેની નિદ્રા હોય છે; ખેચરીમુદ્રા ધારણ કરે છે; પરમ આનંદી રહે છે; બ્રહ્મ ત્રણે

1 दण्डो धार्यः

ગુણોથી રહિત છે, અને વિવેક વડે તે મેળવાય છે. મન અને વાણીનું અવિષય છે. જગત અનિત્ય છે. તેમાં જે જન્મેલું છે, તે સ્વપ્નના જગત જેવું અને આકાશના હાથી જેવું મિથ્યા છે; તેમ જ દેહ આદિ સમુદાય મોહના ગુણોથી યુક્ત છે; એ બધું દોરડીમાં ભ્રાંતિથી કલ્પેલા સર્પ જેવું કલ્પિત છે. વિષ્ણુ, બ્રહ્મા આદિ સેંકડો નામવાળું બ્રહ્મ લક્ષ્ય છે; ઇંદ્રિયો વગેરે પર અંકુશ રાખવો એ માર્ગ છે; શૂન્ય એ સંકેત નથી; પરમેશ્વરની સત્તા છે; સાચો ને સિદ્ધ થયેલો યોગ (સંન્યાસીનો) મઠ છે; અમર પદ એ સ્વરૂપ છે; આદિ બ્રહ્મ પોતે જ છે, એ જ્ઞાન છે, અજપા (હંસ-મંત્ર) ગાયત્રી છે; વિકાર ઉપરનો કાબૂ ધ્યેય છે; મનને રોકનારી વૃત્તિ એ કંથા છે; યોગ વડે સદા આનંદસ્વરૂપનું તે દર્શન કરે છે; આનંદરૂપ ભિક્ષાનું ભોજન કરે છે; મહાસ્મશાનમાં પણ આનંદરૂપ વનમાં તેનો વાસ હોય છે; એકાંત તેનું સ્થાન હોય છે; આનંદ એ જ મઠ છે; મનરહિત સ્થિતિવાળી અવસ્થા અને ઉજ્જવળ ચેષ્ટા હોય છે; મન વિનાની સ્થિતિ એ જ તેની ગતિ છે; તેનું શરીર નિર્મળ છે; નિરાશ્રય સ્થિતિ આસન છે; અમૃતના તરંગોવાળી આનંદયુક્ત ક્રિયા છે; શુદ્ધ પરમાત્મા તેનું આકાશ છે; મહાન આત્મા એ જ સિદ્ધાંત છે; શમ–દમ આદિ દિવ્ય શક્તિઓના આચરણમાં ક્ષેત્ર તથા પાત્રને અનુસરવું એ ચતુરાઈ છે; પરાવર–બ્રહ્મ સાથે સંયોગ હોય છે; તારક બ્રહ્મનો ઉપદેશ તે કહે છે; અદ્વૈત સદાનંદ એ જ તેનો દેવ છે; પોતાના અંતરની ઇંદ્રિયોનો નિગ્રહ એ નિયમ છે; ભય, મોહ, શોક અને ક્રોધનો ત્યાગ એ જ ત્યાગ છે; પરબ્રહ્મ સાથેની એકતાના રસનો તે સ્વાદ લે છે; અનિયામકપણું (એટલે કોઈને વશ ન કરવાં અથવા કોઈનો તિરસ્કાર ન કરવો) એ તેની નિર્મળ શક્તિ છે; સ્વયંપ્રકાશ બ્રહ્મતત્ત્વમાં શિવ–શક્તિથી સંપુટિત પ્રપંચનો તે

त्यागस्त्यागः। परावरैक्यरसास्वादनम्। अनियामकत्वनिर्मलशक्तिः। स्वप्रकाशब्रह्मतत्त्वे शिवशक्तिसंपुटितप्रपञ्चच्छेदनम्। तथा पत्राक्षाक्षिकमण्डलुः। भावाभावदहनम्। बिभ्रत्याकाशाधारम्। शिवं तुरीयं यज्ञोपवीतम्। तन्मया शिखा। चिन्मयं चोत्सृष्टिदण्डम्। संतताक्षिकमण्डलुम्। कर्मनिर्मूलनं कन्था। मायाममताहंकारदहनम्। स्मशाने अनाहताङ्गी। निस्त्रैगुण्यस्वरूपानुसन्धानं समयम्। भ्रान्तिहरणम्। कामादिवृत्तिदहनम्। काठिन्यदृढकौपीनम्। चीराजिनवासः। अनाहतमन्त्रः। अक्रिययैव जुष्टम्। स्वेच्छाचारस्वस्वभावो मोक्षः परं ब्रह्म। प्लववदाचरणम्। ब्रह्मचर्यशान्तिसंग्रहणम्। ब्रह्मचर्याश्रमेऽधीत्य वानप्रस्थाश्रमेऽधीत्य ससर्वसंविन्न्यासं संन्यासम्। अन्ते ब्रह्माखण्डाकारम्। नित्यं सर्वसंदेहनाशनम्। एतन्निर्वाणदर्शनं। शिष्यं पुत्रं विना न देयमित्युपनिषत्।

ॐ वाङ्मे मनसि प्रतिष्ठिता मनो मे वाचि प्रतिष्ठितमाविरावीर्म एधि वेदस्य म आणीस्थः श्रुतं मे माप्रहासीरनेनाधीतेनाहोरात्रान्संदधाम्यृतं वदिष्यामि। सत्यं वदिष्यामि। तन्मामवतु। तद्वक्तारमवतु। अवतु माम्। अवतु वक्तारमवतु वक्तारम्॥

ॐ शान्तिः शान्तिः शान्तिः

इति निर्वाणोपनिषत्समाप्ता॥

છેદ કરે છે; તેમ જ પાંદડાં જેવી સૂક્ષ્મ ઇંદ્રિયોથી દર્શન એ જ કમંડળ છે; ભાવ તથા અભાવને બાળી નાખવા આકાશરૂપ આધારને ધારણ છે; તુરીય બ્રહ્મ જનોઈ છે; તે(બ્રહ્મ)મય શિખા છે; ચૈતન્યમય અને સંસારત્યાગ એ દંડ છે; બ્રહ્મનું નિત્યદર્શન કમંડળ છે; કર્મોને ઉખેડી નાખવાં એ કંથા છે; માયા–મમતા–અહંકારને બાળી નાખવાં, સ્મશાનમાં ખુલ્લા અંગે રહેવું, ત્રણ ગુણરહિત સ્વરૂપનું અનુસંધાન કરવામાં સમય ગાળવો, ભ્રાંતિ દૂર કરવી, કામ આદિ વૃત્તિઓને બાળી નાખવી, કઠિનતારૂપ મજબૂત લંગોટી રાખવી, ચીથરાં અને મૃગચર્મરૂપ વસ્ત્ર પહેરવાં, અનાહત નાદરૂપ મંત્ર જપવો, અક્રિયાનું જ સેવન કરવું, સ્વેચ્છાચારરૂપ આત્મસ્વભાવ–એ જ મોક્ષ અને પરબ્રહ્મ છે; નૌકા જેવું આચરણ, બ્રહ્મચર્ય દ્વારા શાંતિ ગ્રહણ કરવી, બ્રહ્મચર્યમાં ભણી લઈ વાનપ્રસ્થ–આશ્રમમાં પણ ભણીને સંપૂર્ણ જ્ઞાનયુક્ત થઈ સંન્યાસ લેવો. એ જ સંન્યાસ છે; અને અંતે બ્રહ્મરૂપ અખંડ આકારે રહેવું, તેમ જ નિત્ય સર્વ સંદેહોનો નાશ કરવો, આ નિર્વાણદર્શન છે. શિષ્ય કે પુત્ર વિના બીજાને આનો ઉપદેશ કરવો નહિ; આવું આ રહસ્ય છે.

ૐ મારી વાણી મનમાં સ્થિર થાઓ, મારું મન વાણીમાં સ્થિર થાઓ; હે સ્વયંપ્રકાશ આત્મા! મારી સમક્ષ તું પ્રગટ થા. હે વાણી અને મન! તમે બન્ને મારા વેદજ્ઞાનનો આધાર છો, માટે મારા વેદાભ્યાસનો નાશ કરશો મા. આ વેદાભ્યાસમાં જ હું રાતદિવસ ગાળું છું; હું ઋત બોલીશ, સત્ય બોલીશ, મારું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો, મારું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો, વક્તાનું રક્ષણ કરો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ નિર્વાણ ઉપનિષદ સમાપ્ત

# मण्डलब्राह्मणोपनिषत्

शान्तिपाठः—ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ॥
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः

## प्रथमं ब्राह्मणम्

ॐ याज्ञवल्क्यो ह वै महामुनिरादित्यलोकं जगाम । तमादित्यं नत्वा भो भगवन्नादित्यात्मतत्त्वमनुब्रूहीति । सहोवाच नारायणः । ज्ञानयुक्तयमाद्यष्टाङ्गयोग उच्यते । शीतोष्णाहारनिद्राविजयः सर्वदा शान्तिनिश्चलत्वं विषयेंद्रियनिग्रहश्चैते यमाः । गुरुभक्तिः सत्यमार्गानुरक्तिः सुखागतवस्त्वनुभवश्च तद्वस्त्वनुभवेन तुष्टिर्निःसङ्गता एकान्तवासो मनोनिवृत्तिः फलानभिलाषो वैराग्यभावश्च नियमाः । सुखासनवृत्तिश्चीरवासाश्चैवमासननियमो भवति । पूरककुम्भकरेचकैः षोडशचतुःषष्टिद्वात्रिंशत्संख्यया यथाक्रमं प्राणायामः । विषयेभ्य इन्द्रियार्थेभ्यो मनोनिरोधनं प्रत्याहारः । सर्वशरीरेषु चैतन्यैकतानता ध्यानम् । विषयव्यावर्तनपूर्वकं चैतन्ये चेतःस्थापनं धारणं भवति । ध्यानविस्मृतिः समाधिः । एवं सूक्ष्माङ्गानि । य एवं वेद स मुक्तिभाग्भवति ॥ १ ॥ देहस्य पञ्च दोषा भवन्ति कामक्रोधनिःश्वासभयनिद्राः । तन्निरासस्तु निःसंकल्पक्षमालघ्वाहाराप्रमादतातत्त्वसेवनम् । निद्राभयसरीसृप हिंसादितरङ्ग तृष्णावर्तं दारपङ्कं संसारवार्धिं तर्तुं

# ૧૫–મણ્ડલબ્રાહ્મણ ઉપનિષદ

**શાંતિપાઠ:**–ૐ એ બ્રહ્મ પૂર્ણ છે, આ જગત પૂર્ણ છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી આ પૂર્ણ જગત ઉત્પન્ન થાય છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત કાઢી લઈએ, તો પૂર્ણ બ્રહ્મ જ બાકી રહે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## પહેલું બ્રાહ્મણ

મહામુનિ યાજ્ઞવલ્કય સૂર્યલોકમાં ગયા ત્યારે ત્યાં સૂર્યદેવને નમસ્કાર કરી તેમણે પૂછ્યું કે, 'હે ભગવન્! સૂર્યદેવ! તમે આત્મતત્ત્વનો ઉપદેશ કરો.' એટલે સૂર્યનારાયણે કહ્યું કે, 'જ્ઞાનયુક્ત યમાદિ અષ્ટાંગયોગ કહેવાય છે. ઠંડી, ગરમી, આહાર અને ઊંઘ પર વિજય, હમેશ શાન્તિ, નિશ્ચળતા અને ઇંદ્રિયો પર કાબૂ, એ યમો છે. ગુરુભક્તિ, સત્યમાર્ગ પર પ્રીતિ, આપમેળે જે મળી આવે તેમાં સંતોષ, અનાસક્તિ, એકાંતવાસ, મન પર અંકુશ, ફળની ઇચ્છાનો અભાવ અને વૈરાગ્ય, એ નિયમો છે. સુખપૂર્વક લાંબો વખત સુધી એક જ સ્થિતિમાં બેસવું અને ચીરી (ચીંથરાં) વસ્ત્રો પહેરવાં તે આસન કહેવાય છે. સોળ માત્રાનો પૂરક, ચોસઠ માત્રાનો કુંભક અને બત્રીસ માત્રાનો રેચક, એ પ્રાણાયામ છે. ઇંદ્રિયોના વિષયોમાંથી મનને પાછું ખેંચવું એ પ્રત્યાહાર છે. વિષયોમાંથી પાછું ખેંચીને મનને ચૈતન્યમાં સ્થિર કરવું, તે ધારણા છે. 'બધા શરીરોમાં એક માત્ર ચૈતન્ય જ છે' એવું એકતાનપણું તે ધ્યાન છે અને ધ્યાન પણ ભુલાઈ જાય, એ સમાધિ છે. એ રીતે સૂક્ષ્મ અંગો છે. જે એને જાણે છે તે મુક્તિને પામનારો થાય છે.

કામ, ક્રોધ, શ્વાસ, ભય અને ઊંઘ એ પાંચ શરીરના દોષો

सूक्ष्ममार्गमवलम्ब्य सत्त्वादिगुणानतिक्रम्य तारकमवलोकयेत्। भ्रूमध्ये सच्चिदानन्दतेजःकूटरूपं तारकं ब्रह्म। तदुपायं लक्ष्यत्रयावलोकनम्। मूलाधारादारभ्य ब्रह्मरन्ध्रपर्यन्तं सुषुम्ना सूर्याभा। मृणालतन्तुसूक्ष्मा कुण्डलिनी। तत्र तमोनिवृत्तिः। तद्दर्शनात्सर्वपापनिवृत्तिः। तर्जन्यग्रोन्मीलितकर्णरन्ध्रद्वये फूत्कारशब्दो जायते। तत्र स्थिते मनसि चक्षुर्मध्यनीलज्योतिः पश्यति। एवं हृदयेऽपि। बहिर्लक्ष्यं तु नासाग्रे चतुःषडष्टदशद्वादशाङ्गुलीभिः क्रमान्नीलद्युतिश्यामत्वसदृग्रक्तभङ्गीस्फुरत्पीतवर्णद्वयोपेतं व्योमत्वं पश्यति स तु योगी। चलनदृष्ट्या व्योमभागवीक्षितुः पुरुषस्य दृष्ट्यग्रे ज्योतिर्मयूखा वर्तन्ते। तद्दृष्टिः स्थिरा भवति। शीर्षोपरि द्वादशाङ्गुलिमानं ज्योतिः पश्यति तदाऽमृतत्वमेति। मध्यलक्ष्यं तु प्रातश्चित्रादिवर्णसूर्यचन्द्रवह्निज्वालावलीवत्तद्विहीनान्तरिक्षवत्पश्यति। तदाकाराकारी भवति। अभ्यासान्निर्विकारं गुणरहिताकाशं भवति। विस्फुरत्तारकाकारगाढतमोपमं पराकाशं भवति। कालानलसमं द्योतमानं महाकाशं भवति। सर्वोत्कृष्टपरमाद्वितीयप्रद्योतमानं तत्त्वाकाशं भवति। कोटिसूर्यप्रकाशं सूर्याकाशं भवति। एवमभ्यासात्तन्मयो भवति। य एवं वेद ॥२॥ तद्योगं च द्विधा विद्धि पूर्वोत्तरविभागतः। पूर्वं तु तारकं विद्याद्-

છે. સંકલ્પરહિતપણું, ક્ષમા, ઓછો ખોરાક, નિર્ભયતા અને તત્ત્વચિન્તન એ ઉપલા દોષોને દૂર કરવાના ઉપાયો છે. જેમાં નિદ્રા તથા ભય સર્પોરૂપ છે, હિંસા વગેરે તરંગો છે, તૃષ્ણારૂપી ઘુમરીઓ છે અને સ્ત્રીરૂપી કાદવ છે; એવા સંસારસાગરને તરવા માટે સૂક્ષ્મ માર્ગનો આશ્રય કરીને તથા સત્ત્વાદિ ગુણોને ઓળંગીને

તારક બ્રહ્મનું ધ્યાન કરવું. બે ભવાંની વચમાં સચ્ચિદાનંદના તેજરૂપે તારક બ્રહ્મ રહેલું છે. અભ્યાસ વડે તેને જોવું.

તેના ઉપાયરૂપે ત્રણ લક્ષ્ય જોવાં જોઈએ. મૂળાધારથી માંડી બ્રહ્મરંધ્ર સુધી સુષુમ્ણા નામની સૂર્ય જેવી નાડી છે. મૃણાલના તાંતણા જેવી સૂક્ષ્મ કુંડલિની છે, તેમાં તમોગુણ દૂર થાય છે. તેના દર્શનથી સર્વ પાપો જતાં રહે છે. તર્જની આંગળીના ટેરવાથી કાન બંધ કરવામાં આવે છે, ત્યારે તેનાં બન્ને છિદ્રોમાં ફૂત્કાર શબ્દ થાય છે. તેમાં મન સ્થિર થાય છે, ત્યારે આંખની વચ્ચે લીલું તેજ જુએ છે. એ જ પ્રમાણે હૃદયમાં પણ જુએ છે. બહારનું લક્ષ્ય આ છે કે, નાકની આગળ ચાર, છ, આઠ, દશ અને બાર આંગળ છેટે અનુક્રમે લીલો, કાળો, લાલ, પીળો અને બીજા બે રંગથી મિશ્ર એવા તેજવાળું આકાશ જુએ છે, તે યોગી થાય છે. ચંચળ દૃષ્ટિથી આકાશના ભાગને જોતા પુરુષની દૃષ્ટિ આગળ તેજનાં કિરણો દેખાય છે. તેની દૃષ્ટિ સ્થિર થાય છે. મસ્તક ઉપર બાર આંગળ જેટલું તેજ જુએ છે, ત્યારે અમરપણું પામે છે. મધ્ય લક્ષ્ય આ છે કે, પ્રાતઃકાળમાં રંગ-બેરંગી વર્ણવાળા સૂર્ય, ચંદ્ર તથા અગ્નિની જ્વાળાઓ જેવું અને તેથી રહિત અંતરિક્ષ જેવું જુએ છે; પછી તેના આકાર જેવા આકારવાળો થાય છે. અભ્યાસથી નિર્વિકાર ગુણરહિત આકાશરૂપ થાય છે. પ્રકાશતા તારા જેવું અને અતિ ગાઢ અંધકારની ઉપમાવાળું પરાકાશ હોય છે; પ્રલયકાળના અગ્નિ જેવું પ્રકાશતું મહાકાશ હોય છે; સર્વથી ઉત્કૃષ્ટ પરમ અદ્વિતીય સ્વરૂપે પ્રકાશતું તત્ત્વાકાશ હોય છે અને કરોડો સૂર્ય જેવા પ્રકાશવાળું સૂર્યાકાશ હોય છે. એમ જે જાણે છે, તે અભ્યાસથી તન્મય થાય છે. (૨)

પૂર્વ તથા ઉત્તર એવા વિભાગથી એ યોગને તારે બે

मनस्कं तदुत्तरमिति। तारकं द्विविधम्। मूर्तितारकममूर्तितारकमिति। यदिन्द्रियान्तं तन्मूर्तितारकम्। यद्भ्रूयुगातीतं तदमूर्तितारकमिति। उभयमपि मनोयुक्तमभ्यसेत्। मनोयुक्तान्तरदृष्टिस्तारकप्रकाशाय भवति। भ्रूयुगमध्यबिले तेजस आविर्भावः। एतत्पूर्वतारकम्। उत्तरं त्वमनस्कम्। तालुमूलोर्ध्वभागे महाज्योतिर्विद्यते। तद्दर्शनादणिमादिसिद्धिः। लक्ष्येऽन्तर्बाह्यायां दृष्टौ निमेषोन्मेषवर्जितायां च इयं शाम्भवी मुद्रा भवति। सर्वतन्त्रेषु गोप्यमहाविद्या भवति। तज्ज्ञानेन संसारनिवृत्तिः। तत्पूजनं मोक्षफलदम्। अन्तर्लक्ष्यं जलज्योतिःस्वरूपं भवति। महर्षिवेद्यं अन्तर्बाह्येन्द्रियैरदृश्यम्॥ ३॥ सहस्रारे जलज्योतिरन्तर्लक्ष्यम्। बुद्धिगुहायां सर्वाङ्गसुन्दरं पुरुषरूपमन्तर्लक्ष्यमित्यपरे। शीर्षान्तर्गतमण्डलमध्यगं पञ्चवक्त्रमुमासहायं नीलकण्ठं प्रशान्तमन्तर्लक्ष्यमिति केचित्। अङ्गुष्ठमात्रः पुरुषोऽन्तर्लक्ष्यमित्येके। उक्तविकल्पं सर्वमात्मैव। तल्लक्ष्यं शुद्धात्मदृष्ट्या वा यः पश्यति स एव ब्रह्मनिष्ठो भवति। जीवः पञ्चविंशकः स्वकल्पितचतुर्विंशतितत्त्वं परित्यज्य षड्विंशः परमात्माहमिति निश्चयाज्जीवन्मुक्तो भवति। एवमन्तर्लक्ष्यदर्शनेन जीवन्मुक्तिदशायां स्वयमन्तर्लक्ष्यो भूत्वा परमाकाशाखण्डमण्डलो भवति॥ ४॥

॥ इति प्रथमं ब्राह्मणम्॥

પ્રકારે જાણવો. પૂર્વ વિભાગ તારક બ્રહ્મ છે અને ઉત્તર વિભાગ અમનસ્ક છે. તારક બ્રહ્મ બે પ્રકારનું છે: મૂર્તિતારક અને અમૂર્તિતારક. જે ઇંદ્રિયો સુધીનું છે, તે મૂર્તિતારક છે અને જે

બન્ને ભમ્મરથી આગળ છે, તે અમૂર્તિતારક છે. એ બન્નેનો મન સાથે અભ્યાસ કરવો જોઈએ; કેમ કે મનયુક્ત અંતર્દૃષ્ટિ તારક બ્રહ્મને પ્રકટ કરવા સમર્થ થાય છે. પછી બન્ને ભમ્મરની વચ્ચેના છિદ્રમાં તેજનો આવિર્ભાવ થાય છે. આ પૂર્વ વિભાગરૂપ તારક છે; પણ ઉત્તર વિભાગ તો મનરહિત હોય છે. તાળવાના મૂળની ઉપરના ભાગમાં મહાજ્યોતિ છે. તેના દર્શનથી અણિમા વગેરે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. લક્ષ્યની અંદર અને બહારની દૃષ્ટિ જ્યારે પલકારા વિનાની સ્થિર થાય છે, ત્યારે એ શાંભવી મુદ્રા થાય છે. સર્વ તંત્રોમાં ગુપ્ત રાખેલી એ મહાવિદ્યા છે. તેના જ્ઞાનથી સંસાર દૂર થાય છે. તેનું પૂજન મોક્ષરૂપ ફળને આપે છે. અંતર્લક્ષ્ય જળ જેવા જ્યોતિરૂપ છે. મહર્ષિઓ એને જાણી શકે છે. અંદરની તથા બહારની ઇંદ્રિયોથી તે અદૃશ્ય છે. (૩) સહસ્રાર દળમાં જળ જેવું જ્યોતિ અંતર્લક્ષ્ય છે, બુદ્ધિરૂપી ગુફામાં સર્વાંગસુંદર પુરુષનું સ્વરૂપ તે અંતર્લક્ષ્ય છે, એમ બીજાઓ માને છે. મસ્તકની અંદર રહેલા મંડળની વચ્ચે પાંચ મુખવાળા, પાર્વતી સહિત શંકર અતિ શાંત અંતર્લક્ષ્ય છે, એમ કેટલાક માને છે. માત્ર અંગૂઠા જેવડો પુરુષ અંતર્લક્ષ્ય છે, એમ કેટલાક કહે છે. ઉપર જણાવેલા બધાય ભેદો આત્મારૂપ જ છે. એ લક્ષ્યને શુદ્ધ આત્મદૃષ્ટિ વડે જે જુએ છે, તે જ બ્રહ્મનિષ્ઠ થાય છે. જીવ પચીસમું તત્ત્વ છે, તે પોતે કલ્પેલાં ચોવીસ તત્ત્વો ત્યજીને 'હું છવીસમો પરમાત્મા છું' આવો નિશ્ચય કરે છે; તેથી જીવન્મુક્ત થાય છે. એમ અંતર્લક્ષ્યનાં દર્શનથી જીવન્મુક્ત દશા પ્રાપ્ત થાય છે, ત્યારે પોતે અંતર્લક્ષ્યરૂપ થઈને પરમાકાશરૂપ અખંડ મંડળવાળો થાય છે.' (૪)

પ્રથમ બ્રાહ્મણ સમાપ્ત

## द्वितीयं ब्राह्मणम्

अथ ह याज्ञवल्क्य आदित्यमण्डलपुरुषं पप्रच्छ। भगवन्नन्तर्लक्ष्यादिकं बहुधोक्तम्। मया तन्न ज्ञातम्। तद्ब्रूहि मह्यम्। तदु होवाच पञ्चभूतकारणं तडित्कूटाभं तद्वच्चतुःपीठम्। तन्मध्ये तत्त्वप्रकाशो भवति। सोऽतिगूढ अव्यक्तश्च। तज्ज्ञानप्लवाधिरूढेन ज्ञेयम्। तद्बाह्याभ्यन्तर्लक्ष्यम्। तन्मध्ये जगल्लीनम्। तन्नादबिन्दुकलातीतमखण्डमण्डलम्। तत्सगुणनिर्गुणस्वरूपम्। तद्वेत्ता विमुक्तः। आदावग्निमण्डलम्। तदुपरि सूर्यमण्डलम्। तन्मध्ये सुधाचन्द्रमण्डलम्। तन्मध्येऽखण्डब्रह्मतेजोमण्डलम्। तद्विद्युल्लेखावच्छुक्लभास्वरम्। तदेव शाम्भवीलक्षणम्। तद्दर्शने तिस्रो[1] मूर्तयः अमा प्रतिपत्पूर्णिमा चेति। निमीलितदर्शनममादृष्टिः। अर्धोन्मीलितं प्रतिपत्। सर्वोन्मीलनं पूर्णिमा भवति। तासु पूर्णिमाभ्यासः कर्तव्यः तल्लक्ष्यं नासाग्रम्। यदा तालुमूले गाढतमो दृश्यते। तदभ्यासादखण्डमण्डलाकारज्योतिर्दृश्यते। तदेव सच्चिदानन्दं ब्रह्म भवति। एवं सहजानन्दे यदा मनो लीयते तदा शान्तो भवी भवति। तामेव खेचरीमाहुः। तदभ्यासान्मनःस्थैर्यम्। ततो वायुस्थैर्यम्। तच्चिह्नानि। आदौ तारकवद् दृश्यते। ततो वज्रदर्पणम्। तत उपरि पूर्णचन्द्रमण्डलम्। ततो नवरत्नप्रभामण्डलम्। ततो मध्याह्नार्कमण्डलम्। ततो वह्निशिखामण्डलं क्रमाद् दृश्यते ॥ १ ॥ तदा पश्चिमाभिमुखप्रकाशः स्फटिकधूम्रबिन्दुनादकलानक्षत्रखद्योतदीपनेत्रसुवर्णनवरत्ना-

---

१ तिस्रो दृष्टयः

## બીજું બ્રાહ્મણ

પછી યાજ્ઞવલ્ક્યે સૂર્યમંડળમાં રહેલા પુરુષને પૂછ્યું: ‘હે ભગવન્! અંતર્લક્ષ્ય આદિ અનેક પ્રકારે આપે કહ્યું, પણ તે હું ન સમજ્યો; માટે તે આપ કહો.’ ત્યારે તે નારાયણે કહ્યું: ‘પાંચ ભૂતોનું કારણ વીજળીઓના ઢગલા જેવું છે. તેવાળું ચતુઃપીઠ છે, તેની મધ્યે તત્ત્વનો પ્રકાશ થાય છે. તે અતિગૂઢ અને અસ્પષ્ટ છે. જ્ઞાનરૂપી હોડીમાં ચઢેલો મનુષ્ય તેને જાણી શકે છે, તે બહારનું તથા અંદરનું લક્ષ્ય છે. તેની મધ્યે જગત લીન છે, તે નાદ–બિંદુ કલાથી પર અખંડ મંડળ છે, તે સગુણનિર્ગુણ-સ્વરૂપ છે, તેને જાણનારો મુક્ત થાય છે. પ્રથમ અગ્નિમંડળ છે. તેના ઉપર સૂર્યમંડળ છે, તેની મધ્યે અમૃતરૂપ ચંદ્રમંડળ છે, તેની મધ્યે અખંડ બ્રહ્મનું તેજોમંડલ છે. તે વીજળીની રેખા જેવું ધોળું અને પ્રકાશમાન છે, તે જ શાંભવી મુદ્રાનું લક્ષણ છે. તેનું દર્શન થતાં ત્રણ મૂર્તિઓરૂપ દૃષ્ટિ થાય છે: અમાસ-રૂપ, પડવારૂપ અને પૂનમરૂપ. મીંચેલી દૃષ્ટિ તે અમાસરૂપ દૃષ્ટિ છે, અર્ધી મીંચેલી પડવારૂપ દૃષ્ટિ છે અને સંપૂર્ણ ઉઘાડી પૂનમ-રૂપ દૃષ્ટિ છે. આ દૃષ્ટિઓમાંથી પૂનમરૂપ દૃષ્ટિનો અભ્યાસ કરવો જોઈએ. તેનું લક્ષ્ય નાકનું ટેરવું છે. જ્યારે તાળવાના મૂળમાં ગાઢ અંધકાર દેખાય છે, ત્યારે અભ્યાસથી અખંડ મંડલાકાર જ્યોતિ દેખાય છે. તે જ સચ્ચિદાનંદ બ્રહ્મ છે. એમ સહજાનંદ-માં મન જ્યારે લીન થાય છે, ત્યારે પ્રાણી શાંત થાય છે; તેને જ ખેચરી મુદ્રા કહે છે. તેના અભ્યાસથી મન સ્થિર થાય છે. તે પછી વાયુ સ્થિર થાય છે, તેનાં ચિહ્નો આ પ્રમાણે હોય છે: પ્રથમ તારા જેવું દેખાય છે, પછી હીરાની આરસી દેખાય છે, તેના ઉપર પૂર્ણ ચંદ્રમંડળ જણાય છે, તે પછી નવે રત્નોની

दिप्रभा दृश्यन्ते । तदेव प्रणवस्वरूपम् । प्राणापानयोरैक्यं कृत्वा धृतकुम्भको नासाग्रदर्शनदृढभावनया द्विकराङ्गुलिभिः षण्मुखीकरणेन [1]प्रणवध्वनिं निशम्य मनस्तत्र लीनं भवति । तस्य न कर्मलेपः । रवेरुदयास्तमययोः किल कर्म कर्तव्यम् । एवंविधश्चिदादित्यस्योदयास्तमयाभावात्सर्वकर्माभावः । शब्दकाललयेन दिवारात्र्यतीतो भूत्वा सर्वपरिपूर्णज्ञानेनोन्मन्यवस्थावशेन ब्रह्मैक्यं भवति । उन्मन्या अमनस्कं भवति । तस्य निश्चिन्ता ध्यानम् । सर्वकर्मनिराकरणमावाहनम् । निश्चयज्ञानमासनम् । उन्मनीभावः पाद्यम् । सदाऽमनस्कमर्घ्यम् । सदादीप्तिरपारामृतवृत्तिः स्नानम् । सर्वत्र भावना गन्धः । दृक्स्वरूपावस्थानमक्षताः । चिदाप्तिः पुष्पम् । चिदग्निस्वरूपं धूपः । चिदादित्यस्वरूपं दीपः । परिपूर्णचन्द्रामृतरसस्यैकीकरणं नैवेद्यम् । निश्चलत्वं प्रदक्षिणम् । सोहंभावो नमस्कारः । मौनं स्तुतिः । सर्वसंतोषो विसर्जनमिति य एवं वेद ॥ २ ॥ एवं त्रिपुट्यां निरस्तायां निस्तरङ्गसमुद्रवन्निवातस्थितदीपवदचलसंपूर्णभावाभावविहीनकैवल्यज्योतिर्भवति । जाग्रन्निद्रान्तःपरिज्ञानेन ब्रह्मविद्भवति । सुषुप्तिसमाध्योर्मनोलयाविशेषेऽपि महदस्त्युभयोर्भेदस्तमसि लीनत्वान्मुक्तिहेतुत्वा-

પ્રભાનું મંડળ જણાય છે, પછી બપોરના સૂર્યનું મંડળ દેખાય છે અને પછી અનુક્રમે અગ્નિની શિખાનું મંડળ દેખાય છે. (૧) તે વખતે તે પશ્ચિમ તરફનો પ્રકાશ અને સ્ફટિક જેવું ભૂખરવર્ણું બિંદુ, નાદ, કલા, નક્ષત્ર, પતંગિયું, દીવો અને નેત્ર જેવાં નવ રત્નો વગેરેની પ્રભા દેખાય છે. તે જ પ્રણવનું સ્વરૂપ છે. પ્રાણ તથા અપાનને એક કરી કુંભક ધારણ કરે અને પછી નાકને ટેરવે દૃષ્ટિ રાખી

1 प्रणवादिध्वनिं

દૃઢ ભાવનાથી બે હાથની આંગળીઓ વડે ષણ્મુખી મુદ્રા કરીને પ્રણવનો નાદ સાંભળે છે; પછી તેમાં મન લીન થાય છે; તેને કર્મોનો લેપ નથી. સૂર્યના ઉદય તથા અસ્તમાં કર્મ કરવાનાં હોય છે; પરંતુ ચૈતન્યરૂપ સૂર્યનો તો ઉદય કે અસ્ત છે જ નહિ, તેથી તેનાં દર્શન કરનારને કોઈ કર્મો રહેતાં જ નથી. શબ્દ અને કામનો લય થવાથી મનુષ્ય દિવસ ને રાતથી રહિત થાય છે; પછી સર્વનું પરિપૂર્ણ જ્ઞાન થવાથી ઉન્મની અવસ્થા પ્રાપ્ત થાય છે. તેને લીધે બ્રહ્મ સાથે એકતા થાય છે. ઉન્મની-અવસ્થાથી મનરહિત સ્થિતિ થાય છે. નિશ્ચિંત અવસ્થા તેનું ધ્યાન છે; સર્વ કર્મો દૂર કરવાં તે આવાહન છે; નિશ્ચયજ્ઞાન તે આસન છે; મનરહિત થવું તે પાદ્ય છે; નિત્ય મનરહિત સ્થિતિ તે અર્ઘ્ય છે; નિત્યનો પ્રકાશ અને અપાર અમૃતરૂપ વૃત્તિ તે સ્નાન છે; બ્રહ્મ એવી ભાવના તે ચંદન છે; દર્શન સ્વરૂપે સ્થિતિ તે અક્ષત છે; ચૈતન્યની પ્રાપ્તિ તે પુષ્પ છે; ચૈતન્યરૂપ અગ્નિનું સ્વરૂપ તે ધૂપ છે; ચૈતન્યરૂપ સૂર્યનું સ્વરૂપ દીવો છે; પરિપૂર્ણ ચંદ્રના અમૃતરસની એકતા કરવી તે નૈવેદ્ય છે; નિશ્ચલતા એ પ્રદક્ષિણા છે; 'તે હું છું'' એવો ભાવ તે નમસ્કાર છે; મૌન એ સ્તુતિ છે અને સર્વ પ્રકારે સંતોષ તે વિસર્જન છે. જે એમ જાણે છે તે બ્રહ્મરૂપ થાય છે. (૨)

એમ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનરૂપ ત્રિપુટી દૂર થાય છે, ત્યારે તરંગ વિનાના સમુદ્ર જેવો અને વાયુ વિનાના પ્રદેશમાં રહેલા દીવા જેવો અચળ, સંપૂર્ણ, ભાવ–અભાવથી રહિત કેવળ જ્યોતિ-રૂપ થાય છે. જાગ્રત અને નિદ્રામાં પણ જ્ઞાન રહેવાથી બ્રહ્મવેત્તા થાય છે. સુષુપ્તિ તથા સમાધિમાં મનનો લય જો કે સમાન જ હોય છે, પરંતુ તે બન્નેમાં મોટો તફાવત છે; કેમ કે સુષુપ્તિમાં મન અજ્ઞાનમાં લય પામ્યું હોય છે, તેથી મુક્તિનું કારણ હોતું

भावाच्च। समाधौ मृदितमोविकारस्य तदाकाराकारिताखण्डाकारवृत्त्यात्मकसाक्षिचैतन्ये प्रपञ्चलयः संपद्यते प्रपञ्चस्य मनःकल्पितत्वात्। ततो भेदाभावात् कदाचिद्बहिर्गतेऽपि मिथ्यात्वभानात्। सकृद्विभातसदानन्दानुभवैकगोचरो ब्रह्मवित्तदैव भवति। यस्या संकल्पनाशः स्यात्तस्या मुक्तिः करे स्थिता। तस्माद्भावाभावौ परित्यज्य परमात्मध्यानेन मुक्तो भवति। पुनःपुनः सर्वावस्थासु ज्ञानज्ञेयौ ध्यानध्येयौ लक्ष्यालक्ष्ये दृश्यादृश्ये चोहापोहादि परित्यज्य जीवन्मुक्तो भवेत्। य एवं वेद ॥३॥ पञ्चावस्थाः जाग्रत्स्वप्नसुषुप्तितुरीयतुरीयातीताः। जाग्रति प्रवृत्तो जीवः प्रवृत्तिमार्गासक्तः। पापफलनरकादिमांस्तु शुभकर्मफलस्वर्गमस्त्विति काङ्क्षते। स एव स्वीकृतवैराग्यात्कर्मफल[1]जन्माऽलं संसारबन्धनमलमिति विमुक्त्यभिमुखो निवृत्तिमार्गप्रवृत्तो भवति। स एव संसारतारणाय गुरुमाश्रित्य कामादि त्यक्त्वा विहितकर्माचरन्साधनचतुष्टयसंपन्नो हृदयकमलमध्ये भगवत्सत्तामात्रान्तर्लक्ष्यरूपमासाद्य सुषुप्त्यवस्थाया मुक्तब्रह्मानन्दस्मृतिं लब्ध्वा एक एवाहमद्वितीयः कंचित्कालमज्ञानवृत्त्या विस्मृतजाग्रद्वासनानुफलेन तैजसोऽस्मीति तदुभयनिवृत्त्या प्राज्ञ इदानीमस्मीत्यहमेक एव स्थानभेदाद-

નથી; પણ સમાધિમાં તમોગુણના વિકાર નાશ પામતાં તદાકાર અને અખંડાકાર બનેલી વૃત્તિસ્વરૂપ સાક્ષી–ચૈતન્યમાં પ્રપંચનો લય થાય છે; કેમ કે પ્રપંચ મનનો જ કલ્પેલો છે. પછી ભેદ રહેતો નથી; એટલે કોઈ વખતે સમાધિમાંથી બહાર નીકળ્યો હોય, ત્યારે પણ પ્રપંચ મિથ્યા જણાય છે. એક જ વાર સદાનંદનો અનુભવ પ્રકાશ્યો, એટલે તે જ એક વિષય બને છે અને

---

१ जन्मसंसार

ત્યારે જ મનુષ્ય બ્રહ્મવેત્તા થાય છે. જેના સંકલ્પનો નાશ થયો હોય, તેના હાથમાં જ મુક્તિ રહેલી છે; માટે ભાવ તથા અભાવનો ત્યાગ કરી પરમાત્માનું ધ્યાન કરવાથી મુક્ત થાય છે. વારંવાર દરેક અવસ્થામાં જ્ઞાન તથા જ્ઞેયનો, ધ્યાન તથા ધ્યેયનો, લક્ષ્ય તથા અલક્ષ્યનો, દશ્ય તથા અદશ્યનો અને ઊહાપોહ વગેરેનો ત્યાગ કરી મનુષ્ય જીવન્મુક્ત થાય છે. જે એમ જાણે છે તે બ્રહ્મને પામે છે. (૩)

જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરીય અને તુરીયાતીત–એમ પાંચ અવસ્થાઓ છે. તેમાંથી જાગ્રત અવસ્થામાં રહેલો જીવ પ્રવૃત્તિમાર્ગમાં આસક્ત થાય છે; પાપનાં ફળરૂપે નરક વગેરેને પામે છે; શુભ કર્મનું ફળ સ્વર્ગ મને પ્રાપ્ત થાઓ, એમ ઇચ્છે છે; તે જ જીવ વૈરાગ્ય સ્વીકારે છે તો તેથી કર્મનાં ફળરૂપ જન્મ અને સંસારરૂપ બંધનથી હવે બસ છે, એવી વૃત્તિવાળો થઈ મુક્તિ તરફ વળે છે અને નિવૃત્તિમાર્ગમાં પ્રવર્તે છે; પછી તે જ જીવ સંસારને તરવા માટે ગુરુનો આશ્રય કરી કામાદિનો ત્યાગ કરે છે અને વેદોક્ત કર્મો કરતો ચાર સાધનોથી યુક્ત થાય છે; જેથી હૃદયકમળની મધ્યે માત્ર ભગવાનની સત્તારૂપ અંતર્લક્ષ્ય પ્રાપ્ત કરે છે; અને સુષુપ્તિ–અવસ્થાથી રહિત બ્રહ્માનંદનું સ્મરણ પામીને 'હું એક જ અદ્વિતીય છું, પણ કેટલોક કાળ અજ્ઞાનની વૃત્તિને લીધે આત્મસ્વરૂપને હું ભૂલી ગયો હતો અને જાગ્રત અવસ્થાની વાસનાના ફળરૂપે સ્વપ્નમાં હું તૈજસ છું, એમ માનતો હતો; તેમ જ જાગ્રત અને સ્વપ્ન એ બન્ને અવસ્થાઓ દૂર થયા પછી (સુષુપ્તિમાં) હવે હું પ્રાજ્ઞ છું, એમ માનતો હતો; પરંતુ હવે હું એક જ છું, એમ અનુભવું છું; એ તો સ્થાનના ભેદથી જુદી જુદી અવસ્થાઓ જ હતી; પણ

वस्थाभेदस्य परंतु नहि मदन्यदिति जातविवेकः शुद्धाद्वैतब्रह्माहमिति चिदागन्धं निरस्य स्वान्तर्विजृम्भितभानुमण्डलध्यानतदाकाराकारित-परंब्रह्माकारितमुक्तिमार्गमारूढः परिपक्वो भवति। संकल्पादिकं मनो बन्धहेतुः। तद्वियुक्तं मनो मोक्षाय भवति। तद्वांश्चक्षुरादिबाह्यप्रपञ्चो-परतो विगतप्रपञ्चगन्धः सर्वजगदात्मत्वेन पश्यंस्त्यक्ताहंकारो ब्रह्माह-मस्मीति चिन्तयन्निदं सर्वं यदयमात्मेति भावयन्कृतकृत्यो भवति ॥४। सर्वपरिपूर्णतुरीयातीतब्रह्मभूतो योगी भवति। तं ब्रह्मेति स्तुवन्ति। सर्वलोकस्तुतिपात्रः सर्वदेशसंचारशीलः परमात्मगगने बिन्दुं निक्षिप्य शुद्धाद्वैताजाड्यसहजामनस्कयोगनिद्राखण्डानन्दपदा-नुवृत्त्या जीवन्मुक्तो भवति। तच्चानन्दसमुद्रमग्ना योगिनो भवन्ति। तदपेक्षया इन्द्रादयः स्वल्पानन्दाः। एवं प्राप्तानन्दः परमयोगी भवतीत्युपनिषत् ॥५॥

॥ इति द्वितीयं ब्राह्मणम् ॥

## तृतीयं ब्राह्मणम्

याज्ञवल्क्यो महामुनिर्मण्डलपुरुषं पप्रच्छ स्वामिन्नमनस्कलक्षण-मुक्तमपि विस्मृतं पुनस्तल्लक्षणं ब्रूहीति। तथेति मण्डलपुरुषोऽब्रवीत्। इदममनस्कमतिरहस्यम्। यज्ज्ञानेन कृतार्थो भवति तन्नित्यं शांभ-वीमुद्रान्वितम्। परमात्मदृष्ट्या तत्प्रत्ययलक्ष्याणि दृष्ट्वा तदनु सर्वे-

મારાથી જુદું કંઈ છે જ નહિ' આવો તેને વિવેક થાય છે અને 'શુદ્ધ અદ્વૈત બ્રહ્મ હું છું' આવા અનુભવને લીધે ભેદની સર્વ વાસનાઓ દૂર કરી, પોતાની અંદર પ્રકાશેલા તેજોમંડળના ધ્યાનથી

તદાકાર બની, પરબ્રહ્મના સ્વરૂપને પામી, મુક્તિમાર્ગે આરૂઢ થાય છે અને પરિપક્વ બને છે. સંકલ્પ વગેરેને પામેલું મન બંધનનું કારણ થાય છે અને સંકલ્પોથી રહિત થયેલું મન મોક્ષ માટે થાય છે. (જીવતાં) મોક્ષ પામેલો આત્મા ચક્ષુ આદિ બાહ્ય પ્રપંચથી ઉપરામ પામે છે; તેનામાં પ્રપંચની ગંધ પણ રહેતી નથી; બધા જગતને તે આત્મારૂપે જુએ છે; અહંકાર તજે છે અને 'હું બ્રહ્મ છું' એમ ચિંતવતો 'આ બધું આત્મા છે' એવી ભાવના કરે છે અને કૃતકૃત્ય થાય છે. (૪) એ યોગી સર્વ પ્રકારે પરિપૂર્ણ થઈ તુરીયાતીત બ્રહ્મસ્વરૂપ થાય છે. 'એ બ્રહ્મ છે' એમ લોકો તેની સ્તુતિ કરે છે. એમ સર્વ લોકોની સ્તુતિનું તે પાત્ર બને છે; સર્વ દેશોમાં સંચાર કરવાના સ્વભાવવાળો થાય છે અને પરમાત્મારૂપ આકાશમાં બિંદુ સ્થાપી શુદ્ધ અદ્વૈત, જડતા વિનાની અને સહજ મનરહિત સ્થિતિરૂપ યોગનિદ્રામાં અખંડ આનંદપદનું અનુસરણ કરવાથી જીવન્મુક્ત થાય છે. એવા યોગીઓ તે આનંદસમુદ્રમાં મગ્ન થાય છે. ઇંદ્ર વગેરેને પણ તેઓના કરતાં ઘણો જ ઓછો આનંદ હોય છે. એમ પ્રાપ્ત થયેલા આનંદવાળો પરમ યોગી થાય છે, આવું આ રહસ્ય છે.'૫

બીજું બ્રાહ્મણ સમાપ્ત

## ત્રીજું બ્રાહ્મણ

મહામુનિ યાજ્ઞવલ્ક્યે સૂર્યમંડળમાં રહેલા પુરુષને પૂછ્યું કે, 'હે સ્વામિન્! અમનસ્ક સ્થિતિનું લક્ષણ તમે કહ્યું, પણ તે ભુલાઈ ગયું છે; માટે ફરી તેનું લક્ષણ તમે કહો.' 'બહુ સારું' એમ કહી એ મંડલપુરુષ બોલ્યા: 'આ અમનસ્ક સ્થિતિનું સ્વરૂપ અતિરહસ્ય છે; તેના જ્ઞાનથી મનુષ્ય કૃતાર્થ થાય છે. તે હંમેશાં શાંભવી મુદ્રાથી યુક્ત હોય છે. પરમાત્મ-

ऽमप्रमेयमजं शिवं परमाकाशं निरालम्बमद्वयं ब्रह्मविष्णुरुद्रादीनामेकलक्ष्यं सर्वकारणं परंब्रह्मात्मन्येव पश्यमानो गुहाविहरणमेव निश्चयेन ज्ञात्वा भावाभावादिद्वन्द्वातीतः संविदितमनोन्मन्यनुभवस्तदनन्तरमखिलेन्द्रियक्षयवशादमनस्कसुखब्रह्मानन्दसमुद्रे मनःप्रवाहयोगरूपनिवातस्थितदीपवदचलं परंब्रह्म प्राप्नोति। ततः शुष्कवृक्षवन्मूर्च्छानिद्रामयनिःश्वासोच्छ्वासाभावान्नष्टद्वन्द्वःसदाचञ्चलगात्रः परमशान्तिं स्वीकृत्य मनःप्रचारशून्यं परमात्मनि लीनं भवति। पयःस्रावानन्तरं धेनुस्तनक्षीरमिव सर्वेन्द्रियवर्गे परिनष्टे मनोनाशो भवति तदेवामनस्कम्। तदनु नित्यशुद्धः परमात्माहमेवेति तत्त्वमसीत्युपदेशेन त्वमेवाहमहमेव त्वमिति तारकयोगमार्गेणाखण्डानन्दपूर्णः कृतार्थो भवति ॥ १ ॥ परिपूर्णपराकाशमग्नमनाः प्राप्तोन्मन्यवस्थः संन्यस्तसर्वेन्द्रियवर्गः अनेकजन्मार्जितपुण्यपुञ्जपक्वकैवल्यफलोऽखण्डानन्दनिरस्तसर्वक्लेशकश्मलो ब्रह्माहमस्मीति कृतकृत्यो भवति। त्वमेवाहं न भेदोऽस्ति पूर्णत्वात्परमात्मनः। इत्युच्चरन्समालिङ्ग्य शिष्यं ज्ञप्तिमनीनयत् ॥२॥

॥ इति तृतीयं ब्राह्मणम् ॥

દૃષ્ટિથી તેમને અનુભવવાનાં લક્ષ્યો જોયા પછી સર્વના ઈશ્વર, પ્રમાણોથી જાણવા અશક્ય, શિવ, પરમાકાશ, નિરાશ્રય, અદ્વૈત, બ્રહ્મા–વિષ્ણુ–રુદ્ર–આદિના એકલક્ષ્યરૂપ અને સર્વના કારણરૂપ પરબ્રહ્મને પોતાના આત્મામાં જ જોતો પુરુષ હૃદયરૂપ ગુફામાં જ તેમના વિહારને નિશ્ચયપૂર્વક જાણીને ભાવ–અભાવ આદિ દ્વંદ્વોથી

રહિત થઈ મનની ઉન્મની અવસ્થાનો અનુભવ કરે છે; પછી બધી ઇંદ્રિયોનો નાશ થવાને લીધે અમનસ્ક સ્થિતિના સુખરૂપ બ્રહ્માનંદના સમુદ્રમાં તેના મનનો પ્રવાહ વહે છે અને તેના યોગ-રૂપે વાયુરહિત પ્રદેશમાં રહેલા દીવા જેવું અચળ પરબ્રહ્મ તે પામે છે. પછી સૂકા વૃક્ષની પેઠે મૂર્છા અને નિદ્રામય સ્થિતિમાં શ્વાસોચ્છ્વાસ પણ રહેતા નથી, જેથી સુખ–દુઃખાદિ જોડકાં નાશ પામે છે અને સદા સ્થિર ગાત્રવાળો થાય છે. એ રીતે પરમ શાંતિ સ્વીકારીને મન પ્રચારશૂન્ય બને છે અને પરમાત્મામાં લીન થાય છે. જેમ દૂધ ઝરી ગયા પછી ગાયના આંચળમાં તે હોતું નથી, તેમ સર્વ ઇંદ્રિયવર્ગ નાશ પામતાં મનનો નાશ થાય છે અને તે જ અમનસ્ક સ્થિતિ છે. તે પછી 'નિત્યશુદ્ધ પરમાત્મા હું જ છું'' એમ 'तत्त्वमसि' એ મહાવાક્યનો ઉપદેશ પ્રાપ્ત થવાથી 'તું જ હું છું અને હું જ તું છે' એવો તારક બ્રહ્મરૂપ યોગમાર્ગનો આશ્રય કરવાથી કૃતાર્થ થાય છે. ૧ જેનું મન પરિપૂર્ણ પરાકાશમાં મગ્ન થયું હોય, તે ઉન્મની અવસ્થાને પામે છે; તેની બધી ઇંદ્રિયોનો વર્ગ છૂટી જાય છે; અનેક જન્મોથી મેળ-વેલા પુણ્યના સમૂહને લીધે તેનું કૈવલ્યરૂપ ફળ પકવ થાય છે અને અખંડ આનંદના અનુભવથી સર્વ ક્લેશોરૂપી પાપ દૂર થઈ જાય છે. પછી 'હું બ્રહ્મ છું'' એમ તે કૃતકૃત્ય થાય છે. 'પર-માત્મા પૂર્ણ છે, તેથી તું જ હું છું'' એમ ઉચ્ચાર કરતા ગુરુએ શિષ્યને ભેટીને આ જ્ઞાન ઉપદેશ્યું હતું.' ૨

ત્રીજું બ્રાહ્મણ સમાપ્ત

## चतुर्थं ब्राह्मणम्

अथ ह याज्ञवल्क्यो मण्डलपुरुषं पप्रच्छ व्योमपञ्चकलक्षणं विस्तरेणानुब्रूहीति। स होवाचाकाशं पराकाशं महाकाशं सूर्याकाशं परमाकाशमिति पञ्च भवन्ति। बाह्याभ्यन्तरमन्धकारमयमाकाशम्। बाह्यस्याभ्यन्तरे कालानलसदृशं पराकाशम्। सबाह्याभ्यन्तरेऽपरिमितद्युतिनिभं तत्त्वं महाकाशम्। सबाह्याभ्यन्तरे सूर्यनिभं सूर्याकाशम्। अनिर्वचनीयज्योतिः सर्वव्यापकं निरतिशयानन्दलक्षणं परमाकाशम्। एवं तत्तल्लक्ष्यदर्शनात्तत्तद्रूपो भवति। नवचक्रं षडाधारं त्रिलक्ष्यं व्योमपञ्चकम्। सम्यगेतन्न जानाति स योगी नामतो भवेत्॥१॥

॥ इति चतुर्थं ब्राह्मणम् ॥

## पंचमं ब्राह्मणम्

सविषयं मनो बन्धाय निर्विषयं मुक्तये भवति। अतः सर्वं जगच्चित्तगोचरम्। तदेव चित्तं निराश्रयं मनोन्मन्यवस्थापरिपक्वं लययोग्यं भवति। तल्लयं परिपूर्णे मयि समभ्यसेत्। मनोलयकारणमहमेव। अनाहतस्य शब्दस्य तस्य शब्दस्य यो ध्वनिः। ध्वनेरन्तर्गतं ज्योतिर्ज्योतिरन्तर्गतं मनः। यन्मनस्त्रिजगत्सृष्टिस्थितिव्यसनकर्मकृत्। तन्मनो विलयं याति तद्विष्णोः परमं पदम्। तल्लया-

## ચોથુ બ્રાહ્મણ

પછી યાજ્ઞવલ્કયે સૂર્યમંડળમાં રહેલા પુરુષને પૂછ્યું કે, ‘પાંચ આકાશનું લક્ષણ તમે વિસ્તારથી કહો.’ ત્યારે તેમણે કહ્યું કે, ‘આકાશ, પરાકાશ, મહાકાશ, સૂર્યાકાશ અને પરમાકાશ એમ પાંચ આકાશ છે. તેમાં બહાર ને અંદરનું અંધકારમય આકાશ છે; બહારની અંદર પ્રલયકાળના અગ્નિ જેવું પરાકાશ છે. બહાર ને અંદર અમાપ કાંતિ જેવું તત્ત્વ મહાકાશ છે; બહાર તથા અંદર સૂર્ય જેવું સૂર્યાકાશ છે અને વર્ણવી ન શકાય એવા જ્યોતિરૂપ, સર્વવ્યાપક તથા નિરતિશય આનંદરૂપ લક્ષણવાળું પરમાકાશ છે.’ એમ તે તે લક્ષ્યના દર્શનથી મનુષ્ય તે તે રૂપ થાય છે. નવ ચક્ર, છ આધાર, ત્રણ લક્ષ્ય અને પાંચ આકાશને જે બરાબર જાણતો નથી, તે નામનો યોગી છે. ૧

ચોથું બ્રાહ્મણ સમાપ્ત

## પાંચમું બ્રાહ્મણ

વિષયોવાળું મન બંધન માટે થાય છે અને વિષયોરહિત થયેલું મન મુક્તિ માટે થાય છે. આથી બધું જગત ચિત્તનો જ વિષય છે. તે જ ચિત્ત જો નિરાશ્રય થાય, તો મન ઉન્મની અવસ્થાથી પરિપકવ થઈ લયને યોગ્ય બને છે. એ લયનો પરિપૂર્ણ ‘હું’માં અભ્યાસ કરવો; કેમ કે મનના લયનું કારણ ‘હું’ જ છે. અનાહત શબ્દ અને તે શબ્દનો જે ધ્વનિ થાય છે, તેની અંદર જ્યોતિ રહે છે. એ જ્યોતિની અંદર મન રહે છે, એ જ મન ત્રણે જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશરૂપ કર્મ કરે છે. એ મન જેમાં વિલય પામે છે, તે જ વિષ્ણુનું પરમ પદ છે. એમાં મનનો લય થવાથી શુદ્ધ અદ્વૈત તત્ત્વની સિદ્ધિ થાય છે.

च्छुदाद्वैतसिद्धिर्भेदाभावात् । एतदेव परमतत्त्वम् । स तज्ज्ञो बालोन्मत्तपिशाचवज्जडवृत्त्या लोकमाचरेत् । एवममनस्काभ्यासेनैव नित्यतृप्तिरल्पमूत्रपुरीषमितभोजनदृढाङ्गाजाड्यनिद्रादृग्वायुचलनाभाव-ब्रह्मदर्शनाज्ज्ञातसुखस्वरूपसिद्धिर्भवति । एवं चिरसमाधिजनितब्रह्मा-मृतपानपरायणोऽसौ संन्यासी परमहंस अवधूतो भवति । तद्दर्शनेन सकलं जगत्पवित्रं भवति । तत्सेवापरोऽज्ञोऽपि मुक्तो भवति । तत्कुलमेकोत्तरशतं तारयति । तन्मातृपितृजायापत्यवर्गं च मुक्तं भवतीत्युपनिषत् ॥

॥ इति पञ्चमं ब्राह्मणम् ॥

ॐ पूर्णमिदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ॥ पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥५॥

॥ इति मण्डलब्राह्मणोपनिषत्समाप्ता ॥

કેમ કે તે પછી કોઈ ભેદ રહેતો નથી. એ જ પરમ તત્ત્વ છે. એને જાણનારો પુરુષ બાલ, ઉન્મત્ત અને પિશાચની પેઠે જડ વૃત્તિથી લોકમાં આચરણ કરે છે. એ રીતની અમનસ્ક સ્થિતિનો અભ્યાસ થવાથી નિત્યની તૃપ્તિ થાય છે; મળમૂત્ર ઓછાં થઈ જાય છે; થોડા જ પ્રમાણનો આહાર થાય છે; શરીર મજબૂત બને છે; જડતા રહેતી નથી, ઊંઘ અને આંખના વાયુની ગતિ (પલકારા) રહેતી નથી, અને બ્રહ્મદર્શનને લીધે સુખમય સ્વરૂપ-સિદ્ધિ જાણીતી થાય છે. એમ લાંબો કાળ સમાધિનો અભ્યાસ કરવાથી ઉત્પન્ન થયેલા બ્રહ્મરૂપ અમૃતને પીવામાં પરાયણ રહેતો એ સંન્યાસી પરમહંસ અવધૂત બને છે. તેના દર્શનથી બધું જગત પવિત્ર થાય છે. તેની સેવામાં તત્પર બનતો અજ્ઞાની મુક્ત થાય છે; અને તે એક સો એક પુરુષ સુધીના પોતાના કુળને તારે છે; તેનાં માતા–પિતા–સ્ત્રી–સંતાન વગેરે પણ મુક્ત થાય છે. આવું આ ઉપનિષદ છે.

ૐ એ બ્રહ્મ પૂર્ણ છે, આ જગત પૂર્ણ છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી આ પૂર્ણ જગત ઉત્પન્ન થાય છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત કાઢી લઈએ, તો પૂર્ણ બ્રહ્મ જ બાકી રહે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

મણ્ડલબ્રાહ્મણ ઉપનિષદ સમાપ્ત

# त्रिपाद्विभूतिमहानारायणोपनिषत्

शान्तिपाठः—भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः ॥
स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेम देवहितं यदायुः ॥
स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः ॥ स्वस्ति नः पूषा विश्ववेदाः ॥
स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः ॥ स्वस्ति नो
बृहस्पतिर्दधातु ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

अथ परमतत्त्वरहस्यं जिज्ञासुः परमेष्ठी देवमानेन सहस्रसंवत्सरं तपश्चचार । सहस्रवर्षेऽतीतेऽप्युग्रतीव्रतपसा प्रसन्नं भगवन्तं महाविष्णुं ब्रह्मा परिपृच्छति भगवन् परमतत्त्वरहस्यं मे ब्रूहीति । परमतत्त्वरहस्यवक्ता त्वमेव नान्यः कश्चिदस्ति तत्कथमिति । तदेवोच्यते । त्वमेव सर्वज्ञः । त्वमेव सर्वशक्तिः । त्वमेव सर्वाधारः । त्वमेव सर्वस्वरूपः । त्वमेव सर्वेश्वरः । त्वमेव सर्वप्रवर्तकः । त्वमेव सर्वपालकः । त्वमेव सर्वनिवर्तकः । त्वमेव सदसदात्मकः । त्वमेव सदसद्विलक्षणः । त्वमेवान्तर्बहिर्व्यापकः । त्वमेवातिसूक्ष्मतरः । त्वमेवातिमहतो महीयान् । त्वमेव सर्वमूलाविद्यानिवर्तकः । त्वमेवाविद्याविहारः । त्वमेवाविद्याधारकः । त्वमेव विद्यावेद्यः । त्वमेव विद्यास्वरूपः । त्वमेव विद्यातीतः । त्वमेव सर्वकारणहेतुः । त्वमेव सर्वकारणसमष्टिः । त्वमेव सर्वकारणव्यष्टिः । त्वमेवाखण्डानन्दः । त्वमेव परिपूर्णानन्दः । त्वमेव निरतिशयानन्दः । त्वमेव तुरीय-

# ૧૬ : ત્રિપાદ્વિભૂતિ મહાનારાયણ ઉપનિષદ

**શાંતિપાઠ** :–ૐ હે પૂજ્ય દેવો! અમે કાનો વડે કલ્યાણ સાંભળીએ, આંખો વડે કલ્યાણ જોઈએ; મજબૂત અંગો વડે તથા દેહ વડે તમારી સ્તુતિ કરતા રહીએ; અને દેવોએ અમારા માટે નક્કી કરેલું આયુષ્ય અમે ભોગવીએ.

મોટી કીર્તિવાળા ઇંદ્ર અમારું કલ્યાણ કરો; સર્વ જાણનાર પૂષા દેવ અમારું કલ્યાણ કરો; બૃહસ્પતિ અમારું કલ્યાણ કરો. અટકાવી ન શકાય એવી ગતિવાળા ગરુડ દેવ અમારું કલ્યાણ કરો; બૃહસ્પતિ અમારું કલ્યાણ કરો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પરમ તત્ત્વના રહસ્યને જાણવા ઇચ્છતા બ્રહ્માએ દેવોનાં હજાર વર્ષ સુધી તપ કર્યું. હજાર વર્ષ વીત્યાં એટલે ઉગ્ર અને તીવ્ર એ તપ વડે પ્રસન્ન થઈ મહાવિષ્ણુ એમની સમક્ષ પ્રગટ થયા. બ્રહ્માએ તેમને પૂછ્યું: 'ભગવન્! મને પરમ તત્ત્વ કહો. પરમ તત્ત્વનું રહસ્ય કહેનાર તમે જ છો, બીજો કોઈ નથી, એમ કેમ? તો તે જ કહેવાય છે; તમે જ સર્વજ્ઞ, તમે જ સર્વ-શક્તિમાન, તમે જ સર્વના આધાર, તમે જ સર્વના ઈશ્વર, તમે જ સર્વને પ્રવૃત્તિમાં અને નિવૃત્તિમાં યોજનાર, તમે જ બધાના પાલક, અત્યંત નાના તથા અત્યંત મોટા, તમે જ સત્ અને અસત્‌રૂપ, તમે જ સત્ અને અસત્‌થી જુદા, તમે જ અંદર ને બહાર વ્યાપક, તમે જ અતિશય સૂક્ષ્મ, તમે જ અતિ મોટાથી પણ ઘણા જ મોટા, તમે જ સર્વની મૂળ અવિ-દ્યાને દૂર કરનાર, તમે જ અવિદ્યામાં વિહાર કરનાર, તમે જ અવિદ્યાને ધારણ કરનાર, તમે જ વિદ્યાથી જાણવા યોગ્ય, તમે જ વિદ્યા-રૂપ છો અને વિદ્યાથી પર રહેલા પણ છો; તમે જ સર્વ કારણના કારણ, તમે જ કારણ-સમષ્ટિ, તમે જ સર્વ કારણ-વ્યષ્ટિ અને તમે જ

तुरीयः । त्वमेव तुरीयातीतः । त्वमेवानन्तोपनिषद्भिर्मृग्यः । त्वमेवाखिलशास्त्रैर्विमृग्यः । त्वमेव ब्रह्मेशानपुरन्दरपुरोगमैरखिलामरैरखिलागमैर्विमृग्यः । त्वमेव सर्वमुमुक्षुभिर्विमृग्यः । त्वमेवामृतमयैर्विमृग्यः । त्वमेवामृतमयस्त्वमेवामृतमयस्त्वमेवामृतमयः । त्वमेव सर्वं त्वमेव सर्वं त्वमेव सर्वम् । त्वमेव मोक्षस्त्वमेव मोक्षदस्त्वमेवाखिलमोक्षसाधनम् । न किंचिदस्ति त्वद्व्यतिरिक्तम् । त्वद्व्यतिरिक्तं यत्किंचित्प्रतीयते तत्सर्वं बाधितमिति निश्चितम् । तस्मात्त्वमेव वक्ता त्वमेव गुरुस्त्वमेव पिता त्वमेव सर्वनियन्ता त्वमेव सर्वं त्वमेव सदा ध्येय इति सुनिश्चितः । परमतत्त्वज्ञस्तमुवाच महाविष्णुरतिप्रसन्नो भूत्वा साधुपाध्विति साधुयशंपापूर्वं सर्वं परमतत्त्वरहस्यं ते कथयामि । सावधानेन शृणु । ब्रह्मन् देवदर्शीत्याख्याथर्वणशाखायां परमतत्त्वरहस्याख्याथर्वणमहानारायणोपनिषदि गुरुशिष्यसंवादः पुरातनः प्रसिद्धतया जागर्ति । पुरा तत्स्वरूपज्ञानेन महान्तः सर्वे ब्रह्मभावं गताः । यस्य श्रवणेन सर्वबन्धाः प्रविनश्यन्ति । यस्य ज्ञानेन सर्वरहस्यं विदितं भवति । तत्स्वरूपं कथमिति । शान्तो दान्तोऽतिविरक्तः सुशुद्धो गुरुभक्तस्तपोनिष्ठः शिष्यो ब्रह्मनिष्ठं गुरुमासाद्य प्रदक्षिणपूर्वकं दण्डवत्प्रणम्य प्राञ्जलिर्भूत्वा विनयेनोपसङ्गम्य भगवन् गुरो मे परमतत्त्वरहस्यं विविच्य वक्तव्यमिति । अत्यादरपूर्वकमिति हर्षेण शिष्यं बहूकृत्य गुरुर्वदति । परमतत्त्वरहस्योपनिषत्क्रमः कथ्यते

અખંડ આનંદ પૂર્ણ આનંદરૂપ છે. તમે જ નિરતિશય આનંદ, તમે જ તુરીયના તુરીય, તમે જ તુરીયથી પર, તમે જ અનંત ઉપનિષદોથી શોધવા લાયક, તમે જ બધાં શાસ્ત્રોથી શોધવા યોગ્ય,

તમે જ બ્રહ્મા-ઈશ્વર-ઇંદ્ર વગેરે બધા દેવો વડે તથા બધા આગમો વડે શોધવા યોગ્ય, તમે જ સર્વ મુમુક્ષુ વડે શોધવા યોગ્ય અને તમે જ અમૃતમય, તમે જ અમૃતમય અને તમે જ અમૃતમય છો. તમે જ સર્વ, તમે જ સર્વ અને તમે જ સર્વ છો. તમે જ મોક્ષ, તમે જ મોક્ષ દેનાર અને તમે જ બધાના મોક્ષનું સાધન છો. તમારાથી જુદું કંઈ નથી. તમારાથી જુદું જે કંઈ જણાય છે, તે બધું મિથ્યા છે, એ નક્કી છે; માટે તમે જ વક્તા, તમે જ ગુરુ, તમે જ પિતા, તમે જ સર્વના નિયંતા, તમે જ સર્વરૂપ અને તમે જ સદા ધ્યાન કરવા યોગ્ય છો, એમ સારી રીતે નિશ્ચય કરાયો છે.'

એ સાંભળી પરમ તત્ત્વને જાણનારા મહાવિષ્ણુ અતિપ્રસન્ન થઈ કહેવા લાગ્યા: 'બહુ સારું, બહુ જ સારું;' એમ ઉત્તમ પ્રશંસાપૂર્વક પરમ તત્ત્વનું બધું રહસ્ય હું તમને કહું છું, સાવધાન થઈ સાંભળો: હે બ્રહ્મ! દેવદર્શી નામની અથર્વવેદની શાખામાં 'પરમ તત્ત્વરહસ્ય' નામનું અથર્વવેદનું ઉપનિષદ છે. તેમાં ગુરુ-શિષ્યનો પુરાતની સંવાદ પ્રસિદ્ધ છે. પૂર્વે તેનું સ્વરૂપ જાણી મોટા પુરુષો સંપૂર્ણ બ્રહ્મભાવને પામ્યા છે. તેને સાંભળવાથી સર્વ બંધનો નાશ પામે છે અને તેને જાણવાથી સર્વ રહસ્ય જણાઈ જાય છે, એવા તે સંવાદનું સ્વરૂપ કેવું છે? એમ તમે પૂછતા હો, તો તે આ પ્રમાણે છે: પૂર્વે શમગુણવાળો, દમગુણધારી, અત્યંત વૈરાગ્ય પામેલો, અત્યંત શુદ્ધ, ગુરુનો ભક્ત અને તપમાં નિષ્ઠાવાળો એક શિષ્ય હતો. તે બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે ગયો અને ગુરુને પ્રદક્ષિણાપૂર્વક દંડવત્ પ્રણામ કરી બે હાથ જોડી વિનયથી સમીપ જઈ પૂછવા લાગ્યો કે, 'હે ભગવન્! હે ગુરુદેવ! પરમ તત્ત્વનું રહસ્ય વિવેચન કરીને તમે મને કહો.' ત્યારે અતિ આદરપૂર્વક અને હર્ષથી શિષ્યને બહુ વખાણી

सावधानेन श्रूयताम् । कथं ब्रह्म । कालत्रयाबाधितं ब्रह्म । सर्वकालाबाधितं ब्रह्म । सगुणनिर्गुणस्वरूपं ब्रह्म । आदिमध्यान्तशून्यं ब्रह्म । सर्वं खल्विदं ब्रह्म । मायातीतं गुणातीतं ब्रह्म । अनन्तमप्रमेयाखण्डपरिपूर्णं ब्रह्म । अद्वितीयपरमानन्दशुद्धबुद्धमुक्तसत्यस्वरूपव्यापकाभिन्नापरिच्छिन्नं ब्रह्म । सच्चिदानन्दं स्वप्रकाशं ब्रह्म । मनोवाचामगोचरं ब्रह्म । अखिलप्रमाणागोचरं ब्रह्म । अमितवेदान्तवेद्यं ब्रह्म । देशतः कालतो वस्तुतः परिच्छेदरहितं ब्रह्म । सर्वपरिपूर्णं ब्रह्म । तुरीयं निराकारमेकं ब्रह्म । अद्वैतमनिर्वाच्यं ब्रह्म । प्रणवात्मकं ब्रह्म । प्रणवात्मकत्वेनोक्तं ब्रह्म । प्रणवाद्यखिलमन्त्रात्मकं ब्रह्म । पादचतुष्टयात्मकं ब्रह्म । किं तत्पादचतुष्टयं ब्रह्म भवति । अविद्यापादः सुविद्यापादश्चानन्दपादस्तुरीयपादश्चेति । तुरीयपादस्तुरीयतुरीयं तुरीयातीतं च । कथं पादचतुष्टयस्य भेदः । अविद्यापादः प्रथमः पादो विद्यापादो द्वितीयः आनन्दपादस्तृतीयस्तुरीयपादस्तुरीय इति । मूलाविद्या प्रथमपादे नान्यत्र । विद्यानन्दतुरीयांशाः सर्वेषु पादेषु व्याप्य तिष्ठन्ति । एवं तर्हि विद्यादीनां भेदः कथमिति । तत्तत्प्राधान्येन तत्तद्व्यपदेशः । वस्तुतस्त्वभेद एव । तत्राधस्तनमेकं पादमविद्याशबलं भवति । उपरितनपादत्रयं शुद्धबोधानन्दलक्षणममृतं भवति । तच्चालौकिकपरमानन्दलक्षणाखण्डामिततेजोराशिर्ज्वलति । तच्चानिर्वा-

ગુરુ બોલ્યા: 'પરમ તત્ત્વરહસ્ય નામના ઉપનિષદનો જે ક્રમ છે, તે હું કહું છું, સાવધાન થઈ તું સાંભળ. બ્રહ્મ કેવું છે? એ પ્રશ્નનો આ ઉત્તર છે કે બ્રહ્મ ત્રણે કાળે અબાધિત છે; બ્રહ્મ સર્વ કાળે અબાધિત છે; બ્રહ્મ સગુણ અને નિર્ગુણ

સ્વરૂપવાળું છે; બ્રહ્મ આદિ, મધ્ય અને અંત વિનાનું છે; આ બધું બ્રહ્મ છે; બ્રહ્મ માયાથી પર અને ગુણોથી પર છે. બ્રહ્મ અનંત, પ્રમાણોથી જાણવું અશક્ય, અખંડ અને પરિપૂર્ણ છે. બ્રહ્મ અદ્વિતીય, પરમ આનંદરૂપ, શુદ્ધ, જ્ઞાનયુક્ત, મુક્ત, સત્ય-સ્વરૂપ, વ્યાપક, ભેદ વિનાનું અને અમાપ છે. બ્રહ્મ સચ્ચિદાનંદ-રૂપ અને સ્વયંપ્રકાશ છે. બ્રહ્મ મન અને વાણીનું અવિષય છે, બ્રહ્મ સર્વ પ્રમાણોનો વિષય નથી. બ્રહ્મ અગણિત વેદાંતોથી જાણી શકાય છે. દેશ, કાળ કે વસ્તુથી બ્રહ્મ માપી શકાતું નથી. બ્રહ્મ સર્વ પ્રકારે પરિપૂર્ણ છે. તુરીય અને નિરાકાર એક જ બ્રહ્મ છે. દ્વૈત સાથે ન વર્ણવી શકાય એવું બ્રહ્મ છે.

પ્રણવ(ૐ)સ્વરૂપ છે; પ્રણવસ્વરૂપે બ્રહ્મ કહેવાય છે. પ્રણવ આદિ સર્વ મંત્રોરૂપ બ્રહ્મ છે અને બ્રહ્મ ચાર પાદોવાળું છે. એ ચાર પાદો કયા? તે અવિદ્યાપાદ, સુવિદ્યાપાદ, આનંદપાદ અને તુરીયપાદ–એ પ્રમાણે છે. તેમાંનો તુરીયપાદ તુરીય, તુરીય અને તુરીયાતીત છે. એ ચાર પાદના ભેદ કયા છે? તો, પ્રથમ પાદ અવિદ્યાપાદ છે, બીજો પાદ વિદ્યાપાદ છે, ત્રીજો પાદ આનંદ-પાદ છે અને ચોથો પાદ તુરીયપાદ છે. મૂળ અવિદ્યા પ્રથમ પાદમાં જ છે, બીજાઓમાં નથી. વિદ્યા, આનંદ અને તુરીયના અંશો બધા પાદોમાં જો કે વ્યાપીને રહે છે, તોપણ વિદ્યા વગેરે નામોથી પાદોનો ભેદ કેમ કહેવાયો છે? એ પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે કે, જેની જેની જેમાં મુખ્યતા છે, તેનાં તેનાં નામે તેવો વ્યવહાર કરાય છે. ખરી રીતે તો એ પાદોમાં કંઈ ભેદ જ નથી; તેમાં નીચેનો એક જ પાદ અવિદ્યાથી મિશ્ર છે; ઉપરના ત્રણ પાદો તો શુદ્ધ જ્ઞાન આનંદરૂપ લક્ષણવાળા અમૃતસ્વરૂપ જ છે. એ બ્રહ્મ અલૌકિક પરમાનંદરૂપ લક્ષણવાળું છે. અને અખંડ અમાપ તેજના રાશિરૂપે પ્રકાશે છે. વળી તે વર્ણવવું અશક્ય

च्यमनिर्देश्यमखण्डानन्दैकरसात्मकं भवति । तत्र मध्यमपादमध्यप्रदेशेऽमिततेजःप्रवाहाकारतया नित्यवैकुण्ठं विभाति । तच्च निरतिशयानन्दाखण्डब्रह्मानन्दनिजमूर्त्याकारेण ज्वलति । अपरिच्छिन्नमण्डलानि यथा दृश्यन्ते तद्वदखण्डानन्दामितवैष्णवदिव्यतेजोराश्यन्तर्गतविलसन्महाविष्णोः परमं पदं विराजते । दुग्धोदधिमध्यस्थिताऽमृतामृतकलशवद्वैष्णवं धाम परमं संदृश्यते । सुदर्शनादिव्यतेजोन्तर्गतः सुदर्शनपुरुषो यथा सूर्यमण्डलान्तर्गतः सूर्यनारायणोऽमितापरिच्छिन्नाद्वैतपरमानन्दलक्षणतेजोराश्यन्तर्गत आदिनारायणस्तथा संदृश्यते । स एव तुरीयं ब्रह्म स एव तुरीयातीतः स एव विष्णुः स एव समस्तब्रह्मवाचकवाच्यः स एव परंज्योतिः स एव मायातीतः स एव गुणातीतः स एव कालातीतः स एवाखिलकर्मातीतः स एव सत्योपाधिरहितः स एव परमेश्वरः स एव चिरंतनः पुरुषः प्रणवाद्यखिलमन्त्रवाचकवाच्य आद्यन्तशून्य आदिदेशकालवस्तुतुरीयसंज्ञानित्यपरिपूर्णः पूर्णः सत्यसंकल्प आत्मारामः कालत्रयाबाधितनिजस्वरूपः स्वयंज्योतिः स्वयंप्रकाशमयः स्वसमानाधिकरणशून्यः स्वसमानाधिकशून्यो न दिवारात्रिविभागो न संवत्सरादिकालविभागः स्वानन्दमयानन्ताचिन्त्यविभव आत्मान्तरात्मा परमात्मा ज्ञानात्मा तुरीयात्मेत्यादिवाचकवाच्योऽद्वैतपरमानन्दो विभुर्नित्यो निष्कलङ्को निर्विकल्पो निरञ्जनो निराख्यातः शुद्धो देव एको नारायणो न द्वितीयोऽस्ति

અને બતાવવું પણ અશક્ય છે. કેવળ અખંડ આનંદરૂપ એક જ રસસ્વરૂપ છે. તેમાં મધ્યમ પાદના મધ્ય પ્રદેશમાં અમાપ તેજના પ્રવાહના આકારે નિત્ય વૈકુંઠધામ શોભે છે.

એ ધામ નિરતિશય આનંદરૂપ અખંડ બ્રહ્માનંદની પોતાની મૂર્તિના આકારે પ્રકાશે છે. જેમ ક્યાંયે તૂટક ન હોય એવાં મંડળો દેખાય, તેમ અખંડ આનંદમય અને અમાપ એવા વિષ્ણુ ભગવાનના દિવ્ય તેજનો જે સમૂહ છે; તેની અંદર વિલાસ કરતા શ્રીમહાવિષ્ણુનું એ પરમ પદ વિરાજે છે. વિષ્ણુનું એ પરમ ધામ ક્ષીરસમુદ્રની મધ્યે રહેલા અવિનાશી અમૃતનો જાણે કળશ હોય તેવું દેખાય છે. જેમ સૂર્યમંડળની અંદર રહેલા, સુંદર દેખાવના તેજની મધ્યે ગયેલા સુંદર દેખાવના પુરુષ સૂર્યનારાયણ-રૂપ છે, તે જ પ્રમાણે તે આદિનારાયણ અમિત–અમાપ–અદ્વૈત પરમાનંદ લક્ષણ તેજના રાશિની અંદર રહેલા દેખાય છે. તે જ તુરીય બ્રહ્મ, તે જ તુરીયથી પર, તે જ વિષ્ણુ, તે જ સમસ્ત બ્રહ્મનાં નામોનો અર્થ, તે જ પરમ જ્યોતિ, તે જ માયાથી પર, તે જ ગુણોથી રહિત, તે જ કાળથી પર, તે જ સર્વ કર્મોથી રહિત, તે જ સત્ય અને ઉપાધિરહિત, તે જ પરમેશ્વર અને તે જ જૂનામાં જૂનો પુરુષ છે. પ્રણવ વગેરે સર્વ મંત્રો રૂપ વાચકનો વાચ્ય, આદિ–અંત રહિત, આદિ દેશ–કાળ–વસ્તુ–તુરીય એવી સંજ્ઞાઓ-વાળા અને નિત્ય, પરિપૂર્ણ, પૂર્ણ, સત્ય સંકલ્પોવાળા, આત્મામાં જ રમતા ત્રણે કાળે અબાધિત આત્મસ્વરૂપવાળા, સ્વયંપ્રકાશ, સ્વયંપ્રકાશમય, પોતાના જેવા બીજા કોઈ આધાર વિનાના પોતાની તુલ્ય કે અધિક વિનાના, રાત્રિ કે દિવસના વિભાગથી રહિત, વર્ષ વગેરે કાળના વિભાગથી રહિત, પોતાના આનંદમય, અનંત અને અચિંત્ય વૈભવવાળા, આત્માના પણ અંતરાત્મા, પરમાત્મા, જ્ઞાનસ્વરૂપ અને તુરીય સ્વરૂપ ઇત્યાદિ નામોના અર્થરૂપ, અદ્વૈત પરમાનંદસ્વરૂપ, વ્યાપક, નિત્ય, કલંકરહિત, વિકલ્પોરહિત, નિરંજન, સંજ્ઞારહિત અને શુદ્ધ દેવનારાયણ તે એક જ

कश्चिदिति य एवं वेद स पुरुषस्तदीयोपासनया तस्य सायुज्यमेतीत्यसंशयमित्युपनिषत् ॥ इत्याथर्वणमहानारायणोपनिषदि पादचतुष्टयस्वरूपनिरूपणं नाम–

प्रथमोऽध्यायः ॥ १ ॥

## द्वितीयोऽध्यायः

अथेति होवाच च्छात्रो गुरुं भगवन्तम् । भगवन्वैकुण्ठस्य नारायणस्य च नित्यत्वमुक्तम् । स एव तुरीयमित्युक्तमेव । वैकुण्ठः साकारो नारायणः साकारश्च । तुरीयं तु निराकारम् । साकारः सावयवो निरवयवं निराकारम् । तस्मात्साकारमनित्यं नित्यं निराकारमिति श्रुतेः । यद्यत्सावयवं तत्तदनित्यमित्यनुमानाच्चति प्रत्यक्षेण दृष्टत्वाच्च । अतस्तयोरनित्यत्वमेव वक्तुमुचितं भवति । कथमुक्तं नित्यत्वमिति । तुरीयमक्षरमिति श्रुतेः । तुरीयस्य नित्यत्वं प्रसिद्धम् । नित्यत्वानित्यत्वे परस्परविरुद्धधर्मौ । तयोरेकस्मिन्ब्रह्मण्यत्यन्तविरुद्धं भवति । तस्माद्वैकुण्ठस्य च नारायणस्य च नित्यत्वमेव वक्तुमुचितं भवति । सत्यमेव भवतीति देशिकः परिहरति । साकारस्तु द्विविधः । सोपाधिको निरुपाधिकश्च । तत्र सोपाधिकः साकारः कथमिति । आविद्यकमखिलकार्यकारणजातमविद्यापाद एव नान्यत्र । तस्मात्समस्ताविद्योपाधिः साकारः सावयव एव । सावयवत्वादवश्यमनित्यं भवत्येव । सोपाधिकसाकारो वर्णितः । तर्हि

છે, બીજો કોઈ નથી. એમ જે જાણે છે, તે પુરુષ તેમની ઉપાસનાથી તેમના સાયુજ્યને પામે છે, એમાં સંશય નથી.

એવું આ રહસ્ય છે.'

ઇતિ અથર્વવેદની મહાનારાયણ ઉપનિષદમાં 'ચાર પાદના સ્વરૂપનું વર્ણન' એ નામે પ્રથમ અધ્યાય સમાપ્ત

## બીજો અધ્યાય

પછી શિષ્યે ગુરુ ભગવાનને પૂછ્યું કે, 'હે ભગવન્! વૈકુંઠ અને નારાયણ નિત્ય છે, એમ તમે કહ્યું; અને તે જ તુરીય છે એમ પણ કહ્યું. વૈકુંઠ સાકાર છે અને નારાયણ પણ સાકાર છે; પરંતુ તુરીય તો નિરાકાર છે. જે સાકાર હોય તે અવયવોવાળું હોય અને નિરાકાર હોય તે અવયવો વિનાનું હોય; માટે સાકાર અનિત્ય છે અને નિરાકાર નિત્ય છે, એમ શ્રુતિ કહે છે. 'જે જે અવયવવાળું હોય, તે તે અનિત્ય હોવું જોઈએ' એવા અનુમાનથી અને પ્રત્યક્ષ પ્રમાણથી પણ અવયવવાળી વસ્તુ અનિત્ય દેખાય છે; તો એ વૈકુંઠ અને નારાયણને અનિત્ય જ કહેવા જોઈએ અને તે જ ઘટે; છતાં તમે તેઓને નિત્ય કેમ કહ્યા? વળી 'તુરીય અવિનાશી છે' એ શ્રુતિના આધારે તુરીયનું નિત્યપણું જ પ્રસિદ્ધ છે; અને નિત્યપણું તથા અનિત્યપણું—એ બન્ને ધર્મો પરસ્પર વિરુદ્ધ છે; તો એ બન્ને એક જ બ્રહ્મમાં હોય, એ તો અત્યંત વિરુદ્ધ છે, માટે વૈકુંઠને તથા નારાયણને નિત્ય જ કહેવા ઉચિત છે.' શિષ્યની એ શંકાનું નિરાકરણ કરતા ગુરુ બોલ્યા: 'એ વાત ખરી છે, પણ સાકાર બે પ્રકારના છે. સોપાધિક અને નિરુપાધિક. તેમાં સોપાધિક સાકાર કેવા પ્રકારના છે? તો અવિદ્યાથી બનેલાં બધાં કાર્યો અને કારણો અવિદ્યાપાદમાં જ છે, બીજા પાદોમાં નથી; તેથી સમગ્ર અવિદ્યારૂપ ઉપાધિવાળો જે પાદ છે, તે જ સાકાર અને અવયવોવાળો જ છે; અને તે અવયવોવાળો હોવાથી અવશ્ય અનિત્ય જ છે. એમ

निरुपाधिकसाकारः कथमिति । निरुपाधिकसाकारस्त्रिविधः । ब्रह्मविद्यासाकारश्चानन्दसाकार उभयात्मकसाकारश्चेति । त्रिविधसाकारोऽपि पुनर्द्विविधो भवति । नित्यसाकारो मुक्तसाकारश्चेति । नित्यसाकारस्त्वाद्यन्तशून्यः । शाश्वतः । उपासनया ये मुक्तिं गतास्तेषां साकारो मुक्तसाकारः तस्याखण्डज्ञानेनाविर्भावो भवति । सोऽपि शाश्वतः । मुक्तसाकारस्त्वैच्छिक इति । अन्ये वदन्ति शाश्वतत्वं कथमिति । अद्वैताखण्डपरिपूर्णनिरतिशयपरमानन्दशुद्धबुद्धमुक्तसत्यात्मकब्रह्म चैतन्यसाकारत्वात् निरुपाधिकसाकारस्य नित्यत्वं सिद्धमेव । तस्मादेव निरुपाधिकसाकारस्य निरवयवत्वात्स्वाधिकमपि दूरतो निरस्तमेव । निरवयवं ब्रह्मचैतन्यमिति सर्वोपनिषत्सु सर्वशास्त्रसिद्धान्तेषु श्रूयते । अथ च विद्यानन्दतुरीयाणामभेद एव श्रूयते । सर्वत्र विद्यादिसाकारभेदः कथमिति । सत्यमेवोक्तमिति देशिकः परिहरति । विद्याप्राधान्येन विद्यासाकारः आनन्दप्राधान्येनानन्दाकसारः उभयप्राधान्येनोभयात्मकसाकारश्चेति । प्राधान्येनात्र भेद एव । स भेदो वस्तुतस्त्वभेद एव । भगवन्नखण्डाद्वैतपरमानन्दलक्षणपरब्रह्मणः साकारनिराकारौ विरुद्धधर्मौ । विरुद्धोभयात्मकत्वं कथमिति । सत्यमेवेति गुरुः परिहरति । यथा सर्वगतस्य निराकारस्य महावायोश्च तदात्मकस्य त्वक्पतित्वेन प्रसिद्धस्य साकारस्य महावायुदेवस्य चाभेद एव श्रूयते सर्वत्र ।

સોપાધિક સાકારનું વર્ણન થયું; હવે નિરુપાધિક સાકાર કેવો છે? તો એ નિરુપાધિક સાકાર ત્રણ પ્રકારનો છે: બ્રહ્મવિદ્યાસાકાર, આનંદસાકાર અને તે બન્ને મિશ્રસ્વરૂપસાકાર; એ ત્રણે પ્રકારનો

સાકાર વળી બે બે પ્રકારનો છે : નિત્ય સાકાર અને મુક્ત સાકાર; તેમાંનો નિત્ય સાકાર તો આદિ–અંત વિનાનો અને નિત્ય છે. જેઓ ઉપાસનાથી મુક્તિને પામ્યા હોય, તેઓનો સાકાર તે મુક્ત સાકાર છે. તેનો આવિર્ભાવ અખંડ જ્ઞાનથી થાય છે. તે પણ નિત્ય છે. મુક્ત સાકાર તો ઐચ્છિક છે, એમ બીજાઓ કહે છે, પણ તેનું નિત્યપણું કેમ હોય? અદ્વૈત, અખંડ, પરિપૂર્ણ, નિરતિશય, પરમાનંદ, શુદ્ધ, જ્ઞાનમય, મુક્ત અને સત્યસ્વરૂપ બ્રહ્મ ચૈતન્યરૂપે જ સાકાર છે; તેથી એ નિરુપાધિક સાકારનું નિત્યપણું સિદ્ધ જ છે; અને તેથી જ એ નિરુપાધિક સાકાર અવયવરહિત ઠરે છે અને તેને લીધે જ તેમનાથી પોતાથી કોઈ અધિક હોય, એ વાત પણ દૂરથી જ ખંડિત થાય છે.' 'બ્રહ્મચૈતન્ય અવયવરહિત છે' એમ સર્વ ઉપનિષદોમાં અને સર્વ શાસ્ત્રોના સિદ્ધાંતોમાં સંભળાય છે; વળી વિદ્યા, આનંદ અને તુરીયનો પણ અભેદ જ સંભળાય છે. 'તો પછી બધે ઠેકાણે વિદ્યા આદિ સાકારનો ભેદ કેમ કહેવાય છે?' એમ શિષ્યે શંકા કરી, એટલે ગુરુ તેનું સમાધાન કરે છે કે, 'તેં સત્ય કહ્યું, પણ વિદ્યાની મુખ્યતાથી વિદ્યાસાકાર, આનંદની મુખ્યતાથી આનંદસાકાર અને એ બન્નેની મુખ્યતાથી એ બન્ને રૂપ (મિશ્ર) સાકાર–એમ એક એકની મુખ્યતાને લીધે જ એમાં ભેદ છે; પણ ખરી રીતે એ ભેદ અભેદરૂપ જ છે.' તે સાંભળી શિષ્યે શંકા કરી કે, 'હે ભગવન્! અખંડ, અદ્વૈત અને પરમાનંદરૂપ લક્ષણવાળા પરબ્રહ્મના સાકાર અને નિરાકાર એવા ધર્મો તો પરસ્પર વિરુદ્ધ ગણાય અને એવા વિરુદ્ધ બન્ને ધર્મોસ્વરૂપ પરબ્રહ્મ કેમ હોઈ શકે?' એ શંકાનો પરિહાર કરતાં ગુરુ બોલ્યા: 'એ ખરું છે, પણ જેમ સર્વવ્યાપક નિરાકાર મહાવાયુનો અને ત્વચા ઇંદ્રિયના સ્વામીરૂપે પ્રસિદ્ધ એ

यथा पृथिव्यादीनां व्यापकशरीराणां देवविशेषाणां च तद्विलक्षण-तदभिन्नव्यापकापरिच्छिन्ना निजमूर्त्याकारदेवताः श्रूयन्ते सर्वत्र तद्वत्परब्रह्मणः सर्वात्मकस्य साकारनिराकारभेदविरोधो नास्त्येव विविधविचित्रानन्तशक्तेः परब्रह्मणः स्वरूपज्ञानेन विरोधो न विद्यते। तदभावे सत्यनन्तविरोधो विभाति। अथ च रामकृष्णाद्यवतारेष्वद्वैतपरमानन्दलक्षणपरब्रह्मणः परमतत्त्वपरमविभवानुसंधानं स्वीयत्वेन श्रूयते सर्वत्र। सर्वपरिपूर्णस्याद्वैतपरमानन्दलक्षणपरब्रह्मणस्तु किं वक्तव्यम्। अन्यथा सर्वपरिपूर्णस्य परब्रह्मणः परमार्थतः साकारं विना केवलनिराकारत्वं यद्यभिमतं तर्हि केवलनिराकारस्य गगनस्येव परब्रह्मणोऽपि जडत्वमापद्येत। तस्मात्परब्रह्मणः परमार्थतः साकारनिराकारौ स्वभावसिद्धौ। तथाविधस्याद्वैतपरमानन्दलक्षणस्यादिनारायणस्योन्मेषनिमेषाभ्यां मूलाविद्योदयस्थितिलया जायन्ते। कदाचिदात्मारामस्याखिलपरिपूर्णस्यादिनारायणस्य स्वेच्छानुसारेणोन्मेषो जायते। तस्मात्परब्रह्मणोऽधस्तनपादे सर्वकारणे मूलकारणाव्यक्ताविर्भावो भवति। अव्यक्तान्मूलाविर्भावो मूलाविद्याविर्भावश्च। तस्मादेव सच्छब्दवाच्यं ब्रह्माविद्याशबलं भवति। ततो महत्। महतोऽहंकारः। अहंकारात्पञ्चतन्मात्राणि। पञ्चतन्मात्रेभ्यः पञ्चमहाभूतानि। पञ्चमहाभूतेभ्यो ब्रह्मैकपादव्याप्तमेकमविद्याण्डं जायते।

મહાવાયુરૂપ સાકાર મહાવાયુ દેવનો બધી શ્રુતિઓમાં અભેદ જ સંભળાય છે; વળી જેમ પૃથ્વી આદિ વ્યાપક શરીરોના તથા જુદા જુદા દેવોના, તેમનાથી વિલક્ષણ છતાં તેમનાથી અભિન્ન, વ્યાપક અને અમાપ એવા પોતપોતાની મૂર્તિરૂપ આકારવાળા દેવતાઓ, બધી

શ્રુતિઓમાં સંભળાય છે, તે જ પ્રમાણે સર્વસ્વરૂપ પરબ્રહ્મના સાકાર અને નિરાકાર એવા ભેદ હોય, છતાં તેમાં કોઈ જાતનો વિરોધ નથી જ; કેમ કે પરબ્રહ્મ અનેક જાતની અદ્ભુત અને અનંત શક્તિવાળા છે; તેમના સ્વરૂપનું જ્ઞાન થયા પછી એ વિરોધ જણાતો જ નથી. જ્યાં સુધી એમનું સ્વરૂપજ્ઞાન થયું ન હોય, ત્યાં સુધી જ તેમાં અનંત વિરોધ જણાય છે. વળી રામ-કૃષ્ણ વગેરે અવતારોમાં પણ અદ્વૈત પરમાનંદ લક્ષણવાળા પરબ્રહ્મના જ પરમ તત્ત્વ અને પરમ વૈભવનું અનુસંધાન એમના પોતાના જ તરીકે બધે સંભળાય છે, તો સર્વ પ્રકારે પરિપૂર્ણ અને અદ્વૈત પરમાનંદરૂપ લક્ષણવાળા પરબ્રહ્મના પોતાના જ સંબંધમાં તો શું કહેવાનું હોય? જો એમ ન માનીએ અને સર્વ પ્રકારે પરિપૂર્ણ પરબ્રહ્મનું વાસ્તવિક સાકાર સ્વરૂપ માન્યા વિના કેવળ નિરાકારપણું જ જો માની લઈએ, તો કેવળ નિરાકાર આકાશનું જેવું જડપણું છે, તેવું જ જડપણું પરબ્રહ્મને પણ પ્રાપ્ત થાય; માટે પરબ્રહ્મના સાકાર અને નિરાકાર ભેદ પરમાર્થદૃષ્ટિએ સ્વભાવસિદ્ધ જ છે. એવા પ્રકારના અદ્વૈત, પરમાનંદરૂપ લક્ષણવાળા આદિ નારાયણના નેત્રની ઉઘાડ-મીંચથી મૂળ અવિદ્યાની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે. આત્મારામ અને સર્વાંશે પરિપૂર્ણ એ આદિ નારાયણના નેત્રનું કોઈ વેળા પોતાની ઇચ્છાનુસાર ઊઘડવું થાય છે; તેથી એ પરબ્રહ્મના સર્વ કારણ નીચલા પાદમાં મૂલ કારણ અવ્યક્તનો આવિર્ભાવ થાય છે. એ અવ્યક્તમાંથી મૂળનો આવિર્ભાવ અને મૂળ અવિદ્યાનો આવિર્ભાવ થાય છે, પછી તેમાંથી જ સત્ શબ્દથી કહેવાતું અવિદ્યાશબલ (મિશ્ર) બ્રહ્મ થાય છે. તેમાંથી મહત્તત્ત્વ, મહત્તત્ત્વમાંથી અહંકાર, અહંકારમાંથી પાંચ તન્માત્રાઓ, પાંચ તન્માત્રાઓમાંથી પાંચ મહાભૂતો અને પાંચ મહાભૂતોમાંથી બ્રહ્મના એક પાદથી વ્યાપ્ત એવું એક

तत्र तत्त्वतो गुणातीतशुद्धसत्त्वमयो लीलागृहीतनिरतिशयानन्दलक्षणो मायोपाधिको नारायण आसीत् । स एव नित्यपरिपूर्णः पादविभूति-वैकुण्ठनारायणः । स चानन्तकोटिब्रह्माण्डानामुदयस्थितिलयाद्यखिलकार्यकारणजालपरमकारणकारणभूतो महामायातीतस्तुरीयः परमेश्वरो जयति । तस्मात्स्थूलविराट्स्वरूपो जायते । स सर्वकारणमूलं विराट्स्वरूपो भवति । स चानन्तशीर्षा पुरुष अनन्ताक्षिपाणिपादो भवति । अनन्तश्रवणः सर्वमावृत्य तिष्ठति । सर्वव्यापको भवति । सगुणनिर्गुणस्वरूपो भवति । ज्ञानबलैश्वर्यशक्तितेजःस्वरूपो भवति । विविधविचित्रानन्तजगदाकारो भवति । निरतिशयानन्दमयानन्तपरमविभूतिसमष्ट्या विश्वाकारो[1] भवति । निरतिशयनिरङ्कुशसर्वज्ञसर्वशक्तिसर्वनियन्तृत्वाद्यनन्तकल्याणगुणाकारो भवति । वाचामगोचरानन्तदिव्यतेजोराश्याकारो भवति । समस्ताविद्याण्डव्यापको भवति । स चानन्तमहामायाविलासानामधिष्ठानविशेषनिरतिशयाद्वैतपरमानन्दलक्षणपरब्रह्मविलासविग्रहो भवति । अस्यैकैकरोमकूपान्तरेष्वनन्तकोटिब्रह्माण्डानि स्थावराणि च जायन्ते । तेष्वण्डेषु सर्वेष्वेकैकनारायणावतारो जायते । नारायणाद्धिरण्यगर्भो जायते । नारायणादण्डविराट्स्वरूपो जायते । नारायणादखिललोकस्रष्टृप्रजापतयो जायन्ते । नारायणादेकादशरुद्राश्च जायन्ते । नारायणादखिललोकाश्च जायन्ते । नारायणादिन्द्रो जायते । नारायणात्सर्वे देवाश्च जायन्ते । नारायणाद्

અવિદ્યાવાળું ઈંડું ઉત્પન્ન થાય છે. તેમાં તત્ત્વદૃષ્ટિએ ગુણોથી પર, શુદ્ધ સત્ત્વમય, લીલાથી સ્વીકારેલ નિરતિશય આનંદરૂપ

---

१ बिम्बाकारो

લક્ષણવાળા અને માયારૂપ ઉપાધિવાળા નારાયણ જ હોય છે. તે જ નિત્યપરિપૂર્ણ, પાદોરૂપ વિભૂતિવાળા વૈકુંઠ નારાયણ છે; અને તે અનંત કરોડો બ્રહ્માંડોનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય આદિ સર્વ કાર્યો તથા કારણોના સમૂહનું જે પરમ કારણ છે, તેના પણ કારણભૂત છે; અને મહામાયાથી પર એવા તે તુરીય પરમેશ્વર જય પામે છે. તેમનાથી સ્થૂલ વિરાટ્સ્વરૂપ ઉત્પન્ન થાય છે; એ વિરાટસ્વરૂપ સર્વ કારણોનું મૂળ છે. એ પુરુષ અનંત મસ્તકોવાળા અને અનંત નેત્રો, હાથ અને પગવાળા છે. વળી અનંત શ્રવણ(કાન)વાળા તે સર્વને ઢાંકીને રહ્યા છે અને સર્વવ્યાપક છે; સગુણ–નિર્ગુણ સ્વરૂપવાળા છે; જ્ઞાન, બળ, ઐશ્વર્ય, શક્તિ અને તેજસ્વરૂપ છે; વિવિધ અને વિચિત્ર જગતરૂપ આકારવાળા છે; નિરતિશય, આનંદમય, અનંત અને પરમ વિભૂતિરૂપ સમષ્ટિ વડે વિશ્વાકાર થાય છે; નિરતિશય, નિરંકુશ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વ નિયંતૃત્વ આદિ અનંત કલ્યાણકારી ગુણોમય આકારવાળા છે; વાણીના અવિષય અનંત દિવ્ય તેજના રાશિરૂપ આકારવાળા છે; સમસ્ત અવિદ્યાના અંડમાં વ્યાપક છે અને અનંત મહામાયાના વિલાસોના વિશેષ અધિષ્ઠાનરૂપ એવા નિરતિશય અદ્વૈત પરમાનંદરૂપ લક્ષણવાળા પરબ્રહ્મના વિલાસશરીરરૂપ છે. તેમનાં એક એક રુવાંટાંના છિદ્રમાં અનંત કરોડો બ્રહ્માંડો તથા સ્થાવરો ઉત્પન્ન થાય છે. તે સર્વ બ્રહ્માંડોમાં એકએક નારાયણનો અવતાર થાય છે. એ નારાયણથી હિરણ્યગર્ભ ઉત્પન્ન થાય છે; નારાયણથી અંડ વિરાટસ્વરૂપ ઉત્પન્ન થાય છે, નારાયણથી સર્વ લોકના સ્રષ્ટા પ્રજાપતિઓ ઉત્પન્ન થાય છે; નારાયણથી અગિયાર રુદ્રો જન્મે છે; નારાયણથી સર્વ લોકો ઉત્પન્ન થાય છે; નારાયણથી ઇંદ્ર ઉત્પન્ન થાય છે; નારાયણથી સર્વ દેવો ઉત્પન્ન થાય છે; બાર આદિત્યો

द्वादशादित्याः सर्वे वसवः सर्वे ऋषयः सर्वाणि भूतानि सर्वाणि छन्दांसि नारायणादेव समुत्पद्यन्ते । नारायणात्प्रवर्तन्ते । नारायणे प्रलीयन्ते । अथ नित्योऽक्षरः परमः स्वराट् । ब्रह्मा नारायणः । शिवश्च नारायणः । शक्रश्च नारायणः । दिशश्च नारायणः । विदिशश्च नारायणः । कालश्च नारायणः । कर्माखिलं च नारायणः । मूर्तामूर्तं च नारायणः । कारणात्मकं सर्वं कार्यात्मकं सकलं नारायणः । तदुभयविलक्षणो नारायणः । परंज्योतिः स्वप्रकाशमयो ब्रह्मानन्दमयो नित्यो निर्विकल्पो निरञ्जनो निराख्यातः शुद्धो देव एको नारायणो न द्वितीयोऽस्ति कश्चित् । न स समानाधिक इत्यसंशयं परमार्थतो य एवं वेद । सकलबन्धांश्छित्त्वा मृत्युं तीर्त्वा स मुक्तो भवति स मुक्तो भवति । य एवं विदित्वा सदा तमुपास्ते पुरुषः स नारायणो भवति स नारायणो भवतीत्युपनिषत् ॥ इत्याथर्वणमहानारायणोपनिषदि परब्रह्मणः साकारनिराकारस्वरूपनिरूपणं नाम–

द्वितीयोऽध्यायः ॥ २ ॥

## तृतीयोऽध्यायः

अथ छात्रस्तथेतिहोवाच । भगवन्देशिक परमतत्त्वज्ञ सविलासमहामूलाऽविद्योदयक्रमः कथितः । तदु प्रपञ्चोत्पत्तिक्रमः कीदृशो भवति । विशेषेण कथनीयः तस्य तत्त्वं वेदितुमिच्छामि । तथेत्युक्त्वा गुरुरित्युवाच । यथानादिसर्वप्रपञ्चो दृश्यते । नित्योऽनित्यो वेति संशय्येते । प्रपञ्चोऽपि द्विविधः । विद्याप्रपञ्चश्चाविद्याप्रपञ्चश्चेति । विद्याप्रपञ्चस्य नित्यत्वं सिद्धमेव नित्यानन्दचिद्विलासात्मकत्वात् ।

સર્વ વસુઓ, સર્વ ઋષિઓ, સર્વ ભૂતો અને સર્વ વેદો નારાયણથી જ ઉત્પન્ન થાય છે. નારાયણથી જ બધા પ્રવૃત્તિ કરે છે અને નારાયણમાં લય પામે છે. એ જ નિત્ય, અક્ષર, પરમ અને સ્વયં પ્રકાશ છે; બ્રહ્મા નારાયણ છે, શિવ નારાયણ છે, ઇંદ્ર નારાયણ છે, દિશાઓ નારાયણ છે, વિદિશાઓ નારાયણ છે, કાળ નારાયણ છે, બધું કર્મ નારાયણ છે. મૂર્ત તથા અમૂર્ત નારાયણ છે; કારણરૂપ અને કાર્યરૂપ બધું નારાયણ છે; અને એ બન્નેથી વિલક્ષણ નારાયણ છે. પરમ જ્યોતિ, સ્વપ્રકાશમય, બ્રહ્માનંદમય, નિત્ય, નિર્વિકલ્પ, નિરંજન, અવર્ણનીય, શુદ્ધ દેવ એક નારાયણ જ છે, બીજો કોઈ નથી. તે કોઈની સમાન કે અધિક નથી, એમ પરમાર્થસ્વરૂપે તેમને જે જાણે છે, તે સમગ્ર બંધનોને છેદી નાખી મૃત્યુને ઓળંગી જઈ મુક્ત થાય છે, મુક્ત થાય છે. જે પુરુષ એમ જાણીને તેમને ઉપાસે છે, તે નારાયણ થાય છે, નારાયણ થાય છે, એમ આ ઉપનિષદ કહે છે.'

ઇતિ અથર્વવેદની મહાનારાયણ ઉપનિષદમાં 'પરબ્રહ્મના સાકાર તથા નિરાકાર સ્વરૂપનું વર્ણન' એ નામે અધ્યાય બીજો સમાપ્ત

## ત્રીજો અધ્યાય

પછી શિષ્યે 'બહુ સારું' એમ કહી ફરી પૂછ્યું કે, 'હે ભગવન્! ગુરો! હે પરમ તત્ત્વને જાણનારા! વિલાસ સહિત મહામૂલ અવિદ્યાના ઉદયનો ક્રમ આપે કહ્યો. હવે પ્રપંચની ઉત્પત્તિનો ક્રમ કેવી રીતે થાય છે? તે આપ કહો. તેનું તત્ત્વ જાણવા હું ઇચ્છું છું.' ત્યારે 'બહુ સારું' એમ કહી ગુરુ બોલ્યા: 'અનાદિ કાળનો સર્વ પ્રપંચ જે દેખાય છે, તે નિત્ય છે કે અનિત્ય છે? આવો સંશય થાય છે. વળી એ પ્રપંચ પણ બે પ્રકારનો છે–વિદ્યાપ્રપંચ અને અવિદ્યાપ્રપંચ; તેમાંનો

अथ च शुद्धबुद्धमुक्तसत्यानन्दस्वरूपत्वाच्च । अविद्याप्रपञ्चस्य नित्यत्वमनित्यत्वं वा कथमिति । प्रवाहतो नित्यत्वं वदन्ति केचन। प्रलयादिकं श्रूयमाणत्वादनित्यत्वं वदन्त्यन्ये। उभयं न भवति। पुनः कथमिति। संकोचविकासात्मकमहामायाविलासात्मक एव सर्वोऽप्यविद्याप्रपञ्चः। परमार्थतो न किंचिदस्ति क्षणशून्यानादिमूलाऽविद्याविलासत्वात्। तत्कथमिति। एकमेवाद्वितीयं ब्रह्म। नेह नानास्ति किञ्चन। तस्माद्ब्रह्मव्यतिरिक्तं सर्वं बाधितमेव। सत्यमेव परंब्रह्म सत्यं ज्ञानमनन्तं ब्रह्म। ततः सविलासमूलाऽविद्योपसंहारक्रमः कथमिति। अत्यादरपूर्वकमतिहर्षेण देशिक उपदिशति। चतुर्युगसहस्राणि ब्रह्मणो दिवा भवति। तावता कालेन पुनस्तस्य रात्रिर्भवति। द्वे अहोरात्रे एकं दिनं भवति। तस्मिन्नेकस्मिन्दिने आसत्यलोकान्तमुदयस्थितिलया जायन्ते। पञ्चदशदिनानि पक्षो भवति। पक्षद्वयं मासो भवति। मासद्वयमृतुर्भवति। ऋतुत्रयमयनं भवति। अयनद्वयं वत्सरो भवति। वत्सरशतं ब्रह्ममानेन ब्रह्मणः परमायुःप्रमाणम्। तावत्कालस्तस्य स्थितिरुच्यते। स्थित्यन्तेऽण्डविराट्पुरुषः स्वांशं हिरण्यगर्भमभ्येति। हिरण्यगर्भस्य कारणं परमात्मानमण्डपरिपालकनारायणमभ्येति। पुनर्वत्सरशतं तस्य प्रलयो भवति। तदा जीवाः सर्वे प्रकृतौ प्रलीयन्ते। प्रलये सर्वशून्यं भवति। तस्य ब्रह्मणः स्थितिप्रलयावादिनारायणस्यांशेनावतीर्णस्याण्डपरिपालकस्य महाविष्णोरहोरात्रिसंज्ञकौ। ते अहोरात्रे एकं दिनं

વિદ્યાપ્રપંચ તો નિત્યરૂપે જ સિદ્ધ છે; કેમ કે તે નિત્યાનંદ ચૈતન્યના વિલાસરૂપ જ છે. વળી શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સત્ય તથા

આનંદસ્વરૂપ છે. હવે અવિદ્યાપ્રપંચ નિત્ય તથા અનિત્ય કેવી રીતે છે, કે પ્રવાહરૂપે તેને કેટલાક નિત્ય કહે છે અને તેનો પ્રલય વગેરે શ્રુતિઓમાં સંભળાય છે, માટે તેને કેટલાક અનિત્ય પણ કહે છે. ખરી રીતે એ બન્ને નથી; કેવી રીતે કે સંકોચ-વિકાસરૂપ મહામાયાના વિલાસરૂપ જ બધો અવિદ્યાપ્રપંચ છે; એ કેવી રીતે કે એક જ અદ્વિતીય બ્રહ્મ છે, એમાં જુદું જુદું કંઈ છે જ નહિ; માટે બ્રહ્મ સિવાયનું બધું બાધિત જ છે. પરબ્રહ્મ સત્ય જ છે; બ્રહ્મ સત્યજ્ઞાનરૂપ તથા અનંત છે.' તે પછી વિલાસ સહિત મૂળ અવિદ્યાના ઉપસંહારનો ક્રમ કેવી રીતે છે? તે વિષે ગુરુ અતિ આદરપૂર્વક અતિ હર્ષથી ઉપદેશ કરવા લાગ્યા: 'ચાર હજાર યુગો થતાં બ્રહ્માનો એક દિવસ થાય છે; તેટલા જ કાળની તેમની એક રાત્રિ થાય છે. બે રાત-દિવસ મળી એક દિવસ ગણાય છે. તે એક દિવસમાં સત્યલોક સુધીના લોકોની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ થાય છે. પંદર દિવસનું એક પખવાડિયું થાય છે; બે પખવાડિયાંનો એક મહિનો થાય છે; બે મહિનાની એક ઋતુ થાય છે; ત્રણ ઋતુઓનું એક અયન થાય છે; બે અયનોનું એક વર્ષ થાય છે; સો વર્ષનું બ્રહ્માનું છેવટનું આયુષપ્રમાણ છે અને તે તેમના પોતાના જ કાળના માપથી હોય છે. તેટલો જ કાળ તેમની સ્થિતિ કહેવાય છે. એ સ્થિતિના અંતે અંડ-વિરાટ પુરુષ પોતાના અંશરૂપ હિરણ્ય-ગર્ભને પ્રાપ્ત થાય છે. એ હિરણ્યગર્ભનું જે કારણ છે, તે અંડના પરિપાલક નારાયણ પરમાત્મા પ્રત્યે પ્રાપ્ત થાય છે. ફરી સો વર્ષે તેનો પ્રલય થાય છે. તે વેળા બધા જીવો પ્રકૃતિમાં લય પામે છે. પ્રલયકાળે બધું શૂન્ય બને છે. બ્રહ્માની જે સ્થિતિ અને પ્રલય, તે જ મહાવિષ્ણુનાં દિવસ-રાત છે કે જે આદિનારાયણના અંશથી અવતરેલા છે અને અંડના પરિપાલક છે; તેમનાં બન્ને દિવસ-

भवति । एवं दिनपक्षमाससंवत्सरादिभेदाच्च तदीयमानेन शतकोटिवत्सरकालस्तस्य स्थितिरुच्यते । स्थित्यन्ते स्वांशं महाविराट्पुरुषमभ्येति । ततः सावरणं ब्रह्माण्डं विनाशमेति । ब्रह्माण्डावरणं विनश्यति तद्धि विष्णोः स्वरूपम् । तस्य तावत्प्रलयो भवति । प्रलये सर्वशून्यं भवति । अण्डपरिपालकमहाविष्णोः स्थितिप्रलयावादिविराट्पुरुषस्याहोरात्रिसंज्ञकौ ते अहोरात्रे एकं दिनं भवति । एवं दिनपक्षमाससंवत्सरादिभेदाच्च तदीयमानेन शतकोटिवत्सरकालस्तस्य स्थितिरुच्यते । स्थित्यन्ते आदिविराट्पुरुषः स्वांशमायोपाधिकनारायणमभ्येति । तस्य विराट्पुरुषस्य यावत्स्थितिकालस्तावत्प्रलयो भवति । प्रलये सर्वशून्यं भवति । विराट्स्थितिप्रलयौ मूलाविद्याण्डपरिपालकस्यादिनारायणस्याहोरात्रिसंज्ञकौ । ते अहोरात्रे एकं दिनं भवति । एवं दिनपक्षमाससंवत्सरादिभेदाच्च तदीयमानेन शतकोटिवत्सरकालस्तस्य स्थितिरुच्यते । स्थित्यन्ते त्रिपाद्विभूतिनारायणस्येच्छावशान्निमेषो जायते । तस्मान्मूलाविद्याण्डस्य सावरणस्य विलयो भवति । ततः सविलासमूलाविद्या सर्वकार्योपाधिसमन्विता सदसद्विलक्षणानिर्वाच्यालक्षणशून्याविर्भावतिरोभावात्मिकानाद्यखिलकारणकारणानन्तमहामायाविशेषणविशेषिता परमसूक्ष्ममूलकारणाव्यक्तं विशति । अव्यक्तं विशेद्ब्रह्मणि निरिन्धनो वैश्वानरो यथा । तस्मान्मायोपाधिक आदि-

રાત મળીને એક દિવસ થાય છે. એમ દિવસ, પખવાડિયું, મહિનો, વર્ષ વગેરે ભેદને અનુસરી તેમના કાળ પ્રમાણે પુરુષનાં સો કરોડ વર્ષ સુધીના કાળ સુધીની તેમની સ્થિતિ કહેવાય છે. એ સ્થિતિના

અંતે એ મહાવિષ્ણુ પોતાના અંશરૂપ મહાપુરુષમાં મળી જાય છે. તે પછી આવરણ સહિત બ્રહ્માંડ નાશ પામે છે. બ્રહ્માંડનું આવરણ વિનાશ પામે છે, તે જ વિષ્ણુનું સ્વરૂપ છે. તેનો પ્રથમ પ્રલય થાય છે. એ પ્રલયે બધું શૂન્ય થઈ જાય છે. અંડના પરિપાલક મહાવિષ્ણુનાં એ સ્થિતિ અને પ્રલય, તે જ આદિ વિરાટ પુરુષનાં દિવસ–રાત છે. તે બન્ને રાત–દિવસ મળી એક દિવસ થાય છે. એમ દિવસ, પખવાડિયું, મહિનો, વર્ષ વગેરેના ભેદથી તેમના કાળના માપ પ્રમાણે સો કરોડ વર્ષ સુધીના કાળ સુધીની તેમની સ્થિતિ કહેવાય છે. એ સ્થિતિના અંતે આદિ વિરાટ પુરુષ પોતાના અંશરૂપ માયાની ઉપાધિવાળા નારાયણમાં મળી જાય છે. તે વિરાટ પુરુષની સ્થિતિનો જેટલો કાળ હોય છે, તેટલો જ પ્રલય હોય છે. એ પ્રલયે બધું શૂન્ય બને છે. વિરાટનાં એ સ્થિતિ અને પ્રલય, તે મૂળ અવિદ્યાના અંડનું પાલન કરનારા આદિ નારાયણનાં દિવસ–રાત થાય છે. એ બન્ને દિવસ–રાત મળીને એક દિવસ થાય છે. એમ દિવસ, પખવાડિયું, મહિનો, વર્ષ વગેરે ભેદથી તેમના કાળના પ્રમાણે સો કરોડ વર્ષના કાળ સુધી તેમની સ્થિતિ કહેવાય છે. એ સ્થિતિના અંતે ત્રિપાદ્વિભૂતિ નારાયણની આંખનો તેમની ઇચ્છાથી એક પલકારો થાય છે; તેથી મૂળ અવિદ્યાના અંડનો આવરણ સહિત પ્રલય થાય છે. તે પછી વિલાસો સહિત એ મૂળ અવિદ્યા, સર્વ-કાર્યરૂપ ઉપાધિની સાથે પરમ સૂક્ષ્મ મૂળ કારણ અવ્યક્તમાં પ્રવેશ કરે છે. એ મૂળ અવિદ્યા સત્ અને અસત્‌થી વિલક્ષણરૂપે કહેવી અશક્ય છે, લક્ષણ શૂન્ય છે; આવિર્ભાવ અને તિરોભાવ સ્વરૂપ છે; અનાદિ સર્વ કારણોનું કારણ છે અને અનંત મહા-માયારૂપ વિશેષણથી યુક્ત છે. પછી કાષ્ઠ વિનાના અગ્નિ જેવું એ અવ્યક્ત બ્રહ્મમાં પ્રવેશ કરે છે. એ બ્રહ્મથી માયારૂપ ઉપાધિવાળા

नारायणस्तथा स्वस्वरूपं भजति। सर्वे जीवाश्च स्वस्वरूपं भजन्ते। यथा जपाकुसुमसान्निध्याद्रक्तस्फटिकप्रतीतिस्तदभावे शुद्धस्फटिकप्रतीतिः। ब्रह्मणोऽपि मायोपाधिवशात्सगुणपरिच्छिन्नादिप्रतीतिरुपाधिविलयान्निर्गुणनिरवयवादिप्रतीतिरित्युपनिषत्॥ इत्याथर्वणमहानारायणोपनिषदि मूलाविद्याप्रलयस्वरूपणं नाम–

तृतीयोऽध्यायः ॥ ३ ॥

## चतुर्थोऽध्यायः

ॐ ततस्तस्मान्निर्विशेषमतिनिर्मलं भवति। अविद्यापादमतिशुद्धं भवति। शुद्धबोधानन्दलक्षणकैवल्यं भवति। ब्रह्मणः पादचतुष्टयं निर्विशेषं भवति। अखण्डलक्षणाखण्डपरिपूर्णसच्चिदानन्दानन्दस्वप्रकाशं भवति। अद्वितीयमनीश्वरं भवति। अखिलकार्यकारणस्वरूपमखण्डचिद्घनानन्दस्वरूपमतिदिव्यमङ्गलाकारं निरतिशयानन्दतेजोराशिविशेषं सर्वपरिपूर्णानन्तचिन्मयस्तम्भाकारं शुद्धबोधानन्दविशेषाकारमनन्तचिद्विलासविभूतिसमष्ट्याकारमद्भुतानन्दाश्चर्यविभूतिविशेषाकारमनन्तपरिपूर्णानन्ददिव्यसौदामिनीनिचयाकारम्। एवमाकारमद्वितीयाखण्डानन्दब्रह्मस्वरूपं निरूपितम्। अथ छात्रो वदति। भगवन्पादभेदादिकं कथं कथमद्वैतस्वरूपमिति निरूपितम्। देशिकः परिहरति विरोधो न विद्यते ब्रह्माद्वितीयमेव सत्यम्। तथैवोक्तं च। ब्रह्मभेदो न

આદિ નારાયણ તેવા પ્રકારના પોતાના સ્વરૂપને પામે છે; અને બધા જીવો પોતાના સ્વરૂપને પામે છે. જેમ જાસૂદનું ફૂલ પાસે મૂકવાથી સ્ફટિકમણિ લાલ જણાય છે અને એ ફૂલને

દૂર કરતાં સ્ફટિકમણિ શુદ્ધ જણાય છે, તે જ પ્રમાણે બ્રહ્મ પણ માયારૂપ ઉપાધિને લીધે સગુણ, માપવાળું વગેરે રૂપે જણાય છે અને ઉપાધિનો લય થતાં નિર્ગુણ અને અવયવરહિત વગેરે રૂપે જણાય છે; આમ આ ઉપનિષદ જણાવે છે.’

ઇતિ અથર્વવેદની મહાનારાયણ ઉપનિષદમાં ‘મૂળ અવિદ્યાના પ્રલયના સ્વરૂપનું વર્ણન’ એ નામે અધ્યાય ત્રીજો સમાપ્ત

## ચોથો અધ્યાય

ૐ એ કારણે બ્રહ્મ વિશેષો રહિત અતિ નિર્મળ છે; અવિદ્યાનો પાદ અતિ શુદ્ધ છે. શુદ્ધ બોધ અને આનંદરૂપ લક્ષણવાળું કૈવલ્યપદ છે. બ્રહ્મના ચાર પાદ વિશેષો રહિત છે. બ્રહ્મ પોતે અખંડ લક્ષણવાળું, અખંડ–પરિપૂર્ણ–સચ્ચિદાનંદસ્વરૂપ અને સ્વયંપ્રકાશ છે; વળી તે અદ્વિતીય અને પોતા સિવાય બીજા ઈશ્વર વિનાનું, સમગ્ર કાર્ય તથા કારણસ્વરૂપ, અખંડ ચૈતન્યથી વ્યાપ્ત, આનંદસ્વરૂપ, અતિ દિવ્ય મંગળ આકારવાળું, નિરતિશય આનંદ અને તેજના એક ઢગલારૂપ, સર્વ રીતે પરિપૂર્ણ, અનંત અને ચૈતન્યમય સ્તંભ જેવા આકારનું, શુદ્ધ બોધ તથા આનંદના વિશેષ આકારરૂપ, અનંત ચૈતન્યના વિલાસોની વિભૂતિરૂપ સમષ્ટિ આકારવાળું, અદ્‌ભુત આનંદ તથા આશ્ચર્યની વિશેષ વિભૂતિરૂપ આકારવાળું અને અનંત પરિપૂર્ણ આનંદરૂપ દિવ્ય વીજળીઓના સમૂહ જેવા આકારવાળું છે. એવા આકારનું અદ્વિતીય અખંડ આનંદરૂપ બ્રહ્મનું સ્વરૂપ વર્ણવ્યું છે. તે સાંભળી શિષ્ય પૂછે છે: ‘હે ભગવન્! જુદા જુદા પાદરૂપ ભેદ હોવા છતાં બ્રહ્મને અદ્વૈતસ્વરૂપ કેવી રીતે વર્ણવ્યું છે?’ ત્યારે ગુરુ તેની શંકાનું સમાધાન કરે છે: ‘તેમાં વિરોધ નથી. ખરેખર બ્રહ્મ તો અદ્વિતીય જ છે. એ જ અભિપ્રાયે કહ્યું છે કે, બ્રહ્મમાં ભેદ કહ્યો નથી. બ્રહ્મથી

कथितो ब्रह्मव्यतिरिक्तं न किंचिदस्ति । पादभेदादिकथनं तु ब्रह्मस्वरूपकथनमेव । तदेवोच्यते । पादचतुष्टयात्मकं ब्रह्म तत्रैकमविद्यापादं । पादत्रयममृतं भवति । शाखान्तरोपनिषत्स्वरूपमेव निरूपितम् । तमसस्तु परं ज्योतिः परमानन्दलक्षणम् । पादत्रयात्मकं ब्रह्म कैवल्यं शाश्वतं परमिति । वेदाहमेतं पुरुषं महान्तम् । आदित्यवर्णं तमस परस्तात् । तमेवं विद्वानमृत इह भवति । नान्यः पन्था विद्यतेऽयनाय । सर्वेषां ज्योतिषां ज्योतिस्तमसः परमुच्यते । सर्वस्य धातारमचिन्त्यरूपमादित्यवर्णं परंज्योतिस्तमस उपरि विभाति । यदेकमव्यक्तमनन्तरूपं विश्वं पुराणं तमसः परस्तात् । तदेवर्तं तदु सत्यमाहुस्तदेव सत्यं तदेव ब्रह्म परमं विशुद्धं कथ्यते । तमःशब्देनाविद्या । पादोऽस्य विश्वा भूतानि । त्रिपादस्यामृतं दिवि । त्रिपादूर्ध्व उदैत्पूरुषः पादोऽस्येहाभवत्पुनः । ततो विष्वङ्व्यक्रामत् । साशनाऽनशने अभि । विद्यानन्दतुरीयाख्यपादत्रयममृतं भवति । अवशिष्टमविद्याश्रयमिति । आत्मारामस्यानादिनारायणस्य कीदृशावुन्मेषनिमेषौ तयोः स्वरूपं कथमिति । गुरुर्वदति । पराग्दृष्टिरुन्मेषः । प्रत्यग्दृष्टिर्निमेषः । प्रत्यग्दृष्ट्या स्वस्वरूपचिन्तनमेव निमेषः । पराग्दृष्ट्या स्वस्वरूपचिन्तनमेवोन्मेषः । यावदुन्मेषकालस्तावन्निमेषकालो भवति । अविद्यायाः स्थितिरुन्मेषकाले । निमेषकाले तस्याः प्रलयो भवति । यथा उन्मेषो जायते तथा

જુદું કંઈ નથી. પાદ વગેરે ભેદો જે કહ્યા છે, તે તો બ્રહ્મનું સ્વરૂપ જ કહ્યું છે, તે જ જણાવાય છે કે, બ્રહ્મ ચાર પાદો સ્વરૂપ છે. તેમાં એક અવિદ્યાપાદ છે અને ત્રણ પાદ અમૃત છે. બીજી

શાખાની ઉપનિષદમાં પણ એ જ સ્વરૂપ વર્ણવ્યું છે; તમસ્-અવિદ્યાથી પર પરમ જ્યોતિ છે; તે પરમાનંદરૂપ લક્ષણવાળું છે; ત્રણ પાદરૂપ બ્રહ્મ કૈવલ્ય, સનાતન અને પર છે. એ મહા-પુરુષને હું જાણું છું. એ સૂર્ય જેવા વર્ણવાળા અને તમસ્-અવિદ્યાથી પર છે. તેમને એવા સ્વરૂપે જાણનારો આ લોકમાં અમર થાય છે; તેમને પામવા માટે બીજો માર્ગ નથી. એ સર્વ જ્યોતિના જ્યોતિ અને તમસ્-અવિદ્યાથી પર કહેવાય છે. તે સર્વના ધારક અને પોષક છે; તેમનું સ્વરૂપ અચિંત્ય છે; તેમનો વર્ણ સૂર્ય જેવો છે અને પરમ જ્યોતિરૂપે તમસ્‌ની ઉપર તે પ્રકાશે છે. જે એક અવ્યક્ત, અનંતરૂપવાળા, સર્વસ્વરૂપ, જૂનામાં જૂના અને તમસ્‌થી પર છે, તેને જ ઋત અને સત્ય કહે છે; અને તે જ સત્ય તથા તે જ વિશુદ્ધ પરમ બ્રહ્મ કહેવાય છે. આમાં તમસ્ શબ્દથી અવિદ્યા કહી છે. સર્વ ભૂતો એ બ્રહ્મનો એક પાદ છે. એ બ્રહ્મના જે ત્રણ પાદ છે, તે અમૃતસ્વરૂપ હોઈ દિવ્ય લોકમાં છે. એ ત્રણ પાદવાળા પુરુષ ઊર્ધ્વસ્થાને ઉદય પામ્યા છે. આ લોકમાં એમનો એક પાદ હતો; પછી તે ચારે બાજુ વિશેષ ગતિમાન થયો. સર્વ તરફ ખોરાકવાળું અને ખોરાક વિનાનું તે જ છે. વિદ્યા, આનંદ અને તુરીય નામના ત્રણ પાદ અમૃત છે. બાકીનો પાદ અવિદ્યાના આશ્રયવાળો છે.'

પછી શિષ્યે પૂછ્યું કે, આત્મારામ આદિનારાયણનાં નેત્રોનું ઊઘડવું-મિચાવું કેવું છે? તે બન્નેનું સ્વરૂપ કયા પ્રકારનું છે? તે સાંભળી ગુરુ કહે છે: 'પરાગ્-બાહ્ય-ભેદદષ્ટિ તે નેત્રનું ઊઘડવું છે અને પ્રત્યગ્-અંતર્-અભેદદષ્ટિ તે નેત્રનું મિચાવું છે. પ્રત્યગ્દષ્ટિથી સ્વ-સ્વરૂપનું ચિંતન એ જ નિમેષ (મિચાવું) છે અને પરાગ્દષ્ટિથી સ્વસ્વરૂપનું ચિંતન એ ઉન્મેષ (ઊઘડવું) છે. જેટલો ઉન્મેષકાળ હોય છે, તેટલો જ નિમેષકાળ હોય છે. ઉન્મેષકાળે અવિદ્યાની

चिरंतनातिसूक्ष्मवासनाबलात्पुनरविद्याया उदयो भवति। यथापूर्वमविद्याकार्याणि जायन्ते। कार्यकारणोपाधिभेदाज्जीवेश्वरभेदोऽपि दृश्यते। कार्योपाधिरयं जीवः कारणोपाधिरीश्वरः। ईश्वरस्य महामाया तदाज्ञावशवर्तिनी। तत्संकल्पानुसारिणी विविधानन्तमहामायाशक्तिसंसेविताऽनन्तमहामायाजालजननमन्दिरा महाविष्णोः क्रीडाशरीररूपिणी ब्रह्मादीनामगोचरा। एतां महामायां तरन्त्येव ये विष्णुमेव भजन्ति नान्ये तरन्ति कदाचन विविधोपायैरपि अविद्याकार्याण्यन्तःकरणान्यतीत्य कालान्तु तानि जायन्ते। ब्रह्मचैतन्यं तेषु प्रतिबिम्बितं भवति। प्रतिबिम्बा एव जीवा इति कथ्यन्ते। अन्तःकरणोपाधिकाः सर्वे जीवा इत्येव वदन्ति। महाभूतोत्थसूक्ष्माङ्गोपाधिकाः सर्वे जीवा इत्येके वदन्ति। बुद्धिप्रतिबिम्बितचैतन्यं जीवा इत्यपरे मन्यन्ते। एतेषां[1]मुख्यानामत्यन्तभेदो न विद्यते। सर्वपरिपूर्णो नारायणस्त्वनया निजया क्रीडति स्वेच्छया सदा तद्वदविद्यमानफल्गुविषयसुखाशयाः सर्वे जीवाः प्रधावन्त्यसारसंसारचक्रे। एवमनादिपरम्परा वर्ततेऽनादिसंस्कारविपरीतभ्रमादित्युपनिषत्॥ इत्यथर्वणशाखायां त्रिपाद्विभूतिमहानारायणोपनिषदि महामायातीताखण्डाद्वैतपरमानन्दलक्षणपरब्रह्मणः परमतत्त्वस्वरूपनिरूपणं नाम—

चतुर्थोऽध्यायः॥ ४॥

॥ पूर्वकाण्डः समाप्तः॥

સ્થિતિ હોય છે અને નિમેષકાળે એ સ્થિતિનો પ્રલય થાય છે. જે પ્રકારે ઉન્મેષ થાય છે, તે જ પ્રકારે જૂનાકાળની અતિસૂક્ષ્મ વાસનાના બળથી ફરી અવિદ્યાનો ઉદય થાય છે; એટલે તે વેળા

१ मुपाधिनानात्वमेव

પૂર્વની પેઠે જ અવિદ્યાનાં કાર્યો ઉત્પન્ન થાય છે. કાર્ય અને કારણરૂપ ઉપાધિના ભેદથી જીવ અને ઈશ્વર એવો ભેદ પણ દેખાય છે. કાર્યની ઉપાધિવાળો જીવ છે અને કારણની ઉપાધિવાળા ઈશ્વર છે. ઈશ્વરની મહામાયા તેમની આજ્ઞાને વશ વર્તનારી છે. તેમના સંકલ્પોને અનુસરનારી અને વિવિધ અનંત મહામાયાની શક્તિઓથી સેવાયેલી તે અનંત મહામાયા, અનેક પ્રપંચોને ઉત્પન્ન થવાનું સ્થાન છે, મહાવિષ્ણુના ક્રીડાશરીરરૂપ છે અને બ્રહ્માદિને પણ અગોચર છે. જેઓ વિષ્ણુને ભજે છે તેઓ જ આ મહામાયાને તરે છે, બીજાઓ કદી તરતા નથી; કેમ કે તેઓ વિવિધ ઉપાયો વડે અવિદ્યાનાં કાર્ય અંતઃકરણોને જો કે ઓળંગી જાય છે, તોપણ અમુક કાળ પછી પાછા તે અંતઃકરણોમાં જન્મે છે; એટલે કે તે અંતઃકરણોમાં બ્રહ્મનું ચૈતન્ય પ્રતિબિંબિત થાય છે. જીવો બ્રહ્મનાં પ્રતિબિંબો જ કહેવાય છે. બધા જીવો અંતઃકરણરૂપ ઉપાધિવાળા છે, એમ વિદ્વાનો કહે છે. કેટલાક કહે છે કે, બધા જીવો મહાભૂતોથી ઉત્પન્ન થયેલાં સૂક્ષ્મ શરીરરૂપ ઉપાધિવાળા છે. બીજાઓ વળી એમ માને છે કે, બુદ્ધિમાં પ્રતિબિંબિત થયેલું ચૈતન્ય એ જ જીવ છે; પરંતુ આ ઉપાધિઓમાં અત્યંત ભેદ નથી. સર્વ રીતે પરિપૂર્ણ નારાયણ જેમ આ પોતાની સ્વેચ્છાથી ક્રીડા કરે છે, તે જ પ્રમાણે જૂઠા તુચ્છ વિષયસુખની ઇચ્છાવાળા બધા જીવો અસાર સંસારચક્રમાં દોડ્યા કરે છે. એમ અનાદિ પરંપરા ચાલ્યા કરે છે; કેમ કે અનાદિ સંસારરૂપ વિપરીત ભ્રમ થયો છે, આમ આ ઉપનિષદ્ જણાવે છે.'

ઇતિ અથર્વવેદની શાખામાં ત્રિપાદ્વિભૂતિ મહાનારાયણ ઉપનિષદ્માં 'મહામાયાથી પર અખંડ અદ્વૈત પરમાનંદરૂપ લક્ષણવાળા પરબ્રહ્મના પરમતત્ત્વનું સ્વરૂપવર્ણન' એ નામે અધ્યાય ચોથો સમાપ્ત

**પૂર્વકાંડ સમાપ્ત**

## पञ्चमोऽध्यायः

अथ शिष्यो वदति गुरुं भगवन्तं नमस्कृत्य भगवन् सर्वात्मना नष्टाया अविद्यायाः पुनरुदयः कथम् । सत्यमेवेति गुरुरिति होवाच । प्रावृट्कालप्रारम्भे यथा मण्डूकादीनां प्रादुर्भावस्तद्वत्सर्वात्मना नष्टाया अविद्याया उन्मेषकाले पुनरुदयो भवति । भगवन् कथं जीवानामनादिसंसारभ्रमः । तन्निवृत्तिर्वा कथमिति । कथं मोक्षमार्गस्वरूपं च । मोक्षसाधनं कथमिति । को वा मोक्षोपायः । कीदृशं मोक्षस्वरूपम् । का वा सायुज्यमुक्तिः । एतत्सर्वं तत्त्वतः कथनीयमिति । अत्यादरपूर्वकमतिहर्षेण शिष्यं बहूकृत्य गुरुर्वदति श्रूयतां सावधानेन । कुत्सितानन्तजन्माभ्यस्तात्यन्तोत्कृष्टविविधविचित्रानन्तदुष्कर्मवासनाजालविशेषैर्देहात्मविवेको न जायते । तस्मादेव दृढतरदेहात्मभ्रमो भवति । अहमज्ञः किंचिज्ज्ञोऽहमहं जीवोऽहमत्यन्तदुःखाकारोऽहमनादिसंसारीति भ्रमवासनाबलात्संसार एव प्रवृतिस्तन्निवृत्त्युपायः कदापि न विद्यते । मिथ्याभूतान्स्वप्नतुल्यान्विषयभोगाननुभूय विविधानसंख्यानतिदुर्लभान्मनोरथाननवरतमाशास्यमानः अतृप्तः सदा परिधावति । विविधविचित्रस्थूलसूक्ष्मोत्कृष्टनिकृष्टानन्तदेहान्परिगृह्य तत्तद्देहविहितविविधविचित्राऽनेकशुभाशुभप्रारब्धकर्माण्यनुभूय तत्तत्कर्मफलवासनाजालवासितान्तःकरणानां पुनःपुनस्तत्तत्कर्मफलविषयप्रवृत्तिरेव जायते । संसारनिवृत्तिमार्गप्रवृत्तिः कदापि न जायते । तस्मादनिष्टमेवेष्टमिव भाति । इष्टमेवाऽनिष्टमिव भात्यनादिसंसारवि-

## પાંચમો અધ્યાય

પછી શિષ્ય ગુરુ ભગવાનને નમસ્કાર કરી પૂછે છે: 'હે ભગવન્! અવિદ્યા સર્વ પ્રકારે નાશ પામી હોય, છતાં તેનો ફરી ઉદય કેમ થાય છે?' ત્યારે ગુરુએ કહ્યું: 'એ વાત ખરી છે, પણ જેમ વર્ષાકાળનો આરંભ થતાં દેડકાંઓની ઉત્પત્તિ થાય છે, તેમ સર્વ પ્રકારે નાશ પામેલી અવિદ્યાનો પણ ફરી ઉદય થાય છે.' તે પછી ફરી શિષ્યે પૂછ્યું: 'હે ભગવન્! જીવોને અનાદિ સંસારનો જે ભ્રમ છે, તે કેવી રીતે દૂર થાય છે? મોક્ષ-માર્ગનું સ્વરૂપ કેવું છે? મોક્ષનુ સાધન કયું છે? મોક્ષનો ઉપાય કયો છે? મોક્ષનું સ્વરૂપ કેવું છે? સાયુજ્ય મુક્તિ કઈ છે? આ બધું સાચેસાચું કહો.' તે સાંભળી અતિ આદરપૂર્વક ઘણા હર્ષથી શિષ્યને બહુ વખાણીને ગુરુ બોલ્યા: 'સાવધાન થઈને સાંભળ. નિંદનીય, અનંત જન્મોમાં ટેવાઈ ગયેલી, અત્યંત ઉત્કૃષ્ટ, વિવિધ, વિચિત્ર, અનંત દુષ્ટ કર્મોની જુદી જુદી વાસનાઓને લીધે, દેહ તથા આત્માનું વિવેકજ્ઞાન થતું નથી; તેને લીધે જ દેહ ઉપર અતિશય દૃઢ આત્માની માન્યતાનો ભ્રમ થાય છે. 'હું અજ્ઞાની છું, હું અલ્પજ્ઞ છું, હું જીવ છું, હું અત્યંત દુઃખોની ખાણ છું, હું અનાદિ સંસારી છું.' આવી ભ્રમણાવાળી વાસનાના બળથી સંસારમાં જ પ્રવૃત્તિ થયા કરે છે, જેથી તેની નિવૃત્તિનો ઉપાય કદી જણાતો નથી. સ્વપ્ન જેવા મિથ્યાસ્વરૂપ વિષયભોગો અનુ-ભવીને જાતજાતના, અસંખ્ય, અતિ દુર્લભ મનોરથોની નિરંતર આશા કરતો અતૃપ્ત જીવ સદા દોડ્યા કરે છે. જાતજાતના, વિચિત્ર, સ્થૂલ–સૂક્ષ્મ–ઉત્તમ–અધમ–અનંત દેહો સ્વીકારીને તે તે દેહ દ્વારા કરેલાં વિવિધ–વિચિત્ર–અનેક શુભાશુભ પ્રારબ્ધ કર્મો અનુભવીને, જેઓનાં અંતઃકરણો તે તે કર્મોનાં ફળની અનેક

परीतप्रभावात्। तस्मात्सर्वेषां जीवानामिष्टविषये बुद्धिः सुखबुद्धिर्दुःख-बुद्धिश्च भवति। परमार्थतस्त्वबाधितब्रह्मसुखविषये प्रवृत्तिरेव न जायते। तत्स्वरूपज्ञानाभावात्। तत्किमिति न विद्यते। कथं बन्धः कथं मोक्ष इति विचाराभावाच्च। तत्कथमिति। अज्ञानप्राबल्यात्। कस्मादज्ञानप्राबल्यमिति। भक्तिज्ञानवैराग्यवासनाभावाच्च। तदभावः कथमिति। अत्यन्तान्तःकरणमलिनविशेषात्। अतः संसारतरणोपायः कथमिति। देशिकस्तमेव कथयति। सकलवेदशास्त्रसिद्धान्तरहस्य-जन्माभ्यस्तात्यन्तोत्कृष्टसुकृतपरिपाकवशात्सद्भिः सङ्गो जायते। तस्माद्विधिनिषेधविवेको भवति। ततः सदाचारप्रवृत्तिर्जायते। सदा-चारादखिलदुरितक्षयो भवति। तस्मादन्तःकरणमतिविमलं भवति। ततः सद्गुरुकटाक्षमन्तःकरणमाकाङ्क्षति। तस्मात्सद्गुरुकटाक्षलेशविशे-षेण सर्वसिद्धयः सिद्ध्यन्ति। सर्वबन्धाः प्रविनश्यन्ति। श्रेयोविघ्नाः सर्वे प्रलयं यान्ति। सर्वाणि श्रेयांसि स्वयमेवायान्ति। यथा जात्य-न्धस्य रूपज्ञानं न विद्यते तथा गुरूपदेशेन विना कल्पकोटिभिस्त-त्त्वज्ञानं न विद्यते। तस्मात्सद्गुरुकटाक्षलेशविशेषेणाचिरादेव तत्त्व-ज्ञानं भवति। यदा सद्गुरुकटाक्षो भवति तदा भागवत्कथाश्रवण-ध्यानादौ श्रद्धा जायते। तस्माद्धृदयस्थितानादिदुर्वासनाग्रन्थिवि-नाशो भवति। ततो हृदयस्थिताः कामाः सर्वे विनश्यन्ति। तस्मा-

વાસનાઓથી વાસિત થયાં હોય છે, તેઓને ફરીફરી તે તે કર્મોના ફળરૂપ વિષયોમાં જ પ્રવૃત્તિ થાય છે; પણ સંસારની નિવૃત્તિના માર્ગમાં પ્રવૃત્તિ કદી થતી નથી; તેને લીધે તેઓને અનિષ્ટ જ ઇષ્ટ જેવું લાગે છે અને ઇષ્ટ જ અનિષ્ટ જેવું ભાસે છે; કેમ કે

તેઓને અનાદિ સંસારરૂપ ભ્રમ થયો હોય છે; તેને લીધે જ સર્વ જીવોને ઇષ્ટ વિષયમાં બુદ્ધિ થાય છે અને તેમાં સુખબુદ્ધિ તથા દુઃખબુદ્ધિ થાય છે; પણ પરમાર્થદૃષ્ટિએ અબાધિત એવા બ્રહ્મ-સુખના વિષયમાં પ્રવૃત્તિ જ થતી નથી; કેમ કે તેઓને તેનું સ્વરૂપજ્ઞાન જ હોતું નથી; અને તે શું છે, એ પણ જણાતું નથી. વળી બંધન કેવી રીતે થાય છે અને મોક્ષ કેમ થાય છે, એ વિચાર પણ થતો નથી; કેમ કે તેઓમાં અજ્ઞાનની જ પ્રબળતા હોય છે. એવી અજ્ઞાનની પ્રબળતા પણ કેમ થાય છે કે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની વાસના હોવી નથી. એ વાસના કેમ હોતી નથી? તો અંતઃ-કરણ અત્યંત મલિન હોય છે; તેથી સંસારને તરવાનો ઉપાય કેવી રીતે મળે? ગુરુ તે જ ઉપાય કહે છે કે, સમગ્ર વેદશાસ્ત્રના સિદ્ધાંતનું રહસ્ય જો સમજાય છે, તો જન્માંતરમાં આચરેલાં ઉત્કૃષ્ટ પુણ્યકર્મના પરિપાકને લીધે સજ્જનોનો સંગ થાય છે; તેથી વિધિનિષેધનો વિવેક થાય છે, તેથી સદાચારમાં પ્રવૃત્તિ થાય છે; એ સદાચારથી બધાં પાપોનો નાશ થાય છે અને તેથી અંતઃકરણ અત્યંત નિર્મળ થાય છે. તે પછી એ અંતઃકરણ સદ્ગુરુના કૃપાયુક્ત કટાક્ષને ઇચ્છે છે. સદ્ગુરુના એ કટાક્ષના લેશથી પણ સર્વ સિદ્ધિઓ સિદ્ધ થાય છે, સર્વ બંધનો વિનાશ પામે છે. કલ્યાણનાં બધાં વિઘ્નો લય પામે છે અને સર્વ કલ્યાણો પોતાની મેળે જ પ્રાપ્ત થાય છે. જેમ જન્માંધ મનુષ્યને રૂપનું જ્ઞાન હોતું નથી, તેમ ગુરુના ઉપદેશ વિના કરોડો કલ્પોએ પણ તત્ત્વજ્ઞાન થતું નથી. સદ્ગુરુના કૃપાકટાક્ષના લેશમાત્રથી તુરત જ તત્ત્વજ્ઞાન થાય છે. જે કાળે સદ્ગુરુનો કૃપાકટાક્ષ થાય છે, તે સમયે ભગવાનની કથાનાં શ્રવણ, ધ્યાન વગેરેમાં શ્રદ્ધા થાય છે; તે પછી હૃદયમાં રહેલી અનાદિ દુષ્ટ વાસનાઓરૂપી ગાંઠ નાશ પામે છે; તેથી હૃદયમાં રહેલી સર્વ કામનાઓ નાશ

हृदयपुण्डरीककर्णिकायां परमात्माविर्भावो भवति। ततो दृढतरा वैष्णवी भक्तिर्जायते। ततो वैराग्यमुदेति। वैराग्याद्बुद्धिविज्ञानाविर्भावो भवति। अभ्यासात्तज्ज्ञानं क्रमेण परिपक्वं भवति। पक्वविज्ञानाज्जीवन्मुक्तो भवति। ततः शुभाशुभकर्माणि सर्वाणि सवासनानि नश्यन्ति। ततो दृढतरशुद्धसात्त्विकवासनया भक्त्यतिशयो भवति। भक्त्यतिशयेन नारायणः सर्वमयः सर्वावस्थासु विभाति। सर्वाणि जगन्ति नारायणमयानि प्रविभान्ति। नारायणव्यतिरिक्तं न किंचिदस्ति। इत्येतद्बुद्ध्वा विहरत्युपासकः सर्वत्र। निरन्तरसमाधिपरंपराभिर्जगदीश्वराकाराः सर्वत्र सर्वावस्थासु प्रविभान्ति। अस्य महापुरुषस्य क्वचित्क्वचिदीश्वरसाक्षात्कारो भवति। अस्य देहत्यागेच्छा यदा भवति तदा वैकुण्ठपार्षदाः सर्वे समायान्ति। ततो भगवद्ध्यानपूर्वकं हृदयकमले व्यवस्थितमात्मानं स्वमन्तरात्मानं संचिन्त्य सम्यगुपचारैरभ्यर्च्य हंसमन्त्रमुच्चरन्त्सर्वाणि द्वाराणि संयम्य सम्यङ्मनो निरुध्य चोर्ध्वगेन वायुना सह प्रणवेन प्रणवानुसंधानपूर्वकं शनैः शनैराब्रह्मरन्ध्राद्विनिर्गत्य सोऽहमिति मन्त्रेण द्वादशान्तस्थितपरमात्मानमेकीकृत्य पञ्चोपचारैरभ्यर्च्य पुनः सोऽहमिति मन्त्रेण षोडशान्तस्थितज्ञानात्मानमेकीकृत्य सम्यगुपचारैरभ्यर्च्य प्राकृतपूर्वदेहं परित्यज्य पुनः कल्पितमन्त्रमयशुद्धब्रह्मतेजोमयनिरतिशयानन्दमयमहाविष्णुसारूप्यविग्रहं परिगृह्य सूर्यमण्डलान्तर्गतानन्तदिव्यचरणार-

પામે છે; તે પછી હૃદયકમળની કળીમાં પરમાત્માનું પ્રાગટ્ય થાય છે; તેથી અતિશય દૃઢ વિષ્ણુભક્તિ ઉત્પન્ન થાય છે, તેથી વૈરાગ્ય ઉદય પામે છે અને વૈરાગ્યથી બુદ્ધિમાં વિજ્ઞાનનો આવિર્ભાવ

થાય છે. પછી અભ્યાસ કરવાથી એ જ્ઞાન અનુક્રમે પરિપક્વ થાય છે; જ્ઞાન પરિપક્વ થવાથી જીવન્મુક્ત થાય છે; તે પછી શુભ–અશુભ સર્વ કર્મો વાસના સાથે નાશ પામે છે અને તે પછી અતિદૃઢ અને શુદ્ધ સાત્ત્વિક વાસનાથી ભક્તિની અતિશયતા પ્રગટે છે. એ ભક્તિની અતિશયતાથી સર્વ અવસ્થાઓમાં સર્વમય શ્રીનારાયણ પ્રકાશે છે, સર્વ જગત શ્રીનારાયણમય જણાય છે અને નારાયણથી જુદું કંઈ પણ નથી, એમ સમજીને તે ઉપાસક બધે વિહાર કરે છે. નિરંતર સમાધિની પરંપરાઓ વધતાં બધે ઠેકાણે બધી અવસ્થાઓમાં જગદીશ્વરનાં સ્વરૂપો પ્રકાશે છે. એ મહાપુરુષને કોઈ કોઈ વેળા ઈશ્વરનો સાક્ષાત્કાર પણ થાય છે. શરીરનો ત્યાગ કરવાની એને જ્યારે ઇચ્છા થાય છે, ત્યારે વૈકુંઠના બધા પાર્ષદો તેની સામા આવે છે. પછી ભગવાનના ધ્યાનપૂર્વક હૃદયકમળમાં રહેલા પોતાના અંતરાત્માનું તે ચિંતન કરે છે; પછી સારી રીતે ઉપચારોપૂર્વક તેનું પૂજન કરે છે; હંસમંત્રનો ઉચ્ચાર કરતો સર્વ ઇંદ્રિયરૂપ દ્વારોને બંધ કરે છે; મનને સારી રીતે વશ કરે છે; પછી ઊંચી ગતિવાળા પ્રાણવાયુ સાથે પ્રણવમંત્રના અનુસંધાનપૂર્વક ધીમેધીમે છેક બ્રહ્મરંધ્રમાંથી બહાર નીકળે છે; પછી ‘ सोऽहं ’ એ મંત્રથી બાર ઇંદ્રિયોની પછી રહેલા પરમાત્મા સાથે પોતાના આત્માને એક કરી દઈ, પાંચ ઉપચારોથી તેમની પૂજા કરે છે; પછી ફરી ‘ सोऽहं ’ એ મંત્રથી સોળ ઇંદ્રિયોની પછી રહેલા જ્ઞાનાત્મા સાથે પોતાના આત્માને એક કરી દઈ, સારી રીતે ઉપચારોથી તેમની પૂજા કરી, પ્રાકૃત પૂર્વદેહનો ત્યાગ કરે છે. પછી કલ્પિત મંત્રમય અને શુદ્ધ બ્રહ્મના તેજોમય અને નિરતિશય આનંદમય મહાવિષ્ણુના સમાન સ્વરૂપવાળું શરીર સ્વીકારે

विन्दाङ्गुष्ठनिर्गतनिरतिशयानन्दमयापरनदीप्रवाहमाकृष्य भावनयात्र स्नात्वा वस्त्राभरणाद्युपचारैरात्मपूजां विधाय साक्षान्नारायणो भूत्वा ततो गुरुनमस्कारपूर्वकं प्रणवगरुडं ध्यात्वा ध्यानेनाविर्भूतमहाप्रणवगरुडं पञ्चोपचारैराराध्य गुर्वनुज्ञया प्रदक्षिणनमस्कारपूर्वकं प्रणवगरुडमारुह्य महाविष्णोः समस्तासाधारणचिह्नचिह्नितो महाविष्णोः समस्तासाधारणदिव्यभूषणैर्भूषितः सुदर्शनपुरुषं पुरस्कृत्य विष्वक्सेनपरिपालितो वैकुण्ठपार्षदैः परिवेष्टितो नभोमार्गमाविश्य पार्श्वद्वयस्थितानेकपुण्यलोकानतिक्रम्य तत्रत्यैः पुण्यपुरुषैरभिपूजितः सत्यलोकमाविश्य ब्रह्माणमभ्यर्च्य ब्रह्मणा च सत्यलोकवासिभिः सर्वैरभिपूजितः शैवमीशानकैवल्यमासाद्य शिवं ध्यात्वा शिवमभ्यर्च्य शिवगणैः सर्वैः शिवेन चाभिपूजितो महर्षिमण्डलान्यतिक्रम्य सूर्यसोममण्डले भित्त्वा कीलकनारायणं ध्यात्वा ध्रुवमण्डलस्य दर्शनं कृत्वा भगवन्तं ध्रुवमभिपूज्य ततः शिंशुमारचक्रं विभिद्य शिंशुमारप्रजापतिमभ्यर्च्य चक्रमध्यगतं सर्वाधारं सनातनं महाविष्णुमाराध्य तेन पूजितस्तत उपर्युपरि गत्वा परमानन्दं प्राप्य प्रकाशते । ततो वैकुण्ठवासिनः सर्वे समायान्ति तान्त्सर्वान्सुसंपूज्य तैः सर्वैरभिपूजितश्चोपर्युपरि गत्वा विरजानदीं प्राप्य तत्र स्नात्वा भगवद्ध्यानपूर्वकं पुनर्निमज्ज्य तत्रापञ्चीकृतभूतोत्थं सूक्ष्मा-

છે; પછી સૂર્યમંડળની અંદર રહેલા અનંત ભગવાનના દિવ્ય ચરણકમળના અંગૂઠામાંથી નીકળેલી નિરતિશય આનંદમય અલૌકિક નદીના પ્રવાહને આકર્ષીને, ભાવનાથી એમાં સ્નાન કરે છે. પછી વસ્ત્રો તથા અલંકારો વગેરે ઉપચારોથી

પોતાના આત્માની પૂજા કરી સાક્ષાત્ નારાયણસ્વરૂપ થાય છે. તે પછી ગુરુને નમસ્કાર કરવાપૂર્વક પ્રણવરૂપ ગરુડનું ધ્યાન કરે છે; તે ધ્યાન કરવાથી એ મહાપ્રણવરૂપ ગરુડ ત્યાં પ્રગટ થાય છે; એટલે પાંચ ઉપચારોથી તેનું પૂજન કરી ગુરુની અનુજ્ઞાથી પ્રદક્ષિણા–નમસ્કાર કરવાપૂર્વક એ પ્રણવરૂપ ગરુડ પર તે સવાર થાય છે. પછી મહાવિષ્ણુનાં બધાં અસાધારણ ચિહ્નોથી યુક્ત થઈ મહાવિષ્ણુનાં બધાં અસાધારણ દિવ્ય ભૂષણોથી સુશોભિત થાય છે. પછી સુદર્શન પુરુષને આગળ કરીને વિશ્વક્સેન ભગવાનથી રક્ષાયેલો અને વૈકુંઠ પાર્ષદોથી વીંટાયેલો તે, આકાશમાર્ગમાં પ્રવેશ કરે છે. ત્યાં પોતાની બન્ને બાજુ રહેલા અનેક પવિત્ર લોકોને ઓળંગી, ત્યાંના પવિત્ર પુરુષોથી પૂજાઈને સત્યલોકમાં પ્રવેશ કરે છે. ત્યાં બ્રહ્માની તે પૂજા કરે છે, એટલે બ્રહ્મા અને સત્યલોકવાસીઓ બધા સામેથી તેની પૂજા કરે છે; પછી શિવના ઇશાન કૈવલ્યસ્થાનમાં તે પહોંચે છે. ત્યાં શિવનું ધ્યાન કરી શિવની તે પૂજા કરે છે; એટલે સામેથી શિવ પોતે અને શિવના બધા ગણો તેની પૂજા કરે છે. પછી મહર્ષિઓનાં મંડળોને ઓળંગી સૂર્યમંડળ તથા ચંદ્રમંડળથી પણ આગળ જઈ કીલક (બધાના ખીલા જેવા) નારાયણનું ધ્યાન ધરી ધ્રુવમંડળનું તે દર્શન કરે છે. પછી ભગવાન ધ્રુવની પૂજા કરી ત્યાંથી શિંશુમાર ચક્રમાં પ્રવેશ કરે છે. ત્યાં શિંશુમાર પ્રજાપતિની પૂજા કર્યા પછી એ ચક્રની વચ્ચે રહેલા સર્વના આધાર સનાતન મહાવિષ્ણુની તે આરાધના કરે છે; એટલે તે મહાવિષ્ણુ પણ સામેથી તેની પૂજા કરે છે; પછી ત્યાંથી ઉપર જઈ પરમાનંદને પામીને પ્રકાશે છે. તે પછી વૈકુંઠવાસીઓ બધા તેની સામા આવે છે; એટલે તે બધાની તે સારી રીતે પૂજા કરે છે; ત્યારે તેઓ બધા સામેથી તેની પૂજા કરે છે. પછી ત્યાંથી

ङ्गभोगसाधनं सूक्ष्मशरीरमुत्सृज्य केवलमन्त्रमयदिव्यतेजोमयनिरतिशयानन्दमयमहाविष्णुसारूप्यविग्रहं परिगृह्य तत उन्मज्यात्मपूजां विधाय प्रदक्षिणनमस्कारपूर्वकं ब्रह्ममयवैकुण्ठमाविश्य तत्रत्यान्विशेषेण संपूज्य तन्मध्ये च ब्रह्मानन्दमयानन्तप्राकारप्रासादतोरणविमानोपवनावलिभिर्ज्वलच्छिखरैरुपलक्षितो निरुपमनित्यनिरवद्यनिरतिशयनिरवधिकब्रह्मानन्दाचलो विराजते। तदुपरि ज्वलति निरतिशयानन्ददिव्यतेजोराशिः। तदभ्यन्तरसंस्थाने शुद्धबोधानन्दलक्षणं विभाति। तदन्तराले चिन्मयवेदिका आनन्दवेदिकानन्दवनविभूषिता। तदभ्यन्तरे अमिततेजोराशिस्तदुपरिज्वलति। परममङ्गलासनं विराजते। तत्पद्मकर्णिकायां शुद्धशेषभोगासनं विराजते। तस्योपरि समासीनमानन्दपरिपालकमादिनारायणं ध्यात्वा तमीश्वरं विविधोपचारैराराध्य प्रदक्षिणनमस्कारान्विधाय तदनुज्ञातश्चोपर्युपरि गत्वा पञ्चवैकुण्ठानतीत्याण्डविराट्कैवल्यं प्राप्य तं समाराध्योपासकः परमानन्दं प्रापेत्युपनिषत्॥ इत्याथर्वणमहानारायणोपनिषदि संसारतरणोपायकथनद्वारा परममोक्षमार्गस्वरूपनिरूपणं नाम—

पञ्चमोऽध्यायः ॥ ५ ॥

ઉપર–ઉપર જઈ વિરજા નામની નદી પર પહોંચે છે. તેમાં સ્નાન કર્યા પછી ભગવાનના ધ્યાનપૂર્વક ફરી તેમાં ડૂબકી મારીને અપંચીકૃત ભૂતોમાંથી ઉત્પન્ન થયેલા અને સૂક્ષ્મ અંગભોગોનું સાધન એવા સૂક્ષ્મ શરીરનો તેમાં ત્યાગ કરે છે. પછી કેવળ મંત્રમય, દિવ્ય તેજોમય અને નિરતિશય આનંદમય મહા-

વિષ્ણુના સમાન સ્વરૂપવાળું શરીર સ્વીકારીને એ નદીમાંથી બહાર નીકળી આત્માની પૂજા કર્યા પછી બ્રહ્મમય વૈકુંઠધામમાં પ્રદક્ષિણા ને નમસ્કાર કરવાપૂર્વક પ્રવેશ કરે છે. પછી ત્યાંના રહેવાસીઓની વિશેષ પૂજા કરે છે; તે ધામની વચ્ચે બ્રહ્માનંદમય અનંત કિલ્લાવાળો અને મહેલો, તોરણો, વિમાનો તથા બાગ-બગીચાઓની પંક્તિઓથી પ્રકાશતાં શિખરોવાળો, ઉપમારહિત, નિત્ય, નિર્દોષ, નિરતિશય અને અવધિ વિનાનો બ્રહ્માનંદ નામે એક પર્વત શોભે છે. તેના ઉપર નિરતિશય આનંદસ્વરૂપ દિવ્ય તેજનો રાશિ પ્રકાશે છે. તેની વચ્ચેના સ્થાનમાં શુદ્ધ જ્ઞાન તથા આનંદનું લક્ષણ પ્રકાશે છે. તેની વચ્ચે ચૈતન્યમય વેદિકા છે. તે આનંદરૂપ ઓટલાવાળી અને આનંદરૂપ વનથી શોભી રહી છે. તેની ઉપર વચ્ચેના ભાગમાં અમાપ તેજનો રાશિ પ્રકાશે છે. તેના ઉપર પરમ મંગળમય આસન શોભે છે. એ આસનરૂપ કમળની કળીમાં શુદ્ધ શેષ ભગવાનના શરીરરૂપ આસન વિરાજે છે. તેના ઉપર આનંદ-પરિપાલક શ્રીઆદિનારાયણ બેઠા હોય છે. તે ઈશ્વરનું ધ્યાન કરી ઉપાસક વિવિધ ઉપચારોથી તેમનું આરાધન કરે છે. પછી તેમને પ્રદક્ષિણા તથા નમસ્કાર કરી, તેમની રજા મેળવી ત્યાંથી ઉપર-ઉપર જઈ પાંચ વૈકુંઠધામો ઓળંગીને અંડવિરાટ નામના કૈવલ્યપદને પામે છે. ત્યાં તેમનું આરાધન કરીને ઉપાસક પરમ આનંદને પ્રાપ્ત થાય છે; એમ આ ઉપનિષદ કહે છે.'

ઇતિ અથર્વવેદની મહાનારાયણ ઉપનિષદમાં સંસારને તરવાનો
ઉપાય કહી, તે દ્વારા પરમ મોક્ષના માર્ગનું સ્વરૂપવર્ણન,
એ નામે અધ્યાય પાંચમો સમાપ્ત

## षष्ठोऽध्यायः

यत उपासकः परमानन्दं प्राप्य सावरणं ब्रह्माण्डं च भित्त्वा परितः समवलोक्य ब्रह्माण्डस्वरूपं[1] निरीक्ष्य परमार्थतस्तत्स्वरूपं ब्रह्मज्ञानेनावबुध्य समस्तवेदशास्त्रेतिहासपुराणानि समस्तविद्याजालानि ब्रह्मादयः सुराः सर्वे समस्ताः परमर्षयश्चाण्डाभ्यन्तरप्रपञ्चैकदेशमेव वर्णयन्ति । अण्डस्वरूपं न जानन्ति । ब्रह्माण्डाद्बहिः प्रपञ्चज्ञानं न जानन्त्येव । कुतोऽण्डान्तरान्तर्बहिः प्रपञ्चज्ञानं दूरतो मोक्षप्रपञ्चज्ञानमविद्याप्रपञ्चज्ञानं चेति कथं ब्रह्माण्डस्वरूपमिति । कुक्कुटाण्डाकारं महदादिसमष्ट्याकारमण्डं तपनीयमयं तप्तजाम्बूनदप्रभमुद्यत्कोटिदिवाकराभं चतुर्विधसृष्ट्युपलक्षितं महाभूतैः पञ्चभिरावृतं महदहंकृतितमोभिश्च मूलप्रकृत्या परिवेष्टितम् । अण्डभित्तिविशालं सपादकोटियोजनप्रमाणम् । एकैकावरणं तथैव । अण्डप्रमाणं परितोऽयुतद्वयकोटियोजनप्रमाणं महामण्डूकाद्यनन्तशक्तिभिरधिष्ठितं नारायणक्रीडाकन्दुकं परमाणुवद्विष्णुलोकसुसंलग्नमदृष्टाश्रुतविविधविचित्रानन्तविशेषैरुपलक्षितम् । अस्य ब्रह्माण्डस्य समन्ततः स्थितान्येतादृशान्यनन्तकोटिब्रह्माण्डानि सावरणानि ज्वलन्ति । चतुर्मुखपञ्चमुखषण्मुखसप्त-

### છઠ્ઠો અધ્યાય

હવે જ્યાં એ ઉપાસક પરમાનંદને પામ્યો હોય છે, ત્યાં એ આવરણ સહિત બ્રહ્માંડને ભેદીને તેની ચારે બાજુ જોઈ બ્રહ્માંડના સ્વરૂપનું તે નિરીક્ષણ કરે છે; જેથી પરમાર્થ રીતે તેના

---

१ ब्रह्मानन्दस्वरूपम्.

સ્વરૂપને બ્રહ્મજ્ઞાન દ્વારા તે સમજી શકે છે. બધા વેદો, શાસ્ત્રો, ઇતિહાસો, પુરાણો, બધી વિદ્યાઓના સમૂહો, બ્રહ્માદિ દેવો અને બધા મહર્ષિઓ બ્રહ્માંડની અંદર રહેલા પ્રપંચના અમુક એક પ્રદેશનું જ વર્ણન કરે છે. આખા બ્રહ્માંડનું સ્વરૂપ તેઓ જાણતા નથી. બ્રહ્માંડની બહારનું પ્રપંચજ્ઞાન પણ તેઓ જાણતા જ નથી; કેમ કે બ્રહ્માંડની વચ્ચે, અંદર ને બહાર જે પ્રપંચજ્ઞાન છે, તેથી પણ દૂર મોક્ષ–પ્રપંચજ્ઞાન અને અવિદ્યા–પ્રપંચજ્ઞાન છે; તેથી બ્રહ્માંડના સ્વરૂપને તેઓ કેમ જાણી શકે? આ બ્રહ્માંડ કૂકડાના ઈંડા જેવા આકારવાળું છે, મહત્તત્ત્વ વગેરેની સમષ્ટિના આકારવાળું છે, સુવર્ણમય છે, તપાવેલાં સોના જેવી કાંતિવાળું છે, ઉદય પામતા કરોડ સૂર્ય જેવું પ્રકાશમાન છે, ચાર પ્રકારની સૃષ્ટિથી યુક્ત છે, પાંચ મહાભૂતોથી વીંટાયલું છે અને મહત્તત્ત્વ, અહંકાર, અજ્ઞાન તથા મૂલ પ્રકૃતિથી ચારે બાજુ ઘેરાયેલું છે. એ બ્રહ્માંડની ભીંતની વિશાળતા સવા કરોડ યોજન પ્રમાણની છે. એક એક આવરણ તેટલા જ પ્રમાણનું છે. આખા બ્રહ્માંડનું પ્રમાણ ચારે બાજુ બે કરોડ યોજન પ્રમાણે છે. મહામંડૂક વગેરે અનંત શક્તિઓથી તે આશ્રિત છે. નારાયણને રમવાના દડા જેવું તે છે, પરમાણુની પેઠે વિષ્ણુલોક સાથે લાગેલું છે અને કોઈએ નહિ જોયેલી કે નહિ સાંભળેલી જાતજાતની અનંત વિશેષતાઓથી તે યુક્ત છે. આ બ્રહ્માંડની ચારે બાજુ એવાં અનંત કરોડો બ્રહ્માંડો આવરણો સાથે પ્રકાશે છે. તેઓમાં ચાર મુખોવાળા, પાંચ મુખોવાળા, છ મુખોવાળા, સાત મુખોવાળા, આઠ મુખોવાળા વગેરે સંખ્યાના ક્રમે હજાર સુધી મુખોવાળા નારાયણના અંશો રહેલા છે. તેઓમાં રજોગુણ મુખ્ય હોય છે અને તેઓ એક સૃષ્ટિના કરનારા છે. વળી તેઓમાં વિષ્ણુ તથા મહેશ્વર નામના નારાયણના અંશો

मुखाष्टमुखादिसंख्याक्रमेण सहस्रावधिमुखान्तैर्नारायणांशै रजोगुणप्रधानैरेकैकसृष्टिकर्तृभिरधिष्ठितानि विष्णुमहेश्वराख्यैर्नारायणांशैः सत्त्वतमोगुणप्रधानैरेकैकस्थितिसंहारकर्तृभिरधिष्ठितानि महाजलौघमत्स्यबुद्बुदानन्तसङ्घवद्भ्रमन्ति। क्रीडासक्तबालककरतलामलकवृन्दवन्महाविष्णोः करतले विलसन्त्यनन्तकोटिब्रह्माण्डानि। जलयन्त्रस्थघटमालिकाजालवन्महाविष्णोरेकैकरोमकूपान्तरेष्वनन्तकोटिब्रह्माण्डानि सावरणानि भ्रमन्ति। समस्तब्रह्माण्डान्तर्बहिः प्रपञ्चरहस्यं ब्रह्मज्ञानेनावबुध्य विविधविचित्रानन्तपरमविभूतिसमष्टिविशेषान्समवलोक्यात्याश्चर्यामृतसागरे निमज्ज्य निरतिशयानन्दपारावारो भूत्वा समस्तब्रह्माण्डजालानि समुल्लङ्घ्यामितापरिच्छिन्नानन्ततमःसागरमुत्तीर्य मूलाविद्यापुरं दृष्ट्वा त्रिविधविचित्रानन्तमहामायाविशेषैः परिवेष्टितामनन्तमहामायाशक्तिसमष्ट्याकारामनन्तदिव्यतेजोज्वालाजालैरलंकृतामनन्तमहामायाविलासानां परमाधिष्ठानविशेषाकारां शश्वदमितानन्दाचलोपरि विहारिणीं मूलप्रकृतिजननीमविद्यालक्ष्मीमेवं ध्यात्वा विविधोपचारैराराध्य समस्तब्रह्माण्डसमष्टिजननीं वैष्णवीं महामायां नमस्कृत्य तया चानुज्ञातश्चोपर्युपरि गत्वा महाविराट्पदं प्राप। महाविराट्स्वरूपं कथमिति। समस्ताविद्यापादको विराट्। विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतोहस्त उत विश्वतस्पात्। संबाहुभ्यां धमति

પણ રહેલા છે. તેઓ સત્ત્વગુણ તથા તમોગુણની મુખ્યતાવાળા અને એક એક સ્થિતિ તથા સંહારના કરનારા છે. એ અનંત કોટિ બ્રહ્માંડો, મોટા જળપ્રવાહમાં રહેલાં માછલાં અને પરપોટાઓની પેઠે અનંત સમૂહો જેવાં ભમ્યા કરે છે; અને ક્રીડામાં તત્પર

કોઈ બાળકની હથેળીમાં રહેલા આમળાના સમૂહની પેઠે મહા-વિષ્ણુની હથેળીમાં શોભે છે; તેમ જ પાણી ખેંચવાના યંત્ર(રેંટ)માં રહેલા ઘટમાળના સમૂહની જેમ એ અનંત કરોડ બ્રહ્માંડો, મહાવિષ્ણુના એકએક રૂંવાડાંનાં છિદ્રોમાં આવરણો સાથે ભમે છે. એ સમસ્ત બ્રહ્માંડોની અંદર ને બહારના પ્રપંચનું રહસ્ય બ્રહ્મ-જ્ઞાનથી જાણી લઈ, તે ઉપાસક અનેક પ્રકારની વિચિત્ર અનંત શ્રેષ્ઠ વિભૂતિઓના સમષ્ટિ વિશેષોને જોઈને અતિ આશ્ચર્યકારક અમૃતના સાગરમાં મગ્ન થાય છે અને પછી નિરતિશય આનંદનો સમુદ્ર બની બધાં બ્રહ્માંડોના સમૂહો ઓળંગી જઈ અમાપ અને છેડા વિનાના અનંત અજ્ઞાનરૂપ સમુદ્રને પાર પહોંચી મૂળ અવિદ્યાનગરનું દર્શન કરે છે; પછી ત્યાં અનેક પ્રકારે અદ્ભુત અને અનંત જુદી જુદી મહામાયાઓથી વીંટાયલાં, અનંત મહા-માયાઓની શક્તિ–સમષ્ટિરૂપ આકારવાળાં, અનંત દિવ્ય તેજની જ્વાળાઓના સમૂહોથી શણગારેલાં, અનંત મહામાયાઓના વિલાસોના પરમ અધિષ્ઠાનરૂપ વિશેષ આકૃતિવાળાં, સનાતન કાળના અમાપ આનંદરૂપ, પર્વત પર વિહાર કરતાં અને મૂળ પ્રકૃતિનાં માતા શ્રી અવિદ્યાલક્ષ્મીનું ધ્યાન કરી વિવિધ ઉપચારોથી તેમની પૂજા કરીને સમસ્ત સમષ્ટિ–બ્રહ્માંડોનાં માતા વૈષ્ણવી મહામાયા-ને નમસ્કાર કરે છે; પછી તેમની રજા લઈ ત્યાંથી ઉપર ઉપર જઈ મહાવિરાટના સ્થાનમાં પહોંચે છે. એ મહાવિરાટનું સ્વરૂપ કેવું છે, કે સમસ્ત અવિદ્યાનો પાદ એ જ વિરાટ છે; તે સર્વ તરફ નેત્રોવાળા, સર્વ તરફ મુખવાળા, ચારે બાજુ હાથવાળા અને સર્વ તરફ પગવાળા છે. તે દેવ મનુષ્યોને બે હાથથી યુક્ત કરે છે અને પક્ષીઓને પાંખોવાળાં કરે છે; સ્વર્ગ તથા પૃથ્વીને પણ તે જ એક ઉત્પન્ન કરે છે; તેમનું સ્વરૂપ દૃષ્ટિના વિષયમાં નથી, તેથી

संपतत्रैर्द्यावापृथिवीं जनयन्देव एकः। न संदृशे तिष्ठति रूपमस्य न चक्षुषा पश्यति कश्चनैनम्। हृदा मनीषा मनसाभिक्लृप्तो य एनं विदुरमृतास्ते भवन्ति। मनोवाचामगोचरमादिविराट्स्वरूपं ध्यात्वा विविधोपचारैराराध्य तदनुज्ञातश्चोपर्युपरि गत्वा विविधविचित्रानन्तमूलाविद्याविलासानवलोकयोपासकः परमकौतुकं प्राप। अखण्डपरिपूर्णपरमानन्दलक्षणपरब्रह्मणः समस्तस्वरूपविरोधकारिण्यपरिच्छिन्नतिरस्कारिण्याकारा वैष्णवी महायोगमाया मूर्तिमद्भिरनन्तमहामायाजालविशेषैः परिवेष्टिता तस्याः पुरमतिकौतुकमत्याश्चर्यसागरानन्दलक्षणममृतं भवति। अविद्यासागरप्रतिबिम्बितनित्यवैकुण्ठप्रतिवैकुण्ठमिव विभाति। उपासकस्तत्पुरं प्राप्य योगलक्ष्मीमङ्गमायां ध्यात्वा विविधोपचारैराराध्य तया संपूजितश्चानुज्ञातश्चोपर्युपरि गत्वानन्तमायाविलासानवलोकयोपासकः परमकौतुकं प्राप॥ तत उपरि पादविभूतिवैकुण्ठपुरमाभाति। अत्याश्चर्यानन्तविभूतिसमष्ट्याकारमानन्दरसप्रवाहैरलंकृतमभितस्तरङ्गिण्याः प्रवाहैरतिमङ्गलं ब्रह्मतेजोविशेषाकारैरनन्तब्रह्मवनैरभितस्ततमनन्तनित्यमुक्तैरभिव्याप्तमनन्तचिन्मयप्रासादजालसंकुलमनादिपादविभूतिवैकुण्ठमेवमाभाति। तन्मध्ये च चिदानन्दाचलो विभाति॥ तदुपरि ज्वलति निरतिशयानन्ददिव्यतेजोराशिः। तदभ्यन्तरे परमानन्दविमानं विभाति। तदभ्यन्तरसंस्थाने चिन्मयासनं विराजते। तत्पद्मकर्णिकायां निरतिशयदिव्य-

તેમને નેત્ર વડે કોઈ જોતું નથી; વળી તે હૃદય, બુદ્ધિ અને મન વડે સર્વ તરફ કલ્પાયેલા છે, એમ જેઓ તેમને જાણે છે, તેઓ અમર થાય છે. એ રીતે મન તથા વાણીના અવિષય તે આદિ વિરાટના સ્વરૂપનું ધ્યાન કરી વિવિધ ઉપચારોથી તેમની

પૂજા કર્યા પછી તેમની રજા લઈને ત્યાંથી ઉપર ઉપર જાય છે અને ત્યાં અનેક પ્રકારે અદ્ભુત અને અનંત એવા મૂળ અવિદ્યાના વિલાસો જોઈને, તે ઉપાસક પરમ આશ્ચર્ય પામે છે; કેમ કે એ વૈષ્ણવી મહાયોગમાયા અખંડ પરિપૂર્ણ પરમાનંદરૂપ લક્ષણવાળા પરબ્રહ્મના સમસ્ત સ્વરૂપનો વિરોધ કરનારી છે અને માપી ન શકાય એવા પડદા જેવા આકારવાળી છે. મૂર્તિને ધારણ કરનારી અનંત જુદી જુદી મહામાયાઓ ચારે બાજુ તેને સેવ્યા કરે છે. તેનું નગર અતિ કૌતુકમય છે અને અત્યંત આશ્ચર્યના સાગર જેવા આનંદરૂપ લક્ષણવાળું હોઈ અમર છે. વળી તે અવિદ્યારૂપ સમુદ્રમાં પ્રતિબિંબિત થયેલા નિત્ય વૈકુંઠની સામે બીજું જાણે વૈકુંઠ હોય તેવું છે. એ નગરમાં પહોંચીને ઉપાસક અંગમ્રયા યોગલક્ષ્મીનું ધ્યાન ધરે છે અને વિવિધ ઉપચારોથી તેમની પૂજા કરે છે. પછી તેમની રજા લઈ ત્યાંથી ઉપર ઉપર જઈ અનંત માયાના વિલાસો જોઈને પરમ કૌતુક પામે છે. પછી તેની ઉપર પાદવિભૂતિ નામનું વૈકુંઠનગર શોભે છે. એ અતિ આશ્ચર્યકારક અનંત સમષ્ટિ વિભૂતિઓના આકારવાળું છે; આનંદરસના પ્રવાહોથી શણગારેલું છે, તેની ચારે બાજુ એ આનંદની નદીના પ્રવાહોને લીધે તે અતિ મંગલરૂપ છે, બ્રહ્મતેજના વિશેષ આકારોરૂપ અનંત બ્રહ્મવનોથી ચારે બાજુ તે વ્યાપ્ત છે, અનંત નિત્યમુક્તો વડે ચારે બાજુ વ્યાપેલું છે અને અનંત ચૈતન્યમય મહેલોના સમૂહો વડે સાંકડું છે. આવું તે અનાદિપાદ વિભૂતિ વૈકુંઠનગર પ્રકાશે છે. તેની મધ્યે ચિદાનંદ નામે પર્વત છે. તેના ઉપર નિરતિશય આનંદસ્વરૂપ દિવ્ય તેજનો રાશિ પ્રકાશે છે. તેની અંદર પરમાનંદ નામનું વિમાન છે. તેની અંદરના ઉત્તમ સ્થાનમાં ચૈતન્યમય આસન શોભે છે. એ રૂપી કમળની કળીમાં નિરતિશય

तेजोराश्यन्तरसमासीनमादिनारायणं ध्यात्वा विविधोपचारैस्तं समाराध्य तेनाभिपूजितस्तदनुज्ञातश्चोपर्युपरि गत्वा सावरणमविद्याण्डं च भित्त्वा विद्यापादमुल्लङ्घ्य विद्याविद्ययोः सन्धौ विष्वक्सेनवैकुण्ठपुरमाभाति ॥ अनन्तदिव्यतेजोज्वालाजालैरभितोऽनीकं प्रज्वलन्तमनन्तबोधान्तरबोधानन्दव्यूहैरभितस्ततं शुद्धबोधविमानावलिभिर्विराजितमनन्तानन्दपर्वतैः परमकौतुकमाभाति । तन्मध्ये च कल्याणाचलोपरि शुद्धानन्दविमानं विभाति । तदभ्यन्तरे दिव्यमङ्गलासनं विराजते । तत्पद्मकर्णिकायां ब्रह्मतेजोराश्यभ्यन्तरसमासीनं भगवदनन्तविभूतिविधिनिषेधपरिपालकं सर्वप्रवृत्तिसर्वहेतुनिमित्तकं निरतिशयलक्षणमहाविष्णुस्वरूपमखिलापवर्गपरिपालकममितविक्रममेवंविधं विष्वक्सेनं ध्यात्वा प्रदक्षिणनमस्कारान्विधाय विविधोपचारैराराध्य तदनुज्ञातश्चोपर्युपरि गत्वा विद्याविभूतिं प्राप्य विद्यामयानन्तवैकुण्ठान्परितोऽवस्थितान्ब्रह्मतेजोमयानवलोक्यैवोपासकः परमानन्दं प्राप ॥ विद्यामयाननन्तसमुद्रानतिक्रम्य ब्रह्मविद्यातरङ्गिणीमासाद्य तत्र स्नात्वा भगवद्ध्यानपूर्वकं पुनर्निमज्ज्य मन्त्रमयशरीरमुत्सृज्य विद्यानन्दमयामृतदिव्यशरीरं परिगृह्य नारायणसारूप्यं प्राप्यात्मपूजां विधाय ब्रह्ममयवैकुण्ठवासिभिः सर्वैर्नित्यमुक्तैः सुपूजितस्ततो ब्रह्मविद्याप्रवाहैरानन्दरसनिर्भरैः क्रीडानन्तपर्वतैरनन्तैरभिव्याप्तं ब्रह्मविद्यामयैः सहस्रप्राकारैरानन्दामृतमयैर्दिव्यगन्धस्वभावैश्चिन्मयैरनन्तब्रह्मवनैरतिशो-

દિવ્ય તેજના રાશિની મધ્યે શ્રીઆદિનારાયણ બેઠા છે. તેમનું ધ્યાન કરી વિવિધ ઉપચારોથી તેમની પૂજા કરે છે; એટલે સામેથી તે ભગવાન પણ ઉપાસકની પૂજા કરે છે; અને પછી

તેમની રજા મેળવી, ત્યાંથી ઉપર ઉપર આવરણ સહિત અવિદ્યાનું બ્રહ્માંડ ભેદીને ઉપાસક અવિદ્યાના પદને ઓળંગી જાય છે. ત્યાં વિદ્યા અને અવિદ્યાની સંધિમાં વિશ્વક્સેન નામનું વૈકુંઠનગર શોભે છે. તે નગર અનંત દિવ્ય તેજની જ્વાળાઓના સમૂહોથી ચારે બાજુ ઘેરાયું હોઈ પ્રકાશે છે; અનંત જ્ઞાનની અંદર આવેલા જ્ઞાનમય આનંદના વ્યૂહોથી ચારે બાજુ તે વ્યાપ્ત છે, શુદ્ધ જ્ઞાનમય વિમાનોની પંક્તિઓથી શોભે છે અને અનંત આનંદમય પર્વતોથી પરમ કૌતુકરૂપે દીપે છે. તેની મધ્યે કલ્યાણ નામે પર્વત છે. તેની ઉપર શુદ્ધ આનંદ નામે વિમાન શોભે છે. તેની અંદર દિવ્ય મંગળમય આસન શોભે છે. એ રૂપી કમળની કળીમાં બ્રહ્મતેજનો રાશિ છે. તેની અંદર નિરતિશય લક્ષણવાળું મહાવિષ્ણુનું સ્વરૂપ બેઠેલું છે. એ ભગવાનની અનંતવિભૂતિરૂપ વિધિ–નિષેધનું સર્વ પ્રકારે પાલન કરે છે, સર્વ પ્રવૃત્તિઓના સર્વ હેતુઓનું તે નિમિત્ત છે, સંપૂર્ણ મોક્ષના પરિપાલક છે અને અમાપ પરાક્રમવાળા છે; એવા પ્રકારના એ વિશ્વક્સેનનું ધ્યાન કરી તેમને પ્રદક્ષિણા–નમસ્કાર કર્યા પછી તેમની પૂજા કરીને તેમની રજા મેળવી ઉપાસક, ત્યાંથી ઉપર ઉપર જાય છે અને વિદ્યાવિભૂતિમાં પહોંચે છે. ત્યાં વિદ્યામય અનંત વૈકુંઠોને ચારે બાજુ રહેલા બ્રહ્મતેજમય જોઈને તે ઉપાસક પરમ આનંદ પામે છે. પછી વિદ્યામય અનંત સમુદ્રોને ઓળંગી બ્રહ્મવિદ્યા નામની નદી પર જઈ તેમાં સ્નાન કરે છે. પછી ભગવાનના ધ્યાનપૂર્વક ફરી તેમાં ડૂબકી મારી મંત્રમય શરીરનો ત્યાગ કરી વિદ્યાના આનંદમય અમર દિવ્ય શરીરનો સ્વીકાર કરે છે; અને પછી નારાયણના સમાન રૂપને પામી આત્માની પૂજા કરે છે. તે પછી બધા બ્રહ્મમય વૈકુંઠવાસી નિત્યમુક્તો તેની સારી રીતે પૂજા કરે છે. પછી આનંદના

मितमुपासकस्त्वेवंविधं ब्रह्मविद्यावैकुण्ठमाविश्य तदभ्यन्तरस्थितात्यन्तोन्नतबोधानन्दप्रासादाग्रस्थितप्रणवविमानोपरिस्थितामपारब्रह्मविद्यासाम्राज्याधिदेवताममोघनिजमन्दकटाक्षेणानादिमूलाविद्याप्रलयकरीमद्वितीयामेकामनन्तमोक्षसाम्राज्यलक्ष्मीमेवं ध्यात्वा प्रदक्षिणनमस्कारान्विधाय विविधोपचारैराराध्य पुष्पाञ्जलिं समर्प्य स्तुत्वा स्तोत्रविशेषैस्तयाभिपूजितस्तदनुगतश्चोपर्युपरि गत्वा ब्रह्मविद्यातीरे गत्वा बोधानन्दमयाननन्तवैकुण्ठानवलोक्य निरतिशयानन्दं प्राप्य बोधानन्दमयाननन्तसमुद्रानतिक्रम्य गत्वागत्वा ब्रह्मवनेषु परममङ्गलाचलश्रेणीषु ततो बोधानन्दविमानपरंपरासूपासकः परमानन्दं प्राप ॥ ततः श्रीतुलसीवैकुण्ठपुरमाभाति परमकल्याणमनन्तविभवममिततेजोराश्याकारमनन्तब्रह्मतेजोराशिसमष्ट्याकारं चिदानन्दमयानेकप्राकारविशेषैः परिवेष्टितममितबोधानन्दाचलोपरिस्थितं बोधानन्दतरङ्गिण्या प्रवाहैरतिमङ्गलं निरतिशयानन्दैरनन्तवृन्दावनैरतिशोभितमखिलपवित्राणां परमपवित्रं चिद्रूपैरनन्तनित्यमुक्तैरभिव्याप्तमानन्दमयानन्तविमानजालैरलंकृतममिततेजोराश्यन्तर्गतदिव्यतेजोराशिविशेषमुपासकस्त्वेवमाकारं तुलसीवैकुण्ठं प्रविश्य तदन्तर्गतदिव्यविमानोपरिस्थितां सर्वपरिपूर्णस्य महाविष्णोः सर्वाङ्गेषु विहारिणीं निरतिशय-

રસથી ભરપૂર બ્રહ્મવિદ્યાના પ્રવાહોથી અને ક્રીડા કરવાના અનંત પર્વતોથી વ્યાપ્ત, બ્રહ્મવિદ્યામય હજારો કિલ્લાઓથી યુક્ત, આનંદરૂપ, અમૃતમય, દિવ્યગંધના સ્વભાવવાળાં અને ચૈતન્યમય અનંત બ્રહ્મવનોથી અતિ શોભતા બ્રહ્મવિદ્યા નામના વૈકુંઠધામમાં ઉપાસક પ્રવેશ કરે છે અને તેની અંદર રહેલી

અનંત મોક્ષસામ્રાજ્યની લક્ષ્મીનું આવી રીતે ધ્યાન ધરે છે: 'તે લક્ષ્મી અતિશય ઊંચા જ્ઞાન તથા આનંદરૂપ મહેલના છેક ઉપરના માળે બેઠાં છે; પ્રણવરૂપ વિમાનની ઉપર રહેલાં છે; અપાર બ્રહ્મ-વિદ્યાના સામ્રાજ્યનાં અધિષ્ઠાદાયક દેવી છે; પોતાના અમોઘ ધીમા કટાક્ષથી અનાદિ મૂળ અવિદ્યાનો નાશ કરનારાં છે અને અદ્વિતીય એક જ છે.' પછી તેમને પ્રદક્ષિણા–નમસ્કાર કરી વિવિધ ઉપચારોથી પૂજીને પુષ્પોની અંજલિ આપે છે અને જુદાં જુદાં સ્તોત્રોથી સ્તવે છે; એટલે તે દેવી પણ સામેથી તેની પૂજા કરે છે અને તેને અનુસરે છે પછી ત્યાંથી ઉપર ઉપર જઈ બ્રહ્મ-વિદ્યાના તીરે પહોંચે છે અને ત્યાં જ્ઞાન તથા આનંદમય અનંત વૈકુંઠોનાં દર્શન કરે છે. પછી નિરતિશય આનંદ પામી જ્ઞાન તથા આનંદમય અનંત સમુદ્રોને ઓળંગી જઈ પરમ મંગલ નામના પર્વતના મધ્યપ્રદેશોમાં જે બ્રહ્મવનો આવેલાં છે તેમાં જાય છે. પછી ત્યાં જ્ઞાન તથા આનંદમય વિમાનોની પરંપરા-ઓમાં એ ઉપાસક પરમ આનંદ પામે છે. તે પછી શ્રીતુલસી-વૈકુંઠ નામનું નગર શોભે છે. એ નગર પરમ કલ્યાણરૂપ, અનંત વૈભવોવાળું અમાપ તેજના રાશિરૂપ આકારવાળું, અનંત બ્રહ્મ-તેજના સમષ્ટિ રાશિરૂપ આકારવાળું, ચૈતન્ય તથા આનંદમય અનેક જુદા જુદા કિલ્લાઓથી વીંટાયલું, અમાપ જ્ઞાન તથા આનંદ નામના પર્વત પર રહેલું, જ્ઞાનાનંદ નામની નદીના પ્રવાહોથી અત્યંત મંગલ નિરતિશય આનંદવાળાં અનંત વૃંદાવનોથી અત્યંત શોભીતું, સર્વ પવિત્રોમાં પણ પરમ પવિત્ર, ચૈતન્યરૂપ અનંત નિત્યમુક્તોથી ચારે બાજુ વ્યાપ્ત, આનંદમય અનંત વિમા-નોના સમૂહોથી શણગારેલું અને અમાપ તેજના રાશિની અંદર આવેલા દિવ્ય તેજના વિશેષ રાશિરૂપ છે. એવા આકારવાળા તુલસીવૈકુંઠમાં પ્રવેશ કરી તેની અંદર રહેલાં દિવ્ય વિમાન

सौन्दर्यलावण्याधिदेवतां बोधानन्दमयैरनन्तनित्यपरिजनैः परिषेवितां श्रीसखीं तुलसीमेवं लक्ष्मीं ध्यात्वा प्रदक्षिणनमस्कारान्विधाय विविधोपचारैराराध्य स्तुत्वा स्तोत्रविशेषैस्तयाभिपूजितस्तत्रस्थैश्चाभिपूजितस्तदनुज्ञातश्चोपर्युपरि गत्वा परमानन्दतरङ्गिण्यास्तीरे गत्वा तत्र परितोऽवस्थिताञ्छुद्धबोधानन्दमयाननन्तवैकुण्ठानवलोक्य निरतिशयानन्दं प्राप्य तत्रस्थैश्चिद्रूपैः पुराणपुरुषैश्चाभिपूजितस्ततो गत्वा गत्वा ब्रह्मवनेषु दिव्यगन्धानन्दपुष्पवृष्टिभिः समन्वितेषु दिव्यमङ्गलालयेषु निरतिशयानन्दामृतसागरेष्वमिततेजोराश्याकारेषु कल्लोलवनसंकुलेषु ततोऽनन्तशुद्धबोधविमानजालसंकुलानन्दाचलश्रेणीषूपासकस्तत उपर्युपरि गत्वा विमानपरम्परास्वनन्ततेजःपर्वतराजिष्वेवं क्रमेण प्राप्य विद्यानन्दमययोः सन्धिं तत्रानन्दतरङ्गिण्याः प्रवाहेषु स्नात्वा बोधानन्दवनं प्राप्य शुद्धबोधपरमानन्दानन्दाकारवनं संततामृतपुष्पवृष्टिभिः परिवेष्टितं[1] परमानन्दप्रवाहैरभिव्याप्तं मूर्तिमद्भिः परममङ्गलैः परमकौतुकमपरिच्छिन्नानन्दसागराकारं क्रीडानन्दपर्वतैरभिशोभितं तन्मध्ये च शुद्धबोधानन्दवैकुण्ठं यदेव ब्रह्मविद्यापादवैकुण्ठं सहस्रानन्दप्राकारैः समुज्ज्वलति। अनन्तानन्दविमानजालसंकुलमनन्तबोधसौधविशेषैरभितोऽनिशं प्रज्वलन्तं क्रीडानन्तमण्ड-

ઉપર બેઠેલાં, સર્વ રીતે પરિપૂર્ણ શ્રીમહાવિષ્ણુનાં સર્વ અંગોમાં વિહાર કરનારાં, નિરતિશય સૌંદર્ય અને લાવણ્યનાં અધિષ્ઠાયક દેવી, જ્ઞાન તથા આનંદમય અનંત નિત્યના સેવકો વડે ચારે બાજુ સેવાયેલાં અને શ્રીદેવીનાં સખી તુલસીલક્ષ્મીનું એમ ધ્યાન કરી પ્રદક્ષિણા તથા નમસ્કાર કરીને વિવિધ ઉપચારોથી તેમનું

१ परिषेवितम्

આરાધન કરે છે અને જાતજાતનાં સ્તોત્રોથી તેમની સ્તુતિ કરે છે; એટલે તે તુલસી પણ સામેથી તેની પૂજા કરે છે અને ત્યાંના લોકો પણ સામેથી પૂજા કરે છે. પછી તે તુલસીએ રજા આપ્યા પછી ત્યાંથી ઉપર ઉપર જઈ પરમાનંદ નદીના તીરે પહોંચે છે અને ત્યાં ચારે બાજુ રહેલાં શુદ્ધ જ્ઞાન તથા આનંદમય અનંત વૈકુંઠોનાં દર્શન કરી નિરતિશય આનંદ પામે છે. પછી ત્યાંના વતની ચૈતન્યસ્વરૂપ પુરાણપુરુષો સામેથી તેની પૂજા કરે છે. તે પછી ત્યાંથી નીકળી દિવ્ય ગંધ અને આનંદરૂપ પુષ્પવૃષ્ટિઓથી યુક્ત, દિવ્ય મંગળોનાં સ્થાનરૂપ, નિરતિશય આનંદરૂપ અમૃતના સમુદ્રો જેવાં અને અમાપ તેજના રાશિરૂપ આકારવાળાં બ્રહ્મવનોમાં જાય છે. પછી ત્યાંથી અનંત શુદ્ધ જ્ઞાનરૂપ વિમાનોના સમૂહો વડે વ્યાપ્ત આનંદમય પર્વતોના મધ્ય પ્રદેશો પર થઈને એ ઉપાસક ત્યાંથી ઉપર ઉપર જાય છે અને વિમાનોની પરંપરાઓમાં તથા અનંત તેજવાળા પર્વતોની પંક્તિઓ પર થઈને એમ અનુક્રમે વિદ્યા તથા આનંદમયની સંધિમાં જઈ પહોંચે છે. ત્યાં આનંદની નદીમાં સ્નાન કરી બોધાનંદ નામના વનમાં જાય છે. ત્યાંથી શુદ્ધ બોધ અને પરમાનંદના આનંદરૂપ આકારવાળા વનમાં જાય છે. તે વન નિરંતર અમૃતમય પુષ્પોની વૃષ્ટિઓવાળા પરમાનંદના પ્રવાહો વડે ચારે બાજુ વીંટાયલું અને વ્યાપ્ત છે; મૂર્તિમાન શ્રેષ્ઠ મંગળોથી પરમ કૌતુકમય છે; અમાપ આનંદસાગરના આકારવાળું અને ક્રીડાનંદ નામના પર્વતોથી શોભીતું છે. તેની મધ્યે શુદ્ધ બોધાનંદ નામે વૈકુંઠધામ છે. તે જ બ્રહ્મવિદ્યાના પાદરૂપ વૈકુંઠ છે અને હજારો આનંદના કિલ્લાઓથી પ્રકાશે છે. વળી તે અનંત આનંદમય વિમાનોના સમૂહોથી વ્યાપ્ત છે, અનંત જ્ઞાનરૂપ અનેક મહેલોથી ચારે બાજુ નિરંતર પ્રકાશે છે; ક્રીડા

पविशेषैर्विशेषिनं बोधानन्दमयानन्तपरमच्छत्रध्वजचामरवितानतोरणैरलंकृतं परमानन्दव्यूहैर्नित्यमुक्तैरभितस्ततमनन्तदिव्यतेजःपर्वतसमष्टयाकारमपरिच्छिन्नानन्तशुद्धबोधानन्तमण्डलं वाचामगोचरानन्दब्रह्मतेजोराशिमण्डलमाखण्डलविशेषं शुद्धानन्दसमष्टिमण्डलविशेषमखण्डचिद्घनानन्दविशेषमेवं तेजोमण्डलविधं बोधानन्दवैकुण्ठमुपासकः प्रविश्य तत्रत्यैः सर्वैरभिपूजितः परमानन्दाचलोपर्यखण्डबोधविमानं प्रज्वलति। तदभ्यन्तरे चिन्मयासनं विराजते। तदुपरि विभात्यखण्डानन्दतेजोमण्डलम्। तदभ्यन्तरे समासीनमादिनारायणं ध्यात्वा प्रदक्षिणनमस्कारान्विधाय विविधोपचारैः सुसंपूज्य पुष्पाञ्जलिं समर्प्य स्तुत्वा स्तोत्रविशेषैः स्वरूपेणावस्थितमुपासकमवलोक्य तमुपासकमादिनारायणः स्वसिंहासने सुसंस्थाप्य तद्वैकुण्ठवासिभिः सर्वैः समन्वितः समस्तमोक्षसाम्राज्यपट्टाभिषेकमुद्दिश्य मन्त्रपूतैरुपासकमानन्दकलशैरभिषिच्य दिव्यमङ्गलमहावाद्यपुरःसरं विविधोपचारैरभ्यर्च्य मूर्तिमद्भिः सर्वैः स्वचिह्नैरलंकृत्य प्रदक्षिणनमस्कारान्विधाय त्वं ब्रह्मासि अहं ब्रह्मास्मि आवयोरन्तरं न विद्यते त्वमेवाहम् अहमेव त्वम् इत्यभिधायेत्युक्त्वादिनारायणस्तिरोदधे तदेत्युपनिषत्॥ इत्याथर्वणमहानारायणोपनिषदि परमोक्षमार्गस्वरूपनिरूपणं नाम–

षष्ठोऽध्यायः ॥ ६ ॥

કરવાના અનંત જુદા જુદા મંડપોથી યુક્ત છે; બોધાનંદમય અનંત શ્રેષ્ઠ છત્રો, ધ્વજો, ચામરો, ચંદરવા અને તોરણોથી શણગારેલું છે; પરમાનંદના વ્યૂહ જેવા નિત્યમુક્તોથી ચારે

બાજુ વ્યાપ્ત છે; અનંત દિવ્ય તેજના પર્વતોની સમષ્ટિરૂપ આકારવાળું હોઈ અમાપ અને અનંત શુદ્ધ બોધના અનંત મંડળોવાળું છે; વાણીનો અવિષય એવા આનંદરૂપ બ્રહ્મતેજના રાશિઓનું મંડળ હોઈ જાણે કોઈ ઇંદ્ર હોય તેવું છે, અને શુદ્ધ આનંદની સમષ્ટિઓનું વિશેષ મંડળ તથા અખંડ ચૈતન્યઘન આનંદનો વિશેષ હોય તેવું છે. એવા તેજોમંડળ સરખા બોધાનંદ નામના વૈકુંઠમાં ઉપાસક પ્રવેશ કરે છે. એટલે ત્યાંના સર્વ લોકો સામેથી તેની પૂજા કરે છે. ત્યાં પરમાનંદ નામના પર્વત ઉપર અખંડબોધ નામનું વિમાન પ્રકાશે છે; તેની અંદર ચૈતન્યમય આસન વિરાજે છે; તેના ઉપર અખંડ આનંદમય તેજનું મંડળ પ્રકાશે છે; તેની અંદર આદિનારાયણ બેઠેલા છે; તેમનું ધ્યાન કરી પ્રદક્ષિણા-નમસ્કાર કરીને વિવિધ ઉપચારોથી સારી રીતે તેમની પૂજા કરે છે અને પુષ્પાંજલિ સમર્પીને અનેક સ્તોત્રોથી સ્તુતિ કરે છે. પછી પોતાના સ્વરૂપે ઊભેલા તે ઉપાસકને જોઈ આદિનારાયણ તેને પોતાના સિંહાસન પર બેસાડે છે અને વૈકુંઠવાસી સર્વ લોકોની સાથે રહી સમસ્ત મોક્ષસામ્રાજ્યના પટ્ટાભિષેકને ઉદ્દેશી મંત્રોથી પવિત્ર એવા આનંદકલશો વડે તે ઉપાસક ઉપર અભિષેક કરે છે. પછી દિવ્ય મંગલોરૂપ મોટા વાદ્યોપૂર્વક વિવિધ ઉપચારોથી તેની પૂજા કરીને મૂર્તિમાન પોતાનાં બધાં ચિહ્નોથી તેને શણગારે છે અને પ્રદક્ષિણા-નમસ્કાર કરી તેને કહે છે, કે 'તું બ્રહ્મ છે, હું બ્રહ્મ છું, આપણા બેમાં અંતર નથી, તું જ હું છું અને હું જ તું છે' એમ કહી આદિનારાયણ તે વેળા અદૃશ્ય થાય છે; આમ આ ઉપનિષદ્ કહે છે.

ઇતિ અથર્વવેદના મહાનારાયણ ઉપનિષદ્‌માં 'પરમ મોક્ષમાર્ગના સ્વરૂપનું વર્ણન' નામનો અધ્યાય છઠ્ઠો સમાપ્ત

सप्तमोऽध्यायः

अथोपासकस्तदाज्ञया नित्यं गरुडमारुह्य वैकुण्ठवासिभिः सर्वैः परिवेष्टितो महासुदर्शनं पुरस्कृत्य विष्वक्सेनपरिपालितश्चोपर्युपरि गत्वा ब्रह्मानन्दविभूतिं प्राप्य सर्वत्रावस्थितान्ब्रह्मानन्दमयाननन्त-वैकुण्ठानवलोक्य निरतिशयानन्दसागरो भूत्वात्मारामानानन्दविभू-तिपुरुषाननन्तानवलोक्य तान्सर्वानुपचारैः समभ्यर्च्य तैः सर्वैरभि-पूजितश्चोपासकस्तत उपर्युपरि गत्वा ब्रह्मानन्दविभूतिं प्राप्यानन्तदि-व्यतेजः पर्वतैरलंकृतान्परमानन्दलहरीवनशोभितानसंख्याकानानन्दस-मुद्रानतिक्रम्य विविधविचित्रानन्तपरमतत्त्वविभूतिसमष्टिविशेषान्पर-मकौतुकान्ब्रह्मानन्दविभूतिविशेषानतिक्रम्योपासकः परमकौतुकं प्राप ॥ ततः सुदर्शनवैकुण्ठपुरमाभाति नित्यमङ्गलमनन्तविभवं सहस्रानन्द-प्राकारपरिवेष्टितमयुतकुक्ष्युपलक्षितमनन्तोत्कटज्वलदरमण्डलं निरति-शयदिव्यतेजोमण्डलं वृन्दारकपरमानन्दं शुद्धबुद्धस्वरूपमनन्तानन्द-सौदामिनीपरमविलासं निरतिशयपरमानन्दपारावारमनन्तैरानन्दपुरु-षैश्चिद्रूपैरधिष्ठितम् । तन्मध्ये च सुदर्शनं महाचक्रम् । चरणं पवित्रं विततं पुराणं येन पूतस्तरति दुष्कृतानि । तेन पवित्रेण शुद्धेन पूता अतिपाप्मानमरातिं तरेम । लोकस्य द्वारमर्चिमत्पवित्रम् । ज्योतिष्म-द्भ्राजमानं महस्वत् । अमृतस्य धारा बहुधा दोहमानम् । चरणं नो लोके सुधितां दधातु । अयुतारं ज्वलन्तमयुतारसमष्ट्याकारं निरति-

સાતમો અધ્યાય

પછી ઉપાસક તેમની આજ્ઞાથી નિત્ય ગરુડ પર બેસી સર્વ વૈકુંઠવાસીઓથી વીંટાઈને મહાસુદર્શનને આગળ કરી વિષ્વક્-

સેનની રક્ષા તળે ઉપર ઉપર જઈ બ્રહ્માનંદ વિભૂતિમાં પહોંચે છે. ત્યાં બધે રહેલાં બ્રહ્માનંદમય અનંત વૈકુંઠોનાં દર્શન કરી નિરતિશય આનંદનો સમુદ્ર બને છે. પછી આત્મારામ અને આનંદ-વિભૂતિ નામના અનંત પુરુષોનાં દર્શન કરી તે સર્વની ઉપચારો સાથે પૂજા કરે છે; એટલે તેઓ બધા પણ સામેથી તેની પૂજા કરે છે. પછી એ ઉપાસક ત્યાંથી ઉપર ઉપર જઈ બ્રહ્માનંદ-વિભૂતિમાં પહોંચે છે. ત્યાંથી આગળ અનંત દિવ્ય તેજોમય પર્વતોથી સુશોભિત અને પરમાનંદની લહેરોવાળાં વનથી શોભીતા અસંખ્ય આનંદના સમુદ્રોને ઓળંગી જઈ વિવિધ, વિચિત્ર અને અનંત પરમ તત્ત્વની વિભૂતિઓની વિશેષ સમષ્ટિરૂપ હોઈ પરમ-કૌતુકમય એવી બ્રહ્માનંદની વિશેષ વિભૂતિઓને ઓળંગીને તે ઉપાસક પરમ કૌતુક પામે છે. તે પછી સુદર્શનવૈકુંઠ નામનું નગર શોભે છે. તે નિત્ય મંગળમય, અનંત વૈભવોવાળું, એકહજાર આનંદના કિલ્લાઓથી વીંટાયેલું, દશહજાર મધ્યપ્રદેશોથી યુક્ત, અનંત ઉત્કટ પ્રકાશતા આરાઓના મંડળોવાળું, નિરતિશય દિવ્ય-તેજના મંડળવાળું, અતિશ્રેષ્ઠ પરમાનંદમય, શુદ્ધજ્ઞાનસ્વરૂપ, વીજળીઓના પરમવિલાસવાળું, નિરતિશય પરમાનંદના સમુદ્ર જેવું અને ચૈતન્યસ્વરૂપ અનંત આનંદપુરુષોથી વસાયેલું છે. તેની મધ્યે સુદર્શન મહાચક્ર છે. તે ગતિમાન, પવિત્ર, બધે ફેલાયલું અને જૂનામાં જૂનું છે, જેનાથી પવિત્ર થયેલો પુરુષ પાપોથી છૂટે છે. તે પવિત્ર અને શુદ્ધ ચક્ર વડે પવિત્ર થયેલા આપણે મોટાં પાપરૂપી શત્રુને ઓળંગી જઈએ છીએ. તે લોકોના દ્વારરૂપ, જ્વાળાઓવાળું અને પવિત્ર છે; વળી તે જ્યોતિવાળું, પ્રકાશમાન, તેજસ્વી અને અનેક પ્રકારનાં અમૃતની ધારાઓને ઝર્યા કરે છે. એ ચક્ર અમને લોકમાં ઉત્તમ બુદ્ધિમાન બનાવો. દશહજાર આરાઓવાળું, જ્વલંત, દશહજાર આરાઓની

शयविक्रमविलासमनन्तदिव्यायुधदिव्यशक्तिसमष्टिरूपं महाविष्णोरनर्गलप्रतापविग्रहमयुतायुतकोटियोजनविशालमनन्तज्वालाजालैरलंकृतं समस्तदिव्यमङ्गलनिदानमनन्तदिव्यतीर्थानां निजमन्दिरमेवं सुदर्शनं महाचक्रं प्रज्वलति। तस्य नाभिमण्डलसंस्थाने उपलक्ष्यते निरतिशयानन्ददिव्यतेजोराशिः। तन्मध्ये च सहस्रारचक्रं प्रज्वलति। तदखण्डदिव्यतेजोमण्डलाकारं परमानन्दसौदामिनीनिचयोज्ज्वलम्। तदभ्यन्तरसंस्थाने षट्शतारचक्रं प्रज्वलति। तस्यामितपरमतेजः परमविहारसंस्थानविशेषं विज्ञानघनस्वरूपम्। तदन्तराले त्रिशतारचक्रं विभाति। तच्च परमकल्याणविलासविशेषमनन्तचिदादित्यसमष्ट्याकारम्। तदभ्यन्तरे शतारचक्रमाभाति। तच्च परमतेजोमण्डलविशेषम्। तन्मध्ये षष्ट्यारचक्रमाभाति। तच्च ब्रह्मतेजपरमविलासविशेषम्। तदभ्यन्तरसंस्थाने षट्कोणचक्रं प्रज्वलति। तच्चापरिच्छिन्नानन्तदिव्यतेजोराश्याकारम्। तदभ्यन्तरे महानन्दपदं विभाति। तत्कर्णिकायां सूर्येन्दुवह्निमण्डलानि चिन्मयानि ज्वलन्ति। तत्रोपलक्ष्यते निरतिशयदिव्यतेजोराशिः। तदभ्यन्तरसंस्थाने युगपदुदितानन्तकोटिरविप्रकाशः सुदर्शनपुरुषो विराजते। सुदर्शनपुरुषो महाविष्णुरेव। महाविष्णोः समस्तासाधारणचिह्नचिह्नितः। एवमुपासकः सुदर्शनपुरुषं ध्यात्वा विविधोपचारैराराध्य प्रदक्षिणनमस्कारान्विधायोपासकस्तेनाभिपूजितस्तदनुज्ञातश्चोपर्युपरि गत्वा परमानन्दमयाननन्तवै-

સમષ્ટિરૂપ આકારવાળું, નિરતિશય પરાક્રમના વિલાસોવાળું, અનંત દિવ્ય આયુધોની દિવ્ય શક્તિની સમષ્ટિરૂપ, મહાવિષ્ણુના અઢળક પ્રતાપના શરીર જેવું, હજારો કરોડ યોજન વિશાળ

તાવાળું, અનંત જ્વાળાઓના સમૂહોથી શણગારેલું, સમસ્ત દિવ્ય મંગળોનું મૂળ કારણ અને અનંત દિવ્ય તીર્થોનું પોતે જ સ્થાન એવું તે સુદર્શન મહાચક્ર પ્રકાશે છે. તેના નાભિમંડળના સ્થાનમાં નિરતિશય આનંદનો દિવ્ય તેજોરાશિ જણાય છે; અને તેની મધ્યે એકહજાર આરાઓવાળું ચક્ર પ્રકાશે છે. તે અખંડ દિવ્ય તેજના મંડળ જેવા આકારનું અને પરમાનંદની વીજળીઓના સમૂહ જેવું ઉજ્જવળ છે. તેની વચ્ચેના સ્થાનમાં છસો આરાવાળું ચક્ર પ્રકાશે છે. તેનું અમાપ શ્રેષ્ઠ તેજ છે અને તે, શ્રેષ્ઠ વિહારના વિશેષ સ્થાન જેવું હોઈ વિજ્ઞાનઘનસ્વરૂપ છે, તેની વચ્ચે ત્રણસો આરાવાળું ચક્ર પ્રકાશે છે. તે પરમકલ્યાણના વિશેષ વિલાસોરૂપ અને અનંત ચૈતન્યરૂપ સૂર્યના સમષ્ટિ આકારવાળું છે. તેની વચ્ચે સો આરાવાળું ચક્ર પ્રકાશે છે. તે પરમતેજના વિશેષ મંડળ જેવું છે. તેની મધ્યે સાઠ આરાવાળું ચક્ર પ્રકાશે છે. તે બ્રહ્મતેજના પરમ વિશેષ વિલાસરૂપ છે. તેની વચ્ચેના સ્થાનમાં છ ખૂણાવાળું ચક્ર પ્રકાશે છે. તે અમાપ અનંત દિવ્ય તેજના રાશિ જેવા આકારનું છે. તેની વચ્ચે મહાનંદનું સ્થાન પ્રકાશે છે. તેની કળીમાં સૂર્ય, ચંદ્ર તથા અગ્નિનાં મંડળો ચૈતન્યમય પ્રકાશે છે. તેમાં નિરતિશય દિવ્ય તેજનો રાશિ જણાય છે. તેની વચ્ચેના સ્થાનમાં એકી સાથે ઉદય પામેલા અનંત કરોડ સૂર્યના જેવા પ્રકાશવાળા સુદર્શન પુરુષ વિરાજે છે. એ સુદર્શન પુરુષ મહાવિષ્ણુ જ છે, એ મહાવિષ્ણુનાં બધાં અસાધારણ ચિહ્નોથી ચિહ્નોવાળો છે. એ રીતે ઉપાસક સુદર્શન પુરુષનું ધ્યાન ધરી વિવિધ ઉપચારોથી તેમની પૂજા કરી તેમને પ્રદક્ષિણા તથા નમસ્કાર કરે છે. પછી એ સુદર્શન પુરુષ પણ સામેથી એ ઉપાસકની પૂજા કરે છે. પછી તેમણે અનુજ્ઞા આપેલો તે ઉપાસક ત્યાંથી ઉપર ઉપર જઈ પરમાનંદમય અનંત વૈકુંઠોનાં દર્શન કરી પરમાનંદને

कुण्ठानवलोक्योपासकः परमानन्दं प्राप। तत उपरि विविधविचित्रानन्तचिद्विलासविभूतिविशेषानतिक्रम्यानन्तपरमानन्दविभूतिसमष्टिविशेषानन्तनिरतिशयानन्तसमुद्रानतीत्योपासकः क्रमेणाद्वैतसंस्थानं प्राप॥ कथमद्वैतसंस्थानम्। अखण्डानन्दस्वरूपमनिर्वाच्यममितबोधसागरममितानन्दसमुद्रं विजातीयविशेषविवर्जितं सजातीयविशेषविशेषितं निरवयवं निराधारं निर्विकारं निरञ्जनमनन्तब्रह्मानन्दसमष्टिकन्दं परमचिद्विलाससमष्ट्याकारं निर्मलं निरवद्यं निराश्रयमतिनिर्मलानन्तकोटिरविप्रकाशैकस्फुलिङ्गमनन्तोपनिषदर्थस्वरूपमखिलप्रमाणातीतं मनोवाचामगोचरं नित्यमुक्तस्वरूपमनाधारमादिमध्यान्तशून्यं कैवल्यं परमं शान्तं सूक्ष्मतरं महतो महत्तरमपरिमितानन्दविशेषं शुद्धबोधानन्दविभूतिविशेषमनन्तानन्दविभूतिविशेषसमष्टिरूपमक्षरमनिर्देश्यं कूटस्थमचलं ध्रुवमदिग्देशकालमन्तर्बहिश्च तत्सर्वं व्याप्य परिपूर्णं परमयोगिभिर्विमृग्यं देशतः कालतो वस्तुतः परिच्छेदरहितं निरन्तराभिनवं नित्यपरिपूर्णमखण्डानन्दामृतविशेषं शाश्वतं परमं पदं निरतिशयानन्दानन्ततडित्पर्वताकारमद्वितीयं स्वयंप्रकाशमनिशं ज्वलति। परमानन्दलक्षणापरिच्छिन्नानन्तपरंज्योतिः शाश्वतं शश्वद्विभाति। तदभ्यन्तरसंस्थानेऽमितानन्दचिद्रूपाचलमखण्डपरमानन्दविशेषं बोधानन्दमहोज्ज्वलं नित्यमङ्गलमन्दिरं चिन्मथनाविर्भूतं चित्सारमनन्ताश्चर्यसागरममिततेजोराश्यन्तर्गततेजोविशेषमनन्तानन्द-

પામે છે. ત્યાંથી ઉપર વિવિધ, અદ્ભુત અને અનંત ચૈતન્યના વિલાસોની વિશેષ વિભૂતિઓને ઓળંગીને અનંત પરમાનંદની વિભૂતિઓની વિશેષ સમષ્ટિરૂપ અને છેડા વિનાના નિરતિશય

અનંત સમુદ્રોને ઊતરી જઈ એ ઉપાસક અનુક્રમે અદ્વૈત સ્થાનમાં પહોંચે છે. એ અદ્વૈત સ્થાન કેવું છે કે અખંડ આનંદસ્વરૂપ, વર્ણવવું અશક્ય, અમાપ જ્ઞાનના સમુદ્રરૂપ, અમાપ આનંદના સમુદ્રરૂપ, વિજાતીય વિશેષતાઓથી રહિત, સજાતીય વિશેષતાઓથી યુક્ત, અવયવરહિત, આધાર વિનાનું, નિર્વિકાર, નિરંજન, અનંત બ્રહ્માનંદની સમષ્ટિનું મૂળ, પરમ ચૈતન્યના વિલાસોની સમષ્ટિના આકારવાળું, નિર્મળ, નિર્દોષ, આશ્રય વિનાનું, અતિ નિર્મળ અનંત કરોડ સૂર્યના પ્રકાશનો જાણે એક તણખો હોય તેવું, અનંત ઉપનિષદોના અર્થસ્વરૂપ, સમગ્ર પ્રમાણોથી પર, મન અને વાણીનો અવિષય, નિત્યમુક્તસ્વરૂપ, આધારરહિત, આદિ–મધ્ય–અંત વિનાનું, કૈવલ્યરૂપ, પરમ શાંત, અતિશય સૂક્ષ્મ, મોટાથી પણ ઘણું મોટું, અમાપ, વિશેષ આનંદરૂપ, શુદ્ધ જ્ઞાનાનંદની વિશેષ વિભૂતિરૂપ, અનંત આનંદની વિભૂતિની વિશેષ સમષ્ટિરૂપ, અવિનાશી, બતાવવું અશક્ય, કૂટસ્થ, અચળ, સ્થિર, દિશા–દેશ અને કાળ વિનાનું, અંદર ને બહાર બધે વ્યાપીને ચારે બાજુ પૂર્ણ, મોટા યોગીઓ વડે શોધવા જેવું, દેશ–કાળ કે વસ્તુથી માપણી ન થાય તેવું, નિરંતર ચોપાસ નવું, નિત્ય પરિપૂર્ણ. અખંડ આનંદમય વિશેષ અમૃત જેવું, સનાતન, પરમ પદરૂપ, નિરતિશય આનંદની અનંત વીજળીઓ અને પર્વતો જેવા આકારવાળું અદ્વિતીય અને સ્વયંપ્રકાશ સ્વરૂપે નિરંતર પ્રકાશે છે. પદમાનંદ–રૂપ લક્ષણવાળું અને અમાપ અનંત એવા પરમ જ્યોતિરૂપ તે સનાતન સ્થાન નિરંતર પ્રકાશે છે. તેની વચ્ચેના સ્થાનમાં અમાપ આનંદ અને ચૈતન્યસ્વરૂપ, અચળ, અખંડ વિશેષ પરમાનંદરૂપ, જ્ઞાનાનંદ વડે મહાઉજ્જવળ, નિત્ય મંગલનું મંદિર, ચૈતન્યને મથવાથી પ્રગટેલું, ચૈતન્યનો

प्रवाहैरलंकृतं निरतिशयानन्दपारावाराकारं निरुपमनित्यनिरवद्यनिरतिशयनिरवधिकतेजोराशिविशेषं निरतिशयानन्दसहस्रप्राकारैरलंकृतं शुद्धबोधसौधावलिविशेषैरलंकृतं चिदानन्दमयानन्तदिव्यारामैः सुशोभितं शश्वदमितपुष्पवृष्टिभिः समन्ततः संततम्। तदेव त्रिपाद्विभूतिवैकुण्ठस्थानं तदेव परमकैवल्यम्। तदेवाबाधितपरमतत्त्वम्। तदेवानन्तोपनिषद्विमृग्यम्। तदेव परमयोगिभिर्मुमुक्षुभिः सर्वैराशास्यमानम्। तदेव सद्घनम्। तदेव चिद्घनम्। तदेवानन्दघनम्। तदेव शुद्धबोधघनविशेषमखण्डानन्दब्रह्मचैतन्याधिदेवतास्वरूपम्। सर्वाधिष्ठानमद्वयपरब्रह्मविहारमण्डलं निरतिशयानन्दतेजोमण्डलमद्वैतपरमानन्दलक्षणपरब्रह्मणः परमाधिष्ठानमण्डलं निरतिशयपरमानन्दपरममूर्तिविशेषमण्डलमनन्तपरममूर्तिसमष्टिमण्डलं निरतिशयपरमानन्दलक्षणपरब्रह्मणः परममूर्तिपरमतत्त्वविलासविलासविशेषमण्डलं बोधानन्दमयानन्तपरमविलासविभूतिविशेषसमष्टिमण्डलमनन्तचिद्विलासविभूतिविशेषसमष्टिमण्डलमखण्डशुद्धचैतन्यनिजमूर्तिविशेषविग्रहं वाचामगोचरानन्तशुद्धबोधविशेषविग्रहमनन्तानन्दसमुद्रसमष्ट्याकारमनन्तबोधाचलैरनन्तबोधानन्दाचलैरधिष्ठितं निरतिशयानन्दपरममङ्गलविशेषसमष्ट्याकारमखण्डाद्वैतपरमानन्दलक्षणपरब्रह्मणः परममूर्तिपरमतेजःपुञ्जपिण्डविशेषं चिद्रूपादित्यमण्डलं द्वात्रिंशद्व्यूहभेदैरधिष्ठितम्।

સાર, અનંત આશ્ચર્યોનો સમુદ્ર, અમાપ તેજના રાશિની વચ્ચે રહેલા વિશેષ તેજરૂપ, અનંત આનંદના પ્રવાહોથી શણગારેલું, નિરતિશય આનંદના સમુદ્ર જેવા આકારવાળું, નિરુપમ, નિત્ય, નિર્દોષ, નિરતિશય અને અવધિ વિનાના તેજના

વિશેષ રાશિરૂપ, નિરતિશય આનંદના હજારો કિલ્લાઓથી સુશોભિત, શુદ્ધ જ્ઞાનના મહેલોની વિશેષ પંક્તિઓથી શણગારેલું, ચૈતન્ય તથા આનંદમય અનંત દિવ્ય બગીચાઓથી અત્યંત શોભીતું અને નિરંતર અમાપ પુષ્પોની વૃષ્ટિઓથી ચારે બાજુ છવાયેલું એક સ્થાન છે. તે જ ત્રિપાદવિભૂતિ વૈકુંઠ–સ્થાન છે અને તે જ પરમ કૈવલ્ય છે. તે જ અબાધિત તત્ત્વ, તે જ અનંત ઉપનિષદો વડે શોધવા યોગ્ય, તે જ પરમ યોગી સર્વ મુમુક્ષુઓએ ઇચ્છવા યોગ્ય, તે જ સત્યમય, તે જ ચૈતન્યમય, તે જ આનંદઘન, તે જ શુદ્ધ જ્ઞાનના વિશેષમય અને અખંડ આનંદમય બ્રહ્મ–ચૈતન્યના અધિષ્ઠાયક દેવતાસ્વરૂપ છે. વળી તે સર્વનું આશ્રયસ્થાન, અદ્વૈત પરબ્રહ્મને વિહાર કરવાનું મંડળ, નિરતિશય આનંદ અને તેજનું મંડળ, અદ્વૈત પરમાનંદરૂપ લક્ષણવાળા પરબ્રહ્મના પરમ આશ્રયસ્થાનરૂપ મંડળ, નિરતિશય પરમાનંદની પરમ મૂર્તિનું વિશેષ મંડળ, અનંત પરમ મૂર્તિનું સમષ્ટિ મંડળ, નિરતિશય પરમાનંદરૂપ લક્ષણવાળા પરબ્રહ્મની પરમ મૂર્તિરૂપ પરમ તત્ત્વના વિલાસોનું વિશેષ મંડળ, જ્ઞાન તથા આનંદમય અનંત પરમ વિલાસોની વિભૂતિઓનું વિશેષ સમષ્ટિ મંડળ, અનંત ચૈતન્યના વિલાસોની વિભૂતિઓનું વિશેષ સમષ્ટિમંડળ, અખંડ શુદ્ધ ચૈતન્યરૂપ પોતાની મૂર્તિના વિશેષ શરીરરૂપ, વાણીના અવિષય અનંત શુદ્ધ જ્ઞાનના વિશેષ શરીરરૂપ, અનંત આનંદસમુદ્રના સમષ્ટિ આકારરૂપ, અનંત જ્ઞાનરૂપ પર્વતો વડે અને અનંત બોધાનંદરૂપ પર્વતો વડે યુક્ત, નિરતિશય આનંદ અને પરમ મંગલોના વિશેષ સમષ્ટિઆકારરૂપ, અખંડ અદ્વૈત પરમાનંદરૂપ લક્ષણવાળા પરબ્રહ્મની પરમ મૂર્તિના તેજનો જે ઢગલો તેના મોટા પિંડા જેવું, ચૈતન્યરૂપ સૂર્યના મંડળવાળું

व्यूहभेदाश्च केशवादिचतुर्विंशतिः । सुदर्शनादिन्यासमन्त्राः । (सुदर्शनादियन्त्रोद्धारः)। अनन्तगरुडविष्वक्सेनाश्च निरतिशयानन्दाश्च । आनन्दव्यूहमध्ये सहस्रकोटियोजनायतोन्नतचिन्मयप्रासादं ब्रह्मानन्दमयविमानकोटिभिरतिमङ्गलमनन्तोपनिषदर्थारामजालसंकुलं सामहंसकूजितैरतिशोभितमानन्दमयानन्तशिखरैरलंकृतं चिदानन्दरसनिर्झरैरभिव्याप्तमखण्डानन्दतेजोराश्यन्तरस्थितमनन्तानन्दाश्चर्यसागरं तदभ्यन्तरसंस्थानेऽनन्तकोटिरविप्रकाशातिशयप्राकारं निरतिशयानन्दलक्षणं प्रणवाख्यं विमानं विराजते । शतकोटिशिखरैरानन्दमयैः समुज्ज्वलति । तदन्तराले बोधानन्दाचलोपर्यष्टाक्षरीमण्डपो विभाति। तन्मध्ये च चिदानन्दमयवेदिकानन्दवनविभूषिता । तदुपरि ज्वलति निरतिशयानन्दतेजोराशिः । तदभ्यन्तरसंस्थानेऽष्टाक्षरीपद्मविभूषितं चिन्मयासनं विराजते । प्रणवकर्णिकायां सूर्येन्दुवह्निमण्डलानि चिन्मयानि ज्वलन्ति । तत्राखण्डानन्दतेजोराश्यन्तर्गतं परममङ्गलाकारमनन्तासनं विराजते । तस्योपरि च महायन्त्रं प्रज्वलति । निरतिशयब्रह्मानन्दपरममूर्तिमहायन्त्रं समस्तब्रह्मतेजोराशिसमष्टिरूपं चित्स्वरूपं निरञ्जनं परब्रह्मस्वरूपं परब्रह्मणः परमरहस्यकैवल्यं महायन्त्रमयपरमवैकुण्ठनारायणयन्त्रं विजयते । तत्स्वरूपं कथमिति ।

અને જુદા જુદા બત્રીસ વ્યૂહોથી આશ્રિત છે. વળી બીજા કેશવ આદિ ચોવીસ વ્યૂહો અને સુદર્શનાદિ ન્યાસ–મંત્રો પણ તેમાં રહેલા છે. (અહીં સુદર્શનાદિ યંત્રોદ્ધાર જણાવેલ છે.) તેમ જ અનંત ગરુડો સહિત વિષ્વક્સેનો તથા નિરતિશય આનંદો તેમાં છે. એ આનંદવ્યૂહની વચ્ચે હજાર કરોડ યોજન લાંબો–પહોળો અને ઊંચો ચૈતન્યમય મહેલ છે. તે બ્રહ્માનંદમય કરોડો

વિમાનોથી અતિ મંગલમય છે, અનંત ઉપનિષદોના અર્થોરૂપી બગીચાઓથી વ્યાપ્ત છે, સામવેદરૂપી હંસના શબ્દોથી અત્યંત શોભે છે, આનંદમય અનંત શિખરોથી શણગારેલો છે. ચિદાનંદનાં રસમય ઝરણોથી ચારે બાજુ વ્યાપ્ત છે, અખંડ આનંદના તેજની રાશિની વચ્ચે રહેલો છે અને અનંત આનંદો તથા આશ્ચર્યોનો સમુદ્ર છે. તેની અંદરના સ્થાનમાં અનંત કરોડો સૂર્ય જેવા પ્રકાશરૂપી મોટા કિલ્લાવાળું અને નિરતિશય લક્ષણવાળું પ્રણવ નામનું વિમાન વિરાજે છે. તે આનંદમય સો કરોડ શિખરોથી પ્રકાશે છે. તેની વચ્ચે બોધાનંદ નામે પર્વત છે અને તેના ઉપર અષ્ટાક્ષરી નામે મંડપ શોભે છે. તેની મધ્યે ચિદાનંદમય વેદિકા છે અને તે આનંદવનથી શણગારેલી છે. તેના ઉપર નિરતિશય આનંદરૂપ તેજનો રાશિ પ્રકાશે છે. તેની વચ્ચેના સ્થાનમાં અષ્ટાક્ષરી નામના કમળથી શોભીતું ચૈતન્યમય આસન વિરાજે છે; ને પ્રણવની કળીમાં સૂર્ય, ચંદ્ર તથા અગ્નિનાં મંડળો ચૈતન્યમય પ્રકાશે છે. તેમાં અખંડ આનંદ અને તેજના રાશિની વચ્ચે રહેલું પરમ મંગળ આકારવાળું અનંતનું આસન વિરાજે છે. તેના પર મહાન યંત્ર પ્રકાશે છે. નિરતિશય બ્રહ્માનંદની પરમ મૂર્તિરૂપ તે મહાયંત્ર સમસ્ત બ્રહ્મતેજના રાશિનું સમષ્ટિરૂપ છે; ચૈતન્યસ્વરૂપ, નિરંજન, પરબ્રહ્મસ્વરૂપ અને પરબ્રહ્મના પરમ રહસ્ય કૈવલ્યરૂપ છે; ને મોટા યંત્રોમય તે પરમ વૈકુંઠનું નારાયણ યંત્ર વિજય પામે છે. 'તે નારાયણ યંત્રનું સ્વરૂપ કેવું છે?' એમ શિષ્યે પૂછ્યું, ત્યારે ગુરુ આ પ્રમાણે તેનું સ્વરૂપ કહે છે.*

* અહીંથી નારાયણ યંત્રનું સ્વરૂપ બતાવ્યું છે અને તેમાં સ્થપાતા મંત્રો દર્શાવ્યા છે. તેને મૂળમાંથી જ મેળવી લઈ જિજ્ઞાસુએ તેના અનુભવી જાણકાર પાસેથી સમજણ લેવી યોગ્ય છે. અહીં અનુવાદમાં તે અપાય નહિ, એમ સમજી તેનો અનુવાદ આપ્યો નથી.

देशिकस्तथेति होवाच। आदौ षट्कोणचक्रम्। तन्मध्ये षट्दलपद्मम्। तत्कर्णिकायां प्रणव ॐमिति। प्रणवमध्ये नारायणबीजमिति। तत्साध्यगर्भितं मम सर्वाभीष्टसिद्धिं कुरुकुरु स्वाहेति। तत्पद्मदलेषु विष्णुनृसिंहषडक्षरमन्त्रौ ॐ नमो विष्णवे ऐं क्लीं श्रीं ह्रीं क्ष्मौं (क्षौं) फट्। तद्दलकपोलेषु रामकृष्णषडक्षरमन्त्रौ। रां रामाय नमः। क्लीं कृष्णाय नमः। षट्कोणेषु सुदर्शनषडक्षरमन्त्रः। सहस्रार हुं फडिति। षट्कोणकपोलेषु प्रणवयुक्तशिवपञ्चाक्षरमन्त्रः। ॐ नमः शिवायेति। तद्बहिः प्रणवमालायुक्तं वृत्तम्। वृत्ताद्बहिरष्टदलपद्मम्। तेषु दलेषु नारायणनृसिंहाष्टाक्षरमन्त्रौ। ॐ नमो नारायणाय। जयजय नरसिंह। तद्दलसन्धिषु रामकृष्णश्रीकराष्टाक्षरमन्त्राः। ॐ रामाय हुं फट् स्वाहा। क्लीं दामोदराय नमः। उत्तिष्ठ श्रीकरस्वाहा। तद्बहिः प्रणवमालायुक्तं वृत्तम्। वृत्ताद्बहिर्नवदलपद्मम्। तेषु दलेषु रामकृष्णहयग्रीवनवाक्षरमन्त्राः। ॐ रामचन्द्राय नमः ॐ। क्लीं कृष्णाय गोविन्दाय क्लीम्। ह्लौं (ह्सौं) हयग्रीवाय नमो ह्लौं (ह्सौम्।) तद्दलकपोलेषु दक्षिणामूर्तिनवाक्षरमन्त्रः। ॐ दक्षिणामूर्तिरीश्वरोम्। तद्बहिर्नारायणबीजयुक्तं वृत्तम्। वृत्ताद्बहिर्दशदलपद्मम्। तेषु दलेषु रामकृष्णदशाक्षरमन्त्रौ। हुं जानकीवल्लभाय स्वाहा। गोपीजनवल्लभाय स्वाहा। तद्दलसन्धिषु नृसिंहमालामन्त्रः। ॐ नमो भगवते श्रीमहानृसिंहाय करालदंष्ट्रवदनाय मम विघ्नान्पचपच स्वाहा। तद्बहिर्नृसिंहकाक्षरयुक्तं वृत्तम्। क्ष्म्यौ(क्ष्रौं)मित्येकाक्षरम्। वृत्ताद्बहिर्द्वादशदलपद्मम्। तेषु दलेषु नारायणवासुदेवद्वादशाक्षरमन्त्रौ। ॐ नमो भगवते नारायणाय।

ॐ नमो भगवते वासुदेवाय। तद्दलकपोलेषु महाविष्णुरामकृष्ण-द्वादशाक्षरमन्त्राश्च। ॐ नमो भगवते महाविष्णवे। ॐ ह्रीं भरताग्रज राम क्लीं स्वाहा। श्रीं ह्रीं क्लीं कृष्णाय गोविन्दाय नमः। तद्बहिर्जगन्मोहनबीजयुक्तं वृत्तं क्लीमिति। वृत्ताद्बहिश्चतुर्दशदलपद्मम्। तेषु दलेषु लक्ष्मीनारायणहयग्रीवगोपालदधिवामनमन्त्राश्च। ॐ ह्रीं ह्रीं श्रीं श्रीं लक्ष्मीवासुदेवाय नमः। ॐ नमः सर्वकोटिसर्वविद्याराजाय क्लीं कृष्णाय गोपालचूडामणये स्वाहा। नमो भगवते दधिवामनाय (ॐ)। तद्दलसंधिष्वन्नपूर्णेश्वरीमन्त्रः। ह्रीं पद्मावत्यन्नपूर्णे माहेश्वरि स्वाहा। तद्बहिः प्रणवमालायुक्तं वृत्तम्। वृत्ताद्बहिः षोडशदलपद्मम्। तेषु दलेषु श्रीकृष्णसुदर्शनषोडशाक्षरमन्त्रौ च। ॐ नमो भगवते रुक्मिणीवल्लभाय स्वाहा। ॐ नमो भगवते महासुदर्शनाय हुं फट्। तद्दलसंधिषु स्वराः सुदर्शनमालामन्त्रश्च। अआइ-ईउऊऋॠऌॡएऐ ओऔअंअः। सुदर्शनमहाचक्राय दीप्तरूपाय सर्वतो मां रक्षरक्ष सहस्रार हुं फट् स्वाहा। तद्बहिर्वराहबीजयुक्तं वृत्तम्। तद्भुमिति। वृत्ताद्बहिरष्टादशदलपद्मम्। तेषु दलेषु श्रीकृष्ण-वामनाष्टादशाक्षरमन्त्रौ। क्लीं कृष्णाय गोविन्दाय गोपीजनवल्लभाय स्वाहा। ॐ नमो विष्णवे सुरपतये महाबलाय स्वाहा। तद्दल-कपोलेषु गरुडपञ्चाक्षरीमन्त्रो गरुडमालामन्त्रश्च। क्षिप ॐ स्वाहा। ॐ नमः पक्षिराजाय सर्वविषभूतरक्षःकृत्यादिभेदनाय सर्वेष्टसाध-काय स्वाहा। तद्बहिर्मायाबीजयुक्तं वृत्तम्। वृत्ताद्बहिः पुनर-ष्टदलपद्मम्। तेषु दलेषु श्रीकृष्णवामनाष्टाक्षरमन्त्रौ। ॐ नमो दामोदराय। ॐ वामनाय नमः ॐ। तद्दलकपोलेषु नीलकण्ठत्र्य-

क्षरीगरुडपञ्चाक्षरीमन्त्रौ च। प्रें रीं ठः (श्रीकण्ठः) नमोऽण्डजाय। तद्बहिर्मन्मथबीजयुक्तं वृत्तम्। वृत्ताद्बहिश्चतुर्विंशतिदलपद्मम्। तेषु दलेषु शरणागतनारायणमन्त्रौ नारायणहयग्रीवगायत्रीमन्त्रौ च। श्रीमन्नारायणचरणौ शरणं प्रपद्ये श्रीमते नारायणाय नमः। नारायणाय विद्महे वासुदेवाय धीमहि। तन्नो विष्णुः प्रचोदयात्। वागीश्वराय विद्महे हयग्रीवाय धीमहि। तन्नो हंसः प्रचोदयात्। तद्दलकपोलेषु नृसिंहसुदर्शनब्रह्मगायत्रीमन्त्राश्च। वज्रनखाय विद्महे तीक्ष्णदंष्ट्राय धीमहि। तन्नो नृसिंहः प्रचोदयात्। सुदर्शनाय विद्महे हेतिराजाय धीमहि। तन्नश्चक्रः प्रचोदयात्। तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि। धियो यो नः प्रचोदयात्। तद्बहिर्हयग्रीवैकाक्षरयुक्तं वृत्तं ह्लौहमौमिति। वृत्ताद्बहिर्द्वात्रिंशद्दलपद्मम्। तेषु दलेषु नृसिंहहयग्रीवानुष्टुभमन्त्रौ। उग्रं वीरं महाविष्णुं ज्वलन्तं सर्वतोमुखम्। नृसिंहं भीषणं भद्रं मृत्युमृत्युं नमाम्यहम्। ऋग्यजुःसामरूपाय वेदाहरणकर्मणे। प्रणवोद्गीथवपुषे महाश्वशिरसे नमः। तद्दलकपोलेषु रामकृष्णानुष्टुभमन्त्रौ। रामभद्र महेष्वास रघुवीर नृपोत्तम। भो दशास्यान्तकास्माकं रक्षां कुरु देहि श्रियं च मे। देवकीसुत गोविन्द वासुदेव जगत्पते। देहि मे तनयं कृष्ण त्वामहं शरणं गतः। तद्बहिः प्रणवसंपुटिताग्निबीजयुक्तं वृत्तम्। ॐ रमोमिति। वृत्ताद्बहिः षट्त्रिंशद्दलपद्मम्। तेषु दलेषु हयग्रीवषट्त्रिंशदक्षरमन्त्रः पुनरष्टत्रिंशदक्षरमन्त्रश्च। हंसः। विश्वोत्तीर्णस्वरूपाय चिन्मयानन्दरूपिणे। तुभ्यं नमो हयग्रीव विद्याराजाय विष्णवे। सोहम्। हौं (हौं) ॐ नमो भगवते हयग्रीवाय सर्व

वागीश्वरेश्वराय सर्ववेदमयाय सर्वविद्यां मे देहि स्वाहा। तद्दल-कपोलेषु प्रणवादिनमोन्ताश्चतुर्थ्यन्ताः केशवादिचतुर्विंशतिमन्त्राश्च। अवशिष्टद्वादशस्थानेषु रामकृष्णगायत्रीद्वयवर्णचतुष्टयमेकैकस्थले। ॐ केशवाय नमः। ॐ नारायणाय नमः। ॐ माधवाय नमः। ॐ गोविन्दाय नमः। ॐ विष्णवे नमः। ॐ (अं) मधुसूदनाय नमः। ॐ त्रिविक्रमाय नमः। ॐ वामनाय नमः। ॐ श्रीधराय नमः। ॐ हृषीकेशाय नमः। ॐ पद्मनाभाय नमः। ॐ दामोदराय नमः। ॐ संकर्षणाय नमः। ॐ वासुदेवाय नमः। ॐ प्रद्युम्नाय नमः। ॐ अनिरुद्धाय नमः। ॐ पुरुषोत्तमाय नमः। ॐ अधोक्ष-जाय नमः। ॐ नारसिंहाय नमः। ॐ अच्युताय नमः। ॐ जना-र्दनाय नमः। ॐ उपेन्द्राय नमः। ॐ हरये नमः। ॐ श्रीकृष्णाय नमः। दाशरथाय विद्महे सीतावल्लभाय धीमहि। तन्नो रामः प्रचो-दयात्। दामोदराय विद्महे वासुदेवाय धीमहि। तन्नः कृष्णः प्रचोदयात्। तद्बहिः प्रणवसंपुटितांकुशबीजयुक्तं वृत्तम्। ॐ क्रोमो-मिति। तद्बहिः पुनर्वृत्तं तन्मध्ये द्वादशकुक्षिस्थानानि सान्तरालानि। तेषु कौस्तुभवनमालाश्रीवत्ससुदर्शनगरुडपद्मध्वजानन्तशार्ङ्गगदाश-ङ्खनन्दकमन्त्राः प्रणवादिनमोन्ताश्चतुर्थ्यन्ताः क्रमेण। ॐ कौस्तुभाय नमः। ॐ वनमालायै नमः। ॐ श्रीवत्साय नमः। ॐ सुदर्शनाय नमः। ॐ गरुडाय नमः। ॐ पद्माय नमः। ॐ ध्वजाय नमः। ॐ अनन्ताय नमः। ॐ शार्ङ्गाय नमः। ॐ गदायै नमः। ॐ शङ्खाय नमः। ॐ नन्दकाय नमः। तदन्तरालेषु ॐ विष्वक्सेनाय नमः। ॐ आचक्राय स्वाहा। ॐ विचक्राय स्वाहा। ॐ सुचक्राय

स्वाहा । ॐ धीचक्राय स्वाहा । ॐ संचक्राय स्वाहा । ॐ ज्वालाचक्राय स्वाहा । ॐ क्रुद्धोल्काय स्वाहा । ॐ महोल्काय स्वाहा । ॐ वीर्योल्काय स्वाहा । ॐ [1]द्युल्काय स्वाहा । ॐ सहस्रोल्काय स्वाहा इति प्रणवादिमन्त्राः । तद्बहिः प्रणवसंपुटितगरुडपञ्चाक्षरयुक्तं वृत्तम् । ॐ क्षिप ॐ स्वाहा । ॐ तच्च द्वादशवज्रैः सान्तरालैरलंकृतम् । तेषु वज्रेषु ॐ पद्मनिधये नमः । ॐ महापद्मनिधये नमः । ॐ गरुडनिधये नमः । ॐ शङ्खनिधये नमः । ॐ मकरनिधये नमः । ॐ कच्छपनिधये नमः । ॐ विद्यानिधये नमः । ॐ परमानन्दनिधये नमः । ॐ मोक्षनिधये नमः । ॐ लक्ष्मीनिधये नमः । ॐ ब्रह्मनिधये नमः । ॐ श्रीमुकुन्दनिधये नमः । ॐ वैकुण्ठनिधये नमः । तत्संधिस्थानेषु—ॐ विद्याकल्पकतरवे नमः । ॐ आनन्दकल्पकतरवे नमः । ॐ ब्रह्मकल्पकतरवे नमः । ॐ मुक्तिकल्पकतरवे नमः । ॐ अमृतकल्पकतरवे नमः । ॐ बोधकल्पकतरवे नमः । ॐ विभूतिकल्पकतरवे नमः । ॐ वैकुण्ठकल्पकतरवे नमः । ॐ वेदकल्पकतरवे नमः । ॐ योगकल्पकतरवे नमः । ॐ यज्ञकल्पकतरवे नमः । ॐ पद्मकल्पकतरवे नमः । तच्च शिवगायत्रीपरब्रह्ममन्त्राणां वर्णैर्वृत्ताकारेण संवेष्ट्य । तत्पुरुषाय विद्महे महादेवाय धीमहि । तन्नो रुद्रः प्रचोदयात् । श्रीमन्नारायणो ज्योतिरात्मा नारायणः परः । नारायणपरं ब्रह्म नारायण नमोऽस्तु ते । तद्बहिः प्रणवसंपुटितश्रीबीजयुक्तं वृत्तम् । ॐ श्रीमोमिति । वृत्ताद्बहिश्चत्वारिंशद्दलपद्मम् । तेषु दलेषु व्याहृति-

---

१ व्युल्काय

शिरःसंपुटितवेदगायत्रीपादचतुष्टयसूर्याष्टाक्षरीमन्त्रौ । ॐ भूः । ॐ भुवः । ॐ सुवः । ॐ महः । ॐ जनः । ॐ तपः । ॐ सत्यम् । ॐ तत्सवितुर्वरेण्यम् । ॐ भर्गो देवस्य धीमहि । ॐ धियो यो नः प्रचोदयात् । ॐ परोरजसे सावदोम् । ॐ आपोज्योती रसोऽमृतं ब्रह्म भूर्भुवः सुवरोम् । ॐ घृणिः सूर्य आदित्यः । तद्दलसंधिषु प्रणवश्रीबीजसंपुटितनारायणबीजं सर्वत्र । ॐ श्रीमंश्रीमोम् । तद्बहिरष्टशूलाङ्कितभूचक्रम् । चक्रान्तश्चतुर्दिक्षु हंसःसोहमन्त्रौ प्रणवसंपुटिता नारायणास्त्रमन्त्राश्च । ॐ हंसः सोहम् । ॐ नमो नारायणाय हुं फट् । तद्बहिः प्रणवमालासंयुक्तं वृत्तम् । वृत्ताद्बहिः पञ्चाशद्दलपद्मम् । तेषु दलेषु मातृकापञ्चाशदक्षरमाला लकारवर्ज्या । तद्दलसंधिषु प्रणवश्रीबीजसंपुटितरामकृष्णमालामन्त्रौ । ॐ श्रीमों नमो भगवते रघुनन्दनाय रक्षोघ्नविशदाय मधुरप्रसन्नवदनायामिततेजसे बलाय रामाय विष्णवे नमः । श्रीमों नमः कृष्णाय देवकीपुत्राय वासुदेवाय निर्गलच्छेदनाय सर्वलोकाधिपतये सर्वजगन्मोहनाय विष्णवे कामितार्थदाय स्वाहा श्रीमोम् । तद्बहिरष्टशूलाङ्कितभूचक्रम् । तेषु प्रणवसंपुटितमहानीलकण्ठमन्त्रवर्णानि । ओमों नमो नीलकण्ठाय । ॐ शूलाग्रेषु लोकपालमन्त्राः प्रणवादिनमोन्ताश्चतुर्थ्यन्ताः क्रमेण । ॐ इन्द्राय नमः । ॐ अग्नये नमः । ॐ यमाय नमः । ॐ निर्ऋतये नमः । ॐ वरुणाय नमः । ॐ वायवे नमः । ॐ सोमाय नमः । ॐ ईशानाय नमः ।। तद्बहिः प्रणवमालायुक्तं वृत्तत्रयम् । तद्बहिर्भूपुरचतुष्टयं चतुर्द्वारयुतं चक्रकोणचतुष्टयमहावज्रविभूषितम् । तेषु वज्रेषु प्रणवश्रीबीजसंपुटितामृतबीजद्वयम् ।

ॐ श्रीं ठं वं श्रीमोमिति । बहिर्भूपुरवीथ्याम्–ॐमाधारशक्त्यै नमः। ॐ मूलप्रकृत्यै नमः। ॐआदिकूर्माय नमः। ॐ अनन्ताय नमः। ॐ पृथिव्यै नमः। मध्यभूपुरवीथ्याम्–ॐ क्षीरसमुद्राय नमः। रत्नद्वीपाय नमः। ॐ मणिमण्डपाय नमः। ॐ श्वेतच्छत्राय नमः। ॐ कल्पकवृक्षाय नमः। ॐ रत्नसिंहासनाय नमः। प्रथमभूपुरवीथ्यामों धर्मज्ञानवैराग्यैश्वर्याधर्माज्ञानावैराग्यानैश्वर्यसत्वरजस्तमोमायाविद्यानन्तपद्माः प्रणवादिनमोन्ताश्चतुर्थ्यन्ताः क्रमेण। अन्तर्वृत्तवीथ्यामोमनुग्रहायै नमः। ॐ नमो भगवते विष्णवे सर्वभूतात्मने वासुदेवाय सर्वात्मसंयोगयोगपीठात्मने नमः। वृत्तावकाशेषु—बीजं प्राणं च शक्तिं च दृष्टिं वश्यादिकं तथा। मन्त्रयन्त्राख्यगायत्रीप्राणस्थापनमेव च। भूतदिक्पालबीजानि यन्त्रस्याङ्गानि वै दश। मूलमन्त्रमालामन्त्रकवचदिग्बन्धनमन्त्राश्च। एवंविधमेतद्यन्त्रं महामन्त्रमयं योगीश्वीरान्तैः परमन्त्रैरलंकृतं षोडशोपचारैरभ्यर्चितं जपहोमादिना साधितमेतद्यन्त्रं शुद्धब्रह्मतेजोमयं सर्वाभयंकरं समस्तदुरितक्षयकरं सर्वाभीष्टसंपादकं सायुज्यमुक्तिप्रदमेतत्परमवैकुण्ठमहानारायणयन्त्रं प्रज्वलति। तस्योपरि च निरतिशयानन्दतेजोराश्यभ्यन्तरसमासीनं वाचामगोचरानन्दतेजोराश्याकारं चित्साराविर्भूतानन्दविग्रहं बोधानन्दस्वरूपं निरतिशयसौन्दर्यपारावारं तुरीयस्वरूपं तुरीयातीतं चाद्वैतपरमानन्दनिरन्तरातितुरीयनिरतिशयसौन्दर्यानन्दपारावारं लावण्यवाहिनीकल्लोलतटिद्भासुरं दिव्यमङ्गलविग्रहं मूर्तिमद्भिः परममङ्गलैरुपसेव्यमानं चिदानन्दमयैरनन्तकोटिरविप्रकाशैरनन्तभूषणैरलंकृतं सुदर्शनपाञ्चजन्यपद्मगदासिशार्ङ्गमुसलपरिघाद्यै-

એવું આ યંત્ર મહામંત્રમય છે, યોગધીર સુધીના શ્રેષ્ઠ મંત્રોથી શોભીતું છે. સોળ ઉપચારોથી તેને જો પૂજ્યું હોય અને જપહોમ વગેરેથી સાધ્યું હોય, તો આ યંત્ર શુદ્ધ બ્રહ્મતેજમય બની સર્વ પ્રકારે નિર્ભય બનાવે છે; સમગ્ર પાપોનો નાશ કરે છે, સર્વ ઇષ્ટ કામનાઓ પૂરી કરે છે અને સાયુજ્ય મુક્તિને આપે છે. તેની ઉપર નિરતિશય આનંદમય તેજના રાશિની વચ્ચે તુરીય અને તુરીયાતીત સ્વરૂપ બેઠેલું છે. તે વાણીનું અવિષય, આનંદ અને તેજના રાશિરૂપ આકારવાળું, ચૈતન્યના સારસાંથી પ્રકટેલા આનંદરૂપ શરીરવાળું, બોધ અને આનંદસ્વરૂપ, નિરતિશય સૌંદર્ય તથા આનંદના સમુદ્ર જેવું, અદ્વૈત પરમાનંદથી વ્યાપ્ત, તુરીયથી પર, નિરતિશય સૌંદર્ય તથા આનંદના સમુદ્રરૂપ, લાવણ્યની નદીના તરંગોવાળું, વીજળી જેવું પ્રકાશતું, દિવ્ય મંગળ શરીરવાળું, મૂર્તિમાન શ્રેષ્ઠ મંગળોથી સેવાયેલું, ચિદાનંદમય અનંત કરોડ સૂર્યના પ્રકાશો તથા અનંત આભૂષણોથી શોભીતું અને સુદર્શન–પાંચજન્ય–શંખ–કમળ–ગદા–તરવાર–શાર્ઙ્ગધનુષ–મુસલ–પરિઘ વગેરે ચૈતન્યમય અનેક મૂર્તિમાન આયુધોના સમૂહોથી સારી રીતે સેવાયેલું છે. આ મહાનારાયણ યંત્રની આઠે દિશાઓમાં આરંભે 'ૐ'પદથી યુક્ત અને અંતે 'નમઃ'પદવાળી વિમલા, ઉત્કર્ષિણી, જ્ઞાના, ક્રિયા, યોગા, પ્રહ્‌વી, સત્યા અને ઇશાના ચોથી વિભક્તિ લગાડેલી એટલે ('ૐ विमलायै नमः'આ રીતે) સ્થપાયેલી છે; અને તે યંત્રમાં શ્રીવત્સ, કૌસ્તુભ તથા વનમાળાથી યુક્ત છાતીવાળા, બ્રહ્મરૂપ કલ્પવનનાં અમર પુષ્પોની વૃષ્ટિઓથી છવાયલા, આનંદસ્વરૂપ, બ્રહ્માનંદના રસથી ભરેલા, અસંખ્ય પ્રવાહોથી અતિ મંગળ, શેષનાગની દશ હજાર ફેણોના સમૂહરૂપી મોટા છત્રથી શોભીતા

श्चिन्मयैरनेकायुधगणैर्मूर्तिमद्भिः सुसेवितम् । बाह्यवृत्तवीथ्यां विमलोत्कर्षिणी ज्ञाना क्रिया योगा प्रह्वी सत्येशाना प्रणवादिनमोन्ताश्चतुर्थ्यन्ताः क्रमेण । श्रीवत्सकौस्तुभवनमालाङ्कितवक्षसं ब्रह्मकल्पवनामृतपुष्पवृष्टिभिः सन्ततमानन्दं ब्रह्मानन्दरसनिर्भरैरसंख्यैरतिमङ्गलं शेषायुतफणाजालविपुलच्छत्रशोभितं तत्फणामण्डलोदर्चिर्मणिद्योतितविग्रहं तदङ्गकान्तिनिर्झरैस्ततं निरतिशयब्रह्मगन्धस्वरूपं निरतिशयानन्दब्रह्मगन्धविशेषाकारमनन्तब्रह्मगन्धाकारसमष्टिविशेषमनन्तानन्दतुलसीमाल्यैरभिनवं चिदानन्दमयानन्तपुष्पमाल्यैर्विराजमानं तेजःप्रवाहतरङ्गतत्परम्पराभिर्ज्वलन्तं निरतिशयानन्दं कान्तिविशेषावर्तैरभितोऽनिशं प्रज्वलन्तं बोधानन्दमयानन्तधूपदीपावलिभिरतिशोभितं निरतिशयानन्दचामरविशेषैः परिसेवितं निरन्तरनिरुपमनिरतिशयोत्कटज्ञानानन्दानन्तगुच्छफलैरलंकृतं चिन्मयानन्ददिव्यविमानच्छत्रध्वजराजिभिर्विराजमानं परममङ्गलानन्तदिव्यतेजोभिर्ज्वलन्तमनिशं वाचामगोचरमनन्ततेजोराश्यन्तर्गतमर्धमात्रात्मकं तुर्यं ध्वन्यात्मकं तुरीयातीतमवाच्यं नादबिन्दुकलाध्यात्मस्वरूपं चेत्याद्यनन्ताकारेणावस्थितं निर्गुणं निष्क्रियं निर्मलं निरवद्यं निरञ्जनं निराकारं निराश्रयं निरतिशयाद्वैतपरमानन्दलक्षणमादिनारायणं ध्यायेदित्युपनिषत् ॥
इत्याथर्वणमहानारायणोपनिषदि परममोक्षस्वरूपनिरूपणद्वारा त्रिपाद्विभूतिपरमवैकुण्ठमहानारायणयन्त्रस्वरूपनिरूपणं नाम—

सप्तमोऽध्यायः ॥ ७ ॥

તે ફેણો ઉપરના ઘણા તેજસ્વી મણિઓથી પ્રકાશિત શરીરવાળા પોતાનાં અંગોની કાંતિરૂપી ઝરણાંઓથી વ્યાપ્ત, નિરતિશય બ્રહ્મરૂપ સુગંધથી સુગંધી, નિરતિશય આનંદમય બ્રહ્મગંધના વિશેષ આકારરૂપ, અનંત બ્રહ્મ ગંધની વિશેષ સમષ્ટિરૂપ આકારવાળા, અનંત આનંદમય તુલસીની માળાઓથી ચારે બાજુ નવીન, ચિદાનંદમય અનંત પુષ્પોની માળાઓથી વિરાજતા, તેજના પ્રવાહો અને તેઓના તરંગોની પરંપરાઓથી પ્રકાશતા, નિરતિશય આનંદસ્વરૂપ, કાંતિની વિશેષતાઓનાં મંડળોથી નિરંતર પ્રજ્વળતા, બોધાનંદમય અનંત ધૂપો અને દીવાઓની પંક્તિઓથી અત્યંત શોભતા, નિરતિશય આનંદમય અનેક ચામરોથી ચોતરફ સેવાયેલા, નિરંતર ઉપમારહિત, નિરતિશય-ઉત્કટ જ્ઞાનાનંદમય-અનંત ગુચ્છાઓ અને ફળોથી શણગારેલા, ચૈતન્યમય અને આનંદસ્વરૂપ દિવ્ય વિમાનો, છત્રો તથા ધ્વજોની પંક્તિઓથી વિરાજતા, પરમ મંગળમય, અનંત દિવ્ય તેજ વડે પ્રકાશમાન, નિરંતર વાણીના અવિષય, અનંત તેજના રાશિની અંદર રહેલા, અર્ધમાત્રારૂપ, તુરીયસ્વરૂપ, નાદસ્વરૂપ, તુરીયાતીત, વર્ણવવા અશક્ય અને નાદ-બિંદુ-કલા-અધ્યાત્મ સ્વરૂપ ઇત્યાદિ અનંત આકારે રહેલા, નિર્ગુણ, ક્રિયાશૂન્ય, નિર્મળ, નિર્દોષ, નિરંજન, નિરાકાર, આશ્રયરહિત અને નિરતિશય-અદ્વૈત-પરમાનંદરૂપ લક્ષણવાળા શ્રી આદિનારાયણનું ધ્યાન કરવું. એમ આ ઉપનિષદ જણાવે છે.'

ઇતિ અથર્વવેદના નારાયણ ઉપનિષદમાં પરમ મોક્ષસ્વરૂપના નિરૂપણ દ્વારા 'ત્રિપાદવિભૂતિ-પરમ-વૈકુંઠ-મહાનારાયણયંત્રના સ્વરૂપનું વર્ણન' નામનો અધ્યાય સાતમો સમાપ્ત

अष्टमोऽध्यायः

ततः पितामहः परिपृच्छति भगवन्तं महाविष्णुं भगवञ्छुद्धाद्वैतपरमानन्दलक्षणपरब्रह्मणस्तत्र कथं विरुद्धवैकुण्ठप्रासादप्राकारविमानाद्यनन्तवस्तुभेदः। सत्यमेवोक्तमिति भगवान् महाविष्णुः परिहरति ॥ यथा शुद्धसुवर्णस्य कटकमुकुटाङ्गदादिभेदः। यथा समुद्रसलिलस्य स्थूलसूक्ष्मतरङ्गफेनबुद्बुदकरकलवणपाषाणाद्यनन्तवस्तुभेदः। यथा भूमेः पर्वतवृक्षतृणगुल्मलताद्यनन्तवस्तुभेदः। तथैवाद्वैतपरमानन्दलक्षणपरब्रह्मणो मम सर्वाद्वैतमुपपन्नं भवत्येव। मत्स्वरूपमेव सर्वं मद्व्यतिरिक्तमणुमात्रं न विद्यते। पुनः पितामहः परिपृच्छति। भगवन् परमवैकुण्ठ एव परममोक्षः। परममोक्षस्त्वेक एव श्रूयते सर्वत्र। कथमनन्तवैकुण्ठाश्चानन्तानन्दसमुद्रादयश्चानन्तमूर्तयः सन्तीति। तथेति होवाच भगवान्महाविष्णुः। एकस्मिन्नविद्यापादेऽनन्तकोटिब्रह्माण्डानि सावरणानि श्रूयन्ते। तस्मिन्नेकस्मिन्नण्डे बहवो लोकाश्च बहवो वैकुण्ठाश्चानन्तविभूतयश्च सन्त्येव। सर्वाण्डेष्वनन्तलोकाश्चानन्तवैकुण्ठाः सन्तीति सर्वेषां खल्वभिमतम्। पादत्रयेऽपि किं वक्तव्यं निरतिशयानन्दाविर्भावो मोक्ष इति मोक्षलक्षणं पादत्रये वर्तते। तस्मात्पादत्रयं परममोक्षः। पादत्रयं परमवैकुण्ठः। पादत्रयं परमकैवल्यमिति। ततः शुद्धचिदानन्दब्रह्मविलासानन्दाश्चानन्तपर-

અધ્યાય આઠમો

પછી પિતામહ બ્રહ્માએ ભગવાન મહાવિષ્ણુને પૂછ્યું કે, 'હે ભગવન્! આપ તો શુદ્ધ અદ્વૈત પરમાનંદરૂપ લક્ષણવાળા પરબ્રહ્મ છો; છતાં એથી વિરુદ્ધ વૈકુંઠધામ, ત્યાંના મહેલો,

કિલ્લા અને વિમાનો વગેરે અનંત વસ્તુઓ સ્વરૂપે આપનો ભેદ કેવી રીતે છે?' એ પ્રશ્નનો ઉત્તર કહેતા ભગવાન મહાવિષ્ણુ, બ્રહ્માની શંકાનું નિરાકરણ કરતા બોલ્યા કે, 'તમે સત્ય કહ્યું, પણ જેમ શુદ્ધ સુવર્ણનાં કડાં, મુકુટ, બાજુબંધ વગેરે ભેદ છે; અથવા જેમ સમુદ્રના પાણીના મોટા-નાના તરંગો, ફીણ, પરપોટા, કરા, મીઠું અને તેના ગાંગડા વગેરે અનંત વસ્તુઓરૂપે ભેદ છે; અથવા જેમ પૃથ્વીના પર્વતો, વૃક્ષો, ઘાસ, છોડવા, વેલડીઓ વગેરે અનંત વસ્તુઓરૂપે ભેદ છે, તે જ પ્રમાણે અદ્વૈત પરમાનંદરૂપ લક્ષણવાળા પરબ્રહ્મ-મારા સ્વરૂપોના (કેવળ કાલ્પનિક) ભેદો છે; ખરી રીતે બધું અદ્વૈત પરબ્રહ્મ જ છે. એમ બધું ઘટે જ છે, બધું મારું સ્વરૂપ જ છે, મારાથી જુદું લગારે નથી.' પછી ફરી પિતામહ બ્રહ્માએ પૂછ્યું કે, 'હે ભગવન્! પરમ વૈકુંઠ જ પરમ મોક્ષ છે; પરંતુ પરમ મોક્ષ તો સર્વ શાસ્ત્રોમાં એક જ સંભળાય છે; છતાં અનંત વૈકુંઠો, અનંત આનંદના સમુદ્રો અને અનંત મૂર્તિઓ છે, એ કેમ ઘટે છે?' ત્યારે ભગવાન મહાવિષ્ણુ બોલ્યા કે, 'એ આ રીતે ઘટે છે: એક જ અવિદ્યાપાદમાં અનંતકોટિ બ્રહ્માંડો આવરણો સહિત રહ્યાં છે એમ સંભળાય છે. તે એક જ બ્રહ્માંડમાં ઘણા લોકો, ઘણાં વૈકુંઠો અને અનંત વિભૂતિઓ છે જ; અને બધાં બ્રહ્માંડોમાં અનંત લોકો તથા અનંત વૈકુંઠો છે, એમ બધાઓને માન્ય છે. હવે બાકીના ત્રણ પાદોમાં શું છે, તે કહેવું જોઈએ. નિરતિશય આનંદનો આવિર્ભાવ એ જ મોક્ષ છે; એવું મોક્ષનું લક્ષણ ત્રણે પાદમાં છે; માટે ત્રણ પાદ પરમ મોક્ષ છે, ત્રણ પાદ પરમ વૈકુંઠ છે અને ત્રણ પાદ પરમ કૈવલ્ય છે; એટલે શુદ્ધ ચૈતન્ય અને આનંદરૂપ બ્રહ્મના વિલાસવાળા આનંદો, અનંત પરમાનંદની વિભૂતિઓ, અનંત વૈકુંઠો અને અનંત પરમા-

मानन्दविभूतयश्चानन्तवैकुण्ठाश्चानन्तपरमानन्दसमुद्रादयः सन्त्येव। उपासकस्ततोऽभ्येत्यैवंविधं नारायणं ध्यात्वा प्रदक्षिणनमस्कारान्विधाय विविधोपचारैरभ्यर्च्य निरतिशयाद्वैतपरमानन्दलक्षणो भूत्वा तदग्रे सावधानेनोपविश्याद्वैतयोगमास्थाय सर्वाद्वैतपरमानन्दलक्षणाखण्डामिततेजोराश्याकारं विभाव्योपासकः स्वयं शुद्धबोधानन्दमयामृतनिरतिशयानन्दतेजोराश्याकारो भूत्वा महावाक्यार्थमनुस्मरन् ब्रह्माहमस्मि अहमस्मि ब्रह्माहमस्मि योऽहमस्मि ब्रह्माहमस्मि अहमेवाहं मां जुहोमि स्वाहा। अहं ब्रह्मेति भावनया यथा परमतेजोमहानदीप्रवाहः परमतेजःपारावारे प्रविशति। यथा परमतेजःपारावारतरङ्गाः परमतेजःपारावारे प्रविशन्ति। तथैव सच्चिदानन्दात्मोपासकः सर्वपरिपूर्णाद्वैतपरमानन्दलक्षण परब्रह्मणि नारायणे मयि सच्चिदानन्दात्मकोऽहमजोऽहं परिपूर्णोऽहमस्मीति प्रविवेश। तत उपासको निस्तरङ्गाद्वैतापारनिरतिशयसच्चिदानन्दसमुद्रो बभूव। यस्त्वनेन मार्गेण सम्यगाचरति स नारायणो भवत्यसंशयमेव। अनेन मार्गेण सर्वे मुनयः सिद्धिं गताः। असंख्याताः परमयोगिनश्च सिद्धिं गताः। ततः शिष्यो गुरुं परिपृच्छति। भगवन्त्सालम्बनिरालम्बयोगौ कथमिति ब्रूहीति। सालम्बस्तु समस्तकर्मातिदूरतया करचरणादिमूर्तिविशिष्टं मण्डलाद्यालम्बनं सालम्बयोगः। निरालम्बस्तु समस्तनामरूपकर्मातिदूरतया सर्वकामाद्यन्तःकरणवृत्तिसाक्षितया तदाल-

નંદના સમુદ્રો વગેરે છે જ. વળી એવા પ્રકારના નારાયણને પામ્યા પછી ઉપાસક તેમનું ધ્યાન કરી પ્રદક્ષિણા અને નમસ્કાર કરે છે અને વિવિધ ઉપચારોથી તેમની પૂજા કરીને નિર-

તિશય અદ્વૈત પરમાનંદરૂપ લક્ષણવાળો થઈ તેમની આગળ સાવધાનીથી બેસે છે. પછી અદ્વૈત યોગનો આશ્રય કરી સંપૂર્ણ અદ્વૈત પરમાનંદનાં લક્ષણવાળા અખંડ અમાપ તેજના રાશિનો જે આકાર છે, તેમનું ચિંતન કરી ઉપાસક પોતે પણ શુદ્ધ જ્ઞાન તથા આનંદમય, અમર અને નિરતિશય આનંદસ્વરૂપ તેજના રાશિનો આકાર બની જઈ મહાવાક્યના અર્થનું સ્મરણ કરે છે કે, 'બ્રહ્મ હું છું, હું બ્રહ્મ છું. હું જે છું તે જ બ્રહ્મ છે. હું બ્રહ્મ જ છું. હું જ મને હોમું છું, સ્વાહા' એમ 'હું બ્રહ્મ છું' એવી ભાવનાથી જે રીતે પરમ તેજની મહા-નદીનો પ્રવાહ તેજના સમુદ્રમાં પ્રવેશ કરે છે અને જેમ પરમ તેજના સમુદ્રના તરંગો પરમ તેજના સમુદ્રમાં પ્રવેશ કરે છે, તે પ્રમાણે સચ્ચિદાનંદ સ્વરૂપવાળો ઉપાસક સર્વાંશે પરિપૂર્ણ અદ્વૈત પરમાનંદરૂપ લક્ષણવાળા પરબ્રહ્મ નારાયણ મારે વિષે 'હું સચ્ચિદાનંદસ્વરૂપ છું, હું અજન્મા છું અને હું પરિપૂર્ણ છું' એવી ભાવનાથી પ્રવેશ કરે છે. તે પછી ઉપાસક તરંગો વિનાના અદ્વૈત–અપાર–નિરતિશય–સચ્ચિદાનંદનો સમુદ્ર બને છે. જે મનુષ્ય આ માર્ગે ઉત્તમ આચરણ કરે છે, તે અવશ્ય નારાયણ જ બની જાય છે. આ માર્ગે બધા મુનિઓ સિદ્ધિ પામ્યા છે, અસંખ્ય શ્રેષ્ઠ યોગીઓ સિદ્ધિ પામ્યા છે.'

પછી શિષ્યે ગુરુને પૂછ્યું: 'હે ભગવન્! સાલંબ અને નિરાલંબ યોગ કેવો છે, તે કહો.' ત્યારે ગુરુએ કહ્યું કે, 'બધાં કર્મોને અત્યંત દૂર કરી દઈ હાથ–પગ વગેરે અવ-યવોવાળી મૂર્તિનું જેમાં ધ્યાન હોય છે અથવા મંડળ વગેરેનું જેમાં આલંબન હોય છે, તે સાલંબ યોગ છે; અને જેમાં બધાં નામો તથા કર્મો અત્યંત દૂર કરી સર્વ કામનાઓ વગેરેથી યુક્ત અંતઃકરણની વૃત્તિના સાક્ષીરૂપે અને તેના આલંબનથી

म्बनशून्यतया च भावनं निरालम्बयोगः । अथ च निरालम्बयोगाधिकारी कीदृशो भवति । अमानित्वादिलक्षणोपलक्षितो यः पुरुषः स एव निरालम्बयोगाधिकारी कार्यः क्वचिदस्ति । तस्मात्सर्वेषामधिकारिणामनधिकारिणां भक्तियोग एव प्रशस्यते । भक्तियोगो निरुपद्रवः । भक्तियोगान्मुक्तिः । बुद्धिमतामनायासेनाचिरादेव तत्त्वज्ञानं भवति । तत्कथमिति । भक्तवत्सलः स्वयमेव सर्वेभ्यो मोक्षविघ्नेभ्यो भक्तिनिष्ठान्सर्वान्परिपालयति । सर्वाभीष्टान्प्रयच्छति । मोक्षं दापयति । चतुर्मुखादीनां सर्वेषामपि विना विष्णुभक्त्या कल्पकोटिभिर्मोक्षो न विद्यते । कारणेन विना कार्यं नोदेति । भक्त्या विना ब्रह्मज्ञानं कदापि न जायते । तस्मात्त्वमपि सर्वोपायान्परित्यज्य भक्तिमाश्रय । भक्तिनिष्ठो भव । भक्तिनिष्ठो भव । भक्त्या सर्वसिद्धयः सिध्यन्ति । भक्त्याऽसाध्यं न किंचिदस्ति । एवंविधं गुरूपदेशमाकर्ण्य सर्वं परमतत्त्वरहस्यमवबुध्य सर्वसंशयान्विधूय क्षिप्रमेव मोक्षं साधयामीति निश्चित्य ततः शिष्यः समुत्थाय प्रदक्षिणनमस्कारं कृत्वा गुरुभ्यो गुरुपूजां विधाय गुर्वनुज्ञया क्रमेण भक्तिनिष्ठो भूत्वा भक्त्यतिशयेन पक्वं विज्ञानं प्राप्य तस्मादनायासेन शिष्यः क्षिप्रमेव साक्षान्नारायणो बभूवेत्युपनिषत् ॥ ततः प्रोवाच भगवान् महाविष्णुश्चतुर्मुखमवलोक्य ब्रह्मन् परमतत्त्वरहस्यं ते सर्वं कथितम् । तत्स्मरणमात्रेण मोक्षो भवति । तदनुष्ठानेन सर्वमविदितं विदितं भवति । यत्स्वरूपज्ञानिनः सर्वमविदितं विदितं भवति । तत्सर्वं परमरहस्यं कथितम् । गुरुः क इति । गुरुः साक्षादादि-

પણ રહિત સ્વરૂપે ચિંતન કરવું, તે નિરાલંબ યોગ કહેવાય છે. આ નિરાલંબ યોગનો અધિકારી કેવો હોવો જોઈએ કે, અભિમાનરહિતપણું વગેરે લક્ષણોવાળો જે પુરુષ હોય, તેને જ નિરાલંબ યોગનો અધિકારી કહી શકાય છે. આવો પુરુષ તો કોઈક જ હોય છે; માટે સર્વ અધિકારી કે અનધિકારીઓ માટે ભક્તિયોગ જ ઉત્તમ છે; કેમ કે ભક્તિયોગ ઉપદ્રવ વિનાનો છે. ભક્તિયોગથી મુક્તિ મળે છે, બુદ્ધિમાનોને અનાયાસે થોડા વખતમાં તત્ત્વજ્ઞાન થાય છે. એ એવી રીતે કે ભક્તવત્સલ ભગવાન પોતે જ ભક્તિનિષ્ઠ બધાઓનું મોક્ષનાં સર્વ વિઘ્નોથી પાલન કરે છે, સર્વ ઇચ્છિત આપે છે ને મોક્ષ અપાવે છે. બ્રહ્મા વગેરે સર્વનો વિષ્ણુભક્તિ વિના કરોડો કલ્પે પણ મોક્ષ થતો નથી. કારણ વિના કાર્ય ઉત્પન્ન થતું નથી–ભક્તિ વિના તત્ત્વજ્ઞાન કદી થતું નથી; માટે તું પણ સર્વ ઉપાયો ત્યજી દઈ ભક્તિનો આશ્રય કર. ભક્તિનિષ્ઠ થા, ભક્તિનિષ્ઠ થા. ભક્તિથી સર્વ સિદ્ધિઓ સિદ્ધ થાય છે. ભક્તિથી અસાધ્ય કંઈ નથી.' એ પ્રકારે ગુરુનો ઉપદેશ સાંભળી 'પરમ તત્ત્વનું સર્વ રહસ્ય જાણી લઈ સર્વ સંશયો ત્યજીને જલદી હું મોક્ષ સાધીશ,' આવો નિશ્ચય કરી શિષ્ય ઊઠ્યો અને ગુરુને પ્રદક્ષિણા–નમસ્કાર કરી તેમની પૂજા કરી રજા લઈને ભક્તિનિષ્ઠ બન્યો અને અનુક્રમે ભક્તિમાં વધારો થતાં પક્વ વિજ્ઞાન પ્રાપ્ત કરી તે દ્વારા અનાયાસે તુરત જ તે નારાયણસ્વરૂપ બની ગયો. આમ આ ઉપનિષદ્ જણાવે છે. પછી ભગવાન મહાવિષ્ણુએ બ્રહ્માની સામે જોઈ કહ્યું કે, 'હે બ્રહ્મા! પરમતત્ત્વનું સર્વ રહસ્ય તમને કહ્યું. તેનું માત્ર સ્મરણ રાખવાથી મોક્ષ થાય છે, તેને આચરણમાં મૂકવાથી તો નહિ જાણેલું બધું જણાઈ જાય છે, તેનું સ્વરૂપ જાણનારાઓને નહિ જાણેલું જણાઈ જાય છે. હવે ગુરુ કોણ? તે કહેવાય છે: સાક્ષાત્ આદિ-

नारायणः पुरुषः । स आदिनारायणोऽहमेव । तस्मान्मामेकं शरणं व्रज । मद्भक्तिनिष्ठो भव । मदीयोपासनां कुरु । मामेव प्राप्स्यसि । मद्व्यतिरिक्तं सर्वं बाधितम् । मद्व्यतिरिक्तमबाधितं न किंचिदस्ति । निरतिशयानन्दाद्वितीयोऽहमेव । सर्वपरिपूर्णोऽहमेव । सर्वाश्रयोऽहमेव । वाचामगोचरनिराकारपरब्रह्मस्वरूपोऽहमेव । मद्व्यतिरिक्तमणुमात्रं न विद्यते । इत्येवं महाविष्णोः परमिममुपदेशं लब्ध्वा पितामहः परमानन्दं प्राप । विष्णोः कराभिमर्शनेन दिव्यज्ञानं प्राप्य पितामहस्ततः समुत्थाय प्रदक्षिणनमस्कारान्विधाय त्रिविधोपचारैर्महाविष्णुं प्रपूज्य प्राञ्जलिर्भूत्वा विनयेनोपसंगम्य भगवन् भक्तिनिष्ठां मे प्रयच्छ । त्वदभिन्नं मां परिपालय कृपालय । तथैव साधुसाध्विति साधुप्रशंसापूर्वकं महाविष्णुः प्रोवाच मदुपासकः सर्वोत्कृष्टः स भवति । मदुपासनया सर्वमङ्गलानि भवन्ति । मदुपासनया सर्वं जयति । मदुपासकः सर्ववन्द्यो भवति । मदीयोपासकस्यासाध्यं न किंचिदस्ति । सर्वे बन्धाः प्रविनश्यंति । सद्वृत्तमिव सर्वे देवास्तं सेवन्ते । महाश्रयांसि च सेवन्ते । मदुपासकस्तस्मान्निरतिशयाद्वैतपरमानन्दलक्षणपरब्रह्म भवति । यो वै मुमुक्षुरनेन मार्गेण सम्यगाचरति स परमानन्दलक्षणपरब्रह्म भवति । यस्तु परमतत्त्वरहस्याथर्वणमहानारायणोपनिषदमधीते स सर्वेभ्यः पापेभ्यो मुक्तो भवति । ज्ञानाज्ञानकृतेभ्यः पातकेभ्यो मुक्तो भवति । महापातकेभ्यः पूतो

નારાયણ પુરુષ પોતે જ ગુરુ છે. તે આદિનારાયણ હું જ છું, માટે તમે એક મારે જ શરણે આવો. મારી ભક્તિમાં નિષ્ઠાવાળા બનો. મારી ઉપાસના કરો, એટલે તમે મને જ પામશો. મારા સિવાય

બધું મિથ્યા છે. મારા સિવાય બધું મિથ્યા નથી એવું કંઈ નથી. નિરતિશય આનંદરૂપ હું જ અદ્વિતીય છું. બધી રીતે પરિપૂર્ણ હું જ છું. હું જ સર્વનો આશ્રય છું. વાણીના અવિષય નિરાકાર પરબ્રહ્મનું સ્વરૂપ હું જ છું. મારાથી જુદો એક અણુ પણ નથી.'

એ પ્રમાણે મહાવિષ્ણુનો ઉત્તમ ઉપદેશ પામી બ્રહ્મા પરમ આનંદ પામ્યા. તેમને મહાવિષ્ણુના હાથનો સ્પર્શ થવાથી દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થયું. તે પછી ઊઠીને બ્રહ્માએ મહાવિષ્ણુને પ્રદક્ષિણા ને નમસ્કાર કર્યાં અને વિવિધ ઉપચારોથી તેમનું પૂજન કરી બે હાથ જોડી વિનયથી પાસે જઈ કહ્યું કે, 'હે ભગવન્! મને ભક્તિનિષ્ઠા આપો. હે કૃપાનિધાન! 'બહુ સારું, બહુ સારું.' એમ અત્યંત પ્રશંસાપૂર્વક મહાવિષ્ણુએ કહ્યું કે, 'મારો ઉપાસક સર્વથી ઉત્કૃષ્ટ બને છે. મારી ઉપાસનાથી સર્વ મંગળો થાય છે. મારી ઉપાસનાથી બધું જીતે છે. મારો ઉપાસક સર્વને વંદન કરવાયોગ્ય બને છે. મારા ઉપાસકને કંઈ પણ અસાધ્ય નથી. તેનાં બધાં બંધનો નાશ પામે છે. સદાચારીની પેઠે સર્વ દેવો તેને સેવે છે. મોટાં કલ્યાણો તેને સેવે છે. મારો ઉપાસક મારી ઉપાસનાથી નિરતિશય અદ્વૈત પરમાનંદરૂપ લક્ષણવાળો પરબ્રહ્મ થાય છે. જે મનુષ્ય પરમ તત્ત્વના રહસ્યરૂપ આ અથર્વવેદના મહાનારાયણ ઉપનિષદને ભણે, તે સર્વ પાપોથી મુક્ત થાય છે. જાણતાં-અજાણતાં કરેલાં, પાપોથી છૂટી જાય છે. મોટાં પાપોથી પવિત્ર થાય છે. ગુપ્ત કરેલાં ખુલ્લાં કરેલાં, જૂના કાળનાં, અતિશય કરેલાં તે બધાં પાપોથી મુક્ત થાય છે. તે બધા લોકોને જીતે છે. તે બધા મંત્રોના જપમાં નિષ્ઠાવાળો થાય છે. તે બધાં વેદાંતોનું રહસ્ય મેળવી પરમાર્થ જાણનારો થાય છે. તે બધા ભોગો

भवति । रहस्यकृतप्रकाशकृतचिरककालात्यन्तकृतेभ्यस्तेभ्यः सर्वेभ्यः पापेभ्यो मुक्तो भवति । स सकललोकाञ्जयति । स सकलमन्त्रजपनिष्ठो भवति । स सकलवेदान्तरहस्याधिगतपरमार्थज्ञो भवति । स सकलभोगभुग्भवति । स सकलयोगविद्भवति । स सकलजगत्परिपालको भवति । सोऽद्वैतपरमानन्दलक्षणं परब्रह्म भवति । इदं परमतत्त्वरहस्यं न वाच्यं गुरुभक्तिविहीनाय । न चाशुश्रूषवे वाच्यम् । न तपोविहीनाय नास्तिकाय । न दाम्भिकाय मद्भक्तिविहीनाय । मात्सर्याङ्कितनवे न वाच्यम् । न वाच्यं मदसूयापराय कृतघ्नाय । इदं परमरहस्यं यो मद्भक्तेष्वभिधास्यति । मद्भक्तिनिष्ठो भूत्वा मामेव प्राप्स्यति । आवयोर्य इमं संवादमध्येष्यति । स नरो ब्रह्मनिष्ठो भवति । श्रद्धावाननसूयुः शृणुयात्पठति वा य इमं संवादमावयोः स पुरुषो मत्सायुज्यमेति । ततो महाविष्णुस्तिरोदधे । ततो ब्रह्मा स्वस्थानं जगामेत्युपनिषत् ।। इत्याथर्वणमहानारायणोपनिषदि परमसायुज्यमुक्तिस्वरूपनिरूपणं नामाष्टमोऽध्यायः ॥ ८ ॥

उत्तरकाण्डः समाप्तः

ॐ भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः ॥ स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेम देवहितं यदायुः ॥ स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः ॥ स्वस्ति नः पूषा विश्ववेदाः ॥ स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः ॥ स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः

॥ इति त्रिपाद्विभूतिमहानारायणोपनिषत्समाप्ता ॥

ભોગવનારો થાય છે, તે બધા યોગો જાણનારો થાય છે. તે સમગ્ર જગતનું પાલન કરનારો થાય છે. તે અદ્વૈત પરમાનંદરૂપ લક્ષણવાળો પરબ્રહ્મ થાય છે. આ પરમ તત્ત્વનું રહસ્ય ગુરુભક્તિ રહિતને કહેવું નહિ; સેવાભાવી ન હોય તેને કહેવું નહિ; તપ રહિત નાસ્તિકને કહેવું નહિ; મારી ભક્તિ વિનાના દાંભિકને પણ કહેવું નહિ. જેનું શરીર દ્વેષથી કલંકિત હોય તેને કહેવું નહિ. મારી અદેખાઈ કરતા કૃતઘ્નીને પણ કહેવું નહિ. આ પરમ રહસ્ય મારા ભક્તોને જે કહેશે, તે મારી ભક્તિમાં નિષ્ઠાવાળો થઈ મને જ પામશે. આપણા બન્નેના આ સંવાદને જે ભણશે તે પુરુષ બ્રહ્મનિષ્ઠ થશે. શ્રદ્ધાવાળો અને અદેખાઈ વિનાનો જે મનુષ્ય આપણા બન્નેનો આ સંવાદ સાંભળશે અથવા ભણશે, તે મારા સાયુજ્યને પામશે.' એમ કહી મહાવિષ્ણુ અદૃશ્ય થઈ ગયા. બ્રહ્મા પોતાના સ્થાને ગયા. આ પ્રમાણે આ ઉપનિષદ સમાપ્ત થાય છે.

ઇતિ અથર્વવેદના મહાનારાયણ ઉપનિષદમાં 'પરમ સાયુજ્યમુક્તિના સ્વરૂપનું વર્ણન' નામનો અધ્યાય આઠમો સમાપ્ત

**ઉત્તરકાંડ સમાપ્ત**

ૐ હે પૂજ્ય દેવો! અમે કાનો વડે કલ્યાણ સાંભળીએ, આંખો વડે કલ્યાણ જોઈએ; મજબૂત અંગો વડે તથા દેહ વડે તમારી સ્તુતિ કરતા રહીએ; અને દેવોએ અમારા માટે નક્કી કરેલું આયુષ્ય અમે ભોગવીએ.

મોટી કીર્તિવાળા ઇંદ્ર અમારું કલ્યાણ કરો; સર્વ જાણનાર પૂષા દેવ અમારું કલ્યાણ કરો; અટકાવી ન શકાય એવી ગતિવાળા ગરુડ દેવ અમારું કલ્યાણ કરો; બૃહસ્પતિ અમારું કલ્યાણ કરો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ ત્રિપાદ્‌વિભૂતિમહાનારાયણ ઉપનિષદ સમાપ્ત

# महोपनिषत्

शान्तिपाठः–ॐ आप्यायन्तु ममाङ्गानि वाक् प्राणश्चक्षुः श्रोत्रमथो बलमिन्द्रियाणि च सर्वाणि सर्वं ब्रह्मोपनिषदं माहं ब्रह्म निराकुर्यां मा मा ब्रह्म निराकरोदनिराकरणमस्त्वनिराकरणं मे अस्तु । तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि सन्तु ते मयि सन्तु ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

अथातो महोपनिषदं व्याख्यास्यामस्तदाहुरेको ह वै नारायण आसीन्न ब्रह्मा नेशानो नापो नाग्नीषोमौ नेमे द्यावापृथिवी न नक्षत्राणि न सूर्यो न चन्द्रमाः । स एकाकी न रमते । तस्य ध्यानान्तःस्थस्य यज्ञस्तोममुच्यते । तस्मिन्पुरुषाश्चतुर्दश जायन्ते । एका कन्या । दशेन्द्रियाणि मन एकादशं तेजः । द्वादशो हकारः । त्रयोदशकः प्राणः । चतुर्दश आत्मा । पञ्चदशी बुद्धिः । भूतानि पञ्च तन्मात्राणि । पञ्च महाभूतानि । स एकः पञ्चविंशतिः पुरुषः । तत्पुरुषं पुरुषो निवेश्य नास्य प्रधानसंवत्सरा जायन्ते । संवत्सरादधिजायन्ते । अथ पुनरेव नारायणः सोऽन्यत्कामो मनसाध्यायत । तस्य ध्यानान्तःस्थस्य ललाटात्त्र्यक्षः शूलपाणिः पुरुषो जायते । बिभ्रच्छ्रियं यशः सत्यं ब्रह्मचर्यं तपो वैराग्यं मन ऐश्वर्यं सप्रणवा

## ૧૭–મહોપનિષદ*

**શાંતિપાઠ:**–ૐ મારાં અંગો પુષ્ટ બનો; વાણી, પ્રાણ, આંખ, કાન, બળ અને મારી સર્વ ઇંદ્રિયો પુષ્ટ થાઓ. ઉપનિષદોમાં જે કહ્યું છે, તે બધું બ્રહ્મ વિષે જ કહેલ છે; એ બ્રહ્મનો હું ક્યારેય અનાદર ન કરું; બ્રહ્મ પણ મારો ક્યારેય અનાદર ન કરો. અનાદર ન હો; મારો અનાદર ન થાઓ, આત્મામાં જ રમણ કરતા મારામાં ઉપનિષદો વિષે જે ધર્મો કહ્યા છે તે રહો, તે મારામાં રહો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

હવે મહોપનિષદ કહીશું. તેમાં પ્રથમ કહેવાય છે કે, સૃષ્ટિની પહેલાં એક નારાયણ જ હતા; બ્રહ્મા ન હતા, શંકર ન હતા; જળ ન હતું; અગ્નિ કે સોમ ન હતા; આ આકાશ કે પૃથ્વી ન હતાં. નક્ષત્રો ન હતાં; સૂર્ય ન હતો અને ચંદ્ર પણ ન હતો. એ વેળા તે એકલા નારાયણને ચેન ન પડ્યું. તે ધ્યાનમાં બેઠા એટલે તેમની પાસે યજ્ઞસમૂહ ઉચ્ચારાયો. તેમાં ચૌદ પુરુષો જન્મ્યા; એક કન્યા, દશ ઇંદ્રિયો, અગિયારમું તેજરૂપ મન, બારમો અહંકાર, તેરમો પ્રાણ, ચૌદમો આત્મા અને પંદરમી બુદ્ધિ થઈ. પછી પાંચ તન્માત્રાઓ અને પાંચ મહાભૂતો થયાં. આમ તે એક પુરુષ પચીસરૂપે થયા. એ પુરુષમાં પુરુષે બધું પ્રવેશાવ્યા પછી એનાં મુખ્ય વર્ષો ન થયાં; (?) સંવત્સરથી તેઓ ઉત્પન્ન થાય છે. (?) પછી ફરી તે નારાયણે બીજી ઇચ્છા કરી. તેમણે મનથી ધ્યાન

* આ ઉપનિષદ પણ 'તેજોબિંદુ ઉપનિષદ'ની જેમ બે રૂપમાં મળે છે. એક રૂપમાં તે તદ્દન ટૂંકું–માત્ર એક જ અધ્યાયનું મળે છે અને બીજા રૂપમાં તે છ અધ્યાયમાં વહેંચાયેલા લગભગ ૫૦૦–૫૫૦ શ્લોકોનું મળે છે. અહીં આપવામાં આવેલો અનુવાદ મોટા ઉપનિષદનો છે. 'તેજોબિંદુ ઉપનિષદ'ની જેમ આ ઉપનિષદનો સાર પણ શ્રી નથ્થુરામ શર્માએ ટૂંકા ઉપનિષદમાંથી જ ઉદ્ધૃત કર્યો છે.

व्याहृतय ऋग्यजुःसामाथर्वाङ्गिरसः सर्वाणि छन्दांसि तान्यङ्गे समाश्रितानि । तस्मादीशानो महादेवो महादेवः । अथ पुनरेव नारायणः सोऽन्यत्कामो मनसाध्यायत । तस्य ध्यानान्तःस्थस्य ललाटात्स्वेदोऽपतत् । ता इमाः प्रतता आपः । ततस्तेजो हिरण्मयमण्डम् । तत्र ब्रह्मा चतुर्मुखोऽजायते । सोऽध्यायत् । पूर्वाभिमुखो भूत्वा भूरिति व्याहृतिर्गायत्रं छन्द ऋग्वेदोऽग्निर्देवता । पश्चिमाभिमुखो भूत्वा भुवरिति व्याहृतिस्त्रैष्टुभं छन्दो यजुर्वेदो वायुर्देवता । उत्तराभिमुखो भूत्वा स्वरिति व्याहृतिर्जागतं छन्दः सामवेदः सूर्यो देवता । दक्षिणाभिमुखो भूत्वा महरिति व्याहृतिरानुष्टुभं छन्दोऽथर्ववेदः सोमो देवता । सहस्रशीर्षं देवं सहस्राक्षं विश्वशंभुवम् । विश्वतः परमं नित्यं विश्वं नारायणं हरिम् । विश्वमेवेदं पुरुषस्तद्विश्वमुपजीवति । पतिं विश्वेश्वरं देवं समुद्रे विश्वरूपिणम् । पद्मकोशप्रतीकाशं लम्बत्याकोशसंनिभम् । हृदयं चाप्यधोऽमुखं संतत्यैं (?) सीत्कराभिश्च । तस्य मध्ये महानर्चिर्विश्वार्चिर्विश्वतोमुखम् । तस्य [1]मध्ये वह्निशिखा अणीयोर्ध्वा व्यवस्थिता । तस्याः शिखाया मध्ये परमात्मा व्यवस्थितः । स ब्रह्मा स ईशानः सेन्द्रः[2] सोऽक्षरः परमः स्वराडिति महोपनिषत् ॥

इति प्रथमोऽध्यायः ॥ १ ॥

કર્યું. ધ્યાનમાં બેઠેલા તેમના લલાટમાંથી ત્રણ નેત્રવાળા ત્રિશૂલધારી પુરુષ જન્મ્યા. તે લક્ષ્મી, યશ, સત્ય, બ્રહ્મચર્ય, તપ, વૈરાગ્ય, મન અને ઐશ્વર્ય ધારણ કરતા હતા. પ્રણવ

१ मध्ये पुरुषः

२ सेन्द्र इति छान्दस स इन्द्र इति स्यात्

સહિત વ્યાહૃતિઓ, ઋગ્, યજુષ્, સામ, અથર્વવેદ અને બધા છંદો તેમના શરીરમાં રહ્યા હતા, તેથી તે ઈશાન મહાદેવ મોટા દેવ છે. પછી ફરી પણ તે નારાયણે બીજી ઇચ્છા કરી અને મનથી ધ્યાન કર્યું; તે ધ્યાનમાં બેઠા, એટલે તેમના લલાટમાંથી પરસેવો પડ્યો. તે આ જળરૂપે ફેલાયો. તેમાંથી તેજ થયું અને સુવર્ણમય ઇંડું થયું, તેમાં ચાર મુખવાળા બ્રહ્મા જન્મ્યા. તેમણે પૂર્વ તરફ મુખ રાખી ધ્યાન કર્યું કે ભૂર્ વ્યાહૃતિ, ગાયત્ર છંદ ઋગ્વેદ અને અગ્નિદેવ છે; પશ્ચિમ તરફ મુખ રાખી ભુવર્ વ્યાહૃતિ, ત્રૈષ્ટુભ છંદ, યજુર્વેદ અને વાયુદેવ છે; ઉત્તર તરફ મુખ રાખી સ્વર્ વ્યાહૃતિ જાગત છંદ, સામવેદ અને સૂર્યદેવ છે; અને દક્ષિણ તરફ મુખ રાખી મહર્ વ્યાહૃતિ, અનુષ્ટુભ છંદ, અથર્વવેદ અને સામવેદ છે, એમ ધ્યાન કર્યું. વળી હજાર મસ્તકોવાળા, હજાર નેત્રોવાળા જગતનું કલ્યાણ કરનારા, સર્વથી શ્રેષ્ઠ, નિત્ય, વિશ્વરૂપ અને ભક્તોનાં દુઃખ હરનાર શ્રીનારાયણ દેવનું તેમણે ધ્યાન કર્યું, કે આ સર્વ જગત એ પુરુષરૂપ છે. વિશ્વ તેમના આધારે જીવી રહ્યું છે. વિશ્વના ઈશ્વરે, વિશ્વસ્વરૂપ, સર્વના પતિ, કમળના દોડા જેવા પ્રકાશતા અને સર્વના આશ્રયસ્થાન-કોશ સરખા એ સમુદ્રવાસી દેવનો સર્વે આશ્રય કરે છે. નીચા મુખવાળું હૃદય પણ સિત્કારો સાથે શ્વાસોચ્છ્વાસની પરંપરા માટે તેમનો આધાર લે છે. એ હૃદયની મધ્યે ચારે બાજુ વ્યાપ્ત અને સર્વ તરફ ઝાળવાળી મોટી જ્વાળા છે. તેની મધ્યે અતિ સૂક્ષ્મ અને ઊભી અગ્નિની શિખા રહેલી છે. એ શિખાની મધ્યે પરમાત્મા રહ્યા છે. તે બ્રહ્મા, શંકર, તે ઇંદ્ર, તે અવિનાશી અને તે પરમ સ્વયંપ્રકાશ છે, એમ આ મહોપનિષદ જણાવે છે.

પ્રથમ અધ્યાય સમાપ્ત

## द्वितीयोऽध्यायः

शुको नाम महातेजाः स्वरूपानन्दतत्परः । जातमात्रेण मुनिराड् यत्सत्यं तदवाप्तवान् ॥ १ ॥ तेनासौ स्वविवेकेन स्वयमेव महामनाः । प्रविचार्य चिरं साधु स्वात्मनिश्चयमाप्तवान् ॥ २ ॥ अनाख्यत्वादगम्यत्वान्मनः षष्ठेन्द्रियस्थितेः । चिन्मात्रमेवमात्माणुराकाशादपि सूक्ष्मकः ॥ ३ ॥ चिदणोः परमस्यान्तःकोटिब्रह्माण्डरेणवः । उत्पत्तिस्थितिमभ्येत्य लीयन्ते शक्तिपर्ययात् ॥ ४ ॥ आकाशं बाह्यशून्यत्वादनाकाशं तु चित्त्वतः । न किंचिद्यदनिर्देश्यं वस्तु सत्तेति किंचन ॥ ५ ॥ चेतनोऽसौ प्रकाशत्वाद्वेद्याभावाच्छिलोपमः । स्वात्मनि व्योमनि स्वस्थे जगदुन्मेषचित्रकृत् ॥ ६ ॥ तद्भामात्रमिदं विश्वमिति न स्यात्ततः पृथक् । जगद्भेदोऽपि तद्भानमिति भेदोऽपि तन्मयः ॥७॥ सर्वगः सर्वसंबन्धो गत्यभावान्न गच्छति । नास्त्यसावाश्रयाभावात्सद्रूपत्वादथास्ति च ॥ ८ ॥ विज्ञानमानन्दं ब्रह्म रातेर्दातुः परायणम् । सर्वसंकल्पसंन्यासश्चेतसा यत्परिग्रहः ॥ ९ ॥ जाग्रतः प्रत्ययाभावं यस्याहुः प्रत्ययं बुधाः । यत्संकोचविकासाभ्यां जगत्प्रलयसृष्टयः ॥ १० निष्ठा वेदान्तवाक्यानामथ वाचामगोचरः । अहं सच्चित्परानन्दब्रह्मैवास्मि न चेतरः ॥ ११ ॥ स्वयैव सूक्ष्मया बुद्ध्या सर्वं विज्ञात-

### બીજો અધ્યાય

શુકદેવ નામે મહાતેજસ્વી મુનિરાજ સ્વરૂપાનંદમાં તત્પર રહેતા હતા. તે માત્ર જન્મ્યા ત્યારથી જ જે સત્ય વસ્તુ છે, તેને પામ્યા હતા. ૧ મોટા મનવાળા તે શુકદેવે પોતાની

મેળે જ પોતાના વિવેકથી લાંબા કાળ સુધી ખૂબ વિચાર કર્યો હતો અને પછી ઉત્તમ પ્રકારે આવો પોતાના આત્માનો નિશ્ચય તેમણે મેળવ્યો હતો.૨ મન સહિત છએ ઇંદ્રિયોની સ્થિતિ દ્વારા અવર્ણનીય અને અગમ્ય હોવાથી આત્મા માત્ર ચૈતન્યરૂપ છે, અણુ છે અને આકાશ કરતાં પણ સૂક્ષ્મ છે.૩ એ ચૈતન્યરૂપ પરમાણુની અંદર કરોડો બ્રહ્માંડોરૂપી રજકણો ઉત્પત્તિને તથા સ્થિતિને પામે અને શક્તિમાં ફેરફાર થવાથી પાછા તેમાં જ લય પામે છે.૪ એ વસ્તુ બહાર શૂન્યરૂપ હોવાથી આકાશ છે, માત્ર ચૈતન્યપણાથી (આકાશ જેવું) આકાશ નથી. કંઈ નથી-એમ બતાવવું અશક્ય છે અને માત્ર કંઈક સત્તારૂપ જ છે.૫ એ પ્રકાશપણાને લીધે ચેતન છે, પણ જાણવો અશક્ય હોવાથી શિલા જેવો છે. પોતામાં રહેલા આકાશરૂપ સ્વરૂપમાં જગતના પ્રાદુર્ભાવરૂપ ચિત્રને તે કરે છે.૬ આ વિશ્વમાત્ર તેના પ્રકાશરૂપ છે; તેનાથી જુદું નથી. જગતરૂપ ભેદ પણ તેનું જ ભાન છે, એમ ભેદ પણ તેમય છે.૭ તે બધે જાય છે અને બધે સંબંધવાળો છે; છતાં તેને ગતિ નથી, તેથી તે જતો નથી. તે આશ્રય વિનાનો છે, તેથી નથી; છતાં સત્સ્વરૂપ હોવાથી તે છે પણ ખરો. ૮ બ્રહ્મ વિજ્ઞાન તથા આનંદ-રૂપ છે; અને ધનનું દાન કરનાર મનુષ્યની પરમ ગતિરૂપ છે. ચિત્ત વડે સર્વ સંકલ્પોનો ત્યાગ કરવો તે જ પરબ્રહ્મનો સ્વી-કાર છે. ૯ વિદ્વાનો કહે છે કે જાગતો હોય છતાં બાહ્ય વિષ-યોના જ્ઞાનોનો અભાવ થાય, એ જ બ્રહ્મનું જ્ઞાન છે. એ બ્રહ્મના સંકોચ અને વિકાસથી જગતનો પ્રલય તથા સૃષ્ટિ થાય છે.૧૦ 'પ્રથમ વેદાંતનાં વાક્યો પર શ્રદ્ધા થાય છે અને પછી વાણીનો અવિષય અને સત્-ચિત્-પરમાનંદ સ્વરૂપ હું બ્રહ્મ છું. બીજો કોઈ નથી' (આવો અનુભવ થાય છે.) આમ બધું શુકદેવે

वाञ्छुकः। स्वयं प्राप्ते परे वस्तुन्यविश्रान्तमनाः स्थितः ॥ १२ ॥ इदं वस्त्विति विश्वासं नासावात्मन्युपाययौ। केवलं विररामास्य चेतो विषयचापलम्। भोगेभ्यो भूरिभङ्गेभ्यो धाराभ्य इव चातकः १३ एकदा सोऽमलप्रज्ञो मेरावेकान्तसंस्थितः। पप्रच्छ पितरं भक्त्या कृष्णद्वैपायनं मुनिम् ॥ १४ ॥ संसाराडम्बरमिदं कथमभ्युत्थितं मुने। कथं च प्रशमं याति किं यत्कस्य कदा वद ॥ १५ ॥ एवं पृष्टेन मुनिना व्यासेनाखिलमात्मजे। यथावदखिलं प्रोक्तं वक्तव्यं विदितात्मना ॥ १६ ॥ अज्ञासिषं पूर्वमेवमहमित्यथ तत्पितुः। स शुकः स्वकया बुद्ध्या न वाक्यं बहु मन्यते ॥ १७ ॥ व्यासोऽपि भगवान्बुद्ध्वा पुत्राभिप्रायमीदृशम्। प्रत्युवाच पुनः पुत्रं नाहं जानामि तत्त्वतः ॥ १८ ॥ जनको नाम भूपालो विद्यते मिथिलापुरे। यथावद्वेत्त्यसौ वेद्यं तस्मात्सर्वमवाप्स्यसि ॥ १९ ॥ पित्रेत्युक्तः शुकः प्रायात्सुमेरोर्वसुधातलम्। विदेहनगरीं प्राप जनकेनाभिपालिताम् ॥ २० ॥ आवेदितोऽसौ याष्टीकैर्जनकाय महात्मने। द्वारि व्याससुतो राजञ्छुकोऽत्र स्थितवानिति ॥ २१ ॥ जिज्ञासार्थं शुकस्यासावास्तामेवेत्यवज्ञया। उक्त्वा बभूव जनकस्तूष्णीं सप्त दिनान्यथ ॥ २२ ॥ ततः प्रवेशयामास जनकः शुकमङ्गणे। तत्राहानि स सप्तैव तथैवावसदुन्मनाः ॥ २३ ॥ ततः प्रवेशयामास जनकोऽन्तःपुराजिरे। राजा न दृश्यते तावदिति सप्त दिनानि तम् ॥ २४ ॥ तत्रोन्मदाभिः

પોતાની બુદ્ધિથી જ જાણ્યું હતું અને પોતાની મેળે જ પરમ વસ્તુ પ્રાપ્ત કરી હતી; છતાં તેમનું ચિત્ત વિશ્રાંતિ પામ્યું ન હતું અને આ જ વસ્તુ છે, એમ તેમને આત્મા વિષેનો વિશ્વાસ થયો

ન હતો. માત્ર તેમનું ચિત્ત વિષયો વિષેની ચંચળતાથી અટક્યું હતું અને ચાતક જેમ જળધારાઓથી વિરામ પામે તેમ અતિ નાશવંત વિષયભોગોમાંથી તે વિરામ પામ્યા હતા. ૧૨,૧૩ એક વખતે નિર્મળ બુદ્ધિવાળા તે શુકદેવ મેરુપર્વત પર એકાંતમાં બેઠા હતા. ત્યાં તેમણે પોતાના પિતા કૃષ્ણ દ્વૈપાયન(વ્યાસ)ને ભક્તિપૂર્વક પૂછ્યું : ૧૪ 'હે મુનિ! આ સંસારરૂપ આડંબર કેવી રીતે ઉત્પન્ન થયેલ છે? અને તે કોને, ક્યારે, કેવી રીતે શાંત પડે છે તે કહો. ૧૫ એમ તેમણે પૂછ્યું, એટલે આત્માને જેમણે જાણ્યો હતો એવા વ્યાસ મુનિએ, પુત્રને જે કહેવા જેવું હતું, તે બધું બરાબર કહ્યું; ૧૬ પણ 'આ તો બધું મેં પ્રથમથી જ જાણ્યું છે' એમ માનીને શુકદેવે પિતાનું એ કહેવું પોતાની બુદ્ધિથી બહુ માન્યું નહિ. ૧૭ ભગવાન વ્યાસ, પુત્રનો એ અભિપ્રાય સમજી ગયા. તેમણે પુત્રને ફરી કહ્યું કે, 'તે હું બરાબર જાણતો નથી. ૧૮ મિથિલા નગરમાં જનક નામે રાજા છે; તે જાણવા યોગ્ય બધું બરાબર જાણે છે, માટે તેની પાસેથી તું એ જાણીશ.' ૧૯ પિતાએ એમ કહ્યું, એટલે શુકદેવજી સુમેરુથી પૃથ્વી પર આવ્યા અને જનકે રક્ષેલી મિથિલા નગરીમાં પહોંચ્યા. ૨૦ છડીદારોએ મહાત્મા જનકને ખબર આપી, કે 'હે રાજન્! વ્યાસપુત્ર શુકદેવજી અહીં દ્વારમાં આવી ઊભા છે. ૨૧ શુકદેવજીની પરીક્ષા માટે જનક રાજાએ બેદરકારીથી ઉત્તર આપ્યો, કે ભલે ઊભા એમ કહી સાત દિવસ સુધી તે ચૂપ જ રહ્યો. ૨૨ પછી જનકે શુકદેવને આંગણામાં દાખલ કરાવ્યા; પણ ત્યાંયે સાત દિવસ સુધી એમના એમ અશાંત મને તે ઊભા રહ્યા હતા. ૨૩ પછી જનકે તેમને અંતઃપુરના આંગણામાં દાખલ કરાવ્યા તો ત્યાં પણ સાત દિવસ સુધી તેમણે રાજાને દેખ્યો નહિ. ૨૪ પછી ત્યાં જનકે ચંદ્ર જેવા મુખવાળા શુકદેવનું મદમાતી સ્ત્રીઓ, ભાતભાતનાં

कान्ताभिर्भोजनैर्भोगसंचयैः । जनको लालयामास शुकं शशिनिभाननम् ॥ २५ ॥ ते भोगास्तानि भोज्यानि व्यासपुत्रस्य तन्मनः । नाजह्रुर्मन्दपवनो बद्धपीठमिवाचलम् ॥ २६ ॥ केवलं सुसमः स्वच्छो मौनी मुदितमानसः । संपूर्ण इव शीतांशुरतिष्ठदमलः शुकः ॥ २७ ॥ परिज्ञातस्वभावं तं शुकं स जनको नृपः । आनीय मुदितात्मानमवलोक्य ननाम ह ॥ २८ ॥ निःशेषितजगत्कार्यः प्राप्ताखिलमनोरथः । किमीप्सितं तवेत्याह कृतस्वागत आह तम् ॥ २९ ॥ संसाराडम्बरमिदं कथमभ्युत्थितं गुरो । कथं प्रशममायाति यथावत्कथयाशु मे ॥ ३० ॥ यथावदखिलं प्रोक्तं जनकेन महात्मना । तदेव तत्पुरा प्रोक्तं तस्य पित्रा महाधिया ॥ ३१ ॥ स्वयमेव मया पूर्वमभिज्ञातं विशेषतः । एतदेव हि पृष्टेन पित्रा मे समुदाहृतम् ॥ ३२ ॥ भवताप्येष एवार्थः कथितो वाग्विदां वर । एष एव हि वाक्यार्थः शास्त्रेषु परिदृश्यते ॥ ३३ ॥ मनोविकल्पसंजातं तद्विकल्पपरिक्षयात् । क्षीयते दग्धसंसारो निःसार इति निश्चितः ॥ ३४ ॥ तत्किमेतन्महाभाग सत्यं ब्रूहि ममाचलम् । त्वत्तो विश्रममाप्नोमि चेतसा भ्रमता जगत् ॥ ३५ ॥ शृणु तावदिदानीं त्वं कथ्यमानमिदं मया । श्रीशुक ज्ञानविस्तारं बुद्धिसारान्तरान्तरम् ॥ ३६ ॥ यद्विज्ञानात्पुमान्सद्यो जीवन्मुक्तत्वमाप्नुयात् ॥ ३७ ॥ दृश्यं नास्तीति बोधेन मनसो दृश्यमार्जनम् । संपन्नं चेत्तदुत्पन्ना परा निर्वाणनिर्वृतिः ॥३८॥

ભોજનો અને અનેક જાતના ભોગોથી સ્વાગત કર્યું; ૨૫ પણ તે ભોગો અને ભોજનોએ, જેમ ધીમો પવન મજબૂત પાયાવાળા પર્વતને ડગાવી શકે નહિ, તેમ શુકદેવના મનને ડગાવ્યું નહિ; ૨૬ પણ શુકદેવજી કેવળ અતિ સમાન ભાવવાળા

સ્વચ્છ, મૌનધારી, પ્રસન્ન મનવાળા અને સંપૂર્ણ ચંદ્રની પેઠે નિર્મળ જ રહ્યા. ૨૭ એમ જનક રાજાએ શુકદેવનો સ્વભાવ જાણ્યા પછી તેમને સમીપ બોલાવ્યા અને આનંદી આત્માનાં દર્શન કરી તેમને તેણે નમન કર્યું. ૨૮ જગતનાં કાર્યો જેણે સમાપ્ત કર્યાં હતાં અને સર્વ મનોરથો જેને મળી ચૂક્યા હતા, એવા તે રાજાએ શુકદેવનું સ્વાગત કરી કહ્યું કે, 'તમારી શી ઇચ્છા છે?' ૨૯ શુકદેવે પૂછ્યું કે, 'હે ગુરુ! આ સંસારરૂપ આડંબર કેવી રીતે ઉત્પન્ન થયો છે? અને તે કેવી રીતે બરાબર શાંત થાય છે? આ મને જલદી કહો.' ૩૦ તે સાંભળી મહાત્મા જનકે મહાબુદ્ધિમાન તેમના પિતાએ જે પ્રથમ કહ્યું હતું, તે જ બધું બરાબર કહ્યું; ૩૧ ત્યારે શુકદેવ બોલ્યા કે, 'આ બધું તો મેં મારી મેળે જ પ્રથમ જાણ્યું છે. વિશેષ માટે મેં મારા પિતાને પૂછ્યું હતું, ત્યારે તેમણે પણ આ જ કહ્યું હતું; ૩૨ અને તમે પણ આ જ અર્થ કહો છો! હે વક્તાઓમાં શ્રેષ્ઠ! આ જ વાક્યાર્થ શાસ્ત્રોમાં પણ દેખાય છે; પરંતુ એ વિષે મારા મનમાં જે સંશય થયેલ છે, તેનો જો નાશ થાય તો જ આ બળતો નિઃસાર સંસાર નાશ પામે, એવો મારો નિશ્ચય છે. ૩૩,૩૪ તો હે મહાભાગ! આ શું છે? તે મને સત્ય અને ચોક્કસ કહો. મારું ચિત્ત જગતને ઉદ્દેશી ભમ્યા કરે છે, પણ મને તમારા દ્વારા વિશ્રાંતિ મળશે.' ૩૫ પછી જનકે કહ્યું: 'હે શુકદેવજી! હવે આ જ્ઞાનવિસ્તાર હું કહું છું, તે તમે સાંભળો. તે બુદ્ધિની અંદરનો જે સાર છે, તેની અંદરનો પણ સાર છે. ૩૬ જેને જાણવાથી તુરત મનુષ્ય જીવન્મુક્તપણાને પામે છે. ૩૭ 'દૃશ્ય નથી' એવા જ્ઞાન વડે મનમાંથી દૃશ્ય જો સાફ થઈ જાય છે, તો નિર્વાણની પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. ૩૮

अशेषेण परित्यागो वासनायां य उत्तमः। मोक्ष इत्युच्यते सद्भिः स एव विमलक्रमः ॥ ३९ ॥ ये शुद्धवासना भूयो न जन्मानर्थभागिनः। ज्ञातज्ञेयास्त उच्यन्ते जीवन्मुक्ता महाधियः ॥ ४० ॥ पदार्थभावनादार्ढ्यं बन्ध इत्यभिधीयते। वासनातानवं ब्रह्मन्मोक्ष इत्यभिधीयते ॥ ४१ ॥ तपःप्रभृतिना यस्मै हेतुनैव विना पुनः। भोगा इह न रोचन्ते स जीवन्मुक्त उच्यते ॥ ४२ ॥ आपतत्सु यथाकालं सुखदुःखेष्वनारतः। न हृष्यति ग्लायति यः स जीवन्मुक्त उच्यते ॥ ४३ ॥ हर्षामर्षभयक्रोधकामकार्पण्यदृष्टिभिः। न परामृश्यते योऽन्तः स जीवन्मुक्त उच्यते ॥ ४४ ॥ अहंकारमयीं त्यक्त्वा वासनां लीलयैव यः। तिष्ठति ध्येयसंत्यागी स जीवन्मुक्त उच्यते ॥ ४५ ॥ ईप्सितानीप्सिते न स्तो यस्यान्तर्वर्तिदृष्टिषु। सुषुप्तिवद्यश्चरति स जीवन्मुक्त उच्यते ॥ ४६ ॥ अध्यात्मरतिरासीनः पूर्णः पावनमानसः। प्राप्तानुत्तमविश्रान्तिर्न किंचिदिह वाञ्छति। यो जीवति गतस्नेहः स जीवनमुक्त उच्यते ॥ ४७ ॥ संवेद्येन हृदाकाशे मनागपि न लिप्यते। यस्यासावजडा संवित्स जीवन्मुक्त उच्यते ॥ ४८ ॥ रागद्वेषौ सुखं दुःखं धर्माधर्मौ फलाफले। यः करोत्यनपेक्ष्यैव स जीवन्मुक्त उच्यते ॥ ४९ ॥ मौनवान्निरहंभावो निर्मानो मुक्तमत्सरः। यः करोति गतोद्वेगः स जीवन्मुक्त उच्यते ॥ ५० ॥ सर्वत्र विगतस्नेहो यः साक्षिवदवस्थितः। निरिच्छो वर्तते कार्ये स जीवन्मुक्त उच्यते ॥ ५१ ॥ येन धर्ममधर्मं च मनो-

વાસનાનો સંપૂર્ણ ત્યાગ કરવો, એ જ ઉત્તમ મોક્ષ છે અને એને જ સત્પુરુષો નિર્મળ ક્રમ કહે છે. ૩૯ શુદ્ધ વાસનાવાળા

જે પુરુષો જન્મરૂપી અનર્થને ફરી પામતા નથી, તેઓએ જ જાણવા જેવું જાણ્યું છે; અને તેઓ જ મહાબુદ્ધિમાન જીવન્મુક્તો કહેવાય છે. ૪૦ હે બ્રાહ્મણ! પદાર્થોની ભાવના મજબૂત બને, એ બંધન કહેવાય છે; અને વાસનાઓ અત્યંત ઓછી થઈ જાય એ જ મોક્ષ કહેવાય છે. ૪૧ જેને તપ વગેરે કારણ વિના જ ભોગો ગમે નહિ, તે આ લોકમાં જીવન્મુક્ત કહેવાય છે. ૪૨ સમય પ્રમાણેની આપત્તિઓમાં અને સુખ–દુઃખમાં જે હર્ષ ન પામે અને ગ્લાનિ ન પામે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૩ જેનું અંતઃકરણ હર્ષ, ખેદ, ભ્રમ, ક્રોધ, ઇચ્છા અને દીનતાનાં દર્શનથી સંબંધ ન પામે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૪ અહંકારમય વાસનાનો લીલામાત્રમાં ત્યાગ કરીને જે ધ્યેય–વસ્તુનો પણ પૂર્ણ ત્યાગી થઈને રહે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૫ અંતરાત્મામાં વર્તતી જેની દૃષ્ટિએ ઇચ્છિત કે અનિચ્છિત નથી અને જે સુષુપ્તિમાં રહ્યો હોય તેમ વર્તે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૬ જે આત્મા વિષે રમણ કરતો બેસી રહે, પૂર્ણ અને પવિત્ર મનવાળો હોઈ સર્વોત્તમ વિશ્રાંતિને પામ્યો હોય, આ લોકમાં કંઈ પણ ઇચ્છતો ન હોય અને જે સ્નેહરહિત થઈને જીવતો હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૭ હૃદયાકાશમાં સારી રીતે અનુભવાતા પદાર્થ વડે જે લગારે લેપાતો નથી અને જેને આવું જડતા વિનાનું જ્ઞાન થયું હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૮ રાગ, દ્વેષ, સુખ, દુઃખ, ધર્મ, અધર્મ અને ફળ કે અફળની દરકાર કર્યા વિના જ જે કર્મ કરે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૯ મૌનધારી, અહંભાવ વિનાનો, માન વિનાનો, દ્વેષરહિત અને ઉદ્વેગ વિનાનો થઈને જે કર્મ કરે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૦ જેને બધાં ઉપર સ્નેહ જતો રહ્યો હોય અને સાક્ષી જેવો રહી હરકોઈ કાર્યમાં ઇચ્છા વિના જ વર્તતો હોય, તે

मननमीहितम् । सर्वमन्तः परित्यक्तं स जीवन्मुक्त उच्यते ॥ ५२ ॥ यावती दृश्यकलना सकलेयं विलोक्यते । सा येन सुष्ठु संत्यक्ता स जीवन्मुक्त उच्यते ॥ ५३ ॥ कट्वम्ललवणं तिक्तममृष्टं मृष्टमेव च । सममेव च यो भुंक्ते स जीवन्मुक्त उच्यते ॥ ५४ ॥ जरामरणमापच्च राज्यं दारिद्र्यमेव च । रम्यमित्येव यो भुंक्ते स जीवन्मुक्त उच्यते ॥ ५५ ॥ धर्माधर्मौ सुखं दुःखं तथा मरणजन्मनी । धिया येन सुसंत्यक्तं स जीवन्मुक्त उच्यते ॥ ५६ ॥ उद्वेगानन्दरहितः समया स्वच्छया धिया । न शोचते न चोदेति स जीवन्मुक्त उच्यते ॥ ५७ ॥ सर्वेच्छाः सकलाः शङ्काः सर्वेहाः सर्वनिश्चयाः । धिया येन परित्यक्ताः स जीवन्मुक्त उच्यते ॥ ५८ ॥ जन्मस्थितिविनाशेषु सोदयास्तमयेषु च । सममेव मनो यस्य स जीवन्मुक्त उच्यते । ॥ ५९ ॥ न किंचन द्वेष्टि तथा न किंचिदपि काङ्क्षति । भुङ्क्ते यः प्रकृतान्भोगान्स जीवन्मुक्त उच्यते ॥ ६० ॥ शान्तसंसारकलनः कलावानपि निष्कलः । यः सचित्तोऽपि निश्चित्तः स जीवन्मुक्त उच्यते ॥ ६१ ॥ यः समस्तार्थजालेषु व्यवहार्यपि निःस्पृहः । परार्थेष्विव पूर्णात्मा स जीवन्मुक्त उच्यते ॥ ६२ ॥ जीवन्मुक्तपदं त्यक्त्वा स्वदेहे कालसात्कृते । विशत्यदेहमुक्तत्वं पवनोऽस्पन्दतामिव ॥ ६३ ॥ विदेहमुक्तो नोदेति नास्तमेति न शाम्यति । न सन्नासन्न दूरस्थो न चाहं न च नेतरः ॥ ६४ ॥ ततः स्तिमितग-

જીવન્મુક્ત કહેવાય છે. ૫૧ જેણે ધર્મ, અધર્મ, મન, વિચાર અને ઇચ્છા--એ બધું અંદરથી ત્યજી દીધું હોય, તે જીવન્મુક્ત કહે-

વાય છે. ૫૨ આ દૃશ્ય પદાર્થોની જેટલી સંખ્યા જોવામાં આવે છે, તે બધી જેણે સારી રીતે ત્યજી દીધી હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૩ કડવું, ખાટું, ખારું, તીખું, સ્વાદ વિનાનું કે સ્વાદવાળું–એ બધું સરખું જ માનીને જે ખાય છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૪ ઘડપણ, મરણ, આપત્તિ, રાજ્ય કે દરિદ્રાવસ્થા–એ બધું સારું જ છે, એમ માની જે ભોગવે તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૫ ધર્મ, અધર્મ, સુખ, દુઃખ, મરણ તથા જન્મને બુદ્ધિથી જેણે તજ્યાં હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૬ સમાન ભાવવાળી સ્વચ્છ બુદ્ધિને લીધે ઉદ્વેગ કે આનંદ વિનાનો રહી જે શોક કરતો નથી કે હર્ષ પામતો નથી, તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૭ સર્વ ઇચ્છાઓ, બધી શંકાઓ, સર્વ ચેષ્ટાઓ અને બધા નિશ્ચયો જેણે બુદ્ધિથી ત્યજ્યા હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૮ જન્મ, સ્થિતિ અને નાશમાં અથવા ઉન્નતિ કે અવનતિમાં જેનું મન સમાન જ રહે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૫૯ જે કોઈનો દ્વેષ કરતો નથી, કંઈ પણ ઇચ્છતો નથી અને ચાલુ ભોગોને જે ભોગવે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૬૦ સંસારનું જ્ઞાન જેનું શાંત થયું હોય, કળાવાળો હોય છતાં જે કળા વિનાનો રહે છે અને જે ચિત્તવાળો હોય છતાં ચિત્ત વિનાનો છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૬૧ જે સમસ્ત પદાર્થો વિષે વ્યવહાર કરતો હોય, છતાં જાણે તે પારકાઓ માટેના જ છે, એમ નિઃસ્પૃહ રહી પૂર્ણાત્મા થયો હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૬૨ પછી પોતાનો દેહ મૃત્યુને વશ થાય છે, ત્યારે જીવન્મુક્ત પદનો ત્યાગ કરી તે પુરુષ પવન જેમ નિશ્ચળતાને પામે, તેમ વિદેહમુક્તપણું પામે છે. ૬૩ એ વિદેહમુક્ત જન્મતો નથી કે મરતો નથી. તે સત્ નથી, અસત્ નથી, હું નથી કે બીજો નથી. ૬૪ તે પછી શાંત અને ગંભીર તેજ નથી કે ફેલાયેલું

म्भीरं न तेजो न तमस्ततम् । अनाख्यमनभिव्यक्तं सत्किंचिदव-
शिष्यते ॥ ६५ ॥ न शून्यं नापि चाकारो न दृश्यं नापि दर्शनम् ।
न च भूतपदार्थौघसदनन्ततया स्थितम् ॥ ६६ ॥ किमप्यव्यपदे-
शात्मा पूर्णात्पूर्णतराकृतिः । न सन्नासन्न सदसन्न भावो भावनं न
च ॥ ६७ ॥ चिन्मात्रं चैत्यरहितमनन्तमजरं शिवम् । अनादिमध्य-
पर्यन्तं यदनादि निरामयम् ॥ ६८ ॥ द्रष्टृदर्शनदृश्यानां मध्ये यद्द-
र्शनं स्मृतम् । नातः परतरं किंचिन्निश्चयोऽस्त्यपरो मुने ॥ ६९ ॥
स्वयमेव त्वया ज्ञातं गुरुतश्च पुनः श्रुतम् । स्वसंकल्पवशाद्बद्धो
निःसंकल्पाद्विमुच्यते ॥ ७० ॥ तेन स्वयं त्वया ज्ञातं ज्ञेयं यस्य
महात्मनः । भोगेभ्यो ह्यरतिर्जाता दृश्याद्वा सकलादिह ॥ ७१ ॥
प्राप्तं प्राप्तव्यमखिलं भवता पूर्णचेतसा । स्वरूपे तपसि ब्रह्मन्मुक्तस्त्वं
भ्रान्तिमुत्सृज ॥ ७२ ॥ अतिबाह्यं तथा बाह्यमन्तराभ्यन्तरं धियः ।
शुक पश्यन्न पश्येस्त्वं साक्षी संपूर्णकेवलः ॥ ७३ ॥ विशश्राम
शुकस्तूष्णीं स्वस्थे परमवस्तुनि । वीतशोकभयायासो निरीहश्छिन्न-
संशयः ॥ ७४ ॥ जगाम शिखरं मेरोः समाध्यर्थमखण्डितम् ॥ ७५ ॥
तत्र वर्षसहस्राणि निर्विकल्पसमाधिना । देशे स्थित्वा शशामासावा-
त्मन्यस्नेहदीपवत् ॥ ७६ ॥ व्यपगतकलनाकलङ्कशुद्धः स्वयममला-
त्मनि पावने पदेऽसौ । सलिलकण इवाम्बुधौ महात्मा विगलित-
वासनमेकतां जगाम ॥ ७७ ॥ इति महोपनिषत् ॥

इति द्वितीयोऽध्यायः ॥ २ ॥

અંધારું નથી. માત્ર વર્ણવી ન શકાય એવું અસ્પષ્ટ કંઈક સત્
બાકી રહે છે. ૬૫ એ શૂન્ય નથી, કોઈ આકાર પણ નથી, દૃશ્ય

નથી, દર્શન નથી અને ભૂતો કે પદાર્થોના સમૂહરૂપ પણ નથી. એ તો અનંતપણે રહેલું કેવળ સત્ હોય છે. ૬૬ એનું સ્વરૂપ કોઈ પણ વ્યવહારરૂપ નથી, કેવળ પૂર્ણથી પણ પૂર્ણ આકૃતિરૂપ હોય છે. એ સત્ નથી, અસત નથી, સત્–અસત્ પણ નથી, પદાર્થ નથી કે ભાવના નથી. ૬૭ માત્ર ચૈતન્યરૂપ, ચૈતન્ય પામવા યોગ્યથી રહિત, અનંત, ઘડપણ વિનાનું, મંગલસ્વરૂપ, આદિ–મધ્ય–અંત વિનાનું અને નિર્દોષ જે છે, તે જ એ અનાદિ વસ્તુ છે. ૬૮ હે મુનિ! દ્રષ્ટા, દર્શન અને દૃશ્યની મધ્યે જે દર્શન કહેવાય છે, તેથી વધારે જે શ્રેષ્ઠ હોય તેવું કંઈ નથી; આ સર્વોત્કૃષ્ટ નિશ્ચય છે. ૬૯ તમે પોતાની મેળે જાણ્યું છે અને ગુરુ પાસેથી સાંભળ્યું પણ છે, કે પોતાના સંકલ્પને વશ થવાથી પ્રાણી બંધાય છે, અને સંકલ્પરહિત થવાથી મુક્ત થાય છે. ૭૦ તમે પોતે પોતાની મેળે જ્ઞેય વસ્તુ જાણી છે અને તેથી જ તમને–મહાત્માને ભોગો પર અને સકળ દૃશ્ય પદાર્થો પર વૈરાગ્ય થયો છે. ૭૧ હે બ્રાહ્મણ! પૂર્ણ ચિત્તવાળા તમે પામવાનું બધું પામી ચૂક્યા છો અને મુક્ત થયા છો; માટે આત્મસ્વરૂપ એ જ તપ છે; એ વિષેની ભ્રાંતિ છોડી દો. ૭૨ હે શુકદેવ! બુદ્ધિની બહારનું તથા અતિશય બહારનું તેમ જ અંદરનું તથા અતિશય અંદરનું તમે જુઓ છો, છતાં નથી જોતા; કેમ કે તમે સંપૂર્ણ કેવળ સાક્ષી છો.' ૭૩ તે સાંભળી શુકદેવજી શાંત થયા અને પોતાને વિષે જ રહેલી પરમ વસ્તુમાં વિશ્રાંતિ પામ્યા. તેમનો શોક, ભય તથા શ્રમ જતો રહ્યો. ઇચ્છાઓ જતી રહી અને સંશયો કપાઈ ગયા. ૭૪ તે અખંડ સમાધિ માટે મેરુ પર્વતના શિખર ઉપર જતા રહ્યા અને તે પ્રદેશમાં હજારો વર્ષો સુધી નિર્વિકલ્પ સમાધિમાં રહીને તેલ વિનાના દીવાની પેઠે આત્મસ્વરૂપમાં શમી ગયા. ૭૫,૭૬ એમ એ મહાત્મા પદાર્થોના જ્ઞાનરૂપ કલંક દૂર થવાથી શુદ્ધ

## तृतीयोऽध्यायः

निदाघो नाम मुनिराट् प्राप्तविद्यश्च बालकः । विहृतस्तीर्थयात्रार्थं पित्रानुज्ञातवान्स्वयम् ॥ १ ॥ सार्धत्रिकोटितीर्थेषु स्नात्वा गृहमुपागतः । स्वोदन्तं कथयामास ऋभुं नत्वा महायशाः ॥ २ ॥ सार्धत्रिकोटितीर्थेषु स्नानपुण्यप्रभावतः । प्रादुर्भूतो मनसि मे विचारः सोऽयमीदृशः ॥३॥ जायते म्रियते लोको म्रियते जननाय च । अस्थिराः सर्व एवेमे सचराचरचेष्टिताः । सर्वापदां पदं पापा भावा विभवभूमयः ॥ ४ ॥ अयःशलाकासदृशाः परस्परमसङ्गिनः । शुष्यन्ते केवला भावा मनःकल्पनयानया ॥५॥ भावेष्वरतिरायाता पथिकस्य मरुष्विव । शाम्यतीदं कथं दुःखमिति तप्तोऽस्मि चेतसा ॥ ६ ॥ चिन्तानिचयचक्राणि नानन्दाय धनानि मे । संप्रसूतकलत्राणि गृहाण्युग्रापदामिव ॥७॥ इयमस्ति स्थितोदारा संसारे परिपेलवा । श्रीर्मुने परिमोहाय सापि नूनं न शर्मदा ॥ ८ ॥ आयुः पल्लवकोणाग्रलम्बाम्बुकणभङ्गुरम् । उन्मत्त इव संत्यज्य याम्यकाण्डे शरीरकम् ॥ ९ ॥ विषयाशीविषासङ्गपरिजर्जरचेतसाम् । अप्रौढात्मविवेकानामायुरायासकारणम् ॥ १० ॥ युज्यते वेष्टनं वायोराकाशस्य च खण्डनम् । ग्रन्थनं च तरङ्गाणामास्था नायुषि युज्यते ॥ ११ ॥ प्राप्यं संप्राप्यते येन

થયા અને પાણીનાં ટીપાં જેમ સમુદ્રમાં એકતા પામે, તેમ પોતે વાસનારહિત થઈ નિર્મળ અને પવિત્ર આત્મસ્વરૂપના પદમાં એકતા પામ્યા. ૭૭ એમ આ મહોપનિષદ કહે છે.

દ્વિતીય અધ્યાય સમાપ્ત

## ત્રીજો અધ્યાય

નિદાઘ નામના મુનિરાજ બાળક હતા, ત્યારે વિદ્યાઓ ભણ્યા પછી તીર્થયાત્રા કરવા માટે નીકળી ગયા હતા. તેમના પિતાએ પોતે જ તેમને રજા આપી હતી. ૧ સાડાત્રણ કરોડ તીર્થોમાં સ્નાન કરી, ઘેર આવીને મહાયશસ્વી એવા તેમણે ઋભુને નમસ્કાર કરી પોતાનો વૃત્તાંત કહ્યો કે, ૨ સાડાત્રણ કરોડ તીર્થોમાં સ્નાન કરવાથી થયેલા પુણ્યના પ્રભાવ વડે મારા મનમાં આવો વિચાર પ્રગટ્યો છે કે, ૩ લોક જન્મે છે ને મરે છે; તેમાં જે મરે છે, તે જન્મ માટે છે; એમ સચરાચરની આ સર્વ ચેષ્ટાઓ અસ્થિર જ છે. વળી વૈભવની ભૂમિરૂપ પાપી પદાર્થો સર્વ આપત્તિઓનું સ્થાન છે. ૪ લોઢાની સળીઓ જેવા પરસ્પર સંગરહિત એકલા આ પદાર્થો સુકાઈ જાય છે. આવી મનની કલ્પનાથી જેમ મુસાફરને નિર્જળ પ્રદેશો પર કંટાળો આવે તેમ મને પદાર્થો પર કંટાળો આવ્યો છે; અને આ દુઃખ કેવી રીતે શાંત થાય, એવા ચિત્તના વિચારોથી હું તપી રહ્યો છું. ૫,૬ ચિંતાના સમૂહોનાં સ્થાન જેવાં ધન મને આનંદ આપતાં નથી; અને સંતાનો સહિત એવી સ્ત્રીઓ ઉગ્ર આપત્તિઓનાં જાણે ઘર હોય તેવી લાગે છે. ૭ હે મુનિ! સંસારમાં રહેલી જે આ ઉદાર અને સુંદર લક્ષ્મી ચારે બાજુ મોહ ઉપજાવી રહી છે, તે પણ ચોક્કસ કલ્યાણ આપતી નથી. ૮ આયુષ પાંદડાંના ખૂણાને છેડે લટકતા પાણીના કણ જેવું નાશવંત છે; અને તે ઉન્મત્તની પેઠે શરીર ત્યજીને દક્ષિણ ભાગમાં જતું રહે છે. ૯ જેઓનાં ચિત્ત વિષયોરૂપી સર્પોના સંગથી ખળભળી ઊઠ્યાં હોય અને જેઓનો આત્મવિવેક અપકવ હોય, તેવા મનુષ્યોને આયુષ પરિશ્રમનું કારણ બને છે.૧૦ વાયુને વીંટી શકાય, આકાશને કાપી શકાય અને તરંગોને પણ

भूयो येन न शोच्यते। पराया निर्वृतेः स्थानं यत्तज्जीवितमुच्यते ॥१२॥ तरवोऽपि हि जीवन्ति जीवन्ति मृगपक्षिणः । स जीवति मनो यस्य मननेनोपजीवति ॥ १३ ॥ जातास्त एव जगति जन्तवः साधुजीविताः । ये पुनर्नेह जायन्ते शेषा जरठगर्दभाः ॥ १४ ॥ भारो विवेकिनः शास्त्रं भारो ज्ञानं च रागिणः । अशान्तस्य मनो भारो भारोऽनात्मविदो वपुः ॥ १५ ॥ अहंकारवशादापदहंकाराद्दुराधयः । अहंकारवशादीहा नाहंकारात्परो रिपुः ॥ १६ ॥ अहंकारवशाद्यद्यन्मया भुक्तं चराचरम् । तत्तत्सर्वमवस्त्वेव वस्त्वहंकाररिक्तता ॥ १७ ॥ इतश्चेतश्च सुव्यग्रं व्यर्थमेवाभिधावति । मनो दूरतरं याति ग्रामे कौलेयको यथा ॥ १८ ॥ क्रूरेण जडतां याता तृष्णाभार्यानुगामिना । वशः कौलयकेनेव ब्रह्मन्मुक्तोऽस्मि चेतसा ॥ १९ ॥ अप्यब्धिपानान्महतः सुमेरून्मूलनादपि । अपि वह्न्यशनाद्ब्रह्मन्विषमश्चित्तनिग्रहः ॥ २० ॥ चित्तं कारणमर्थानां तस्मिन्सति जगत्त्रयम् । तस्मिन्क्षीणे जगत्क्षीणं तच्चिकित्स्यं प्रयत्नतः ॥ २१ ॥ यां यामहं मुनिश्रेष्ठ संश्रयामि गुणश्रियम् । तां तां कृन्तति मे तृष्णा तन्त्रीमिव कुमूषिका ॥ २२ ॥ पदं करोत्यलङ्घ्येऽपि तृप्ता विफलमीहते । चिरं तिष्ठति नैकत्र तृष्णा चपलमर्कटी ॥ २३ ॥ क्षणमायाति पातालं क्षणं याति नभस्थलम् ।

ગૂંથી શકાય, પણ આયુષ ઉપર વિશ્વાસ ન રાખી શકાય. ૧૧ જેનાથી પામવાનું પામી શકાય છે, ફરી શોક કરવો પડતો નથી અને જે પરમ શાંતિનું સ્થાન બને છે, તે જિંદગી કહેવાય છે. ૧૨ વૃક્ષો પણ જીવે છે; મૃગો ને પક્ષીઓ પણ જીવે છે; પણ સાચું જીવન તો તે જ જીવે છે કે, જેનું મન મનનો જ

આશ્રય કરે છે (વિચારશીલ હોય છે.) ૧૩ જગતમાં તે જ પ્રાણીઓ જન્મેલાં ગણાય અને તે જ ઉત્તમ જીવનવાળા છે. કે જેઓ ફરી આ સંસારમાં જન્મતા નથી; બાકીના તો પેટ ભરી જાણનારા ગધેડા જ છે. ૧૪ વિવેકીને શાસ્ત્ર ભારરૂપ છે (એટલે વિવેકી માટે શાસ્ત્રની જરૂર નથી) રાગવાળાને જ્ઞાન ભારરૂપ (નિરુપયોગી) છે, શાંતિ વિનાનાને મન ભારરૂપ છે અને આત્માને નહિ જાણનારને શરીર ભારરૂપ છે. ૧૫ અહંકારને લીધે આપત્તિ આવે છે, અહંકારથી કષ્ટ–માનસિક પીડાઓ થાય છે; અને અહંકારને લીધે ઇચ્છા થાય છે; માટે અહંકાર-થી મોટો કોઈ શત્રુ નથી. ૧૬ અહંકારને લીધે મેં જે ભોગવ્યું છે, તે તે સર્વ ચરાચર અવસ્તુ જ છે; અહંકારથી રહિતપણું તે જ કેવળ વસ્તુ છે. ૧૭ જેમ ગામમાં કૂતરું આમતેમ દોડે છે, તેમ મન પણ વ્યર્થ જ આમતેમ દોડ્યા કરે છે અને ઘણે દૂર પણ જતું રહે છે. ૧૮ હે બ્રાહ્મણ! સ્ત્રીને અનુસરતા ક્રૂર ચિત્ત વડે તૃષ્ણા જડપણું પામી છે અને કૂતરા જેવા તે ચિત્તને લીધે પરાધીન થવાય છે; માટે તેનાથી હું મુક્ત બન્યો છું. ૧૯ હે બ્રાહ્મણ! સમુદ્રને પીવા કરતાં, મોટા મેરુ પર્વતને ઉખેડવા કરતાં અને અગ્નિનું ભક્ષણ કરવા કરતાં, પણ ચિત્તને વશ કરવું મુશ્કેલ છે. ૨૦ પદાર્થોનું કારણ ચિત્ત છે. તે ચિત્ત જો છે તો ત્રણે જગત છે, પણ તે ચિત્ત જો નાશ પામે છે, તો જગત નાશ પામે છે; માટે પ્રયત્નથી તે ચિત્તને જ વશ કરવું જોઈએ. ૨૧ હે મુનિશ્રેષ્ઠ! જે જે ગુણલક્ષ્મીનો હું આશ્રય કરું છું, તેને તેને ઉંદરડી જેમ વીણાના તારને કાપી નાખે, તેમ મારી તૃષ્ણા કાપી નાખે છે. ૨૨ પહોંચવાને અશક્ય સ્થાનમાં પણ તૃષ્ણા પહોંચે છે અને તૃપ્ત થઈ હોય છતાં નિષ્ફળ ચેષ્ટા કરે છે; આમ ચપળ વાંદરી જેવી તૃષ્ણા એક ઠેકાણે રહેતી જ નથી.૨૩

क्षणं भ्रमति दिक्कुञ्जे तृष्णा हृत्पद्मषट्पदी ॥२४॥ सर्वसंसार-दुःखानां तृष्णैका दीर्घदुःखदा । अन्तःपुरस्थमपि या योजयत्यति-संकटे ॥२५॥ तृष्णाविषूचिकामन्त्रश्चिन्तात्यागो हि स द्विज । स्तोकेनानन्दमायाति स्तोकेनायाति खेदताम् ॥२६॥ नास्ति देहसमः शोच्यो नीचो गुणविवर्जितः ॥२७॥ कलेवरमहंकारगृह-स्थस्य महागृहम् । लुठत्वभ्येतु वा स्थैर्यं किमनेन गुरो मम ॥२८॥ पंक्तिबद्धेन्द्रियपशुं वल्गत्तृष्णागृहाङ्गणम् । चित्तभृत्यजनाकीर्णं नेष्टं देहगृहं मम ॥२९॥ जिह्वामर्कटिकाक्रान्तवदनद्वारभीषणम् । दृष्ट-दन्तास्थिशकलं नेष्टं देहगृहं मम ॥३०॥ रक्तमांसमयस्यास्य सबाह्याभ्यन्तरे मुने । नाशैकधर्मिणो ब्रूहि कैव कायस्य रम्यता ॥३१॥ तडित्सु शरदभ्रेषु गन्धर्वनगरेषु च । स्थैर्यं येन विनिर्णीतं स विश्व-सितु विग्रहे ॥३२॥ शैशवे गुरुतो भीतिर्मातृतः पितृतस्तथा । जनतो ज्येष्ठबालाच्च शैशवं भयमन्दिरम् ॥३३॥ स्वचित्तबिल-संस्थेन नानाविभ्रमकारिणा । बलात्कामपिशाचेन विवशः परि-भूयते ॥३४॥ दासाः पुत्राः स्त्रियश्चैव बान्धवाः सुहृदस्तथा । हसन्त्युन्मत्तकमिव नरं वार्धककम्पितम् ॥३५॥ दैन्यदोषमयी दीर्घा वर्धते वार्धके स्पृहा । सर्वापदामेकसखी हृदि दाहप्रदा-यिनी ॥३६॥ क्वचिद्वा विद्यते यैषा संसारे सुखभावना । आयुः स्तम्बमिवासाद्य कालस्तामपि कृन्तति ॥३७॥ तृणं पांसुं महेन्द्रं

હૃદયરૂપ કમળની ભમરી જેવી તૃષ્ણા ક્ષણમાં પાતાળમાં જાય છે, ક્ષણમાં આકાશમાં જાય છે અને ક્ષણમાં દિશાઓરૂપી ઝાડીઓમાં ભટકે છે. ૨૪ સર્વ સંસારનાં દુઃખોમાં લાંબું દુઃખ દેનારી

તૃષ્ણા જ છે; તે હૃદયરૂપ નગરની અંદર રહેલા આત્માને પણ મોટા સંકટમાં નાખે છે. ૨૫ હે બ્રાહ્મણ! ચિંતાનો ત્યાગ કરવો એ જ તૃષ્ણારૂપી કોલેરા દૂર કરવાનો મંત્ર છે. (કેમ કે એ તૃષ્ણાને લીધે જ) થોડાથી મનુષ્ય આનંદ પામે છે અને થોડાથી ખેદ પામે છે. ૨૬ દેહના જેવો શોક કરવા લાયક, નીચ અને ગુણ વિનાનો કોઈ નથી. હે ગુરુ! શરીર, અહંકારરૂપી ગૃહસ્થનું મોટું ઘર છે. તે નાશ પામે કે સ્થિર થાય, એથી મને શું છે? ૨૭,૨૮ ઇંદ્રિયોરૂપી પશુઓ જેમાં પંક્તિબંધ બંધાયાં છે. જેના આંગણામાં તૃષ્ણા કૂદી રહી છે અને ચિત્તના સંકલ્પ-વિકલ્પોરૂપી સેવક-જનોથી જે ભરપૂર છે, તે શરીરરૂપી ઘર મને ગમતું નથી. ૨૯ જીભરૂપી માંકડીએ મુખરૂપી દ્વારને દબાવ્યું છે, તેથી ભયંકર અને દાંતરૂપી હાડકાંના ટુકડા જેમાં દેખાયા કરે છે, તે શરીરરૂપી ઘર મને ગમતું નથી. ૩૦ હે મુનિ! શરીર બહાર ને અંદર લોહી તથા માંસથી ભરેલું અને કેવળ નાશરૂપ ધર્મવાળું છે; તેનામાં સુંદરતા શી છે તે કહો. ૩૧ વીજળીઓમાં, શરદનાં વાદળોમાં અને ગંધર્વનાં નગરોમાં જેણે સ્થિરતાનો નિર્ણય કર્યો હોય, તે શરીર પર વિશ્વાસ ભલે કરે. ૩૨ બાળપણમાં ગુરુનો, માતાનો, પિતાનો, બીજાં લોકોનો અને મોટાં બાળકોનો ભય હોય છે, તેથી બાળપણું ભયનું જ ઘર છે. ૩૩ જુવાનીમાં પોતાનાં ચિત્તરૂપી દરમાં અનેક જાતના વિલાસો કરાવતો કામરૂપી પિશાચ બળથી ઘૂસી જાય છે; તેને વશ થઈને પ્રાણી પીડાય છે; ૩૪ અને વૃદ્ધાવસ્થામાં મનુષ્ય જ્યારે કંપતો હોય છે, ત્યારે તો ચાકરો, પુત્રો, સ્ત્રીઓ, કુટુંબીઓ અને મિત્રો પણ ગાંડાની પેઠે હાંસી કરે છે. ૩૫ ઘડપણમાં દીનતા ને દોષોથી ભરેલી, સર્વ આપત્તિઓની એક બહેનપણી અને હૃદયમાં દાહ કરતી લાંબી લાલચ વધે છે. ૩૬ કોઈ વેળા સંસારમાં જે કંઈ

च सुवर्णं मेरुसर्षपम्। आत्मंभरितया सर्वमात्मसात्कर्तुमुद्यतः। कालोऽयं सर्वसंहारी तेनाक्रान्तं जगत्त्रयम् ॥ ३८ ॥ मांसपाञ्चालिकायास्तु यन्त्रलोलेऽङ्गपञ्जरे। स्नाय्वस्थिग्रन्थिशालिन्याः स्त्रियः किमिव शोभनम् ॥ ३९ ॥ त्वङ्मांसरक्तबाष्पाम्बु पृथक्कृत्वा विलोचने। समालोकय रम्यं चेत्किं मुधा परिमुह्यसि ॥ ४० ॥ मेरुशृङ्गतटोल्लासिगङ्गाचलरयोपमा। दृष्टा यस्मिन्मुने मुक्ताहारस्योल्लासशालिता ॥ ४१ ॥ श्मशानेषु दिगन्तेषु स एव ललनास्तनः। श्वभिरास्वाद्यते काले लघुपिण्ड इवान्धसः ॥ ४२ ॥ केशकज्जलधारिण्यो दुःस्पर्शा लोचनप्रियाः। दुष्कृताग्निशिखा नार्यो दहन्ति तृणवन्नरम् ॥ ४३ ॥ ज्वलतामतिदूरेऽपि सरसा अपि नीरसाः। स्त्रियो हि नरकाग्नीनामिन्धनं चारु दारुणम् ॥ ४४ ॥ कामनाम्ना किरातेन विकीर्णा मुग्धचेतसः। नार्यो नरविहङ्गानामङ्गबन्धनवागुराः ॥ ४५ ॥ जन्मपल्वलमत्स्यानां चित्तकर्दमचारिणाम्। पुंसां दुर्वासनारज्जुर्नारी बडिशपिण्डिका ॥ ४६ ॥ सर्वेषां दोषरत्नानां सुसमुद्गिकयानया। दुःखशृङ्खलया नित्यमलमस्तु मम स्त्रिया ॥४७॥ यस्य स्त्री तस्य भोगेच्छा निःस्त्रीकस्य क्व भोगभूः। स्त्रियं त्यक्त्वा जगत्त्यक्तं जगत्त्यक्त्वा सुखी भवेत् ॥ ४८ ॥ दिशोऽपि नहि दृश्यन्ते देशोऽप्यन्योपदेशकृत्। शैला अपि विशीर्यन्ते शीर्यन्ते

સુખની ભાવના થાય છે. તેને પણ કાળ આયુષરૂપી ગુચ્છામાં આવી પહોંચી કાપી નાખે છે. ૩૭ સર્વનો સંહાર કરતો આ કાળ, પેટભરો હોવાથી તણખલું, ધૂળ, મોટો ઇંદ્ર, સુવર્ણ, મેરુ અને સરસવ–આ બધાંને પોતાને સ્વાધીન કરી લેવા તૈયાર

રહે છે અને તેણે ત્રણે જગતને દબાવી દીધું છે. ૩૮ નસો અને હાડકાંની ગાંઠોવાળી સ્ત્રી, જાણે માંસની પૂતળી હોય તેવી છે; તેનું શરીરરૂપી પાંજરું યંત્રની પેઠે ડોલી રહ્યું છે; તેમાં શું સુંદર છે? ૩૯ ચામડી, માંસ, લોહી અને આંસુનું પાણી અલગ કરી આંખથી તું જો, કે એમાં શું સુંદર છે? વ્યર્થ શા માટે મોહ પામે છે? ૪૦ હે મુનિ! (જીવંત દશામાં) જેના પર મોતીનો હાર શોભી નીકળતો, ત્યારે મેરુના શિખર પર શોભતા ગંગાના ચંચળ પ્રવાહની ઉપમા દેખાતી હતી, તે જ સ્ત્રીનાં સ્તનને (મરણ પછી) શ્મશાનોમાં અનાજના નાના પિંડાની પેઠે કૂતરાં દિશાઓમાં ખાતાં હોય છે. ૪૧,૪૨ કેશ અને કાજળને ધારણ કરતી સ્ત્રીઓ આંખને ગમે છે ખરી, પણ ખરી રીતે જેનો સ્પર્શ કરવો દુઃખદાયી છે, એવી તે સ્ત્રીઓ પાપરૂપી અગ્નિની જ્વાળાઓ જ છે અને પુરુષને તણખલાંની પેઠે બાળી નાખે છે. ૪૩ સ્ત્રીઓ સ્નેહરસથી યુક્ત લાગે છે, પણ ખરી રીતે નીરસ છે; અને અત્યંત દૂર રહ્યા છતાં સળગ્યા કરતાં નરકરૂપ અગ્નિઓનાં સુંદર લાગતાં ભયંકર ઇંધણાં જ છે. ૪૪ કામદેવરૂપી પારધીએ પુરુષોરૂપી પક્ષીઓનાં શરીરને બાંધવા સારુ મુગ્ધ મનવાળી સ્ત્રીઓ-રૂપી જાળ પાથરી છે. ૪૫ પુરુષો જાણે માછલાં છે; તેઓ જન્મ-રૂપી તળાવમાં ચિત્તરૂપી કાદવની અંદર ઘૂમે છે; તેઓને વીંધવા સારુ સ્ત્રીઓ જાણે કાંટા જેવી છે. તેમાં દુષ્ટ વાસનારૂપી દોરી બાંધી છે. ૪૬ સર્વ દોષો જાણે રત્નો છે; તેને સાચવવા માટે સ્ત્રીઓ એ સુંદર પેટી છે; અને તેમાં દુઃખરૂપી સાંકળ બાંધી છે; આવી સ્ત્રીની મને કોઈ કાળે જરૂર નથી. ૪૭ જેની પાસે સ્ત્રી હોય, તેને ભોગની ઇચ્છા થાય છે; પણ સ્ત્રી વિનાના માટે ભોગનું સ્થાન ક્યાં છે? સ્ત્રીને ત્યજીને જગત ત્યજાય છે અને અને જગતનો ત્યાગ કરી સુખી થવાય છે. દિશાઓ પણ દેખાતી

तारका अपि ॥ ४९ ॥ शुष्यन्त्यपि समुद्राश्च ध्रुवोप्यध्रुवजीवनः । सिद्धा अपि विनश्यन्ति जीर्यन्ते दानवादयः ॥ ५० ॥ परमेष्ठ्यपि निष्ठावान्हीयते हरिरप्यजः । भावोऽप्यभावमायाति जीर्यन्ते वै दिगीश्वराः ॥ ५१ ॥ ब्रह्मा विष्णुश्च रुद्रश्च सर्वा वा भूतजातयः । नाशमेवानुधावन्ति सलिलानीव वाडवम् ॥ ५२ ॥ आपदः क्षणमायान्ति क्षणमायान्ति संपदः । क्षणं जन्माथ मरणं सर्वं नश्वरमेव तत् ॥ ५३ ॥ अशूरेण हताः शूरा एकेनापि शतं हतम् । विषं विषयवैषम्यं न विषं विषमुच्यते ॥ ५४ ॥ जन्मान्तरघ्ना विषया एकजन्महरं विषम् । इति मे योषदावाग्निदग्धे संप्रति चेतसि ॥ ५५ ॥ स्फुरन्ति हि न भोगाशा मृगतृष्णासरःस्वपि । अतो मां बोधयाशु त्वं तत्त्वज्ञानेन वै गुरो ॥ ५६ ॥ वो चेन्मौनं समास्थाय निर्मानो गतमत्सरः । भावयन्मनसा विष्णुं लिपिकर्मार्पितोपमः ॥ ५७ ॥

इति तृतीयोऽध्यायः ॥ ३ ॥

## चतुर्थोऽध्यायः

निदाघ तव नास्त्यन्यज्ज्ञेयं ज्ञानवतां वर । प्रज्ञया त्वं विजानासि ईश्वरानुगृहीतया । चित्तमालिन्यसंजातं मार्जयामि भ्रमं मुने ॥ १ ॥ मोक्षद्वारे द्वारपालाश्चत्वारः परिकीर्तिताः । शमो विचारः संतोषश्चतुर्थः साधुसङ्गमः ॥ २ ॥ एकं वा सर्वयत्नेन सर्वमुत्सृज्य

નથી. બીજાને ઉપદેશ કરનારો દેશ પણ રહેતો નથી; પર્વતો પણ વિખરાઈ પડે છે, તારાઓ પણ ખરી પડે છે; સમુદ્રો પણ સુકાઈ જાય છે; ધ્રુવ પણ નાશવંત જીવનવાળો છે; સિદ્ધ પણ

વિનાશ પામે છે; દાનવો પણ જીર્ણ થાય છે, બ્રહ્મા પણ નાશવંત છે અને અજન્મા વિષ્ણુ પણ નાશ પામે છે; એમ બધા પદાર્થો નાશ પામે છે અને દિક્‌પાલો પણ મરે છે. ૪૮–૫૧ જેમ પાણી વડવાનલ તરફ દોડી જાય, તેમ બ્રહ્મા, વિષ્ણુ, શંકર અને બધાં પ્રાણીઓની જાતો નાશ તરફ જ દોડી રહી છે. ૫૨ ક્ષણવારમાં આપત્તિઓ આવે છે, ક્ષણવારમાં સંપત્તિઓ આવે છે, ક્ષણવારમાં જન્મ થાય છે અને ક્ષણવારમાં મરણ થાય છે; એમ બધું નાશવંત જ છે. ૫૩ જે શૂરો ન હોય, તેણે શૂરવીરોને મારી નાખ્યા છે અને કોઈ એકલો પણ સેંકડોને મારી નાખે છે; એટલે કે વિષયોનું પરિણામ ખરાબ છે અને તે જ ઝેર છે. ઝેર ઝેર કહેવાતું નથી; ૫૪ કારણ કે ઝેર તો એક જન્મમાં મારે છે પણ વિષયો તો બીજા જન્મોમાં પણ માર્યા કરે છે. આવા કારણથી મારું મન દોષરૂપી દાવાનળથી હમણાં બળ્યા કરે છે. જેમ ઝાંઝવાનાં જળ ભરેલાં તળાવોમાં પાણીની આશા હોતી નથી, તેમ મારા મનમાં ભોગોની આશા સ્ફુરતી જ નથી; માટે હે ગુરુ! તમે મને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપો; ૫૫,૫૬ નહિ તો મૌન ધારણ કરી માન તથા મત્સરથી રહિત થઈ મનથી વિષ્ણુનું ચિંતન કર્યા કરું અને ચિત્રમાં રહેલા ચિત્ર જેવો બની રહું. ૫૭ એમ આ ઉપનિષદ ઉપદેશે છે.

અધ્યાય ત્રીજો સમાપ્ત

## અધ્યાય ચોથો

જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ હે નિદાઘ! તારે જાણવા જેવું બીજું કંઈ પણ નથી; કેમ કે ઈશ્વરની કૃપાવાળી બુદ્ધિથી તું બધું જાણે છે; તોપણ હે મુનિ! ચિત્તની મલિનતાથી થયેલો તારો ભ્રમ હું દૂર કરું છું. ૧ મોક્ષના દરવાજામાં ચાર ચોકિયાતો કહેવાય

संश्रयेत् । एकस्मिन्वशगे यान्ति चत्वारोऽपि वशं गताः ॥ ३ ॥ शास्त्रैः सज्जनसंपर्कपूर्वकैश्च तपोदमैः । आदौ संसारमुक्त्यर्थं प्रज्ञामेवाभिवर्धयेत् ॥ ४ ॥ स्वानुभूतेश्च शास्त्रस्य गुरोश्चैवैकवाक्यता । यस्याभ्यासेन तेनात्मा सततं चावलोक्यते ॥ ५ ॥ संकल्पाशानुसंधानवर्जनं चेत्प्रतिक्षणम् । करोषि तदचित्तत्वं प्राप्त एवासि पावनम् ॥ ६ ॥ चेतसो यदकर्तृत्वं तत्समाधानमीरितम् । तदेव केवलीभावं सा शुभा निर्वृति परा ॥ ७ ॥ चेतसा संपरित्यज्य सर्वभावात्मभावनाम् । यथा तिष्ठसि तिष्ठ त्वं मूकान्धबधिरोपमः ॥ ८ ॥ सर्वं प्रशान्तमजमेकमनादिमध्यमाभास्वरं स्वदनमात्रमचैत्यचिह्नम् । सर्वं प्रशान्तमिति शब्दमयी च दृष्टिर्बाधार्थमेव हि मुधैव तदोमितीदम् ॥ ९ ॥ सर्वं किंचिदिदं दृश्यं दृश्यते चिज्जगद्गतम् । चिन्निष्पन्दांशमात्रं तन्नान्यदस्तीति भावय ॥ १० ॥ नित्यप्रबुद्धचित्तस्त्वं कुर्वन्नपि जगत्क्रियाम् । आत्मैकत्वं विदित्वा त्वं तिष्ठाक्षुब्धमहाब्धिवत् ॥ ११ ॥ तत्त्वावबोध एवासौ वासनातृणपावकः । प्रोक्तः समाधिशब्देन न तु तूष्णीमवस्थितिः ॥ १२ ॥ निरिच्छे संस्थिते रत्ने यथाऽऽलोकः प्रवर्तते । सत्तामात्रे परे तत्त्वे तथैवायं जगद्गणः ॥ १३ ॥ अतश्चात्मनि कर्तृत्वमकर्तृत्वं च वै मुने । निरिच्छत्वादकर्तासौ कर्ता संनिधिमात्रतः ॥ १४ ॥ ते द्वे ब्रह्मणि विन्देत कर्तृ-

છે; શમ, વિચાર, સંતોષ અને ચોથો સાધુ-સમાગમ. ૨ તેમાંના એકનો જ બધું છોડી દઈ સંપૂર્ણ કાળજીથી આશ્રય કરવો; કેમ કે એક વશ થાય છે, તો ચારે વશ થાય છે. ૩ સંસારથી છૂટવા માટે પ્રથમ તો શાસ્ત્રો અને સજ્જનોના સમાગમપૂર્વક તપ અને ઇંદ્રિય-નિગ્રહ કરી બુદ્ધિને જ વધારવી

જોઈએ. ૪ પોતાનો અનુભવ, શાસ્ત્ર અને ગુરુ જે એક જ વાક્ય જણાવે, તેનો નિરંતર અભ્યાસ કરવાથી આત્માનાં દર્શન કરાય છે. ૫ ક્ષણે ક્ષણે સંકલ્પો અને આશાઓના અનુસંધાનને જો તું ત્યજ્યા કરે, તો પવિત્ર થઈ ચિત્ત–રહિત સ્થિતિને તું પામ્યો જ છે, એમાં શક નથી. ૬ ચિત્તનું જે કર્તારહિતપણું, તે જ સમાધાન કહેવાય છે, તે જ કૈવલ્યસ્થિતિ છે અને તે જ શુભ નિર્વાણ છે. ૭ સર્વ પદાર્થો પરની આત્મભાવનાને ચિત્તમાંથી ત્યજી દઈ જેમ તું રહે, તેમ મૂગા, આંધળા ને બહેરા જેવો થા. ૮ બધું અત્યંત શાંત, જન્મરહિત, એક, આદિ–મધ્ય વિનાનું, ચોખાજુ પ્રકાશમાન, માત્ર સ્વાદરૂપ અને ચૈતન્યનાં ચિહ્ન વિનાનું છે 'બધું અત્યંત શાંત છે' એમ જે આ શબ્દ-મય દૃષ્ટિ કરાય છે, તે કેવળ બોધ માટે જ હોઈ ને ખોટી છે; ખરી રીતે આ બધું ૐકારરૂપ છે. ૯ આ બધું જગત જે કંઈ દેખાય છે, તે ચૈતન્યમાં જ રહેલું છે અને માત્ર ચૈતન્યનો જ નિષ્ક્રિય અંશ છે, બીજું કંઈ નથી, એમ તું ચિંતવ્યા કર. ૧૦ નિત્ય બોધ પામેલા ચિત્તવાળો તું જગતની ક્રિયાઓ ભલે કર્યા કરે, પણ આત્માની એકતા જાણીને શાંત મહાસાગર જેવો જ રહેજે. ૧૧ તત્ત્વજ્ઞાન એ જ વાસનારૂપી ઘાસને બાળવામાં અગ્નિ સમાન છે; અને તે જ 'સમાધિ' શબ્દથી કહેવાય છે; મૂગા બેસી રહેવું, તે કંઈ સમાધિ નથી. ૧૨ કોઈ રત્ન પડ્યું હોય, તેને (પ્રકાશ ફેંકવાની) ઇચ્છા હોતી નથી, છતાં તેમાંથી પ્રકાશ નીકળ્યા કરે છે; તે જ પ્રમાણે પરમ તત્ત્વ માત્ર સત્તારૂપે જ રહેલ છે; અને તેમાંથી જગતનો સમુદાય ઉત્પન્ન થયા કરે છે. ૧૩ હે મુનિ! આ અભિપ્રાયથી આત્મામાં કર્તાપણું અને અકર્તાપણું બન્ને માનેલ છે. તે ઇચ્છારહિત છે, તેથી અકર્તા છે; અને માત્ર